જાગૃતિ
માસિક પત્રિકા

194

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૮૨ જાન્યુઆરી	છે
૨	૧૯૮૨ ફેબ્રુઆરી	છે
3	૧૯૮૨ માર્ચ	છે
૪	૧૯૮૨ એપ્રિલ	છે
૫	૧૯૮૨ મે	છે
૬	૧૯૮૨ જુન	છે
૭	૧૯૮૨ જુલાઈ	છે
૮	૧૯૮૨ ઓગસ્ટ	છે
૯	૧૯૮૨ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૮૨ ઓક્ટોબર	છે
૧૧	૧૯૮૨ નવેમ્બર	
૧૨	૧૯૮૨ ડીસેમ્બર	છે

જાગૃતિ
માસિક પત્રિકા

194

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૮૨ જાન્યુઆરી	છે
૨	૧૯૮૨ ફેબ્રુઆરી	છે
3	૧૯૮૨ માર્ચ	છે
૪	૧૯૮૨ એપ્રિલ	છે
૫	૧૯૮૨ મે	છે
૬	૧૯૮૨ જુન	છે
૭	૧૯૮૨ જુલાઈ	છે
૮	૧૯૮૨ ઓગસ્ટ	છે
૯	૧૯૮૨ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૮૨ ઓક્ટોબર	છે
૧૧	૧૯૮૨ નવેમ્બર	
૧૨	૧૯૮૨ ડીસેમ્બર	છે

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક
મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

*

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી. એ.

વર્ષ : ૨૫ અંક-૧ જાન્યુઆરી-૧૯૮૨

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો, વહેલી તકે પે કરી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિ..નત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ -પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
નલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, ઔદલપુરાક





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૬ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદશ

卐 જય યોગેશ્વર 卐



અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી

★
★★

પશુપ્રાણીસૃષ્ટિમાં બધાથી શ્રેષ્ઠ એવા માનવને નિર્માણ કરવા પાછળ આ સૃષ્ટિના સર્જકનો ચોકકસ કોઈ આશય અને કલ્પના હોવાં જ જોઇએ આમ જોઇએ તો પશુપક્ષી પાસે જે અદ્ભુત શકિતઓ છે. તે માણસ પાસે નથી જ. ગાયને કેવું સરસ વાગોળતાં આવડે છે! માછલીને જન્મતાંની સાથે જ તરતાં આવડે છે ગાયનું વાછરડું જન્મતાંની સાથે જ ચાર પગે ટટ્ટાર ઊભું રહે છે. વનસ્પતિશાસ્ત્ર શીખ્યા વગર ઢોરઢાંખર પાસે એવી કઈ શકિત છે કે જેનાથી ચોમાસામાં ઊગેલી ઝેરી વનસ્પતિને ઓળખીને, તે ન ખાતાં તેનાથી દૂર રહે છે. ચકલી ઇજનેર થયા વિના જ માળો બાંધી શકે છે. આ બધું ખરુ, છતાં માણસની પાસે એવી બે અદ્ભુત શકિત ભગવાને આપી છે કે જેના વડે તે પોતાનો જીવનવિકાસ સાધી શકે છે. માનવજીવન આપનાર આ સૃષ્ટિના સર્જકને ઓળખી શકે છે, એટલું જ નહિ પણ સૃષ્ટિના સર્જકનો લાડલો બનીને તેના ખોળામાં બેસી શકે છે. માણસને મળેલી આ બે અદ્ભુત શકિતઓ એટલે મન અને બુદ્ધિ. આ બે શકિતઓના આધારે માણસ કેવળ ભગવાનનો જ નહિ, ખુદ ભગવાન બની શકે છે. મારામા કંકરમાંથી શંકર, નરમાંથી નારાયણ અને જીવમાંથી શિવ થવાની શકિત રહેલી છે, આવો વિચાર ફકત માણસને જ આવી શકે છે અનંત જન્મારાઓની સાધના પછી મળેલા ચિંતામણિ જેવા આ માનવદેહને અજવાળવો અને પ્રભુના ચરણે ધરવો એ શ્રેષ્ટ ભકિત છે. ભગવાને જ ખીલવેલા પુષ્પોથી જ ભગાનની પૂજા કરવી એમાં કાંઇ વિશિષ્ટતા નથી. આપણે આપણું જીવનપુષ્પ ખીલવીને સુંદર સુવાસિત અને કોમળ બનાવીને પ્રભુને ચરણે ધરવું જોઈએ. આપણું હૃદય કોમળ બનાવવું જોઈએ, બુદ્ધી સુંદર બનાવવી જોઇએ. અને મન સુગંધિત બનાવવું જોઈએ તો જ જીવનપુષ્પ ખીલી ઉઠે અને પ્રભુના ચરણે ધરવા યોગ્ય બને. આ માટેનો એકમેવ ઉપાય તે સ્વાધ્યાય છે.

સ્વાધ્યાય :

સ્વાધ્યાય એટલે મન અને બુદ્ધિને ઉચ્ચ બનાવવા માટેનો અભ્યાસ માનવિનું જીવનવૃક્ષ સદાય લીલુંછમ રહે માનવ સદા પ્રસન્ન, સંતોષી અને ઉત્સાહી રહે તે માટે શ્રુતિઓએ ગાયેલો મહામંત્ર તે **स्वाध्याय-प्रवचनाभ्यांम प्रमदितव्यम्** । સ્વાધ્યાય એટલે સ્વનો અભ્યાસ સ્વાધ્યાયમાં માણસ પોતાની જીવનપોથી ખોલીને બેસે અને શ્રુતિ તેમજ સ્મૃતિના વિચારો જીવનસ્પર્શી બને તે માટે આત્મનિરીક્ષણાત્મક રીતે મનન અને ચિંતન કરે તે અપેક્ષિત છે. સ્વાધ્યાય જ્યાં જ્યાં પહોંચ્યો છે ત્યાં ત્યાં લોકોના જીવનમાં તેજ, પ્રેમ, ભાવ, શ્રદ્ધા, પવિત્રતા, નિષ્ઠા, અસ્મિતા, સમર્પણ વગેરેનું સિંચન થયું છે સ્વાધ્યાયે તેમનાં જીવન ખીલવ્યાં છે, પ્રફુલ્લિત કર્યાં છે, અને તેમાં સૌરભ પૂરી છે —જીવનમાં શું ખુટે છે.? માંથી

આભાર

શોખ [HOBBY]

ભગવાનદાસ એલ. પટેલ
B. A., B. Ed.
રણજીતપુરા હાઈસ્કૂલ, રણજીતપુરા

શોખ શબ્દ વિશાળ છે. આજકાલ દુનિયાભરમાં જુદાજુદા શોખ કેળવતા અનેક શોખીનો જોવા મળે છે. શોખની દુનિયામાં સૌ કોઈ પ્રવેશી શકે છે. કેટલાક શોખ ખર્ચાળ છે તો કેટલાક સામાન્ય માણસને પણ પરવડી શકે તેવા હોય છે. આજકાલ શોખ એક સામાન્ય વસ્તુ બની ગઈ છે. ખર્ચાળ કે વિચિત્ર શોખની મનમાની દુનિયામાં ઓછા માનવી પ્રવેશી શકે છે. વિચિત્ર કહી શકાય તેવા શોખની વિવિધતા પણ જોવા જેવી છે. જેની ચર્ચા આગળ ઉપર કરવામાં આવશે.

શોખ વિચિત્ર જ હોય તેમ માની લેવાની જરૂર નથી. કોઈપણ વ્યકિત પોતાના શોખમાં ઊંડી ઉતરે તો સાચી કેળવણી પામી શકે છે. આજકાલ વિશ્વમાં નીચે મુજબની વસ્તુઓનો સંગ્રહ કરતા શોખીનો જોવા મળે છે. જે પોતે જે તે વસ્તુઓનો સંગ્રહ કરી આનંદ અનુભવે છે ટિકિટ, સિકકા પક્ષીનાં પીંછાં, પત્થરના ટુકડાઓ, પ્લેઇંગ કાર્ડ, પ્લેઈંગ કાર્ડઝના જોકર, સ્ટીકર, માટીકામના કલાત્મક નમુના, છીંકણીની ડબ્બી, રેકોર્ડપ્લે, સિગારેટનાં ખોખાં, મેચબોક્ષ લેબલ, કીચેઇન, ચામડાના પાકિટ, હોટેલ સીમ્બોલ, પીકચર પોસ્ટકાર્ડ, પતંગીયાં, લાકડીના ટુકડાઓ, ઢીંગલીઓ, આર્ટકલોથના નમુના, નકશા, મેગેજીન, સોવેનીયર, મહાન વ્યકિતઓની સહીઓ (Autogr ahs) ફસ્ટડે કવર્સ વિ. ના સંગ્રહ તે ઉપરાંત પત્રમૈત્રી, વાચન, રમતગમત, સંગીત વિ ઉપર મુજબના સંગ્રહ ઓછાવત્તા પ્રમાણમાં સામાન્ય માનવી માટે પણ શકય છે. કોઇપણ માનવી શોખની વસ્તુઓનો સંગ્રહ કરીને અટકી જવાને બદલે તેની સાથે જોયેલાં તમામ પાસાંઓનો જ્ઞાન પ્રાપ્તિની દૃષ્ટિએ અભ્યાસ કરે તે ઘણો આગળ વધી શકે. શોખની પાછળ ફાજલ (Leisure) સમયનો સદુપયોગ થાય છે જ્ઞાનની નવી ક્ષિતિજો ખુલે છે. જ્ઞાનની સાથે ગમ્મત પણ મળે છે.

આજકાલ ટિકિટ સંગ્રહનો શોખ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. ખરૂં કહીએ તો ટિકિટસંગ્રહ શોખોનો "રાજા" ગણાય છે. આ શોખ દ્વારા જાણ્યે અજાણ્યે જેતે દેશનો ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, શિલ્પ, સ્થાપત્ય, કલાકારીગરી, મહાનપુરૂષો, રહેણી કરણી, પોષાક, ઉત્પાદન, સૌંદર્યસ્થાન. ધાર્મિક સ્થાનો, પ્રકૃતિ વૈજ્ઞાનિક વિકાસની માહિતી મળે છે. ટિકિટસંગ્રહનો શોખ કિંમતી શોખ છે.

કેટલાક શોખીનોના શોખ ઉપર ઉડતી નજર કરીએ તો પણ તે પાછળ

રહેલો હેતુ આપોઆપ આપણને જણાઈ આવશે. કેટલાક વિખ્યાત મહાપુરૂષો કે વ્યક્તિઓને પણ શોખ હોય છે. નીચે આપેલી વિગતો જાણીને કેટલાક ને નવાઈ લાગશે કે વિખ્યાત વ્યક્તિઓ કે મહાપુરૂષોને શોખ હોય જ નહિં, વગેરે માન્યતા ધરાવતા સત્યથી વેગળા છે.

પીટર નામના એક વ્યક્તિને "છોટા સૈનિક" એકઠા કરવાનો શોખ છે. રમકડાંના બનેલા બે થી ત્રણ ઇંચની ઊંચાઈ ધરાવતા તેની પાસે આશરે બે હજાર જેટલા છોટા સૈનિકો છે. આ સૈનિકો એકઠા કરતાં તેને વર્ષો લાગ્યાં છે. લગભગ ઇસ્વીસનની શરૂઆતથી આજદિન સુધીના બધા સૈનિકોને આવરી લેતાં રમકડાં (articles) તેની પાસે છે જુદા જુદા સૈનિકોનો પોષાક તેમજ ખાસિયતોનો તેણે વિસ્તૃત અભ્યાસ કરીને તે પ્રમાણે દરેક સૈનિકની સજાવટ કરી છે દરેક સૈનિકની માહિતી આપતી ચબરખીઓ ચોંટવામાં આવી છે.

રોમાન્ટીક લખાણની રાણી ડેનીસ રોબીન્સે એકત્રીસ પુસ્તકો લખ્યાં છે. તેનાં પુસ્તકો આપોઆપ વેચાઈ જતાં તેને ગુલાબના છોડ એકઠા કરવાનો શોખ હતો. તે ગમે ત્યાં જતી ગુલાબના છોડ ઊંચકી લાવતી અને તેનો ખરા દિલથી ઉછેર કરતી. દરેક ગુલાબના છોડને અંગ્રેજી કે ફ્રેન્ચભાષાનાં નામ આપતી જેવાં કે સુલતાના, સેનાટા, મેસેજ, ધટ ડોકટર ફેન્ટાસીયા વિ. આ છોડના નામ આપવામાં તેને તે છોડ માટે કેટલી આત્મિયતા હશે ! જાણે કે એ છોડ જીવંત ન હોય.

હીટલર — જર્મનીનો સરમુખત્યાર – પોતાને ભવ્ય બાંધકામ કરવાનો શોખ હતો. સમયમાં તેણે જર્મન પ્રજાના નામે ભવ્ય બાંધકામ શરૂ કર્યા હતા.

ચર્ચીલ એક સમયના બ્રિટનના વડાપ્રધાન – પોતે એક લેખક હોવા ઉપરાંત ચિત્રકળાના શોખીન હતાં. તેને ઝૂંપડીઓ બાંધવાનો શોખ હતો. પોતે જાતે ઇંટો ગોઠવી ઝુંપડીઓ બનાવતા.

કૃષ્ણમેનન – જેમણે રમકડાં એકઠાં કરવાનો શોખ હતો તેમની પાસે દેશ વિદેશના રમકડાનો સંગ્રહ હતો. નવરાશના સમયમાં તે રમકડાંથી રમીને પોતાનું મન હળવું કરતા હતા.

આ ઉપરાંત કેટલીયે વ્યક્તિઓના વિચિત્ર શોખ, જેની છણાવટ અહીં કરવાની શકયતા નથી.

—શરદ

"સત્યની શોધ"

શામજીભાઇ એસ. પટેલ
વડોદરા.

સંસારમાં જેટલા જેટલા ધર્મો છે તેમના અનુયાયીઓ લગભગ બધા એક સરખો જ મત ધરાવે છે કે અમારો પોતાનો જ ધર્મ સાચો છે અને અમારાજ ધર્મશાસ્ત્ર સાચા અને ઇશ્વર રચિત છે અને જરાપણ ભુલચૂક વિનાનાં છે દિવ્ય વાણી છે.

સત્યના પૂજારી તરીકે આપણે એ જાણવું જરૂરી છે કે એક પણ શાસ્ત્ર ગ્રંથ ઇશ્વર રચિત નથી. તેમજ મૂળ પુરૂષ ધર્મ પ્રવર્તક દ્વારા પણ સીધુ રચાયેલું નથી. આ બધા ગ્રંથો પાછળથી અનુયાયીઓ, શિષ્યો દ્વારા જ સંપાદીત થયેલા છે. મૂળ પુરૂષના નામે તેમની વાણીનો સંગ્રહ પાછળથી કરાયેલો છે. તેમનું આચરેલું જે યાદ રાખવામાં આવે છે તેના સ્મૃતિના સહારે રચાયેલા ગ્રંથ છે.

બુદ્ધ ધર્મના ગ્રંથો બુદ્ધના રચિત નથી, જૈન ધર્મના મહાવીર રચિત નથી, તેમ બાઇબલ પણ ઇશુનાં રચિત નથી એવા મહાપુરૂષો સબંધી ઘટનાઓ વગેરેને પાછળથી સંપાદીત કરવામાં આવેલ છે.

હઝરત મહમદ સાહેબને તો અક્ષરજ્ઞાન પણ ન હતું તે સૌ જાણે છે. તેમણે જે જે આદેશો અંતરમાંથી મળતા હતા તે તે આદેશ લોકો સમક્ષ રાખતા આ કુરાનની આયાતો થઇ તેમાંના કેટલીક તો પોતે જ પોતાની હયાતીમાં રદ કરી હતી એમ કહેવાય છે

આવું જ વેદોનું પણ છે. ભિન્ન ભિન્ન ઋષિઓને ભિન્ન ભિન્ન સમયે જે જે સ્ફુરણાઓ થઇ તે વેદ મંત્રો થયા. વ્યાસજીએ આ મંત્રોનું સંપાદન કર્યું અને તેમને યોગ્ય રીતે ગોઠવ્યા.

યુદ્ધભુમિમાં શ્રી કૃષ્ણે અર્જુનને સંભળાવેલ સામાન્ય વાતચીત ઉપરથી વ્યાસજીએ વાર્તાચિતના એ તત્વને શ્લોક બદ્ધ કર્યું અને તે તત્વ મહાભારતમાં મુક્યુ જે ગીતા કહેવાય છે, આમ લગભગ બધા ધર્મના મુળગ્રંથો સંપાદિત છે. એકવાર જો આ વાત બરાબર સમજવામાં આવી જાય તો પણ ધર્મના ઝઘડા મટી જાય.

એક વસ્તુ નક્કી છે કે સંપાદક ગમે તેટલો નિપુણ હોય તો પણ તે વક્તાના કથનને પુરેપુરો ન્યાય આપી શકશે નહીં. સંપાદિત વસ્તુમાં થોડુંક છુટી પણ જાય તેમ થોડું ઉમેરાઇ પણ જાય. વક્તાના કથનની પાછળના સંદર્ભોને બરાબર ન સમજવાથી પણ આમ બનતું હોય છે.

સત્યના શોધકે હમેશાં એ યાદ રાખવું કે પોતે સંપાદિત વાણી વાંચી રહયો છે. આવુ જાણવાથી ગ્રંથનુ મહત્વ ઘટશે નહીં સાચી સમજ કદી કોઇનુ મહત્વ ઘટાડતી નથી. ખોટી સમજથી જ લોકો કલહ તરફ ઢસડાય છે.

આ બધા ગ્રંથો ભલે તે સંપાદિત રહયા પરંતુ તે મહાન છે કારણ કે લાખોને પ્રેરણા આપવાની તેમનામાં વિશાળ શકિત છે. આમ સંપાદિત હોવા માત્રથી તેમનું મહત્વ ઘટતુ નથી. ઉલટાનું મુળ પુરૂષનુ અને સંપાદકનુ બંનેનું મહત્વ વધે છે.

સત્યની શોધ એ ટીકાટીપ્પણ નાસ્તિક પણ કે નથી. આંધળુ અનુકરણ કરવાથી વાસ્તવિકતા કદી પણ સમજાશે નહી.

કોઇપણ વાંચન કે શ્રવણમાં સત્યની શોધ માટે ચિંતન અને મનનની આવશ્યકતા રહેલી છે.

સમય પાલન....

એક વાર ગાંધીજી મહારાષ્ટ્રમાં પ્રવાસ કરતા હતા. મિરજમાં રાખેલો એમનો એક નાનકડો કાર્યક્રમ પુરો થતાં તેઓ આગળ જવા તૈયાર થયા પણ લોકો એમને વધારે રોકવા આગ્રહ કરવા લાગ્યા એમણે કહ્યું આગલા મુકામે પહોંચવા માટે મારે આ ક્ષણે જ નીકળવું જોઈએ લોકોએ બહાનુ કાઢયું કે મોટર બગડી ગઈ છે એટલે ગાંધીજી પગે ચાલતા નીકળ્યા થોડા સ્વયંસેવકોએ એમની સાથે ચાલવા માંડયું બાપુએ એમને આગલા મુકામનો રસ્તો પૂછયો લોકોની મૂર્ખામી હજી પુરી થઈ નહોતી એથી તેમણે ખોટો રસ્તો બતાવ્યો એ દિવસોમાં ગાંધીજીએ પગરખાં નહિ પહેરવાનું વ્રત લીધું લીધુ હતું બાપુએ જોયું કે આગળ રસ્તો નથી એટલે એમણે ખેતરોમાં થઇને ઉભાણ ચાલવા માંડયું પગમાં કાંટા વાગ્યા પણ તેઓ રોકાયા નહિ, આખરે સ્વયં સેવકો, એમની દૃઢતા જોઈ શરમાયા અને ગાડી લઈ આવ્યા.

દશરથકુમાર એન. પટેલ
મોતેસરી

સુખી જીવન મારી કલ્પના ★

★ **શીવલાલ એલ. પટેલ ઘાટકોપર મુંબઇ–૮૬**

આજે આપણા નવયુવકોના જીવનમાં બ્રહ્મચર્ય વૃતના શિક્ષણનો અભાવ થઇ ગયો છે કારણ કે અત્યારે આશ્રમ નથી અને ન કોઇ પ્રકારે આજે વિદ્યાલયમાં નિયમિત જીવન, અનુશાશિત જીવન જીવવાની કલા શીખવાડવામાં આવતી, માટે શરૂઆતથી નવયુવકોના જીવનમાં સયમ, અનુશાશન જેવા મળતાં નથી તેથી પરિવારના ભલા માટે અને ઉજ્જવળ કારાકર્દી માટે સંયમી જીવન અને યૌન વિજ્ઞાનનું સાચું જ્ઞાન આવશ્યક છે.

વર્તમાન સમયમાં દુનિયા બે વાદમાં વહેચાઈ ગઇ છે. એક ભાગ એવો છે જે સંપૂર્ણ ભૌતકવાદ છે. તેમની માન્યતા છે કે પ્રકૃતિ અર્થાત શરીરને કોઇપણ રીતે સુખ આપવું, આ રીતે ભૌતક સુખ સુવિધાઓ પ્રાપ્ત કરાવવા વૈજ્ઞાનિકે એ તેમનો સંપુર્ણ સહયોગ સહકાર આપ્યો છે. બીજો માર્ગ છે જે ધર્મને માન્યતા આપે છે, જે ધર્મ આપણુ વંશથી ચાલ્યો આવે છે, જે ધર્મથી આપણા જેવી વ્યકતઓ આપણુ સામે મહાન તથા આત્માવાદી તરીકે થઇ ગયેલ છે તથા હાલ આપણી સમક્ષ દા. ત. પરમપુજ્ય ડોંગરેજી મહારાજ, પ. પૂ. વાલદાસજી મહારાજ, પ પુ પાંડુરંગ શાસ્ત્રી તેમજ ઘણા જ મહાન આત્મા આજ ધર્મનો મહાન અનુભવ તથા સુખની પ્રાપ્તિ કરી છે તેઓ દ્વારા આત્માઓને પ્રચલિત કર્યા છે, જેવી રીતે પરમાત્માનો મહિમા ઓછો નથી પુણ્ય આત્માઓએ અહીં જન્મ લીધો જેથી આપણુ ભારત દેશને અખંડ દેશ તથા તપોભુમિની સંજ્ઞા મળી છે આ ભારત પુણ્યભુમી, શ્રેષ્ઠ આચરણ વાળા દેવતાઓની ભૂમિ છે પરંતુ તે મહાનતા, શ્રેષ્ઠ ચાર, ઉચ્ચતા આજે આ ધરતી પર નથી તેનુ કારણ શુ છે ?

ગૃહસ્થ આશ્રમમાં કર્મોમાં જે શ્રેષ્ઠ આચરણ હોવુ જોઇએ તેને બદલે આપણા જીવનનુ સચલન કામ, ક્રોધ લોભ, મોહ. અહંકાર જેવા વિકારો દ્વારા થઇ રહ્યું છે. અત્યારે આ ભારત તપાભૂમિ પર ગૃહસ્થ અને આશ્રમની વ્યાખ્યા અલગ છે અથવા આપણે બંનેને જુદુ સમજીએ છીએ. જયારે આપણે ગૃહસ્થાશ્રમને એક સમજશુ ત્યારે આપણે પ્રગતિ કરી શકશુ.

ગૃહસ્થને સુખી કરવા માટે, ગૃહસ્થ તથા આશ્રમ એક કરવા પડશે,

આશ્રમ અર્થાત જયાં પવિત્રતા છે. માટે ગૃહસ્થમાં પવિત્રતા

ધારણ કરતા ગૃહસ્થ જીવનમાં રહેવું એજ સાચો ગૃહસ્થ આશ્રમ બને છે. મનુષ્ય જે કંઇ કરે છે તે પોતાની સહજ વૃતિઓ દ્વારા કરે છે. પરંતુ તેને માનવામાં તે સિવાય કલ્પના, ઇચ્છા અને મનન શકિત છે. તે મુલ્યો તથા ઇચ્છિત બાબતોની કલ્પના કરે છે. ચરિત્રની સમસ્યા મનુષ્ય માટે છે પશુ માટે નહિ એક સમય એવો હતો. આપણા ભારતવાસી ધન, ધાન્યથી સંપન્ન હતા, તેમજ સુખી સત્ય બોલનારા હતા. કોઇપણ પ્રકારના મુકદ્દમા ન હતા. પરંતુ આજે આ ભારત ભૂમિ પર સર્વત્ર ભ્રષ્ટ્રાચાર અને અનાચાર છે. એનું કારણ શું ? આનું કારણ એક જ છે આપણા મનનું સંચાલન કરવાવાળા હાલના વિકારો છે બીજુ છે આજના વૈજ્ઞાનિક સાધનો ક્ષણભરના સુખ માટે વૈજ્ઞાનિકોએ સાધનો આપ્યા છે. પરંતુ જોવામાં આવે તો વિજ્ઞાનની તીવ્ર પ્રગતિએ મનુષ્યને પોતના પરમ પિતા અને સુખદતા પરમાત્માથી ઝડપમાં દૂર કરી દીધા માટે આજના પ્રગતિશિલ દેશોમાં ગમે તેટલા વૈજ્ઞાનિક સાધન દ્વારા સુખ પ્રાપ્ત થયેલ છે છતાં પણ તેઓ માનસિક સુખ તથા શાંતિ અનુભવી નથી સકતા આજની દુનયામા વૈજ્ઞાનિક ઉન્નતિની સાથે આત્મિક ઉન્નતિની પર ધ્યાન આપવું પણ એટલું જ આવશ્યક છે. હાલના વૈજ્ઞાનિક, શરીરના સુખ માટે સાધનો ઉત્પન્ન ઘણા કર્યા છે અને કરતા રહયા છે. પરંતુ શરીરનો પણ માલિક આત્મા છે તેને વિજ્ઞાન શોધી શકયું નથી તેથી આ પરથી સાબિત થાય છે કે વૈજ્ઞાનિક સુખ કરતા જરૂર કોઇ સાચું તથા પરમસુખ આપવા વાળુ કોઇક છે. તે સુખ તો એટલે સાચું સુખ આત્માના જ્ઞાનમાં સમાયેલું છે, જ્યારે આપણે પરમાત્મા તથા આત્માના પ્રાપ્ત માટે આગળ વધશું ત્યારે આપણે કાંઇક મેળવી શકશુ.

વૈજ્ઞાનિક ક્ષેત્ર પર ઘણી પ્રગતિ થઇ છે, અને કરતા રહયા છે. પરંતું વૈજ્ઞાનિકો આટલી પ્રગતિ કરી છે, પણ તે પ્રકૃતિને પોતાના વશમાં રાખી નથી શકયા ઘણી શોધ ખોળ પછી પણ પ્રકૃતિ, ધરતીકંપ, દુષ્કાળ, પુર વગેરે રૂપે ઉત્પાત મચાવી રહે છે. જડ પ્રકૃતિ ચેતન આત્માને દુઃખ આપી રહી છે, પ્રકૃતિ આપણને નચાવી રહી છે તેથી આપણે કલ્પના કરી શકીએ કે વૈજ્ઞાનિકની આટલી પ્રગતિ સામે પ્રકૃતિની તાકાત કેટલી વધારે છે. તેથી આપણે અનુંમોદન પણ કરીએ છીએ કે કુદરત પાસે આપણે લાચાર છીએ. કુદરત શું છે ? કુદરત એટલે કે પરમાત્મા દ્વારા થતી એક ક્રિયા જે આપણને યાદ અપાવે છે કે વિજ્ઞાન કરતા કોઇક ઉચ્ચ વસ્તુ [પરમાત્મા] છે. વિજ્ઞાન આપણને હંમેશા સુખ આપતુ નથી. સાથે દુખ પણ આપતુ રહ્યું છે. દા.ત. (T.Y.) આજ ચલું

હોવાથી આપણે પ્રત્યક્ષ ઘર બેઠા પ્રોગ્રામ જોઇએ છીએ. બગડી જવાની આપણો આખો દિવસ બગાડે છે. તેથી આપણે દિવસ દુઃખમાં વિતાવીએ છીએ ટેલીફોન, બંધ થવાથી આપણને ધંધાનાં નુકશાન આવે તેથી આપણે તેની પ્રત્યે રોષ વ્યક્ત કરીએ છીએ. તેથી જરૂર આપણે કહી શકીએ કે વિજ્ઞાન કરતા કોઇક ઉપરામ (ઉચ્ચ) શકિત છે, તે શકિત દ્વારા આપણે સુખ પ્રાપ્ત કરી શકીશું.

સુખ તો આપણને સદ્ગુણો ધારણ કરવાથી મળે છે જો મનુષ્ય મા ધીરજ સંતોષ, ઉપરાંમવૃત વગેરે ગુણ ન હોય તો તેની પાસે ધન હોવા છતાં અર્થાત સુખનો અનુભવ થતો નથી. આપણે સાંસારિક પ્રાપ્તિથી પણ સુખની ઇચ્છા રાખતા હોઇએ છીએ, તો સ્વયંમમાં દિવ્ય ગુણો ધારણા કરવી જોઇએ તેના માટે આપણે વિકાર મુકત થવુ જોઈએ. વિકાર એટલે કે રૂપ અથવા ગુણોનું પરિવર્તન, તે વિકારથી મનુષ્યના તન, મન, ધન બગડે છે. જયારે મનુષ્ય ક્રોધ કરે છે ત્યારે તેના મનની શાંતીનો ભંગ થાય છે ત્યારે તેનામા ઇર્ષા, બદલાની ભાવના વગેરે તેના રૂપમાં જોવા મળે છે. તેને આવી અવસ્થામાં દુઃખ દાયક પરિવર્તન, અથવા ગુણ--કમ–ભાવ–સ્વભાવમાં નુકશાન કારક પરિવર્તન આવી જાય છે. સમાજની આવી સ્થિતી થવાના અનેક કારણ હોઇ શકે પરંતુ મારો એ દ્રઢ મત છે કે સૌથી મોટું કારણ કે જીવન મુલ્યો પ્રત્યે શકિત (પરમ શકિત) નો અભાવ મનુષ્યની પાસે મગજ છે ચિંતન શકિત છે, માટે તે એક સ્થતીમાંથી બીજી વિશેષ સ્થિતિને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે.

મનુષ્ય જીવન કેવું હોય ? સમાજ કેવો હોય ? વ્યકતાને સમાજનો સબંધ છે, જયાં માણસના મનમાં અંતર હોય ત્યાં સમાજ અને પ્રકૃતિમાં અંતર હોય છે. વાસ્તવમાં આધાર તો વ્યકિત છે જીવનમાં પરિવાર, સાંસારિક જવાબદારીઓથી પરિપુર્ણ હોવા છતાં આધ્યાત્મિક પુર્વ ભુમિકાને સ્થાન છે. ભલે વતમાન યુગના ચિંતકોએ સંતાન સુખને અધિક મહત્વ આપ્યુ હોય. જેમ શ્રવણકુમાર દ્વારા પોતાના વૃદ્ધ માતા પિતાને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવી એ ભારતીય જીવનમાં આવું સુંદર ઉદાહરણ વિશ્વમાં કયાંય મળવું ઘણુજ દુર્લભ છે પરંતુ આજના વર્તમાન યુગમા સંતાન હંમેશાં સુખ જ આપશે તે ધારણા આપણી મીથ્યા ભ્રમ છે. સંતાન સુખની અભિલાષા તેમની સંખ્યા ન રહેતા, ગુણો પર આધાર રાખે તો સાચુ સુખ પ્રાપ્ત થઇ શકશે, આજના મનુષ્ય વિવિધ પ્રકારના પ્રયત્નોથી અલ્પકાળની ખુશી અને સુખને પ્રાપ્ત કરવા પણ આજે દરેક મનુંષ્ય ખુશી અને સુખના શોધમાં છે. તેનાથી સિધ્ધ થાય છે કે સાચું

સુખ તથા શાંતિ પરમાત્મા તથા આત્મા જ્ઞાનથી થાય છે. ગીતાના ભગવાન શ્રી કૃષ્ણના મહાવાકય છે કે કામ, વિકાર મહાશત્રુ છે, જે મનુષ્યને આદિ, મધ્ય, અંત સુધી દુઃખ આપે છે. તેથી આવા વિકારોને છોડી દેવા જરૂરી છે સાચું સુખ તથા શાંતી પ્રાપ્ત કરવા માટે આપણા મનને પ્રથમ શુધ્ધ કરવું અને ભૌતિક સુખને ક્ષણિક સુખ સમજવુ અને આપણા જીવનમાં સદ્ગુણો ધારણ કરવાથી આપણને સાચુ સુખ મળે છે. આવા ગુણો ધારણ કરવાથી આત્મા પવિત્ર અથવા શુધ્ધ બને છે તેથી જ આપણને જે સુખ મળે તે જ આપણું સાચું સુખ અને શાંતિ છે.

જોકસ *

- નેતા– બધાં જ ક્ષેત્રોમાં ભારે પલટો જોઇએ મારે લેન્ડ રિફોર્મ જોઇએ, હાઉસિંગ રિફોર્મ જોઇએ, એજયુકેશન રિફોર્મ જોઇએ... મારે... મારે... એક શ્રોતા કલે રોફોર્મ જોઇએ.
- તમારા કહેવા ઉપરથી તો એમ લાગે છે કે તમે આ શહેરમાં દશ વરસથી રહો છો તોય સ્ટેશને જવાનો જવાનો સૌથી ટૂંકો રસ્તો નથી જાણતા. ?
  સાહેબ હું ટેકસી ડ્રાઇવર છું.
- સરલાએ કબાટ ઉગાડી અંદરથી નવી રેશમી સાડી કાઢ ને સાહેલીને બતાવતાં હોંશથી કહયું આ કંઇ બનાવટી રેશમ નથી કુદરતી રેશમ છે. કીડાની મહેનત છે. એનું પોત તો જુઓ !
  એ કીડો હું છું ખુણામાં મૂકેલ ટેબલ ઉપર ચોપડી વાંચી રહેલા મા તરે કહ્યું બધા મને પુસ્તકનો કીડો જ માને છે.
- ખુબ લંબાઇ ધરાવનાર એક માણસે ફેરીયાની ટોપલી ઉતરાવી નારંગીએ જોઇને કહ્યું તારી નારંગી બહુ નાની છે.
  ફેરીયાએ નમ્રતાથ કહયું. સાહેબ, આટલી બધી ઊંચાઇએથી નાની દેખાતી હશે
- ફેરીયો બૂમો પાડ પાડીને તેની વસ્તુઓનાં નામ બોલી રહ્યો રહયો હતો કે છે કોઇ ચાકુ પેન્સિલ પ્લેટ...
  ત્યાં તો ગુસ્સે થયેલી એક સ્ત્રી ઘરમાંથ નીકળીને તેને તતડાવવાતું લાગી અહીંથી જાય છે. કે પોલીસને બોલાવુ ?
  ફેરિયાએ જતાં જતાં કહી દીધું ઠીક ત્યારે બહેન, પોલીસને બોલાવવા આ સીટી તો લઇ જ લો ફકત પચીસ પૈસાની જ છે.

સ્વયં શિક્ષા *

નટવરલાલ કે. પટેલ
F.Y.B.Com , રૂપાલક પા

સત્યનો માર્ગ તલવારની ધાર ઉપર ચાલવા જેવો કઠિન માર્ગ ?

કલકત્તા વિશ્વ વિદ્યાલય અભ્યાસ નો કડક નિયમ " સોળ વર્ષથી ઓછી ઉંમરનો કોઈ વિદ્યાર્થી હાઇસ્કૂલની પરીક્ષામાં બેસી ન શકે "

મનહર પટેલની ઉંમર ચૌદ વર્ષની પરીક્ષામાં ફોર્મ ભરવાનું શરૂ થયું મનહરલાલે પણ ફોર્મ ભરી દીધું પરીક્ષા આપી સારા ગુણ સાથે પાસ પણ થઈ ગયો.

ચૌદ વર્ષની એ સમયની બાલ્યાવસ્થામાં અસત્ય આચરણમાં કંઇ ખાસ દોષ તેને ન લાગ્યો એક વર્ષ પસાર થઇ ગયું. વાચન વધ્યું સત્યવાદી સોક્રેટીસ અને હરિશ્ચન્દ્રના જીવન પ્રસંગો મન પર ઘુમરાવા લાગ્યા ધર્મના આદેશો ચીતપર અથડાવા લાગ્યા. માધ્યમિક સ્કૂલમાં અભ્યાસ કર્યા પછી મનહરલાલ કેલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ કર્યો કોલેજનું પ્રથમ વર્ષ પણ પસાર થઇ ગયું કોલેજમાં પ્રથમ નંબરે પાસ થયો સહુ કોઇ તેના પર ખુશ હતા.

પણ...તેના મનમા ડખ કોરવા લાગ્યો ઓછી ઉંમરે નિયમ વિરુદ્ધ પરીક્ષા પાસ કર્યાનું દુઃખ તેને બેચેન બનાવવા લાગ્યું

એક દિવસ તે કોલેજના પ્રીન્સીપાલ શ્રી હોયારા પાસે ગયો બધી વાત કરી તેમણે કહ્યું, 'વાહ મનહરલાલ સત્યની તારી ભાવના ભવ્ય છે., પણ હવે તો એ ભૂલ સુધારવાનો સમય વીતી ગયો છે. હવે તો તું કોલેજમાં દાખલ થઇ ગયો છે અને આ જમાનામાં તો આવું ચાલ્યા કરે છે. માટે હવે એ વાત તું ભૂલીજા તને પસ્તાવો થાય છે એ પુરતુ છે''

મનહરલાલ પટેલ વિશ્વવિદ્યાલય ના રજિસ્ટ્રાર શ્રી પ્રવીણ ભાઇ પાસે ગયા પોતે ફોર્મમાં ખોટી ઉંમર લખ્યાની વાત કબૂલ કરી શિક્ષા વહોરી લેવાની તૈયાર બતાવી

રજિસ્ટ્રારે કહ્યુ "ભાઇ" આવી સચ્ચાઇ આજના યુગમાં જડવી મુશ્કેલ છે જ્યારે તમે તો જાતે આવીને ભૂલ કબૂલ કરો છો. પશ્ચાત્તાપ તમને થાય છે. એજ પુરતો છે હવે કઇ થઇ ન શકે.

પણ મનહરલાલ ને સંતોષ ન થયો. તેમણે ખૂબ વીચાર કર્યો મે બે વર્ષ વધુ લખ્યાં હતાં ફોર્મમાં બારને બદલે સોળ વર્ષ લખ્યાં હતાં માટે મને બે વર્ષ અભ્યાસ કરવાનો અધિકાર નથી

આમ વિચારીને મનહરલાલ પટેલે કોલેજનો અભ્યાસ બે વર્ષ માટે બંધ કરી દીધો. એ વર્ષ પછી ફરી પાછુ કોલેજમાં ભણવાનું શરૂ કર્યું.

પોતાની ભૂલને સુધારવાનો પોતેજ રસ્તો શોધ્યો !

TRUST IN GOD * જય યોગેશ્વર *

ઓ માનવી........

નવીન એચ પટેલ
આશસોનગ

ઓ માનવ આ કળયુગની વાણી ધ્યાન દઈ સાંભળતો જા
આ જગમાં જો જીવવું હોય તો રીત નવી આચરતો જા.
ધોતી ટોપીનો કર ત્યાગ–સફારી, ડીસ્કો અપનાવી લે,
પચાસ સો સીલાઇ દઈ ને મોડર્નીસ્ટ બનતો જા.
સતસંગને બાજુએ છોડી ડીસ્કો દીવાને ગાતો જા,
વેદપુરાણ છોડી ગમે કહાની ફીલ્મી દુનિયા ફરાવતો જા.
રોજ કલબ, થીયેટર, દર્શન કરવામાં ફીકર ન કોઇની કરજે,
મા, બાપને હવે દે ત્યાગી, લેડી ફ્રેન્ડ બનાવતો જા.
ભાઈ બહેનનો થઇ વૈરાગી રક્ષાબંધન ભુલતો જા,
આ જગના જૂઠા જોગીની સેવામાં તું હંમેશાં રમતો જા,
માનવતાને મુક પડતી લાવારીસ કહેલાવતો જા.
પ્રેમ દયાપર થુંકી દઇ ને કુરતાને અપનાવતોજા,
દીન દુઃખીયાની સેવા કર વીસ્કી રીમ પકડાવતો જા.
શાળામાં તો જા જે ના તું નવા પાઠા ખોજતો જા (બગીચા)
શિક્ષકને તો ગુરૂ ન ગણ ચેસ કરીને પેગ લગાવતો જા-(માદકપીણું)
પાઠ હવે તુ નીશાળમાં જઇ આઇ લવયુ નાં ગાણાં કરતો જા
ઓ માનવ આજ છે સાચી કલિયુંગના વાણી
સાચો રસ્તો તું જ ખોજ, એજ છે તારી સાચી નીતિ"

૧. માદક પીણુ, રમ–વીસ્કી
૨. પેગ માદક પીણા માટે વપરાતો ગ્લાસ

- એક ગામડાની કન્યાનાં શહેરી યુવાન સાથે લગ્ન થયાં એક દિવસ તેના પતિએ તેણીને પૂછ્યું તું નાના ગામડાની નારી, ત્યાં ગાય, બળદ, ભેંસ, અને ઢોર વચ્ચે રહેતી તેના તને ખોટ નથાં લાગતી ?
- નવોઢાએ તરત જ જવાબ આપ્યો ના રે તમે છો ને પછી મને શાની ખોટ !
- છાપાના તંત્રી ઉપર કાગળ આવ્યો "ગયા રવિવારે મારું ઘડિયાળ ગૂમ થયું એટલે આપના છાપામાં ખોવાયું જડેલું કોલમમાં મેં જાહેરત મુકી અને મારા બીજા કોટના ગજવામાંથી ઘડિયાળ મળી ગઇ ધન્ય છે. તમારા છાપાને !
- તમે બધાને પરણાવો છો, બધાની જાનમાં જાઓ છો, પણ તમે કેમ પરણતા નથી ! કિનારા પરઉભા રહીને તોફાન જોવાની હંમેશાં મારે મઝા પડે છે.

જીવન જીવવાનો કક્કો

ચંદુલાલ ખીમજી પટેલ
બલાગીર સો મીલ બલાગીર (ઓરીસા)

ક—ક્રોધને કાબુમાં રાખજે, કળથી તુ કામ લે જે.
ખ—ખુમારી ખંખેરી નાખજે, ખુશામત તુ ના કરજે.
ગ—ગમને તું ગળી જજે, ગર્વથી તું ના રહેજે.
ઘ—ઘમંડથી તું ના ઘેરાજે, ઘર ઘર સેવા કરજે.
ચ—ચપળતા ચલાવી જજે, ચરમ પોશો ના કરજે.
છ—છેલ ખટાઉ ના બનજો, છેતરપિંડી ના કરજે.
જ—જિંદગી તું જીતી જજે, જીભાજોડી તું ના કરજે.
ઝ—ઝંઝાવાતે તું ઝુમી જજે, ઝિંદા દીલ સદા રહેજે.
ટ—ટાપટીપ તું ના કરજે, ટીકા કોઈની ના કરજે.
ઠ—ઠાવકાથી તું રહજે, ઠગાઇ, કદી ના કરજે.
ડ—ડરતો પ્રભુથી રહેજે, ડરોસ ના નીડર બનજે.
ઢ—ઢચુ પચુ મન ના કરજે, ઢાંક પીછોડી ના કરજે.
ત—તું તારૂં સદા સંભાળજે, તકરાર કદી ના કરજે.
થ—થુવર કદીના બનજે, થપ્પડ કદી ના ખાજે.
દ—દીલાવર સદા બનજે, દલીત સેવા તું કરજે.
ધ—ધર્મિષ્ટ સદા તું બનજે, ધતિંગ કદી ના કરજે.
ન—નિંદા કોઇની ના, કરજે નિતી રીતિથી તું રહજે.
પ—પરમાર્થી સદા બનજે, પરદુઃખે મન પિગાળજે.
ફ—ફુલણજી તું ના બનજે, ફના થાજે તું પરકાજે.
બ—બહાદુર સદા બનજે, બફાટ કયાયે ના કરજે,
ભ—ભલાઇમા ભલો રહજે, ભલાઇ નો ભંગ ના કરજે.
મ—મગરૂબીથી તું રહેજે, મફતીયું કદી ના લેજે,
ય—યશસ્વી જગે તું થાજે, યુગ-યાદગીરી થાજે.
ર—રૂસવત કરીના લેજે, રીતભાતથી તું રહેજે.
લ—લોભ થાય તું થોભજે, લુચ્ચાઇ જરા ના કરજે.
વ—વફાદાર સૌને બનજે, વિફલ જીંદગી ના કરજે.
શ—શરીર તંદુરસ્ત રાખજે, શુભ સૌનુ તું કરજે.
સ—સાદાઇ રાખી, બલાગીર, સૌનું શ્રેય તું કરજે.
હ—હુંસાતુંસી ના કરજે, હોંશીયારીથી રહેજે.

સમાચાર દર્શન

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ

નવી દિલ્હી-૧૧૦૦૫૫

સર્વ પ્રથમ મંડળનો વાર્ષિક અહેવાલ મંત્રી શ્રી ભગવાનદાસ રવજી તરફથી સભા સમક્ષ વાંચવામાં આવ્યો ત્યાદ પછી ખજાનચી શ્રી રવજીભાઈ જીવરાજ તરફથી વાર્ષિક આવક જાવકનો હિસાબ રજુ કરવામાં આવ્યો જે સર્વ સમ્મતિથી મંજુર કરવામાં આવેલ ત્યાર પછી પ્રમુખશ્રીએ કારોબારી સમિતિનું રાજીનામું (પદત્યાગ) પ્રસ્તુત કરેલ જે સ્વીકારવામાં આવેલ અને સભાનું સંચાલન કરવા માટે અને ચુનાવ અધિકારી તરીકે પ્રમુખસ્થાન કરસનભાઇ વિશ્રામ પટેલ (ક.નિ.) ને આપવામાં આવેલ અને એ પ્રમુખ સ્થાનેથી નીચે મુજબ નવા વર્ષના હોદ્દેદારોની ચૂંટણી કરવામાં આવી.

પ્રમુખશ્રી — શ્રી સામજીભાઈ મનજી
ઉપપ્રમુખ — શ્રી પ્રવીણકુમાર નાનજી
મંત્રી — શ્રી ભગવાનદાસ રવજી
સહમંત્રી — શ્રી ઇન્દુકુમાર જેઠાલાલ
સહમંત્રી — શ્રી જવેરલાલ શીવજી
ખજાનચી — શ્રી દામોદરભાઇ મુળજી
સાંસ્કૃતિક મંત્રી — શ્રી જેન્તીલાલ પચાન
લાઇબ્રેરિયન — શ્રી ગોવિંદભાઇ કુળજીભાઈ

સલહકાર સમીતીના સદસ્યો :—

શ્રી લક્ષ્મણભાઈ નાનજી, શ્રી ગંગારામ હીરાલાલ, શ્રી કરસનભાઇ વીસરામ શ્રી ચીમનલાલ હીરાલાલ, શ્રી રતનસી હંસરાજ, શ્રી ભીમજીભાઈ ધનજી.

આ પ્રમાણે ચુનાવ પુરો થયા બાદ નવા હોદ્દેદારોએ મંડળને સાથ સહકાર આપવા માટે શપથવીધી કરેલ અને ત્યારબાદ પોતાનો હોદ્દો સંભાળેલ. ત્યારબાદ અલ્પાહાર લીધા બાદ સભાનું વીસર્જન કરવામાં આવ્યું.

શ્રી ભગવાનદાસ રવજી (મંત્રી)
શ્રી પટેલ તરૂણ મીત્ર મંડળ વતી

તખતગઢમાં જનરલ હોસ્પીટલ અને પ્રસુતિ-ગૃહના મકાનનો યોજાયેલો ખાતવિધી સમારંભ

સાબરકાંઠા જીલ્લાના તખતગઢ ઉર્ફે હડમતિયાકંપામાં રૂ. ૧૫ લાખના ખર્ચે તૈયાર થનાર શ્રી તખતગઢ આરોગ્ય મંડળ સંચાલિત શ્રી સી. બી. મહેતા જનરલ હોસ્પિટલ અને શ્રીમતિ એન. સી. મહેતા પ્રસુતિગૃહના મકાનની ખાતવિધિ હોસ્પિટલના મુખ્ય દાતા દાનવીર શેઠશ્રી છોટાલાલ ભાયચંદ મહેતા ફતેપુરવાળાના શુભ વરદ હસ્તે કરવામાં આવી હતી.

૫૦ પથારીની સગવડ ધરાવતી આ હોસ્પિટલ શરૂ થશે ત્યારે તખતગઢ વિસ્તારના ૩૦ જેટલા નાના મોટા કંપાઓ અને ગામોને અદ્યતન તબીબી સુવિધા પુરી પાડશે.

આ ભવ્ય ખાતવિધિ સમારંભનું પ્રમુખ સ્થાન સાબરકાંઠાના સંસદ સભ્ય શ્રી શાંતુભાઇ ચુ. પટેલે શોભાવ્યું હતું. શરૂઆતમાં ગામની ૧૦૮ બાળાઓએ વાજતે ગાજતે બેન્ડવાજા સાથે મહેમાનોનું કુમકુમ તીલક કરીને સામૈયુ કર્યું હતું. મંગલાચરણ અને સ્વાગત પ્રવચન તખતગઢના માજી સરપંચ પુજ્ય વેલજી-કાકાએ કર્યું હતું.

તખતગઢ આરોગ્ય મંડળે મુંખ્યદાતા દાનવીર શેઠશ્રી છોટાકાકાને સન્માનપત્ર ગુ. રાજયના આરોગ્ય રાજય મંત્રી માનનીય કોકીલાબેન વ્યાસના વરદ હસ્તે અર્પણ કર્યું હતુ સન્માનપત્રનુ વાંચન આરોગ્ય મંડળના મંત્રી શ્રી ગણપતલાલ વે. પટેલ એડવોકેટ કર્યું હતું.

મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા આરોગ્ય રાજય મંત્રી માનનીય શ્રીમતી કોકીલાબેન વ્યાસે જણાવ્યું હતું, કે તબીબી વ્યવસાય સ્વીકારનારા ડોકટરો સેવાલક્ષી અભિગમ અપનાવીને ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યની સંપુર્ણ સુવિધાઓ પુરી પાડવા માટે સરકારે કરેલા નિર્ધારને સહભાગી બની રહે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નશાબંધી અને હરિજન કલ્યાણના નાયબ મંત્રી માનનીય શ્રી લલીતભાઈ પરમાર અતિથિવિશેષ તરીકે સા. કાં, જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધારૂભાઈ પટેલ, હિંમતનગરના ધારાસભ્ય શ્રી નાથાભાઈ પટેલ, પ્રાંતિજના ધારાસભ્ય શ્રી મગનભાઈ પટેલ, પ્રાંતિજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી નટવરસિંહ રાઠોડ, તખતગઢનાં ડેપ્યુ. સરપંચ શ્રી રતિભાઇ જે, પટેલ,

તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિભાઇ એલ. પટેલ વિગેરે મહાનુભવોએ પ્રાસંગીક પ્રવચનો કર્યાં હતાં. અંતે આભારવિધી આરોગ્ય મંડળના સહમંત્રી શ્રી ડાહ્યાભાઇ કે. પટેલે કરી હતી. સમારંભનું સફળ અને સુંદર સંચાલન આરોગ્ય મંડળના મંત્રી એડવોકેટ શ્રી ગણુપતલાલે વેલજીભાઇ પટેલે કર્યું હતું. હજારોની સંખ્યામાં માનવ મોહરામણે હાજરી આપી હતી.

આ શુભ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી વેદાન્ત આશ્રમ વલાદના પ. પૂ. સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજે રૂા. ૧૦,૦૦૧ નું દાન આપીને આર્શિવચન પાઠવ્યું હતું. મંડળને દાતાઓ તરફથી રૂા. ૧૧ લાખના દાનની ઉદાર સભાવતની જાહેરાત થઈ હતી.

આ કાર્યને સફળ બનાવવા માટે તલોદ સહકારી જીનના વાઇસ ચેરમેન તખતગઢના શ્રી રતીભાઇ જે. પટેલ, મંડળના પ્રમુખશ્રી દેવજીભાઈ પટેલ, સરપંચ શ્રી ખીમજીભાઇ પટેલ, મુંખી શ્રી લધાભાઇ પટેલ, મંડળના સહમંત્રી શ્રી ડાહ્યાભાઇ કે. પટેલ તથા ગ્રામજનોએ ભારે ઉત્સાહ પુર્વક જહેમત ઉઠાવી હતી.

ગણુપતલાલ વી. પટેલ
એડવોકેટ, તખતગઢ

	ધર્મ	ધર્મ સ્થાપક	સંખ્યા	યાત્રાસ્થાન	ધર્મ પુસ્તક	ગ્રંથની સંખ્યા
૧.	ખ્રિસ્તી	ઇશુખ્રિસ્ત	૮૦-૪કરોડ	દેવળચર્ચ	બાઈબલ	૧
૨.	ઈસ્માઇલ	મહંમદ પયગમ્બર	૪૧-૦૬ ,,	મસ્જિદ	કુરાન	૧
૩.	હિન્દુ	મનુભગવાન	૩૭-૦૦ ,,	મંદિર	વેદરામાયણ	૪
૪.	કોન્ફ્યુસિયસ	કોન્ફ્યુસિયસ	૩૦.૦ ,,	—	કલાસિકસ	૬
૫.	બૌદ્ધ	ગૌતમબુધ્ધ	૧૫-૦૦ ,,	મઠવિહાર	ત્રિપિટક	૩
૬.	તાઓ	લાઓત્સે	૫-૦૦	—	તાહોપતેહકિંગ	૧
૭.	શીખ	ગુરૂનાનક	૭૮-૦૦ લાખ	ગુરૂદ્વાર	ગ્રંથ સાહેબ	૧
૮.	જૈન	ઋષભદેવ	૨૦-૦૦	દેરાસર	કલ્પસુત્ર,આગમ	૧૪+૧૨
૯.	પારસી	અષોજરથુસ્ત	૧૫-૦૦	અગિયારી	અવેસ્તા	૧

મહેન્દ્રકુમાર એન. પટેલ શંકરપુરા, ટી. વાય. બી.કોમ

ઑલ ઇન્ડિયા કચ્છ કડવા પા. યુથ સોસાયટી

પટેલવાડી કેમ્પ રોડ, ભુજ (કચ્છ) ૩૭૦૦૦૧

શેરપુરા તા. ધોળકામાં શાળાના ત્રીજા ઓરડાના બાંધકામનું ખાતમુહુર્ત ગત તા. ૧૫-૧૨-૮૧ના રોજ ગામના વડીલ મુરબ્બી શ્રી ખેતાભાઇ કરશનભાઇના હસ્તે થયેલ હતું. આ ઓરડો સરકારની નાનીબચત યોજના હેઠળ આકાર લેશે. આ પહેલાં ગયે વર્ષે શાળાના બે ઓરડાઓ પુર્ણ થયેલ છે. તે પણ સરકારની નાનીબચત અને સ્થાનિક વિકાસ યોજના હેઠળ તૈયાર થયેલ છે. અત્યારે શેરપુરા પ્રાથમિક શાળામાં સાત ધોરણ ચાલે છે. અને ત્રણ શિક્ષકો છે.

લી. ડાહ્યાભાઇ એસ. પટેલ

દિલ્હી પાટીદાર મહિલા મંડળ

વાર્ષિક ચુનાવ

દિલ્હી પાટીદાર મહિલા મંડળની વાર્ષિક સામાન્ય સભામાં નવા વર્ષની કારોબારી સમિતીની નીચે મુજબ વરણી કરવામાં આવેલ.

કારોબારી સમિતિ

પ્રમુખ :	શ્રીમતી કેસરબેન વિસરામ પટેલ
ઉપ-પ્રમુખ :	શ્રીમતી રતનબેન સોમજી પટેલ
મંત્રી :	શ્રીમતી લક્ષ્મીબેન કાંન્તીલાલ પટેલ
સહમંત્રી :	શ્રીમતી મણીબેન રતનશી પટેલ
,, :	શ્રીમતી ગંગાબેન જયંતીભાઇ પટેલ
,, :	શ્રીમતી મરઘાંબેન કરસન પટેલ
ખજાનચી :	શ્રીમતી કલાબેન ધનારામ પટેલ

સલાહકાર સમિતિ

શ્રીમતી લાલબાઇ નાનજી પટેલ	શ્રીમતી મણીબેન રવજી પટેલ
,, કાન્તાબેન ભીમજી પટેલ	,, પાનબાઇ લખમશી પટેલ
,, રામબાઇ વેલજી પટેલ	,, રતનબેન સીવદાસ પટેલ
,, મોંઘીબેન હરજી પટેલ	,, કાન્તાબેન ધનજી પટેલ

ચુનાવ પુરો થયાબાદ સર્વે હોદ્દેદારોએ પોતાના પક્ષની શપથ લીધી કર્યા બાદ અલ્પાહાર કરવામાં આવેલ અને ત્યારબાદ સભાનું વીસર્જન કરવોમાં આવેલ હતું.

બાળ લગ્ન


ઇશ્વર આર. પટેલ S. Y. B. Com.
ચીલોડા ચાર રસ્તા તા. જી. ગાંધીનગર

આજેપણ આપણા સમાજમાં મોટા પ્રમાણમાં વહેલાં લગ્ન થાય છે. બીજી જ્ઞાતિઓમાં હવે બાળલગ્નનું પ્રમાણ નહીવત છે. આપણા સમાજમાં પણ બાળલગ્ન વિરોધી વાતાવરણ-વાતો મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. તેટલાજ મોટા પ્રમાણમાં બાળલગ્નો, કરવામાં પણ આવે છે.

વહેલા લગ્ન કરવાનું કારણ શુ? આ એક પ્રશ્ન છે આપણા સમાજમાં કન્યાકેળવણીનું પ્રમાણ ઓછુ છે. છોકરી એસ.એસ.સી.ભણતાં સુધીમાં સગપણ કરી નાખવું" અને જલ્દીથી લગ્ન કરી નાખવાની ખોટી માન્યતા છે. છોકરાના મા-બાપ પણ કામના મોહને લીધે જલ્દી લગ્ન કરવા તૈયાર થાય છે આ ઉપરાંત મુખ્ય કારણ લગ્નમાં થતો મોટો ખર્ચ આવા બાળ લગ્નોથી આપણા સમાજમાં કુટુંબમાં અનેક વિકટ પ્રશ્નો ઉભા થાય છે. આવા ઉતાવળિયા લગ્નમાં કજોડાં લગ્ન થઈ જતાં હોય છે. આવા લગ્નોમાં માનસિક સમાયોજનનો અભાવ કેળવણીનો મોટો તફાવત વગેરે પ્રશ્નો ઉભા થાય છે. જેથી છુટાછેડા કે પતિ-પત્નિ વચ્ચે મારા મારીના બનાવો બને છે.

આવા લગ્નો અટકાવવા સરકારે અને સમાજે કાયદા કરેલ છે. પરંતુ કાયદા કરનાર જ તેનો ભંગ કરે છે. ખરેખર આવા લગ્નો અટકાવવા માટે કડક કાયદાની જરૂર છે આના માટે સમાજ જાગૃત બને તે જરૂરી છે. સામાજિક કાર્યકર્તાઓ લોક જાગૃતિનું કાર્ય કરે જેથી જુંદા જુદા ગામોમાં બાળલગ્ન વિશે-ફાયદા-ગેર-ફાયદાની સમજ આપવામાં આવે સમાજમાં એવું વાતાવરણ ઉભુ કરવામાં આવે કે બાળ લગ્ન થઈ શકે નહિ આ ઉપરાંત સમુંહલગ્નમાં થતો ઓછો ખર્ચ વગેરે સમજાવવામાં આવે તો આવા લગ્નોનું પ્રમાણ ઓછુ થાય છતાં પણ આવા લગ્નો થાય તો તે લગ્નનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે, આવાં લગ્નોમાં કોઈ જાય નહિ, આ રીતે સમાજના દરેક લોકો ઉંહાપોહ કરે તો જરૂર આવા લગ્નો અટકી જાય.

卐



અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ.
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
રીલીફ રોડ, અમદાવાદ-૧
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ; શીવપુરાકંપા,
કસનપુરમોટા તા. જિ. ગાંધીનગર

"GARUD" Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીશાદ બીહારી મલીક રોડ, **કલકતા**—૭૦૦૦૦૬





આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના ઓદ્રાસ ટ્રોલીના પાર્ટ્સ તેમજ એ.ગ. વગેરેની માહિતી આપને મેળવી આપીશું આપની વધારે માહિતિનાં જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.


સો મીલ માલીકો માટે ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહેછે. અને બેન્ડસો બ્લેડ ચાલેછે
ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
આપના કિંમતી સમયનો બચાવ
પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
UE
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીનુ તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.



વિકાસ...
ઉત્પાદન....
નફો.....

સૂક્ષ્મીન-ઝેડ

(ચીલેટેડ ઝીંક ૨જે)

* ખાતરની ગુણવત્તા વધારે છે.
* વધુ ઉત્પાદન મળે છે.
* ખર્ચના પ્રમાણમાં વધુ આવક.
* છોડના બધા ભાગોમાં જલદી પ્રસરી જઈ જસતની ઉણપ દૂર કરે છે.
* સૂકી અને પિયત બંને ખેતી માટે ઉપયોગી
* પાક ઉપર છાંટવાનું હોવાથી જમીનમાં જસતનું સ્થિરીકરણ થતું નથી.

Paushak

પૌષક લિમિટેડ
અલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૩

સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ, એસ. ટી. ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ, હિંમતનગર.
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

Book - Post

To,
Dahya Karsan Patel
MOMBASA KENYA
P. B. No. 3095

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ.
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમિયાય નમઃ ॥





વર્ષ : ૨૪
અંક—૨
ફેબ્રુઆરી–૧૯૮૨

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ
બી. એ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીએ પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી **જાન્યુઆરીથી અથવા** તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લખક ભાઈ અગર બહેન પોતાનો ખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિ..નત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૬ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

* અંજામ *

બેઠાં બાગમાં
પ્રકાશ સાંજનો,
હતો ઝાંખો,
કંપ હ્રદયમાં
જાગ્યો અનોખો,
મળી આંખો.
ઉડયાં આકાશમાં
પવન સમાજનો
તૂટી પાંખો.
ડુસકાં એકાંતમાં
ડંડો સમાજનો
તૂટયો ટાંગો.

શુશીલા ટી. પટેલ
હીરાખાડી

હાઈકૂ

(૧) છોલાય મારું,
અસ્તિત્વ પળેપળ
વિયોગે તારા.

(૨) કોરી ખાય છે.
સંવેદના ના જંતુ,
અસ્તિત્વ મારું.





ચમત્કાર વિના નમસ્કાર નહી

શામજીભાઇ એસ. પટેલ (વડોદરા)

ચમત્કાર ને નમસ્કાર કરવાની માણસની વૃતિને કારણેજ અનેક ધુતારાઓ ફાલ્યા ફુલ્યા છે. અને એ અમુક ક્ષેત્ર અંધાધુધીના અંધકારથી છવાઇ ગયું છે રશિયા ચીન કે અન્ય સામ્યવાદી દેશોમાં કોઇ ભગવાન કેમ પેદા થતા નથી ? કોઇ ચમત્કારક પુરૂષ, ઓલિયા ફકીર મહર્ષિ કે માતાજીની સહાયવિનાં ત્યાંના કરોડો લોકો કઇ રીતે જીવી શકતા હશે ? વાત વિચારવા જેવી ખરી. ઓલિયા અને ભગવાનો આ તરફજ કેમ પેદા થાય છે ? આનો જવાબ એકજ છે કે આપણે ત્યાં " ઝુકને વાલા બહુત—હૈ, ઝુકાને વાલા ચાહિયે " આ પરિસ્થિતી છે

કોઇના હાથ વધુ હોય કે હાથ પગનાં આંગળાં વધુ હોય એવા ખોડ ખાંપણ વાળા કે કાલું ઘેલું બોલતા ગાંડા ઘેલા માણસોને ચમત્કારી માની લોકો તેની પાછળ પાછળ ભમતા હોય છે. માણસો ચમત્કારો પાછળ ગાંડા ઘેલા બની જાય છે.

કોઇ પણ વિચિત્ર લાગતી વસ્તુને વગર જાણે વગર સમજે નમસ્કાર કરવા એતો નર્યું ગાંડ પણ છે વર્તમાન યુગમાં સામાન્ય રીતે જનસમાજના મોટા ભાગના લોકો કંઇક નવીનતા, આશ્ચર્ય પમાડે તેવી અદ્‌ભુતતા, ચમત્કારિકતા આવી આવી વિશિષ્ટતા ધરાવનાર વ્યકિતને મહાન માને છે. અને એવા લોકો વિશે માહિતી મેળવવા આતુર હોય છે. અને વિચિત્ર વર્ણનને વિશિષ્ટતામાં ખપાવે છે. આ માન્યતા એટલી બધી વ્યાપક બની છે કે સંત મહાત્મા વિશે પણ ઘણાઓને એવો ખ્યાલ હોય છે કે તેઓ ચમત્કાર કરી શકે તેઓ ખાધા પીધા વિના માત્ર હવાથી જીવી શકે મોતને પણ જીતી શકે અને ધારે ત્યારે મરી શકે વગેરે સ્વાભાવિક બિનાને પણ ચમત્કારમાં ખપાવી દે છે. સંત પણું માંકવાની ફુટપટ્ટી તરીકે ચમત્કારને જ સ્વીકારે છે અને પોતાની મનો કામના બર લાવવા તેની પાછળ પાછળ જ દોડતા હોય છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ ધર્મ સાથે કે માનવીના ઉત્કર્ષ સાથે કે ઉધ્ધાર સાથે ચમત્કારોને કશી લેવા દેવા નથી એના વિશે એક દાખલો છે

નદીપાર ઉતરવા એક સાધુ હોડીની રાહ જોઇ ઊભા હતા. બીજા એક યોગીએ આવીને સાધુને કહ્યું હું તો પાણી ઉપર ચાલીને સામે પાર જઇ શકું. અને સાધુને આશ્ચર્ય પમાડવા તરતએ પાણીપર ચાલીને સામે પાર પહોંચી ગયા. અને જયાં

પેલા સાધુની હોડી આવી ત્યારે સાધુ પણ સામેકાંઠે પહોંચી ગયા યોગી ગર્વથી કહ્યું આ સિદ્ધિ પાછળ મેં બાર વર્ષ ગાળ્યાં છે.

સાધુએ હસતાં હસતાં કહ્યું તમારી સિદ્ધિની કીંમત એક પૈસો ગણાય કારણકે હોડી વાળો એક પૈસામાં નદીપાર કરાવે છે.

ચમત્કારો હોઇ શકે પરંતુ તેના માટે જેને લોભ નથી તેના માટે તેની કીંમત શી ? ચમત્કારી સાથે જો આપણે ધર્મને લોભને કે પુર્વગ્રહને ન જોડીએ તો તે પણ જ્ઞાનના એક અંગ તરીકે તેનો અભ્યાસ આપણા માટે અતિશય આકર્ષક બની શકે.

માણસો એવા ચમત્કારો પાછળ ગાંડ઼ઘેલા બની જાય છે પરંતુ તેમની આસપાસ હજારો કુદરતી ચમત્કારો બનતા હોય છે. તે જોવાની દ્રષ્ટિ તેમનામાં જરા પણ હોતી નથી. ચમત્કારોથી ભરપૂર જગતનો આપણી આસપાસ છે જ માણસ પોતાની ઉત્પત્તિ વૃદ્ધિ, એનું મગજ વર્ણન શક્તિ, વાચા અને શરીરની રચના અને પ્રક્રિયાઓ અનેક ચમત્કારોથી ભરપુર છેજ.

ખરી કુશળતા અને ખરું જ્ઞાન તો એવા મનુષ્ય સર્જીત ચમત્કારો અને પ્રપંચોમાંથી બુદ્ધિ હટી જાય અને તમામ વાસનાઓનો ક્ષય થતાં આત્માનુંભવથી તૃપ્ત થાય એમાંજ છે.

જગતના સત્યપુરૂષોએ મહાપુરૂષોએ એમના પોતાના દ્વારા બનેલી કોઇક ચમત્કારીક ઘટના માટે પણ એમણે અભિગમ દાખવ્યો છે. હકીકતમાં જ્ઞાનનો દરેક ઝબકાર પણ એક ચમત્કારજ છે.

☐ એક પત્રકારે એક વિખ્યાત ગણિતશાસ્ત્રીને પૂછ્યું : આપના જીવનમાં કોઇ એવી પળ ક્યારેય આવી છે ખરી કે જ્યારે ગણિતની કોઇ જટિલ સમસ્યા આપ ઉકેલી ન શક્યા હો ?

ગણીતશાસ્ત્રીએ જવાબ આપ્યો : કેમ નહી ! હું એ હીસાબ આજ સુધી સમજી શક્યો નથી કે સેંકડે પચાસ ડેન્ટીસ્ટ એક મનની ટુથપેસ્ટ, નેવું ટકા બીજા પ્રકારની ટુથ પેસ્ટની અને પંચાણું ટકા કોઇ ત્રીજી જ બનાવટની ટુથપેસ્ટ વાપરવાની ભલામણ શી રીતે કરે છે ?

✻ પ્રશ્નોત્તરી

ડૉ. એચ. પી. પટેલ
વાલક

આટલા આટલા લાંબા ને નીરોગી આયુષ્યનું કારણ શું ? અખબારી પ્રતિનિધિએ ગામના સૌથી વૃદ્ધ માણસને પૂછયું.

એનો જવાબ હું હમણાં નહિ આપી શકું સિગરેટની બે કંપનીઓ સાથે મારી વાતચીત ચાલે છે. એમાંથી જે કંપની મને વધુ પૈસા આપશે તેની સિગરેટ મારા લાંબા ને સ્વસ્થ જીવનનું રહસ્ય હશે !

સ્મશાનભૂમિની આસપાસ વાડ બાંધવાના પ્રશ્ન ઉપર સુધરાઇમાં ઠરાવ આવ્યો જે કોઇ ઠરાવની તરફેણમાં હોય તેમને પ્રમુખે હાથ ઊંચા કરવાની સૂચના કરી એક માણસે એમ ન કર્યું.

તમે કેમ વિરોધ કરો છો ? પ્રમુખે પ્રશ્ન કર્યો ઉત્તર મળ્યો મને સ્મશાનભૂમિની આસપાસ વાડ બાંધવાની બિલકુલ જરુર લાગતી નથી કારણ કે અંદર રહેલા કોઇ અંદર નીકળી જવાના નથી અને બહારના માણસો અંદર જવાની ઇચ્છા કરતા નથી.

એક વકીલે કેસનો ચૂકાદો આવતાં આવતાં પોતાના અસીલને તાર કર્યો કે આપનો વિજય થયો છે...

અસીલે જાતે તાર કર્યો કે મોટી અદાલતમાં અપીલ કરી દો.

પત્ની—આ દુનિયા હવે ઘણી અપ્રમાણિક અને અવિશ્વાસપાત્ર બની ગઇ છે આજે સવારે દૂધવાળો ખોટી નોટ આપી ગયો.

પતિ—તે નોટ ક્યાં છે ?

પત્ની— તે તો મેં બપોરે શાકભાજી વાળાને પધરાવી દીધી.

પોસ્ટ ઓફિસમાં—જાહેર જનતા માટે રાખવામાં આવેલ હોલ્ડર ઘણું જુનું અને ખરાબ થઇ ગયુ હતું આથી એક માણસ એ હોલ્ડર લઇ પોસ્ટ માસ્તર પાસે પહોંચ્યો અને પૂછયું, કેમ સાહેબ આ એ જ હોલ્ડર છે કે જેનાથી કવિ કાલીદાસે 'મેઘદૂત' લખ્યું હતું ?

પોસ્ટમાસ્તર થોડીવાર તો આ માણસને તાકીને જોઇ જ રહયા અને પછી જવાબ આપ્યો, પૂછપરછની બારી પર જઇને તપાસ કરો.

એક જાપાની યુવકે પોતાની ચીની મિત્રને જાપાનની એક સુંદર ઇમારત બતાવીને કહ્યું કે આ ભવન કેવું લાગ્યુ !

આમ તો કંઇ ખરાબ નથી જાપાનમાં તો આપની એક જ ઇમારત હશે પણ અમારા ચીનમાં તો આવી ઘણી ઇમારતો છે તમને વિશ્વાસ ન આવતો હોય તો મને તમારી વાતમાં સંપૂર્ણ વિશ્વાસ છે, દોસ્ત આ પાગલખાનું છે.

મુક્ત કલિકાઓ

જીતેન્દ્રકુમાર બી. પટેલ
સણુજીતપુરાલાટ

(૧) નમ્રતાથી સૌ કો રીઝે, નમતાં ને સૌ માન,
સાગરને નદીઓ મળે, છોડી ઉંચા સ્થાન

(૨) મને મળી નિષ્ફળતા અનેક
તેથી થયો સફળ કેક હું જીંદગીમાં

(૩) મિત્ર એવો શોધવો, ઢાલ સરખો હોય,
સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય.

(૪) જાતે કરવું, જાતે રળવું; જાત વિના સૌ જૂઠું જી
જાતે ઝુઝવું જાતે વધવું, જાતવડે ઉદ્ધરવું જી

(૫) ઉગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે;
નહિ કુળથી કિન્તુ મૂલ્ય મૂલવાય ગુણો વડે.

(૬) પીંપળ પાન ખરતાં હસતી કુંપળીયા,
મુજવીતી તુજ વીતસે ધીરી બાપુડીયા.

卐 મને નોકરી મળી ગઈ પગાર થોડો પણ અધિકાર મોટો, નાના માણસને ઠેઠ ટોચ ઉપર પહોંચાડી દઉં અને મોટા મોટા માણસોને પળવારમાં નીચે ઉતારી શકું છું.

'ભાઈ વાહ, એવી તે કઈ નોકરી ?'
લિફટ મેનની !

卐 સાપ્તાહિક ભવિષ્યનું પાનું વાંચતાં વાંચતાં વહુએ એમના વરને કહ્યું.

'તમે જો બે દીવસ, વહેલા જન્મ્યા હોતને તો તમે ઘણા ઉદાર અને માયાળુ હોત અને પત્ની પણ બીજી કોઈ મળી હોત ને ! પતિએ કહ્યું.

卐 'તને નોકરીમાં રાખ્યો ત્યારે તું તો એમ કહેતો હતો કે કામ કરવાથી તું કદી થાકતો નથી. પણ આ શું, તું તો આરામથી સુઈ રહ્યો છે.

હું થાકતો નથી તેનું એજ કારણ છે, સાહેબ.

ભીતરે ડંખ્યું ✻

લિ. ચંદુલાલ હીરજી ધોળુ

એક દરજી એક રેશમી રજાઈ બનાવી સ્વામી રામતીર્થ પાસે આવ્યો અને કહ્યું : મહારાજ આપને યોગ્ય આ રજાઇ છે,

રામતીર્થના ભોળપણની વાત એ દરજીને ખબર હોય તેથી કે કોણ જાણે બીજા સાથે ઉદ્દેશથી એણે આવીને રજાઇની બહુ તારીફ કરી હતી. રામતીર્થે એની કિંમત પૂછી એટલે દરજીએ શિવણકામ તથા કપડાં મળીને રૂા. ૬૦ કિંમત કહી.

રામતીર્થે નોકરને તરતજ રૂપિયા ૬૦ લાવી આપવાનું કહ્યું એટલે એ લઇને દરજી રજાઇ મુકીને ચાલતો થયો પાસે બેઠતા ભકતોને રજાઇની કિંમત બહુજ લાગી દરજી ચોખ્ખી રીતે ઠગી ગયો છે એમ તેઓને લાગ્યું.

પણ રામતીર્થના ચિત્રમાં તો એનું જુદુજ સમાધાન હતું. લોકોને જયારે કહ્યું સ્વામીજી દરજી તો ખોટુ બોલીને એટલી મોટી રકમ લઇ ગયો છે. આવી રજાઇની રૂપિયા ૬૦ કિંમત હોય જ નહીં.

ત્યારે શ્રધ્ધાશીલ રામતીર્થે ઉત્તર આપેલો ભગવાન શું રૂપિયાને માટે હું દરજીરૂપી નારાયણના શબ્દોમાં અશ્રધ્ધા લવું ? મારી આંખે એને બુધ્ધિને શી રીતે છેતરુ ? દ્રવ્યની ખાતર હું નારાયણને જુઠા જાણે.

આવું કહેવાથી એ વખત શાંત પડી પણ પેલા છળકપટની મૂર્તિ જેવા દરજીને સુખે નિદ્રાજ શાની આવે લેતા તો એ રૂપિયા ૬૦ લઇ ગયો પણ પશ્ચાતાપના કીડએ એના અંતઃકરણમાં ડંખવા માંડયું. એના ચિત્રમાં પાપના સ્વરૂપે ખેદનો પ્રત્યાઘાત શરૂ થયો તેને જરાયે ચેન ન પડયું પોતાના કૃત્યની અધમતા એને સમજાઇ અને બીજે દિવસે સવારે સ્વામી રામતીર્થની પાસે આવી ચરણમાં પ્રણામ કરી રૂપિયા ૩૦ સ્વામીજીની સેવામાં મુકીને બોલ્યો પ્રભુ ! મારો અપરાધ ક્ષમા કરો.

☐ 'દાકતર સાહેબ, રાતે ઉંઘ નથી આવતી શું કરૂં ?

'સુઇ જતા પહેલાં કંઇક ખાવાની ટેવ પાડવી'

દાકતરે સલાહ આપી.

'જુઓ સાહેબ, બે મહિના પહેલાં આપે જ મને કહેલું કે રાતે થોડું જમવું અને સુઇ જતા પહેલાં કઇ ન ખાવું હવે આમ કેમ ?

'ભાઈ વિજ્ઞાન કાંઇ બેસી નથી રહેતું' દાકતરે કહ્યું, બે મહિનામાં એટલી પ્રગતિ થઇ ગઇ છે !

✱ સુ વિ ચા ર ✱

—✱ સુવિચાર સદાચારી થવાની પહેલી રીત છે ✱—

૧ અઘરાં કામ પ્રથમ કરો કામને સહેલાં કરવાનો સફળ કીમીયો છે.

૨ અત્યાચારનો સામનો તલવારથી કરવાથી તો અત્યાચાર જ વધશે. પ્રેમ અને શાંતિથી સામનો કરવાથી જ તે સદાયને માટે સમાપ્ત થઇ જશે

૩ અન્યાયને હણો, અન્યાયીને કદી નહિ

૪ અફવાને ફેલાવનાર કરતાં માનનાર વધુ ભયાનક છે.

૫ જેની પાસે વિશાળ દિલ છે, તે જ સર્વશ્રેષ્ટ અમીર છે.

૬ આપીને સુખ મેળવે તે અમીર, લઇને લોભ વધારે તે ગરીબ.

૭ અસંસ્કારી કોણ? જેનામાં સંયમ, સહાનુભૂતિ અને ઉદારતા નથી તે.

૮ નસીબ પર મીટ માંડી બેસનારને કંઇ નસીબમાં મળતું નથી. નસીબજ નાસી જાય છે

૯ જો માન જોઇએ, તો બીજાનું સન્માન કરતાં પહેલાં શીખવું જોઇએ.

૧૦ વફાદારીનું સંતાન છે શાંતિ, બેવફાઇનુ બાળક છે બળતરા.

૧૧ મર્દ હું તેને સમજું છું કે જે બીજાના ભલા માટે પોતાનો જીવ ખુશીથી કુરબાન કરે.

૧૨ દોડાદોડી કરીને જે નેતા બને છે, તે નકલી હોય છે. અસલી નેતા જનતા પોતે બનાવે છે.—પંડિત નહેરુ

૧૩ કોઇના દુઃખમાં ભાગી ન બની શકો તો કાંઇ નહિ, પરંતુ બાળતો ન જ બનો

૧૪ કોઇનું ભલુ ના થાય તો કાંઇ નહિ, બુરું તો ન જ કરો.

૧૫ જે જ્ઞાન આત્મવિશ્વાસ પેદા ન કરે તે અજ્ઞાન જ છે.

૧૬ ટીકાઓનો અસરકારક જવાબ છે મૌન અને શાંતિ.

卐 પોતાની સફળતા વિશે ફુટપાથના બે મિત્રોમાં વાતચીત ચાલી : બહુ મહેનત કર્યા પછી હું છેક નીચેથી ટોચ ઉપર પહોંચ્યો છુ. પહેલાં બુટપોલિશનું કામ કરતો, હવે માથાની માલિશનું.

★ ઓર્ડર નોંધાવેલો તે મુજબ ઘેર મોટર ગાડી આવી પહોંચી.

લીટરમાં કેટલા માઇલ ફરે ? પિતાજીએ પુછ્યું.

સીટ કયા રંગની છે ? માતાજીએ પૂછ્યું.

એમાં આપનો સારો છે તે, સુપુત્રીએ પુછ્યું.

ઝડપ કેટલી થઇ શકે ? સુપુત્રે પુછ્યું.

"આટલા પૈસા કયાંથી થયા !" પડોશીએ પુછ્યું.

ફૂલ *

દિનેશકુમાર આર. પટેલ
ચીલોડા ચાર રસ્તા

ફૂલો ઘણાં ચૂંટવાની આશા રાખ’ માં,
ચૂંટી લે એક ફૂલ, ભરી લે બાથમાં.
સ્નેહથી ભરશે આ તારું જીવન,
અંતરમાં પણ હશે તારી સંગાથમાં
ફૂલોથી ભર્યું છે ભલે આખું મધુવન,
સ્વ ફૂલથી સુંદરતા ભરીલે આંખમાં,
કાગળ કેરાં ફૂલ છે બાકીનાં બધાં,
સ્વ ફૂલની ખુશબુ ભરીલે શ્વાસમાં.
ખિલી છે ભ્રામક કળીઓ ઘણી બધી,
આનંદ છે સ્વફૂલ ના સહવાસમાં,
ભલે ચાલ અગમ પંથો ઉપર તું,
ખુશબુ હશે તવ સાથે પ્રવાસમાં
લોભામણી કળીઓની કલ્પના છોડી દે,
સ્વ ફૂલ રાખ સદાય તારી સાથમાં.

“ લોક સાહિત્યમાં કવિ ” * —ક. વિ. પટેલ (ન્યુદીલ્હી)

卐

તને રસોઇયા તરીકે રાખી લઇએ, બોલ શું પગાર લઇશ ?

'સાહેબ, માત્ર રસોઇ જ કરવાની હોય તો મહિને સો રૂપિયા લઇશ, રસોઇ ઉપરાંત ચીજવસ્તુ, અનાજ, શાકભાજી વગેરે ખરીદવાનું કામ પણ મારે કરવાનું હોય તો મહિને પચાસ રૂપીયા લઇશ.

★ બે મિત્રોએ પોતાના ત્રીજા મીત્રના કાળા કોટની પીઠ પર ચોક વડે ગધેડાનું મોઢું ચીતર્યું ત્રીજા મિત્રે જ્યારે કોટ ઉતાર્યો અને તેની નજરે પડ્યું એટલે તેના બંને મિત્રોને સાથે પુછ્યું.

સાચે સાચું કહેજો, તમારા બેમાંથી કોણે આ કોટથી મોં લુછ્યું છે ?

—o "સ્વભાવ" o—

ક. વી. પટેલ
ન્યુ. દીલ્હી.

ગણી પાણી ને પાંદડાં, ત્રણનો એક સ્વભાવ;
ઊંચા કુળે અવતરે, એણે નીચા ઉપર ભાવ;
બ્રહ્મણ. બ ધાણીને બાયડી, ત્રણનો એક સ્વભાવ;
મુખેથી નાના કહે; પણ એણે લીધા ઉપર ભાવ;
પટેલ પાડોને પારધી, ત્રણનો એક સ્વભાવ,
કંઈ માર્યાં કંઈ મારશે, એણે માર્યા ઉપર,
વૈદ, વેશ્યા ને વકીલ, ત્રણનો એક સ્વભાવ;
રોકડ થી રાજી રહે, એણે ઉધારે અભાવ,
રાજા વાજાને વાંદરાં, ત્રણનો એક સ્વભાવ,
રીઝે તો રાજી કરે; ખીજે કરતાં ઘાવ
બ્રાહ્મણ, બાયડીને કુંતરૂ, ત્રણનો એક સ્વભાવ.
અદેખાઈમાં બળયા કરે, એણે ઇર્ષા ઉપર ભાવ,
પડી ટેવ તે નવ ટળે, વળી સ્વભાવ નહિ બદલાય,
વળી વિશેષ વહેમ એ ત્રણનો નહિ ઉપાય.

★ પ્રોફેસર પંડિતનાં પત્નીને મોકો મળ્યો એટલે વધામણી આપી.
'જાણો છો, આ પણી મૃદુલા ચાલવા લાગી ?'
'એમ, ક્યારથી ?'
'મહિનો થઇ ગયો.'
ત્યારે તો બહુ દુર જતી રહી હશે !'

☐ 'તમે દાઢી જાતે બનાવો છો, પરંતુ કરકસર કરવા વાળ કાપવાનું મશીન ખરીદી જાતે વાળ કાપો છો તે વાત ખરી !
'હા, જી
'તેથી ફાયદો થયો ખરો કે ?
'હા, પહેલી હજામતે જ મશીનની કિંમત જેટલા પૈસા બચી ગયા !
'એમ ! કેવી રીતે ?
'મેં પહેલીવાર જાતે વાળ કાપ્યા તે દિવસે સહકુટુંબ ફિલ્મ જોવાનો અને પછી સારી હોટલમાં જમવાનો કાર્યક્રમ હતો. પરંતુ મારી પત્નીએ એ કાર્યક્રમ રદ કરાવ્યો.'

ઘમ્મર વલોણું

ડા. કેશુભાઇ દેસાઇ

માણસનો શ્વાસ રુંધાય તો લીલછોયા છોડને મુર્છા નહિ આવતી હોય ?

માવઠું અડપલું કાકને અટકી ગયું હતું. આગલા દિવસની આર્દ્રતા હજુ ઓસરી નહોતી રહી રહીને વાયરી એવી તો ફુંકાતી હતી કે ભરશિયાળે ચોમાસું બેસી ગયેલું દેખાતું હતું અને તો એ પાંચ દિવસમાં જ 'ઉનાળો પાટે' બેસી જવાનો ત્યારે અહીં તો ઓળખી ઓળખાય જ નહિ, એવી એકો સંકર ઋતુનું સરદીલું આરંભ જામ્યું હતું.

યોગાનુયોગ એ દિવસે છવ્વીસમી જાન્યુઆરી હતી. ભારતીય-જનતંત્રની રૂગ્ણતાનો આજે પાતળો અનુસાર કરતું ઓરમાણ વાતાવરણ મનને વધારે ભારે લાગ્યા કરતું હતું. પણ મોતેસરીના કચ્છી આડું તેડાવે તો જાઉં નહિ. એ ચાલે કે ?

જીપ મહેલાવની વસુકી ગયેલી ગાય જેવી ભોમકામાં થઈને મોતેસરીના હરિયાળા ટાપુમાં પ્રવેશી ભેગીલાલ અને ભાઈલાલભાઈ ઠામુકા બોલી ઊઠ્યા, 'ઠેઠ આટલે સુધી પાઈપલાઈનનું કામ પહોંચ્યું છે, જુઓ પેલો 'પચા' આખુનો ડાકલો સંતરામપુરથી લઈ આવ્યા છે.'

એમણે આંગળી ચીંધીને ડેરો બતાવ્યો ડેરામાં ફાનસ બળતું હતું. જીપની લાઈટમાં એમણે ખોદેલી નહેર દેખાતી હતી. આજુબાજુ પાઈપોના ઢગલા ખડકેલા હતા.

'નદીથી મોતેસરી કેટલુંક હશે ? મેં પૂછ્યું. 'પાંચ-છ કિલોમીટર તો ખરું ને ?'

'ત્યાં કોણ માપવા બેઠું છે ? અહીં તો એક વખત નક્કી કરી દીધું એટલે આ પાર કે પેલે પાર ! અહીં 'પચા' વરસ પહેલાં કંઈ પણ નહોતા પાકતા. ચરોતરી પટેલોએ તો મફતને ભાવે જમીન લીધેલી પછી ખેતી કરી જોઈ પણ ફાવ્યા નહિ અને અમે આવ્યા ત્યારે અમને હસી કાઢનારા ઓછા નહોતા પણ તમે તો જાણો છો ને, કચ્છી પટેલના દીકરો કેડ બાંધીને જમીન માતાને ખોળે બેઠો નથી કે રૂઠેલી માતા મરક મરક હસવા માંડે છે કચ્છી પટેલને એટલું તો વરદાન મળેલું છે. એનો પગ પડે ત્યાં રણમાં વીરડી ફુટી નીકળે !'

જીપ મોતેસરીના ઝાંપામાં પેઠી ઝાંપા આગળ જ એક વડલો અમારું મૂગુ સ્વાગત કરતો આશીષ આપતા બાબાના મુદ્રામાં ઊભો હતો પાસે જ હાઈસ્કૂલનું

અદ્યતન મકાન અને શ્રમજીવીઓની "ઈન્દીરા નગર' વસાહત પછી પંદર-વીસ આધુનિક સુવિધા વાળાં પાકાં, બંગલા ટાઈપ મકાન દરેક "બંગલા" આગળ ખુલ્લો વાડો, જેમાં પશુઓ વિશ્રામ કરે, મહોલાતો આગળ ઝુલતા ગજરાજ જેવાં ટ્રેકટર અને રાજરથ આરબ ઘોડીઓની જેમ હણહણતી 'બુલેટો' અપ્સરા જેવી કન્યાઓ હળેલ! આંખે રૂમઝુમ કરતી હોય અને દરિયા જેવડાં દિલ ધરાવનારી વૃધ્ધાઓ એમની અહથી હમે આવકાર આપતી બેઠી હોય, ન માણી હોય તો મોતેસરીની મહેમાનગતી માણી આવજો આંખે વળગે એવો ઉઘાડો તફાવત તળ ગુજરાતનો ખેડૂત સંતોષી જીવ. ખાઈ-પી ને પડયો રહેનારો રોટલા રળીને પોરો ખાનારો એ પરાપૂર્વથી ધરતીમાતાને ખોળે નિરાંતે જીવતો આવ્યો છે એટલે એને છાંયડો શું વાગ્યો છે. હાડ હરામ થઈ ગયાં છે ત્યારે કચ્છી પટેલ એક આકરો તપસ્વી છે. એણે રણ ખેડ્યું કાળી મજુરી કરીને એણે રેતીમાં ધન તીને રીઝવી છે વહાલા વતનની સોડ છોડીને એ વિશ્વ યાત્રી બન્યો છે એ આપોઆપ સાહસિક બની ગયો છે. પરિશ્રમ અને પરમાર્થ એની એક એક રગમાં લોહી ભેળા ભળીને વહ્યા કરે છે નિરાંતે પગ વાળીને બેસવાનું કે કોઈની કૂથલી કરીને સમય બરબાદ કરવાનું એને પસંદ નથી કુદરતી સંકટોનો સામનો કરવામાં એ ટેવાઈ ગયો છે. એ ખડતલ બનીને મુશ્કેલીઓ સામે ઝૂમી શકયો છે. દુનિયાનો કોઈ ખૂણો એણે કોરો મૂકયો નથી, અને દુનિયાનો કોઈ કચ્છી "ગરીબ" નથી. ગરીબ રહેવું એને ગમતું જ નથી. એ પાતાળ ફોડીને પાણી પેદા કરે છે. જંગલો અને વાઘ કોતરો વાળી ઝૂડીને એણે હળ જોડયાં છે. નસીબની પાછળ એ નથી ફરતો, નસીબ એની પાછળ ઘસડાયા કરે છે.

એટલે તળ ગુજરાતમાં એણે પગ દીધો હશે, ત્યારે તો એ હાથે પગે હશે. પણ અત્યારે એ સમૃધ્ધિના શિખર ઉપર બિરાજયો છે એ એના પુરુષાર્થનો જ પ્રતાપ છે. ઉત્તર ગુજરાતના અન્ય પાટીદારો કરતાં એ દરેક રીતે સવાયો સાબિત થયો છે. એણે તાલુકે તાલુકે કચ્છ ખડો કરી છે વેરાન ધરતીમાં લીલી નાઘેર પ્રગટાવી છે સાબરકાંઠામાં ફરવા આવો તો દર પાંચદસ ગામોના ગુચ્છ વચ્ચે એકાદ કચ્છ તમને જરૂર મળી આવશે એનો રૂઆબ એના સીમડામાં પેસતાં વેંત કચ્છની આગવી ફોરમ મઘમઘી ઊઠશે સુકી ધરતીનો આ અળખામણો છોરુ ધ્રુવની પેઠે એક પગે ઊભો કઠણ તપ તપીને માતા વસુધરાના વાત્સલ્યનો અધિકારી બન્યો છે. રુદ્રાક્ષની માળામાં વચ્ચે વચ્ચે મોતી પરોવ્યાં હોય એવી શોભે છે એની વસાહતો આ ગરીબડાં ગામો વચ્ચે મોતેસરી એવું જ એક પાટીદાર મોતી છે. નપાણિયા વગડાનું કાળજું વીંધીને આ કાંડા બાળવા કચ્છી પાટીદારોએ મરજીવાનું સાહસ

ખેડીને એ મોતી પ્રાપ્ત કર્યું છે અખી વસાહત એક જ પરિવારની ભાવનાથી જીવે છે ગુજરાતી ગામડાના ઝેરીલા વમળ હજુ એની સીમ લગી નથી પહોંચ્યાં સમુહજીવનની એક આગવી શૈલી સાકાર કરીને એ જીવે છે અને 'ઇન્દિરાનગર' ના ત્રણસો–બાંડા ત્રણસો આદિવાસીઓને જિવાડે છે ગામ એકી અવાજે ઉભું થાય છે. અને એક જ હાકોટે કેડ બાંધે છે. સમૂહના હિતમાં સમાયેલા વૈયક્તિક હિતને એ સારી પેઠે પિછાણે છે. આવડા નાનકડા ગામમાં હાઇ સ્કૂલ, લાખોનું 'ટર્ન ઓવર' કરતી સહકારી મંડળી અને નજીકના ભવિષ્યમાં આકાર પામનારું મંદિર મોતેસરી જોયુ અને અને થયું કે આખુ હિન્દુસ્તાન જ મોતેસરી બની જાય તો કેવું ! ગરીબી નહિ, બેકારી નહિ, ભૂખમરો નહિ રાત દિવસ બસ, કામ, કામ ને કામઃ કામને જ રામ ગણનાર આ ધરતીના પુત્રોએ ખેતીને એક ધમધમતા ઉદ્યોગનુ સ્વરૂપ આપી દીધુ છે એમને કોઇની ઇર્ષ્યા કરવાની નવરાશ નથી, કે નથી એમને કોઇની પાસેથી મફતનું પડાવી–લેવાની લાલચ એમના ધાવણનો સરકાર જ કંઇ ઓર છે પોતે મહેનતના રોટલા રળીને સુખી થાય છે. બીજાને સુખી થયેલા જોવા માગે છે અને ભવિષ્યની પેઢીઓના સુખની ચિંતા કરે છે. જરૂર પડયે બે પૈસા ઘસાઇ છૂટવા તૈયાર છે. પણ કોઇને પાઇનું ય ચાંદુ પાડતા એનો જીવ નહી ચાલે પાંચ માઇલથી પાઇપ લાઇન નાખીને તરસ્યા ખેતરે માટે પાણી ખેંચી લાવશે. પણ એક ડગલું માંડયે થીંડું ભટકાય છે એનો એ ઓછાયો લેવા તૈયાર નથી.

જલસો ચાલતો હતો નવમા ધોરણનાં બાળકો નાટક ભજવી રહ્યા હતાં. 'રઘા, તને મારે ત્યાં જરૂર ફાવશે. સુંદર છાયાદાર વૃક્ષો વચ્ચે મારું ગામ છે. ગામને ગોંદરે તળાવ છે. તળાવને કાંઠે મારું સુંદર ઘર છે. ઘરમાં તને ગોઠીપણું કરવું ગમે, એવો એક બાબો છે, અને...' નાટક પુરું થયું. ટાંચાં સાધનો અને પાંખા દિગ્દર્શન વચ્ચે પણ બાળકોએ આબાદ રીતે ભજવી જાણ્યું.

નાટકનો રઘો તો બિચારો પેલું ઘર જોવા માટે ના જીવ્યો, પણ હું તો હજુ જીવું છું. મેં એવા ઘરની અને ગામડાની માત્ર કલ્પના જ કરી હતી. પણ મોતેસરી જોયા પછી એ કલ્પના મૂર્ત થતી દેખાણી ત્યારે મારાથી કહેવાઇ ગયું કે તમે કચ્છીભાઇઓએ અમારા ગુજરાતમાં આવીને ભારે ઉપકાર કર્યો છે. તમે જંગલમાં મંગલ કર્યું છે અમને ખેતી શીખવી છે. આ બાર મહિને લાખ લાખ રૂપિયાનો કપાસ તો અહીંનો પટેલ તમારા વાદે પકવતો થયો. એ રીતે તમે અમારા ગુરુ છો. તમારા સાહસને શબ્દોમાં બિરદાવી શકાય એમ નથી. તમે વિકાસની આગવી કેડી કંડારી આપી છે અને બતાવી આપ્યું છે કે ખેતી કરીને પણ માલદાર બની શકાય છે. તમે દૂધ વેચવાનું શીખ્યા નથી, એથી તમારાં બાળકોની આંખોમાં

નૂર છે

પણ એક કહેવા જેવી વાત કહેવાનું હું ભૂલી ગયો. કચ્છી પાટીદારોએ ધરતીના આંચળમાં ઝેર ભેળવી દીધું છે માણસને જેમ દવાનો ઓવરડોઝ નડે એમ ધરતીને ય નડે. અમેરિકા અને બીજા સુધરેલા દેશોમાં મબલખ પાણી હોવા છતાં 'શાવર' પદ્ધતિથી શક્ય એટલું ઓછું પાણી બગડે, એ રીતે જરૂરિયાત જેટલું જ પાણી છોડવાઓને પહોંચાડવામાં આવે છે. રાસાયણિક ખાતરોની બાબતમાં પણ એ લોકો એટલી જ કરકસર કરતા હશે. અહીં તો અતિ ઉત્સાહમાં આવી જઈને આખું આકાશ રસાયણોથી ઝેરંભી દેવાય છે, માણસનેય શ્વાસ લેતાં અડચણ પડે તો પેલા લીલછોયા છોડને મૂર્છા નહિ આવતી હોય ? આ યે એક વિચારવા જેવો પ્રશ્ન છે

બીજું એકાંકી ચાલું થયું. પાત્ર પરિચય વખતે—એક સુભગ ચમત્કાર સર્જાયો. મોતેસરીના એક છોકરાનું નામ 'સરસ્વતીચંદ્ર' તમે માનશો ? મને થયું કે ગોવર્ધનરામનો પવિત્ર આત્મામાં હશે જ્યાં બેઠાબેઠા હરખાતો હશે. આ ધરતીનાં ઢેફાં સાથે માથાં ફોડનારાઓને ય આવું છેક ગોવર્ધનરામ સાથેનું સગું નીકળે, એ ચમત્કાર જ ને !

રાત ગળતી હતી. ગામ આખું ચોકમાં રાવટી વાળીને બેઠું હતું. બાઈઓ, ડોશીઓ અને જુવાનિયાંથી ઘરડેરાં સૌ કુમારિકાઓના અભિનયનાં એ મોઢે વખાણ કરતાં હતાં. ગામમાં હાઈસ્કૂલ ઊભી કરવાનો મુખ્ય આશય પણ કુમારિકાઓના ભણતર વિશેનો જ હતો ને ? મારી પાછળ બેઠા બેઠાં તલ્લીન ડોશીમા ડોકું ધુણાવીને કહી રહ્યા હતાં. 'વાહ, બહુ વાહ !'

અને મંચ ઉપર ઝરણો ઓલે ઝોલે ઊપડ્યો હતો. રૂપરૂપના અંબાર જેવી શેડ્ય કઢાં દૂધની પીનારીઓ ગાતી હતી... .. કે મારી ઓઢણી ઊડી જાય....!"

સંકલન : **નરેન્દ્ર આર. પટેલ**
જનસત્તાના સૌજન્યથી—સાભાર

'આત્મ દર્શન *

નવીન મેઘ. પટેલ, આસનસોલ
જીવાપુરવાળા

ધર્મના જાણનારાઓ ધર્મમાં અંધ થનારા.
ધર્મનો ભેદ શું છે તે સમજી શકો ક્યાંથી.
હજારો વેડફી નાખી હજારો તીર્થ કરનારા,
પ્રભુનું કામ ક્યાં છે તે તમો સમજી શકો ક્યાંથી
પ્રભુની મૂર્તિઓ સામે પ્રસાદ આરોગનારા.
દુઃખીના પેટમાં શુ છે તે તમો સમજી શકો ક્યાંથી
પ્રભુને પામવા માટે દુ ખીયાના ઢોંગ કરનારા
દુઃખીયાંને દર્દ શું છે, એ તમો સમજી શકો ક્યાંથી
દયાનું દાન દેવું ને દુઃખી કરવું ના કોઈને
પ્રભુનું ક મ એમાં છે તે તમો સમજી શકો ક્યાંથી
પ્રભુને હાથ જોડીને હજારો દાન દેનારા.
પ્રભુને પ્યાસ સાની છે તે તમો સમજી શકો ક્યાંથી

રાયપુર મધ્યે યોજાનાર સમુહ લગ્નો

રાયપુર સમાજના સતત પ્રયત્નો અને મહેનતને આખરે સફળતા મળી છે અખીલ કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણાના આદેશમુજબ રાયપુર સમાજ સમુહ લગ્ન બાબતમાં રાયપુર અને રાયપુર આસપાસના ગામોમાં વસતા આપણા ભાઈઓને ખાસ આમંત્રણ આપીને મોટી એનું આયોજન કરીને સમુહલગ્નનું આયોજન કરવા સમજાવેલ.

સમાજની તા. ૨૯-૮-૮૧ ની સભામાં સમુહ લગ્ન વસંતપંચમી ના રોજ કરવા તે નકકી કરવામાં આવ્યું જેમને સમુહ લગ્નમાં જોડાવવું હોય તેઓ પોતાનાં નામ મોકલાવે તેવી જાહેરાત કરવામાં આવી. આમ આજ સુધીમાં કુલ ૯-૧૦ વડીલોએ પોતાનાં બાળકોને સમુહ લગ્નમાં પરણાવવા માટે તૈયારી બતાવી છે. રાયપુર પાટીદાર સમાજ સમુહલગ્નના આયોજન સંપુર્ણ સહયોગ આપવા તૈયાર છે (હજુ નામો નોંધવાના ચાલુ છે. સત્વરે નામો મોકલી આપશોજી.)

રામજી કરમશી પટેલ
મંત્રી
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, રાયપુર.

* ઓલ ઈન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી *

—: સમાજના બુદ્ધિજીવી ભાઈ–બહેનો જોગ :—

* જાહેર વિજ્ઞપ્તિ *

સમાજના બુદ્ધિજીવીઓ અને વિચારશીલ નાગરિક ભાઇ-બહેનો આરે પાટીદાર સંદેશ માસિક સમાચાર પત્રમાં "સાંપ્રત સમાજની સમસ્યાઓ" નામનો નવો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે જેમાં પ્રત્યેક માસે સમાજની વર્તમાન સમસ્યાઓ ઉપર એક વિષય જણાવવામાં આવે છે. અને તેના ઉપર વધુમાં વધુ ૨૦ લીટી જેટલું મંતવ્ય વાચકોએ મોકલી આપવાનું રહે છે.

૨. પાટીદાર સંદેશ ને મળેલાં મંતવ્યો પૈકી પ્રથમ શ્રેષ્ઠ ત્રણ મંતવ્યોને યુથ સોસાયટી તરફથી રૂા. ૧૧, રૂા. ૭ અને રૂા ૫/૭ પ્રોત્સાહક ઇનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે તથા પ્રથમ શ્રેષ્ઠ મંતવ્ય 'પાટીદાર સંદેશ' માં પ્રસીદ્ધ કરવામાં આવશે.

૩ વાચકોએ તેમનાં મંતવ્યો સ્પષ્ટ અને સારા અક્ષરે (વધુમાં વધું ૨૦ લીટી) કાગળની એક જ બાજુએ લખીને. જે તે માસની ૩૦ મી તારીખ સુધીમાં શ્રી શામજીભાઈ પટેલ, તંત્રીશ્રી "પાટીદાર સંદેશ" ૪ આદર્શનગર સાણંદ ૩૮૨૧૧૦ (ગુજરાત) એ સરનામે મોકલી આપવાનાં રહેશે.

પ્રથમ વિષય 'છુટા છેડા' વિશે 'પાટીદાર સંદેશ'ને મળેલાં અસંખ્ય મતવ્યો પૈકી પ્રથમ ત્રણ શ્રેષ્ઠ વિજેતાઓ નીચે મુજબ છે.

૧ દિનેશભાઇ આર. પટેલ (સોનારડા લાટ)
૨ કાન્તિલાલ ડી. પટેલ (લીંબાસી, જી.- ખેડા)
૩ ઇશ્વરભાઇ એચ. પટેલ (સ્ટેટ બેંક, ગાંધીધામ)
ઇશ્વરભાઈ જી. પટેલ (રાજપુરકંપા)

આગામી માસનો વિષય

"કન્યા કેળવણી"

આ વિષય ઉપર આપણા સમાજની વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં વાચકોએ તેમના મુક્ત વિચારો તા. ૨૮-૨-૮૨ સુધીમાં શ્રી શામજીભાઈ પટેલ, ૪, આદર્શનગર સાણંદ-૩૮૨૧૧૦ જી. અમદાવાદને મોકલી આપવા વિનંતી છે.

શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ

હૈદ્રાબાદ – સીકન્દ્રાબાદ

સંવત ૨૦૩૮ના માગસર વદ-૨ ને રવિવાર તા. ૧૩-૧૨-૧૯૮૨ ના સવારના ૯-૩૦ કલાકે ઉપરોકત સમાજની વાર્ષિક સામાન્ય સભા સમાજના ઉપ-પ્રમુખ શ્રી મણીભાઈ હીરજીના પ્રમુખપદે શ્રી પાટીદાર ભવન મળેલ.

આ સભામાં ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ તેમજ ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યોનો અહેવાલ મંત્રીશ્રી ધનજીભાઈ મેઘજી એ વાંચી સંભળાવેલ તેમજ વાર્ષિક આવક-જાવકના હિસાબ ખજાનચી શ્રી દાનાભાઈ ડાહયાભાઇ એ રજુ કરેલ અને ચાલુ વર્ષ માટે કાર્યોની રૂપરેખા ઘડી કાઢવામાં આવેલ. ત્યારબાદ અન્ય સામાજિક ચર્ચા જેવી કે માતૃ સમાજશ્રી અ. ભા. ક કડવા પાટીદાર સમાજના ઠરાવો નિયમોનું પાલન થતું રહે એવી સૌ હાજર રહેલ સભ્યો એ સામુહીક રીતે ખાત્રી ઉચ્ચારેલ.

ત્યાર બાદ નવી કારોબારી સમીતીની સર્વ-સંમીતી એ રચના કરવામાં આવેલ જે નીચે મુજબ રહેલ.

પ્રમુખ	:—	શ્રી નથુભાઈ મેઘજીભાઈ (કોટડ)
ઉપ પ્રમુખ	:—	„ નાંનજીભાઈ પુંજાભાઈ (દેશલપુર ગુંતરી)
મંત્રી	:—	„ ધનજીભાઇ મેઘજી પટેલ „
સહ મંત્રી	:—	„ તેજાલાલભાઇ દેવજીભાઇ પટેલ (મથલ)
ખજાનચી	:—	„ દાનાભાઇ ડાહ્યાભાઇ પટેલ „
સહ. ખજા.	:—	„ કાન્તીલાલ ખીમજીભાઈ પટેલ (રોડીયા)
સભ્ય	:—	„ છગનલાલ સોમજીભાઇ પટેલ (ખીરસરા)
„	:—	„ સીવગણભાઇ સોમજીભાઇ પટેલ (મંડલી)
„	:—	„ ભીમજીભાઇ પ્રેમજીભાઇ પટેલ (કોટડા (જ)
„	:—	„ ?વસીભાઇ રામજીભાઇ પટેલ (દેરલપુર ગુ)
„	:—	„ પુંજાલાલ રામજીભાઇ પટેલ (ગણેશપુરાકંપા)
„	:—	„ નારણભાઇ વીરજીભાઇ પટેલ (દેશલપુર (ગુ)
કા. ઓટર	:—	„ નરસિંહભાઇ ભીમજીભાઇ પટેલ (કોટડા (જી)
„	:—	„ અરજણભાઇ કાનજીભાઈ પટેલ (વિરાણી)
„	:—	„ રવજીભાઇ મુળજીભાઇ પટેલ (દેશલપુર (ગુ)
સલ હકારો	:—	„ જેઠાલાલભાઇ હીરજીભાઇ પટેલ „
„	:—	„ મણીલાલભાઇ હીરજીભાઇ પટેલ (કોટડા (જ)

ઉપરોક્ત ચુંટાયેલ કારોબારી-કમીટીના સભ્યો વતી મંત્રી શ્રી ધનજીભાઇ મેઘજીભાઇએ નવી કારોબારીમાં ચૂંટી કાઢવા બદલ સૌનો આભાર વ્યક્ત કરેલ અને સમાજની તન, મન અને ધનથી સેવા કરવા ખાત્રી આપતાં સમાજના સભ્યો સાથ અને સહકારની આશા રાખેલ.

અન્ય ચર્ચાઓને અંતે પ્રમુખશ્રીનો આભાર વ્યક્ત કરતાં તેમની અનુમતિથી સભા પુર્ણ થયેલ.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, હૈદ્રાબાદ-સીકન્દ્રાબાદ
ધનજી મેગજી પટેલ, મંત્રી

પર્યટન

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાના કલા પર્યટન વિભાગ દ્વારા ગત તા. ૧૦-૧-૮૨ ને રવિવારના રોજ સવારના ૯-૦૦ થી સાંજે ૫-૦૦ વચ્ચે દરમ્યાન કલકતા નિવાસી આપણી જ્ઞાતિના ભાઇ-બહેનોનું સંયુક્ત એવું વિરાટ પર્યટન અત્રેના પ્રખ્યાત 'બોટોનિકલ ગાર્ડન" મધ્યે યોજેલ. આ પર્યટનમાં કુલ્લે ૪૫૦ અબાલ-વૃદ્ધો તેમજ યુવાન ભાઈ-બહેનોએ સહર્ષ ભાગ લીધેલ.

નિયત સ્થાને સવારમાં ૯-૩૦ વાગ્યે લગભગ તમામ ભાઇ-બહેનો હાજર થયેલ. રત્નાકરીય સ્વાધ્યાય પારાયણ પુરુ કર્યા બાદ જુદી જુદી રમત-ગમતો શરૂ કરવામાં આવેલ, જેમાં મુખ્યત્વે ક્રિકેટ, બેડમિન્ટન, ખો-ખો, લંગડી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ.

ગંગા નદીના કિનારે, પ્રકૃતિની ગોદમાં લેવામાં આવેલ મધ્યાહન ભોજનનું દ્રશ્ય આકર્ષનીય તેમજ દર્શનીય રહેલ. સાંજે ૪-૩૦ વાગ્યે થાકયા-પાકયા બાળકો તેમજ સૌ મોટેરાઓએ આપવામાં આવેલ નાસ્તાને ન્યાય આપી અતિહર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે સૌ જુદા પડેલ.

બંધુત્વ તેમજ ભ્રાતૃપ્રેમ કેળવવાના ઉચ્ચ ઉદ્દેશથી યોજાયેલ આ પર્યટનને અનેરી સફળતા પ્રાપ્ત થયેલ.


પર્યટનને સફળ બનાવવાનો અગાધ પરિશ્રમ ઉઠાવેલ કલા-પર્યટન વિભાગના ભાઇશ્રી કેશુલાલ કાનજીભાઈ પટેલ, ભાઇ શ્રી ધનજીભાઈ મનજીભાઈ પટેલ, ભાઇ શ્રી નાનાલાલ વાલજીભાઇ પટેલ, ભાઇ શ્રી જયંતિલાલ નારણભાઈ પટેલ

સલાહકારો :—

ભાઇશ્રી મણીલાલ અરજણભાઇ પટેલ (પ્રમુખ), ભાઇશ્રી ગૌતમભાઇ સોમજીભાઇ પટેલ (સહમંત્રી)

લિ.

રતનશી લધારામ પટેલ [માનદમંત્રીશ્રી]
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા



સમય અને
મહેનત
બચાવો ✱

પોકાર

નું
ઇલેકટ્રીક પાવરથી
ચાલતું

છાસ

બનાવવા
માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

—: વિક્રેતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઈન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેકટ્રીકલ્સ મોડાસા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦



—* વયસ્થ સંચલન *—

★ પ. પૂ. પાંડુરંગ આઠવલે શાસ્ત્રી (તત્વજ્ઞાન) વિદ્યાપીઠ–થાણા) ની પ્રેરણાથી વિશ્વભરના અનેક દેશોનાં માનવોમાં થી લુપ્ત થતી જતી ઈશ ભાવના તેમજ માનવ–માનવ વચ્ચેના નષ્ટપ્રાય : થતા જતા ભાવજીવનને પુનઃપ્રસ્થાપિત કરવા માટે આબાલ વૃધ્ધ ભાઈ–બહેનો સ્વાધ્યાય પરિવારની રીતે કાર્ય-કરે છે. તાજેતરમાં જ ગત તા ૨૪–૧–૮૨ ના રોજ મુંબઈ મુકામે પાંચેક લાખ જેટલાં ભાઈ–બહેનોએ વયસ્થ સંચલનમાં ભાગ લઈને અનોખી ભાવ સુષ્ટિનાં દર્શન કરાવ્યાં હતાં.

★ અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજના માજી પ્રમુખશ્રી સવદાસભાઈ કાનજીભાઈ પટેલ (કચ્છ) વિરાણીવાળા તાજેતરમાં જ ગુજરાતની ઉડતી મુલાકાતે આવ્યા હતા તેઓશ્રી કેટલાક સામાજીક કાર્યકરો તેમજ સ્નેહીજનોને મળ્યા હતા. અને સામાજીક પ્રવૃત્તિઓથી વાકેફ બની સમાજની થઈ રહેલી પ્રગતિથી આનંદ વ્યકત કર્યો હતો.

તેઓશ્રી પ્રમુખ હતા ત્યારે ભારતભરમાં ચાલતી આપણી સામાજીક સંસ્થાઓ અને સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં રસ લેતા હતા.

તાજેતરમાં જ તેઓશ્રી તેમનાં પરિવાર જનો સાથે ગીરનાર પર્વત પર દત્તાત્રેયનાં દર્શન ૮૪ વર્ષની જૈફ ઉંમરે કરી આવ્યા છે. તેમની ધાર્મિક લાગણી અને તંદુરસ્તી યુવાશકિત માટે પ્રેરણારૂપ છે. તેઓશ્રીને પ્રભુ સારું સ્વાસ્થ્ય તેમજ દીર્ઘાયુષ્ય અર્પે એજ પ્રાર્થના.

—દુઃખદ અવસાન—

કચ્છ નાગલપુર નિવાસી હાલ છેલ્લાં ચાલીસેક વર્ષથી તલોદ મુકામે પટેલ સૉ મીલની ભાગીદારી તેમજ ટ્રાન્સપોર્ટ નો વ્યવસાય કરતા પરિવારના ભાઈશ્રી સવદાસભાઈ લધાભાઈ નું ૪૪ વર્ષની ભરયુવાન વયે હૃદયરોગના હુમલાથી ગઈ તા. ૧૭–૧૨–૮૧ ના રોજ અકાળે દુઃખદ અવસાન થયું છે. તેઓશ્રી તેમની પાછળ વિધવા પત્ની, બાળકો, વૃદ્ધ માતા–પિતા અને ભાઈ–બહેનોને વિશાળ પરિવારને વિલાપ કરતાં મૂકી ગયા છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ અને પરિવાર જનોને કારમો ઘા સહન કરવાની શકિત અર્પે એજ અભ્યર્થના

લગ્નોત્સવ

★ હાલ અમદાવાદ, (કચ્છ) દયાપુર નિવાસી પટેલ કરશનભાઇ માવજીભાઇની સુપુત્રી ચિ. માયાનાં શુભ લગ્ન હાલ મુંબઇ; (કચ્છ) ઉખરડા નિવાસી દેવસીભાઇ મનજીભાઇ પટેલના સુપુત્ર ચિ. વિઠ્ઠલદાસ સાથે ગત તા. ૪-૨-૮૨ ના રોજ સગાં સંબંધીઓ તેમજ મિત્રવર્તુળની હાજરીમાં અમદાવાદ મુકામે ધામધુમ પૂર્વક ઉજવવામાં આવ્યાં હતાં નવદંપતિને જીવનમાં સફળતા સાંપડે એજ મહેચ્છા અભિનંદન.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

★ નવાનગરકંપા, તા. હિંમતનગર નિવાસી પટેલ ડાહ્યાભાઇ કરશનભાઇ ને ત્યાં ઉપરોકત પારાયણનું સં. ૨૦૩૮ ના ફાગણ સુદ-૧ ને બુધવાર તા. ૨૪-૨-૮૨ થી ૨-૩-૮૨ સુધી આયોજન કરવામાં આવેલ છે. વ્યાસપીઠ પરથી સ્વામીશ્રી ૧૦૮ કૃષ્ણાનંદજી મહારાજ (વેદાન્ત આશ્રમ વલાદવાળા) કથા રસપાન કરાવશે. તેઃ સ્વામીજીની જ્ઞાનામૃતવાણીનો લાભ લેવા ભાગવત પ્રેમી રસિકજનોએ લાભ લેવા વિનંતી.

દુઃખદ અવસાન


કેટલાંક વર્ષ ગુજરાતમાં બોરડીટીંબા ખાતે રહીને હાલ નારાયણપુર મ. પ્ર. માં વસવાટ કરતા કચ્છ નખત્રાણાના વતની પટેલ માવજીભાઇ હરજીભાઇ ભગતનું તલોદ મુકામે હૃદય રોગના હુમલાથી ૬૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. તેમની સ્મશાનયાત્રામાં તલોદના આપણા સમાજના ભાઇઓએ સારી એવી સંખ્યામાં હાજરી આપી હતી.

"GARUD" Phone : P. P. 351024

ગરુડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન


૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, **કલકતા**—૭૦૦૦૦૬




આથી અમો સા મીલ તમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના ડ્રાસ ટ્રોલીના પાર્ટસ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.


સૉ મીલ માલીકો માટે
ભારતનું સર્વપ્રથમ
ઑટોમેટીક
UMAYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહે છે. અને બેન્ડસૉ બ્લેડ ચાલે છે
આપના કિંમતી સમયનો બચાવ
પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે એ માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે **ઘણું અનુકુળ** છે. જે સંપૂર્ણ **વિદેશી** ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ.
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

વધુ પુછપરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિશ્રામ બાગની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ હરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ. અમદાવાદ.
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* એન્જીનીયરીંગ વિભાગ


જંતુઓનો વિનાશ પાકનો વિકાસ ..

કીલેક્સ કાર્બોરીલ

(બહોળી કાર્યશીલતા+વધુ સલામતી)

* પાકને નુકસાન કર્યા વિના લાંબા સમય સુધી અસરકારક * ૧૦૦ કરતાં પણ વધુ જાતની જીવાતથી પાકનું રક્ષણ કરે છતાં મનુષ્યો અને પ્રાણીઓ માટે પ્રમાણમાં સલામત.





કપાસ, ડાંગર, શેરડી, શાકભાજી, ફળફળાદી વિગેરે પાકમાં આવતી જીંડવાંની ઈયળો, મશી (મોલો), ફળમાખી, તડતડિયાં, કુદકિયાં વિગેરે જીવાતના અસરકારક અંકુશ માટે

Poushak પૌષક લિમિટેડ
એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩.

સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ. એસ ટી ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે કું. સ્ટેશનરોડ, હિમતનગર.
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર.

JAGRUTI FEBRUARY–'82 Reg. No. GHMR

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

Book – Post

To.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

સેવા, સંગઠન અને સદાચારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

॥ શ્રી ઉમિયાય નમઃ ॥





વર્ષ : ૨૪
અંક–૩
માર્ચ–૧૯૮૨

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ
બી. એ.

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨]), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧]) પરદેશમાં રૂા. ૩૫૧]) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લખક ભાઈ અગર બહેન પોતાનો ખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાક



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

●

જન્મ :	**સ્વર્ગવાસ :**
સંવત ૧૯૩૬ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચોદશ

અનુક્રમણિકા



તંત્રીસ્થાનેથી

અશાસ્ત્રીય ભકિતનાં પરિણામો

આજે પ્રભુ ભકિતમાં ભાવપ્રેમ અને ચિત્તની એકાગ્રતા વગેરે વાતો તો જાણે વિસરાઇ જ ગઇ છે, તેને બદલે પરંપરા અને ખોટી સમજણુથી આવી ગયેલાં દોષ જોવા મળે છે શાસ્ત્રીય ભકિતની જગાએ તેનું જીર્ણ થયેલું બહારનું કલેવર જ રહ્યું છે. જડવત્ ક્રિયા ચાલુ છે, પણ અંદરની વ્યાકુળતા કયાંય જોવા મળતી નથી.

રોજ માળા ફેરવવી મંદિરે જવું, ગતાનુગતિક પરંપરા ટકાવવા માટે જ સંધ્યા-પૂજા કરવી, ઘીનો દીવો કરવો, ફૂલ ચઢાવવા, પ્રસાદ ધરવો, તિલક, ભસ્મ લગાડવી, આરતી ઉતારવી, પાઠ કરવો, સત્યનારાયણની પૂજા કે શંકરને પાણીનો અભિષેક કરવો, તીર્થયાત્રા કરવી, બ્રહ્મભોજન અને શ્રાદ્ધ કરાવવા, દક્ષિણા આપવી, છપ્પન ભોગ અથવા નૈવેદ્ય ધરવાં, વ્રતો, પારણાં, ભજન, એકટાણું કે ઉપવાસ કરવા, ઈત્યાદિ વાતોથી જ ભકિત કરીને કૃતકૃત્યતા માનવી એવી માન્યતા આજે પ્રચલિત થઈ છે

આજે ભકિત એટલે ઉપરની બધી ક્રિયાઓ કરી, પુત્ર, પત્ની, કીર્તિ, વૈભવ, સત્તા માંગવાની હોય છે. આ ભૌતિક આવશ્યકતાઓ પૂરી થતી નથી. તેથી જ માણુસ પ્રભુભકિત તરફ જ વળેલો ગણાય. આ તો નારિયળને બદલે છોતરાનું પૂજન થયું. આનાથી આગળ, અથવા અધિક યોગ્ય બીજું કંઈ છે. એ ન માનતા આની અંદર જ ભકિત સમાઇ જાય છે, એવું માનનારા કહેવાતા ભકતોનો જીવન વિકાસ શકય જ નથી. વ્યાકુળતા વગરની ભકતથી ચિત્તશુદ્ધિ અને જીવન વિકાસ થાય નહિ. આટલી પ્રખર ભકિત કરીને પણ જેનો જીવન વિકાસ ન થયો એવો રાવણ એક સુંદર સ્ત્રીન ળ જોઇને જ પાગલ થયો. 'सीतारलकमलकमग्नहृदयः स्वस्थो न ल वरः । અને રાવણુનો વિનાશ થયો.

આજની માગણી કરવાવાળી ભક્તિ જીવનમાં લાચારી અને નિરાશા લાવે છે. આવી ભક્તિનું આજે પૂર આવ્યું છે. પૂરનું પાણી પીવા માટે ઉપયોગી નથી, તેવી જ રીતે આ ભક્તિનું પૂર પણ જીવન વિકાસ માટે મદદરુપ બનતું નથી. આજની પ્રચાલિત ભક્તિ કેવળ ભ્રાંત ઈશ્વરવાદ સિવાય બીજું કશું જ નથી. માટે જ આવી ભક્તિ કરવાવાળાનાં જીવનમાં સ્વાદ, સુવાસ, ઉત્સાહ, આનંદ, પ્રકાશ, નિર્ભયતા, તેજસ્વિતા વગેરે જોવા મળતા નથી.

ભક્તિ એ કેવળ કૃતિ નથી પણ જીવનની વૃત્તિ છે. પ્રભુ પાસે ચિત્તૈકાગ્ર કરી બેસવું આ આંતરભક્તિ છે. અને પ્રભુના વિચારો ઘેર ઘેર પહોંચાડવા એ બહિર્ભક્તિ છે.

દર્શનીય પાથેયમાંથી

—આભાર

મન

સંપાદન : પટેલ કિરીટકુમાર વી મોતેસરી
એસ. એસ. સી.

★ મન એક સાફ અને માંજેલું દર્પણ છે. આપણો એ સતત પ્રયાસ હોવો જોઈએ કે એને શુદ્ધ રાખીએ અને એના ઉપર કયારે ય ધૂળ ન જામવા દઈએ

★ તમારી પાસે પૂરતી માહિતી ન હોય ત્યાં સુધી મનને શાંત રાખવું અને ઉતાવળે નિર્ણય ન લેવો.

★ મન જેમ વધારે અજ્ઞાનમય, તેમ તે વધારે સહેલાઇથી વસ્તુઓ વિશે નિર્ણય કરી લે છે વસ્તુને તે જાણતું નથી. અથવા સમજવા માટે અસમર્થ હોય છે.

★ આત્માની વસ્તુઓનો નિર્ણય તમે મન દ્વારા કદીયે નહિ કરી શકો. આ દિશામાં આગળ વધવું હોય તો કોઇ પણ પ્રકારનો માનસિક નિર્ણય ન લેશો. અભિપ્રાય ન બાંધશો; અને મનોમન રીતે પ્રત્યાઘાત ન સેવશો.

★ મનને આનંદિત રાખો. શાંતિમય રાખો કોઇપણ વસ્તુ તમારી સમતાને ખંડિત ન કરે તે જોશો.

卐 દ. "અમૃતબિંદુમાંથી"

卐

જાણવા જેવું —

દિનેશકુમાર ડી. પટેલ
રમોઆક'પા

- ભારતમાં સૌ પ્રથમ કાગળનું કારખાનું કલકત્તા પાસે બાલીમા ઇસ્વીસન ૧૮૬૭ માં સ્થપાયું.
- ભારતમાં સૌ પ્રથમ સીમેન્ટનું કારખાનું મદ્રાસમાં સને ૧૯૦૪માં સ્થપાયું.
- ભારતમાં સૌ પ્રથમ લોખંડ પોલાદનું અને કારખાનું પ. બંગાળમાં કુલટી ખાતે ૧૮૮૯માં સ્થપાયું.
- ભારતમાં સૌ પ્રથમ તેલની રીફાઇનરી આસામના દિગ્બાઇ ખાતે ૧૮૮૯માં સ્થપાઇ.
- ભારતની સૌ પ્રથમ મેડીકલ કાૅલેજ સને ૧૯૦૪માં મુંબઇમાં " ગ્રાન્ટ મેડીકલ કોલેજ" સ્થપાઇ તે ૧૦ વિદ્યાર્થીઓથી શરૂ થઇ હતી.
- ભારતમાં સૌ પ્રથમ બાળકો માટેની અંધશાળા અમૃતસરમાં સને ૧૮૮૭માં થઈ
- ભારતમાં સૌથી મોટી ડેરી મુંબઇની " આરે મિલ્ક કોલોની" છે.
- ભારતમાં સૌ પ્રથમ એસ. એસ. સી. ની પરીક્ષા ઇ. સ. ૧૮૫૯/૬૦માં શરૂ થઇ હતી.
- ભારતમાં સૌ પ્રથમ રેડીયો સ્ટેશન સને ૧૯૨૭માં મુંબઇમાં સ્થપાયું.

—* જીંદગી *—

પટેલ તુલશીદાસ રતનશી
પટેલ તુલશીદાસ રવજી ઘાટકોપર

જીંદગી એક નાટક છે
સુખ અને દુઃખ તેના સાથી છે.
સત્ય અસત્ય તેના પાત્રો છે.
અભિમાન તેના ગીતકાર છે.
હોંશિયારી તેના સંગીતકાર છે
ડહાપણ તેના પ્રોડયુસર છે.
ગંભીરતા તેના ડાયરેક્ટર છે.
પ્રેમ એની શરૂઆત છે.
મુશ્કેલી તેના મધ્યાંતર છે.
મૃત્યું તેનો અંત છે.

આંખમાં શું છે ?

માની આંખમાં—મમતા
પિતાની આંખમાં —કર્તવ્ય
બહેનની આંખમાં—પ્રેમ
બાળકની આંખમાં—નિર્દોષતા
મિત્રની આંખમાં—સહાયતા
ગુરુની આંખમાં--જ્ઞાન
વિદ્યાર્થીની આંખમાં—ત્યાગ
મુસાફરની આંખમાં—સાહસ
વીરની આંખમાં—નિડરતા
કવિની આંખમાં--ખુમારી
ગરીબની આંખમાં--લજ્જા

(૧) ભીખારી ભીખ માંગવા આવતો નથી પણ ઉપદેશ આપવા આવે છે. ગયા જન્મમાં મે કોઇને દાન આપ્યુ' નહિં. એટલે મારી આ દશા થઇ છે, તમે પણ દાન નહિં આપો તો મારા જેવી દશા થશે

(૨) "લેડીઝ ફર્સ્ટ" નો શિષ્ટાચાર યમરાજ સમજતા હોય તો ઘણા પુરુષોને ફાયદો થઈ જાય.

(૩) તકના આગળના ભાગમાં વાળ છે, અને પાછળના ભાગમાં તેને ટાલ છે. તેને આગલા ગુચ્છાથી તમે એને પકડો તોજ તેને પકડી શકાય.

(૪) વિલાસનો વિકાસ એટલે જીવનનો વિનાશ

★

કોને શું પ્રિય

✻ નટવરલાલ કે. પટેલ F.Y.B.Com.
રૂપાલકંપા

—હનુમાનજી	—	તેલ, સિંદુર, અને આકડાના ફુલની માળા
—ગણપતિ	—	લાડુ
—શંકર ભગવાન	—	ઠંડુપાણી, બિલિપત્ર, ધંતુરો, ભાંગ, ભસ્મ
—વિષ્ણુભગવાન	—	તુલસીપત્ર, કેસરીચંદન, પંચામૃત
—અંબામાતાજી	—	નાળિયેર, નારાછડી, ઘીનો દીવો, ચુંદડી.
—શિતળા માતાજી	—	કુલર અને નેણુ

આપણા સમાજમાં યુવાનોનું કર્તવ્ય

કુ. સાવિત્રી વેલજીભાઇ પટેલ
શંકર વિજય સો મીલ, નાશિક

કોઇ સમાજશાસ્ત્રીએ ઠીક જ કહ્યું છે કે સમાજની પ્રગતિનો આધાર લોકોની સંખ્યા પર નથી પરંતુ તે સમાજના યુવાનો પર છે. યુવાનોનો ઉત્સાહ ચૈતન્ય અને કર્તવ્ય પરાયણતા પર તે સમાજની ઉન્નતિનો આધાર છે યુવકોજ સમાજની કરોડરજજુ છે. સમાજના નવ નિર્માણમાં યુવકોનું કર્તવ્ય વધુ છે. નિર્મળ આનંદથી ભરેલા પ્યાલામાં આપણા ભગીરથ પ્રયત્નો છતાં વિષનાં બિંદુઓ ભેળવાઇ ગયાં છે. અનેક પ્રકારના વૈમનસ્યે આપણા હૈયાને અશાંત કર્યા છે. આ વૈમનસ્યો દૂર કરી પરસ્પર પ્રેમની સ્થાપના કરવી એ મુવકોનુ પ્રથમ કર્તવ્ય છે. જીવનના અન્ય ક્ષેત્રમાં આપણે પ્રગતિ સાવધાની જરૂર છે. અર્વાચીન જગતમાં સમાજને દોરી જવું તે માટે પ્રયત્નો કરવા અને પ્રયોગો આદરવા એ યુવકોની ખાસ ફરજ છે એ માટે યુવકો એ 'આરામ હરામ હૈ' નું સૂત્ર અપનાવી લે તો પૂ. બપુની રામરાજ્યની કલ્પના કેવળકલ્પના જ ન રહે પરંતુ અંગ્રેજીમાં કહ્યું છે. કે The darkest claud has the silver lining એવો સમય જરૂર આવશે જયારે આપણો સમાજ ખૂબજ પ્રગતિ કરીને આગળ આવશે.

આપણા યુવકો પાસે કામ કરવાનાં અનેક ક્ષેત્રો તૈયાર પડયાં છે. દરેક યુવકે પોતાની વૃત્તિને અનુકુળ સંજોગાનુસાર કાર્ય ઉપાડી લેવું જોઇએ આપણી સમાજમાં મોટી સંખ્યામાં લોકોને લખતાં વાંચતાં પણ નથી આવડતું લોકશાહીની સફળતા અને સમાજની ઉન્નતિ માટે શિક્ષણ જરૂરી છે. યુવકો રાત્રિવર્ગો કે અવકાશવર્ગો ચલાવીઆ સેવા બજાવી શકે આપણી નજર પણ ન પહોંચે એવું કેળવણીનું વિસ્તૃત ક્ષેત્રે આપણી સમક્ષ અણખેડાયેલું પડયું છે કેળવણીમાં રસ લેનાર યુવકો આ ક્ષેત્ર વિકસવા શકે અને સજીવની સમી કેળવણીનો મંત્ર દરેક ઘેર પહોંચાડી શકે.

સમાજસુધારો તો યુવાનોનો જ ઇજારો હોવો જોઇએ. સમાજના નવનિર્માણમાં અબાલ વૃધ્ધ સૌનો ફાળો અપેક્ષિત છે પરંતુ દેશના યુવકો પ્રત્યે વિશેષ અપેક્ષા રાખી શકાય. અને આપણા સમાજનાં યુવકો બને તેટલા પ્રયત્ન કરી આપણા સમાજને આગળ વધારશે એવી મને શ્રધ્ધા છે.

અમૃત બિન્દુ

ચંદુલાલ એમ. પટેલ
કાશીપુરા કંપ.
હિંમતનગર

બાળકોને ખોટા લાડ લડાવવા તે જેમ ખોટું છે તેમ વડીલોને એવા લાડને પોષવું તે પણ ખોટું છે. વડીલો પ્રત્યે ભક્તિ રાખવી એમની સેવા એ સંસ્કાર છે. પરંતુ એમની જુનવાણી માન્યતાઓ અને ખોટા હઠાગ્રહો પોષવા એ ઉપલક રીતે જોવા જતાં ભક્તિ લાગતી હોય પરંતુ તે અંધભક્ત છે સાચી ભક્તને વ્રશ થાય તે સમાજનું નવઘડતર કરી શકે નહી.

મા-બાપને જેમ સંતાનની પ્રગતિ જોવાનો ઓરતો હોય છે. તેમ સંતાનોને પણ આવાજ ઓરતા પોતાની સિદ્ધ વડીલો સમક્ષ નમ્ર ભાવે રજુ કરવાના હોય છે.

કોઇ કંઇક મેળવે એ જોઇ કોઇ રાજી થનાર ન હોય, કોઇ અભિમાન લેનાર ન હોય આંખ ધરનાર કે આશિર્વાદ આપનાર ન હોય તો એવી સિધ્ધી સિધ્ધિ જેવી લાગતી નથી. એક આવી મળેલા ધનના ઢગલા જેવી લાગે છે. ઇજજત, આનંદ કે ધન મેળવવાનો ખરો આનંદ કોઇ સહભાગી હોય ત્યારે જ આવે છે.

- સમાજ મારફતે પ્રશંશાના પુષ્પો પામવા માટેની પ્રદર્શનવૃત્તિ અને તદરૂપ પ્રવૃતિ એ આજના યુગનો ચેપી રોગ છે

  જેને કામજ કરવું છે તેને પ્રસંસાની પંચાતમાં પડવાની લેશમાત્ર પણ જરૂર નથી.

✳ સાચું જ્ઞાન

સંકલનઃ પટેલ ચંદુલાલ વી,
મોતેસરાં

- સાચું જ્ઞાન મનુષ્યને સંસ્કારી, સદાચારી સેવભાવી અને સંયમી બનાવે તે.
- સાચું જ્ઞાન મનુષ્યને જીવનનાં ઉચ્ચ મૂલ્યો શીખવે તે.
- સાચું જ્ઞાન અમરતા તરફ મનુષ્યની દ્રષ્ટિ લઇ જાય.
- સાચું જ્ઞાન મનુષ્યમાંથી અશ્રધ્ધા, અસંયમ, અનીતિ અન્યાયની અંધકાર દૂર કરે તે.
- સાચુ જ્ઞાન મનુષ્યને સત્યનો હિમાયતી બનાવે.
- સાચું જ્ઞાન વિલાસી-વિષયોન્મુખી વૃતિઓને વૈરાગ્ય તરફ વાળે.
- સાચુ જ્ઞાન પાપ કરતા રોકે.
- સાચુ જ્ઞાન મનુષ્યને નમ્ર સરળધ.ર ગંભીર, વિચારક અને સંતોષી બનાવે.
- સાચુ જ્ઞાન સુખ--દુઃખમાં સમભાવ રાખવાનું શીખવે તે.

- સાચુ઼ં જ્ઞાન પૈસા અને સ્ત્રીનો મોહ છોડાવે.
- સાચુ઼ં જ્ઞાન સાદુ ખાવાનું, થોડું બોલવાનું થોડું ઉંઘવાનું અને થોડી જીવનની જરૂરીયાતો રાખવાનું શીખવે તે.
- સાચુ઼ં જ્ઞાન આત્માની ઓળખાણ કરાવે.
- સાચુ઼ં જ્ઞાન સાચા દેવ ગુરુને ઓળખાવી તેની ભક્તિ કરવાની પ્રેરણા કરે.
- સાચુ જ્ઞાન મનુષ્યના કર્તવ્ય-અકર્તવ્યનુ ભાન કરાવે.

*

* સાબરકાંઠા નવ યુવા સાહિત્ય પરિવાર *

સ્વરચિત રમેશ. જે. પટેલ (ડુઘરવાડા)

સાહિત્ય પરિવાર યોજે રૂડો ને રંગીલો આજ અવસર રે
બની રહેશે સદા સુંદરને ભવ્ય એવો આ અવસર રે
રમેશ ઉઠાવી જહેમત ને ઝાલ્યો હાથ વસંત શ્યામનો રે
કાંન્તિભાઇને નોતર્યા મહેમાને અર્પી સૃષ્ટિ આ પરિવારને રે
ઠાલવશે વાણી દાઉદભાઈ ને જોષી સાહિત્યના સરગમને રે
નથી તૂટવાનો આ પરિવાર રહેશે. સદા સર્વદા અખંડિત રે
વમળ ફેલાશે ચો તરફે ને પ્રગટશે આ ભવ્ય સંમેલન રે
યુવાનોની યુવાવાણી પ્રહર્ષ પ્રગટશે આ ભવ્ય સંમેલન રે
વાણી થઇ સમન્વિત ને કરશે પોકાર કાવ્ય કલરવે રે
સાહિત્યને અપાશે વેગ ને નૂતન પેઢીનો કરાશે ઉછેર રે
હિત સચવાશે દરેકનું ને ન થાય તરવરાટ કોઈના તનમાં રે
ત્યહીં ગોઠવાશે સમય સમયે ને રુચિ ઠલવાશે અવશ્ય રે
પરમપ્રેમ ઉભરાશે સદા સર્વદા કાવ્ય રૂપી ઝળકે રે
રિબાશે નહિ અન્ય સાહિત્ય પ્રેમી અપાસે પુરતું ધ્યાન રે
વાહવાહના પોકાર રહે ને થાય વિવેચન તાલીના ગડગડાટ રે
રહેશે શિષ્ટાચાર ને થશે જયજયકાર સદા સાહિત્ય પરિવારે રે

આજનો વિદ્યાર્થી

રતીલાલ ડી. પટેલ (New S.S.C,)

કાશીપુરાકંપા

એસ. એસ સી ની. પરિક્ષા પાસ કરી. હવે શું કરવુ ? તે ક્યાં ક્યાં મા ં કોઈએ કહ્યું કે, સાયન્સની ડીગ્રી મેળવ કે.ઇ કહે કે કોમસ ની ડીગ્રી મેળવ તો વળી કોઇ કહે કે ભણવું તો આટ'સ માંજ હકીકત યુવાન વિદ્યાર્થી મિત્રે જ નકકી કરવું જોઈએ કે. પોતાને શું કરવું જોઇએ કે, ઘણા ખરા વિદ્યાર્થ'ઓ ધ્યેય વિહીન રીતે જ ભણતા હોય છે. બસ ભણવું છે તેથી ભણે છે અથવા ઘરના વડીલો આજ્ઞા છે કે ભણ તેથાં ભણે છે.

કેટલાક વિદ્યાર્થી'ઓ એવા હોય છે કે, મારા બધા મિત્રો કોમર્સ'માં જાય છે. તેથી મને પણ કોમસ' લાઇનમાં જવું છે. આવા વાદ-વિવાદ કરતા હોય છે.

એસ. એસ. સી. પછી શું. What Next New S. S. C.) તેની માહિતી વિદ્યાથ' મિત્રોને હોતી નથી આ માહિતી તેને તેની સ્કૂલ તથ શાળામાંથી મળવી જોઈએ પણ આવી જવાબદારીઓથી શાળાઓ મુકત છે. અથવા ઉપાડી નથી કેટલીક શાળાઓમાં આવી માહિતી છે ખરી પણ, મોટે ભાગે આવી માહિતીઓથી વિદ્યાર્થી માહિતગાર હોતા નથી. આ માહિતી ઘરના વડીલો તથા જાણકાર વગે પોતાના મિત્રોને આપવી જોઇએ.

આપણે જોઇએ છીએ કે ગ્રે યુએટ થયેલ યુવાન વિદ્યાર્થી કાંઇજ કરી શકતો નથી. સિવાય કે તે એકાઉન્ટ કલાર્ક તથા મજૂરી મેળવવા ફરે છે જ્યારે તેની સામે ચાર ચોપડી ભણેલો યુવાન જે કોઇપણ પ્રકારની લાઇન જાણે છે અથવા પુરતુ મેળવી શકે તેવ સ્થિતીમાં હોય છે આમ પોતાને શું કરવું અથવા બનવું તે જો નકકી હોય તો તેને જીંદગીમાં કયારેય મુશ્કેલીઓ પડે નહીં.

ઘણીવાર નસીબ પર છોડી દેવામાં આવે છે પણ નસીબ પુરુષાર્થની સાથેજ કામ લાગે છે તે વાત ભૂલવા જેવી નથી.

જો આપણે બિલકુલ તૈયાર ન કર્યું હોય અને એમ કહીએ કે નસીબ હશે તો પાસ થઇશું પણ બિલકુલ તૈયારી વગર કયાંથી પાસ થવાય.

મને તો એટલુજ કહેવું છે કે, જયારે આપણે કાય કરતાં પહેલાં ધ્યેય અને લક્ષાંક નકકી કર્યું હોય તો જરૂર આપણે અશાંત નહીં મેળવી શકીએ અથવા ખોટ તો સો ટકા ન જ આવે ધ્યેય અને લક્ષાંક વગર જીવનારની

* જાહેર નિવેદન *

આપણા સમાજમાં ભારતભરમાં શિક્ષણ ક્ષેત્રે સંકળયેલ ભાઈઓ તથ બહેનોની એક યાદી બનાવવાનું નક્કી કર્યું છે. તો માત્ર શિક્ષણના ક્ષેત્રમાં હાલ સેવા આપતાં ભાઈ-બહેનોએ નીચે માગેલી માહિતી અમને મોકલી આપી આભારી કરશો.

(૧) નામ (૨) હાલનું સરનામું (સંસ્થાનું) (૩) વતનનું સરનામું (૪) શૈક્ષણિક-તથા વ્યવસાયિક લાયકાત (પાસ કર્યા વર્ષ સાથે) (૫) હોદ્દો (૬) જન્મ તારીખ

ઉપરોક્ત માહિતી આ સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતિ શ્રી પ્રેમજીભાઈ કે. પટેલ રણજીતપુરા હાઈસ્કૂલ, રણજીતપુરા, પોસ્ટ ખડોલ તા. બાલાસિનોર જિ. ખેડ—૩૮૮૨૬૭

પટેલ નવચેતન યુવક મંડળ

આસનસોલ મુકામે પટેલ નવયુવકની રચના તા. ૨૪-૧-૮૨ના રોજ કરવામાં આવી હતી.

પટેલ નવચેતન યુવક મંડળનો પ્રથમ કાર્યક્રમ રૂપે સમાજના ભાઈ-બહેનોનું મનોરંજન કરવા માટે ગુજરાતી ફિલ્મ જય રણછોડ' નું મનોરંજન કરી ૨૪ જાન્યુઆરી ૧૯૮૨ ને સવારના ૮-૩૦ થી ૧૧-૩૦ માં સફળતાપૂર્વક બતાવવામાં આવેલ હતું.

કાર્યક્રમ ને સફળ બનાવવામાં સમાજના વડીલ ભાઈઓએ ખુબ ખુબ સાથ આપ્યો એ બદલ અમારુ મંડળ ખૂબ ખૂબ આભાર માનીને આનંદ અનુભવે છે.

કારોબારી મંડળની નીચે દર્શાવ્યા મુજબ રચના કરવામાં આવી

ન.	નામ	ગામ	હાલે સ્થળ
૧	મોહનલાલ એ. પટેલ	કોટડા (જડોદર)	કે. ડી. પટેલ કું. (આશનસોલ)
૨	લાભશંકર એચ. પટેલ	ભડલી	કચ્છ પટેલ સો. મીલ ,,
૩	નવીન એચ. પટેલ	જીયાપુર	ચોપડા કું. મીલ ,,
૪	ઈશ્વરલાલ એન. પટેલ	ભડલી	મહાલક્ષ્મી સો મીલ (બરાકાટ)
૫	શંકરલાલ વી. પટેલ	રામપર (રોહા)	સી. પી. ટીમ્બર કું (આસનસોલ)
૬	નરેન્દ્ર આર. પટેલ	(ભડલી)	કચ્છી પટેલ સો. મીલ ,,
૭	સુરેશ કે પટેલ	(ભડલી)	કચ્છી પટેલ સો મીલ ,,
૮	અર્જુન એમ. પટેલ	નખત્રાણા	પટેલ સો. મીલ ,,
૯	મૂકેશ કે. પટેલ	રામપુર (રોહા)	સી. પી. ટીમ્બર કું. ,,
૧૦	ડાહ્યાલાલ આર. પટેલ	નખત્રાણા	લક્ષ્મી સો મીલ ,,
૧૧	ડાહ્યાલાલ પી. પટેલ	સાયરા	શંકર સો મીલ ,,
૧૨	નાનાલાલ આર. પટેલ	રામપર (રોહા)	ઈશ્વર સો. મીલ ,,

શ્રી પાટીદાર નવયુવક મંડળ–રાયપુર (મ. પ્ર.)

શ્રી પાટીદાર નવયુવક મંડળ, રાયપુરના સંવત ૨૦૩૮ ના હોદ્દેદારો તેમજ કારોબારી સમિતિની વરણી માટે તા. ૧૫–૧૧–૮૧ ના રવિવારના "શ્રી પાટીદાર ભવન" મધે શ્રી પન્નાલાલ કરસનભાઇ ના અધ્યક્ષ પદે મિટીંગમાં નીચે મુજબના હોદ્દેદારભાઈઓ તેમજ કારોબારી મંડળના સભ્યભાઈઓની વરણી અત્યંત ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સર્વાનુમતે કરવામાં આવેલ.

પ્રમુખ–શ્રી રવીલાલ ધનજીભાઈ
ઉપપ્રમુખ–શ્રી મોહનલાલ ભીમજીભાઇ
મંત્રી–શ્રી લખમશીભાઇ ભીમજીભાઇ
સહમંત્રી–શ્રી ચંદુલાલ હરજીભાઇ
ખજાનચી–શ્રી માવજીભાઇ મુળજીભાઇ
સહખજાનચી–શ્રી ભીમજીભાઇ મણીલાલ

કારોબારી મંડળના સભ્યો

(૧) શ્રી બાબુલાલ કરમશીભાઈ
(૨) શ્રી ગંગારામભાઇ કરસનભાઈ
(૩) શ્રી મણીલાલ કેશવજીભાઇ
(૪) શ્રી પુરસોત્તમ વાલજીભાઇ
(૫) શ્રી ગંગારામ મુળજીભાઇ
(૬) શ્રી હરીલાલ નાનજીભાઇ
(૭) શ્રી વિશ્રામભાઇ કરમશીભાઇ
(૮) શ્રી શીવજી હરજીભાઇ
(૯) શ્રી અરજણભાઇ પચાણભાઇ
(૧૦) શ્રી છગનલાલ લાલજીભાઇ
(૧૧) શ્રી હરસુખલાલ અરજણભાઇ

ત્યારબાદ નવા નિમાયેલા પ્રમુખશ્રી રતીલાલ ધનજી એ આ વર્ષે પણ મંડળની પ્રગતિ માટે બીજા સારા કાર્યો હાથ ધરી સેવા કરવાનો વિશ્વાસ આપ્યો હતો. ત્યાર બાદ મિટીંગ બરખાસ્ત જાહેર કરવામાં આવેલ.

લી.
શ્રી પાટીદાર નવયુવક મંડળ
લખમશી બી. પટેલ
મંત્રી

— તખતગઢના વર્તમાન —

શ્રી રામપારાયણ જ્ઞાનયજ્ઞ :—

સાબરકાંઠા જીલ્લાના તખતગઢ ઉર્ફે હડમતીયા કંપ.માં શ્રી ગોવિંદભાઇ રામજીભાઇ પટેલ તથા તેમના સુપુત્ર શ્રી ચંદુલાલ ગોવિંદભાઇ પટેલ પરીવાર તરફથી જન કલ્યાણ અર્થે વેદાન્ત આશ્રમ વલાદના પ પૂ. સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજના સાંનિધ્યમાં શ્રી રામપારાયણ જ્ઞાનયજ્ઞનુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ ઉપર પાલીતાણાવાળા પ પૂ. રામાયણી રામદાસજી મહારાજે પોતાની આગવી શૈલીમાં કથા રસપાન કરાવ્યું હતું. વિશાળ સંખ્યામાં ભાવિક ભકતોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ :—

તખતગઢના સ્વ. શ્રી વાલજીભાઇ અરજણભાઇ પટેલના આત્મ કલ્યાણ અર્થે તખતગઢમાં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞનું વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ ઉપર બ્રહ્મનિષ્ઠ ભાગવત રત્ન પ. પૂ. ૧૦૮ સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજ (વેદાન્ત આશ્રમ વલાદ) આધ્યાત્મિક અર્થમાં રસપાન કરાવ્યું હતું. મુખ્ય યજમાન તરીકે તખતગઢ આરોગ્ય મંડળના પ્રમુખશ્રી દેવજીભાઇ અરજણભાઇ પટેલ, માતુશ્રી ગોમતીબહેન, શ્રી મેઘજીભાઇ અ. પટેલ, હિરાબહેન વાલજીભાઇ પટેલ, શ્રી ડાહયાભાઈ અ. પટેલ વિગેરે રહયા હતા. મોટી સંખ્યામાં ભાગવત પ્રેમી ભાવિક ભકતોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમ :—

તખતગઢ કેળવણી મંડળ આયોજીત, બહેરામૂંગા વિદ્યાલય હિંમતનગર, તખતગઢ બાલમંદિર સ્કૂલ, તખતગઢ મહિલા શીવણવર્ગની એક સંયુકત રસોત્સવનું તખતગઢ મુકામે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાર્થના નૃત્ય, વેશભૂષા અભિનય નૃત્ય, રાસ ગરબા, નાટીકા વિગેરે આકર્ષક આઇટમો, રજુ કરવામાં આવી હતી. શ્રી બહેરામૂંગા વિદ્યાલય દ્વારા બહેરામૂંગા વિદ્યાર્થીઓને ચેષ્ઠા, દ્વારા જુદા જુદા વિષયોનું જ્ઞાન કેવી રીતે આપવામાં આવે છે તેનું ખાસ ડેમોન્સ્ટ્રેસન યોજીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રમુખ સ્થાન ફતેપુરના દાનવીર શેઠશ્રી છોટાકાકાએ શોભાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વેદાન્ત આશ્રમ વલાદના પ. પૂ. સ્વામીશ્રી

કૃષ્ણાનંદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યું હતું. આ પ્રસંગે હાઇસ્કૂલના આચાર્ય શ્રી રામભાઇ પટેલ, કેળવણી મંડળના મંત્રીશ્રી ડાહયભાઈ કે. પટેલ, ડે. સરપંચશ્રી રતિભાઇ જે. પટેલ બહેરામૂંગા વિદ્યાલયના આચાર્યશ્રી હિંમતનગરના ડૉ. શ્રી ગોરધનભાઇ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. અંતે આભારવિધિ તખતગઢ કેળવણી મંડળના પ્રમુખ એડવોકેટ શ્રી ગણપતલાલ વેલજીભાઇ પટેલે કરી હતી ગામ આગેવાનો દ્વારા રૂા. ૨૫૦૦.૦૦ ઉપરાંતનાં ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં.

ગણપતલાલ વી. પટેલ
એડવોકેટ તખતગઢ

શ્રીમતી મુ.સ.લા. માવાણી એન્ડ આર.ડી. વેલાણી
કન્યા છાત્રાલય ધનસુરાને

* લગ્ન ભેટ *

૨૫ શ્રી ભાણજીભાઇ નાગજીભાઈ પટેલ એદલપુર કંપા પુત્રના લગ્ન પ્રસંગે ભેટ
૨૫ શ્રી દેવજીભાઇ કરશનભાઇપટેલ બદામકંપા ,, ,,
૨૫ શ્રી મણીભાઇ નાનજીભાઈપટેલ રામપુરાકંપા ,, ,,
૫૧ શ્રી નાનજીભાઈ ધનજીભાઇપટેલ દેસાઇપુરાકંપા
શ્રી શાંન્તીલાલ નાનજીભાઇ નાલગ્ન પ્રસંગે ભેટ
શ્રી ઇશ્વરભાઇ ,, ,,
કુમારી ઊર્મીલાબેન ,, ,,

ઉપરોક્ત ભાઈઓએ માંગલિક પ્રસંગે કન્યા છાત્રાલયમાં મોકલેલ ભેટ બદલ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત ધનસુરા અભિનંદન પાઠવે છે. આ બાબત માં અન્ય સૌભાઇ-બહેનો પણ પ્રેરણા મેળવી યોગ્ય કરે એવી અભિલાષા.

જય યોગેશ્વર

શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ મોડાસા

★ ઉપરોક્ત મંડળે સૌ પ્રથમ વાર ગત તા.૬-૨-૮૨ તેમજ -૭-૨-૮૨ તેમજ તા. ૬-૩-૮૨-૭-૩-૮૨ના રાત્રે કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીભવનનું પટાંગણ તેમજ મોડાસા કોલેજ રંગભવનના તખ્તા ઉપર દામુ સોગણી કૃત પૈસાની સગાઇ નામ નાટકના અભિનંદનીય પ્રયોગ દ્વારા દાતાપ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

વ્યવસાયે રંગભૂમિના કલાકારો ન હોવા છતાં અથાગ પરિશ્રમ દ્વારા સેવા સહકાર અને સંગઠનની ભાવનાનો માનવજીવનમાં રહેલી સુષુપ્ત કલા શકિતને ઢંઢોળી ને અખંડ શ્રોત વહાવ્યો હતો.

આધુનિક સમાજ જીવનના પ્રસંગોને વણી લેતી પ્રેક્ષકોનાં દિલને હચમચાવી મુકતી સુંદર પ્રયોગની અભિવ્યક્તિ કરવા કરાવવા બદલ દરેક કલાકારો તેમજ દિગ્દર્શક ભાઇઓને અભિનંદન

★ શ્રી લક્ષ્મી નારાણ ભગવાનની મૂતિઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નવા જામથડા પો. લુડવા, તા. મોડવી કચ્છ) મુકામે

ઉપરોક્ત મુકામે આગામી તા. ૧૮-૪-૮૨ના રોજ ભગવાનશ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રાખવામાં આવેલ છે.

તા. ૧૬-૪-૮૨ મંગળાચરણ તા ૧૭-૪-૮૨ જલયાત્રા તેમજ અન્ય વિધિઓ તા. ૧૮-૪-૮૨ અવીજીત મુહર્તમાં બપોરના ૧૨=૦૦ વાગે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવશે. ભૂજના આચાર્ય શ્રી ગુલાબશંકર ગોરના વરદ હસ્તે પૂજન વિધિ થશે.

શ્રી લક્ષ્મી નારાયણ ભગવાનની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
ટીંબાતલાવકંપા

રામનવમી
તા ૨-૪-૮૨

ઉપરોક્ત મંદિરમાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સવત ૨૦૩૮ના ચૈત્ર સુદ-૯ને શુક્રવાર તા.૨-૪-૮૨ના રોજ ઉજવવામાં આવનાર છે. તો ધર્મ પ્રેમી ભાઇ બહેનોએ મહોત્સવનો દર્શનનો લાભ લેવા વિનંતી.

— પરીક્ષા નહોવી જોઈએ —

પટેલ વિનોદ કુમાર કેશરભાઈ અમરાપુરકંપા (હિરા ર)

કુલિનતા એજ એની કુલિનતા જેણે પ્રથમ પરીક્ષા શોધી છે. તેને વિદ્યાનુ નિકંદન કાઢયું છે. પરીક્ષાના લીધે તમે જુઓ તો ખરા. આજ ની કેળવણી જીવનલક્ષીં બનાવાને બદલે પરીક્ષા લક્ષી બની ગઇ હોવાથી વિદ્યાર્થીનું સર્વાંગી વિકાસનું સ્વપ્ન સાકાર બનવના બદલે નિરાકાર બનતુ જોય છે. પરીક્ષાના લીધે આજનો વિદ્યાર્થી બાપડો પરીક્ષાની લટકતી તલવાર નીચે રીબાઇ રહયો છે. 'હાઉ' વિદ્યાર્થીના જીવનનું તેણે હિર હણી નાખ્યું છે. એથી જ વિદ્યાર્થીનું જીવન સુકાની વિનાની નાવ જેવુ બની ગયું છે અ નુકારણ આજની પરિક્ષા.

આખાય વર્ષના અભ્યાસ ને ૧૧થી ૨ ના આ ત્રણ કલાકમાં પરીક્ષા દેવીને ખુશ કર્યા તેમાં તમારું શું રંધાયું ? પેલી જીવનદેવી નો ઉત્તર તમને એક પણ કયાં થી આવડવાનો છે ભલે તેમાં અથરા માં આપેલો હોય પણ તમને એક પ્રશ્ન નહિ આવડે હો? ખરેખરી કહેશે. તમારુ હીર ત્યાં જણાઇ આવશે.


આજના વિધ્યાર્થી તો તમે જુઓ કેટલા બધા માયકાંગલા બની ગયા છે પરીક્ષા માં પહેલો ફરજીયાત છે. બાકીના ચાર ગણો યોગ્ય ખાલી જગ્યા પૂરો, અલ્પા તે કયો નિબંધ લખ્યો વગેરેની ચિંતામાં બસ સ્ટોપની હારબનવાનું ભૂલ્યા અંધ જનોની લાકડી બનવાનુ ભૂલ્યા, નિઃસ્વાર્થી જીવન આ રીતે ખોઇ બેઠા એનુ કારણ આજની પરીક્ષા

પરીક્ષા પધ્ધતિ ને કારણે ગુરૂ અને શિષ્ય નો ઘનિષ્ઠ અને નિઃસ્વાર્થ સંબધ સ્થાપિત થતો નથી વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થવાનો આગ્રહ રાખે છે. તેની સામે અધ્યાપકો પણ નિયમિત અભ્યાસક્રમ પૂરો કરવા નોંધો લખાવી તેના વિષયની સારી ટકા વારી લાવવી તેનાથી તેનું કાર્ય પુરૂં કરે છે તેના કારણે વિદ્યાર્થી ને ચેતના અને સરકાર ની મસાલ ગુરૂ આપી શકતા નથી તેથી વિદ્યાર્થી વિદ્યાનો અર્થી મટા ને પરીક્ષાર્થી બન્યો છે. ગુરૂ સંસ્કાર દાતા મટી ને પરીક્ષક બન્યા છે.

આજની આ પરીક્ષા પધ્ધતિ થી વિદ્યાર્થીનું જ્ઞાન અત્યંત છીછરુ બન્યુ છે તેથી વિદ્યાર્થીની એક માત્ર ઇચ્છા હોય છે, કે સારા ટકા મેળવી અને પાસ થવું એજ એનું કંતવ્ય છે. આજની પરીક્ષા ની ચિંત માં અમને વિવેક વિનયનું રખે પૂછતા નહિતર અમારી રહી સહી ચેતના પણ મરી પરિવારશે.

ભાઇઓ પરીક્ષા આવી એટલે વિદ્યા પાછી ગઇ

એટલેજ પૂજય ગાંધીજી એ કહ્યું છેકે કેળવણી વિજયની ચાવી છે. આમાં આપણે વિજય મેળવીશું તો સર્વત્ર વિજય છે. પરીક્ષા જયાં સુધી જીવનલક્ષી નહિ બને ગોખણિયું જ્ઞાન દૂર નહિ થાય ત્યાં સુધી આપણી પ્રગતિ નથી જ.



સમય અને
મહેનત
બચાવો ✱

પોકાર

નું
ઇલેકટ્રીક પાવરથી
ચાલતુ

છાસ

બનાવવા
માટેનું

વલોણા
યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો

—: વિક્રતાઓ :–


(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેકટ્રીકલ્સ મોડાસા

● ઉત્પાદક : મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ,
અમદાવાદ—૩૮૦ ૦૨૩


અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ.
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા
ઇસનપુરમોટા તા. જિ. ગાંધીનગર
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકોડામ નજીક
રીલી ાડ, અમદાવાદ


જેમાં એમરી ... સ્થિર રહે છે અને બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૨


LAXMI
LAXMI

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



" શાર્પેક્ષ " બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી ઝાડ... વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી... તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત " શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન " વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ.
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વકર્સ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨
  નો એન્જીનીયરીંગ વિભાગ

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

Book – Post

To.

પ્રકાશક :
શ્રી. વિઠ્ઠલભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમિયાય નમઃ ॥





વર્ષ : ૨૪
અંક–૪
એપ્રીલ–૧૯૮૨

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ
બી. એ.

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨/-, પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧/- પરદેશમાં રૂા. ૩૫૧/- નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લખક ભાઈ અગર બહેન પોતાનો ખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલાં આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૬ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

તંત્રી સ્થાનેથી....

ઘર એટલે દીવાલ નથી. ગવર્નમેન્ટ દીવાલ બાંધી આપે. દીવાલ એટલે ઘર નહી અંગ્રેજીમાં House and Home આ બે શબ્દો છે. ઘર એટલે શું ? ભાવ અને પ્રેમ, જીવન ઉડી જાય, ઘર ચાલ્યું જાય મારો કોઇ પર ભાવ નથી, કોઇ પર પ્રેમ નથી. મને કોઇ કાંઈ આપે છે તેથી મારો તેના પર પ્રેમ છે. બાપ પર પ્રેમ શા માટે ? બાપ કાંઇક આપે છે તેથી, બાપ ઉપયોગમાં આવે છે તેથી, તેનો ઉપયોગ સરી જાય, ખરી જાય પછી બાપ પણ ખરી જાય, જરૂર નહીં. તે ઘરડો થયો, Doctor કહેશે Let him die peacefully નકામો જીવાડવો શા માટે ?

ભાવ અને પ્રેમ જગતમાંથી કાઢી નાખશો તો ! તે ઘર ઘર નહીં. આજે માનવનું ઘર danger માં છે. આપણે એક બીજા જોડે ફક્ત કાંઇ મળતુ હોય તો સંબંધ બાંધીએ છીએ. પતિ પત્નીનો સબંધ પણ friendship for pleasure છે એની પાસેથી મને pleasure ન મળે તો ? છુટો છેડો, કેમ ભાઈ, કેમ છુટો છેડો ? મને pleasure નથી મળતું. I want pleasure, I don't get pleasure. મનોરંજનને માટે friendship તેથી ઘર danger માં છે ન કોઇપર ભાવ, ન કોઇ પર પ્રેમ. મેં એમને કીધું તમે જો ઘર ન ભાગશો તો અમે તમારી જોડે હાથ મેળવવા તૈયાર છીએ.

જેમ આપણું ઘર danger માં છે. તેમ ભગવાનનું ઘર પણ danger માં છે. ઋષિઓએ મંદિર ઉભુ કર્યું ? વિચાર તો કરો.

ઘર આ સંસ્કૃતિ છે, મંદિર આ સંસ્કૃતિ છે. ભગવાનનું ઘર મારું ઘર ભગવાનનું ઘર એટલે ભક્તિ, આજે ભક્તિ પાંગળી થઇને બેઠી છે.

જે સંસ્કૃતિએ ભગવાન સુધી જવાનો રસ્તો દેખાડયો તે સંસ્કૃતિની ઓલાદ સંતાન આજે નીચે મોં કરીને, સુતકી ચહેરો કરીને બેઠા છે. ભક્તિમાંની તેજ પુંજતા ગઇ, ભક્તિમાંનો ભાવ ગયો. જ્ઞાન જીવનપરાગમુખ થઇ ગયું. આજે જે કરીએ છીએ તે સંસ્કૃતિની વિટંબણા છે. નમસ્કાર ચાલ્યો જશે તો ન ચાલે. નમસ્કાર તો કરી જો તમારી કરોડરજ્જુ powerful હોય. અસ્મિતાયુક્ત જીવન અને બીજાને માટે આદર એ સંસ્કૃતિ છે. ઘર આ સંસ્કૃતિ છે. ગૃહસ્થ આ સુસંસ્કારી માણસ છે. ત્યારે ઘર ભાવ અને પ્રેમ.

આપણું ઘર તેવી રીતનું પ્રભુનું ઘર danger માં છે. ભક્તિ વેવલી થઇ ગઇ છે. ક્ષુદ્ર બનતી જાય છે. માણસો દીન થતા જાય છે. ભગવાન પાસે કોઇ ભાવથી જતો નથી.

Intellectual love towards God. આકાર તુટી પડશે તો પણ ભગવાન છે. તેનો પ્રેમ લેશમાત્ર ઓછો થશે નહી.

મગજમાં ખુમારી નથી હૃદયમાં ભાવ નથી. આવી રીતની ક્ષુદ્ર બની ગયેલી ભક્ત એકાદ દીન બકરીની માફક અમારા તરફ જોતી રહેલી છે. જીવનપરાગમુખ થયેલું તત્ત્વજ્ઞાન. વિટંબણા, વિટંબણા, વિટંબણા. એના કરતાં બીજુ આજ સુધી આ તત્ત્વજ્ઞાને જોયું નથી. ઘરડા થયા પછી કંટાળો આવતો હોય તો જઈને થોડું તત્ત્વજ્ઞાન સાંભળો. જીવનપરાગમુખ તત્ત્વજ્ઞાન. આટલી એથી જીવતી સંસ્કૃતિની. બુધ્ધિનિષ્ઠ માણસો જો આપણે હશું તો આપણને કાંઇક થવું જોઇએ. અંદર કાંઇક ખેંચવું જોઈએ.

તેમાંનું Spirit, તેમાંનું ચૈતન્ય, તેમાંની દિવ્યતા ઉભી કરશું. પાછી ભવ્ય સંસ્કૃતિને તમે દીન કરશો ? ઋષિઓની પરંપરા પાછી ન ઉભી કરશો ? મંદિર છે, તીર્થયાત્રા છે. એકાદશી છે. પૂજા છે, મૂર્તિપુજા છે, ભકિત છે. તેનો પ્રાણ જતો રહેલો છે આંખમાં પ્રાણ લાવીને તે જોતો રહેલો છે કયા વર્ગ તરફ ? આ દીવાળીના દિવસે પોતાની, સ્વપ્નની દીવાળી થવી જોઈએ આવી રીતના ભગવાન પાસે માગવાવાળા આ બુધ્ધિનિષ્ઠ યુવાન વર્ગ તરફ સંસ્કૃતિ પુછે છે કે તમે તમારી દીવાળી માગશો તો શું સંસ્કૃતિની હોળી થશે ? સંસ્કૃતિની દીવાળીના માટે ઉભા રહેશો તો તમારા જીવનની દીવાળી કરવાની જવાબદારી મારી (સંસ્કૃતિનો) છે. નિઃશંકતા નિર્ભયતા અને એકતા આ ત્રણ વાતોથી સંસ્કૃતિની દીવાળી પોતમેળે થવી જ જોઇએ, ભગવાનને કરવી જ પડશે.

સંસ્કૃતિ આજે જોતી રહેલી છે આ નવયુવાનો તરફ નવયુવાનો આજના શુભ દિવસે સંકલ્પ કરે. ધર્મનું આધ્યાત્મનું પાણી બગડી ગયું છે. હું હંમેશાં કહું છું કે કલકત્તા પાસે જશો તો ત્યાંના ગંગાના જળનું તેનું માર્જન પણ ન કરાય, પીવાય તો નહી જ આટલી third class સ્ટીમરો આવે છે, તેનું તેલ પડેલું છે. આવી રીતનું બધું છે

તે જ ગંગાજીમાં જરા પાછળ જાઓ હરદ્વાર પાસે જરા પાછળ જાઓ ગંગોત્રી પાસે અને જુઓ. શુધ્ધ પાણી છે. તેવી જ રીતે આપણી ભકિત, અધ્યાત્મ, સંસ્કૃત આજે આપણને કલુષિત થયેલી દેખાય છે અને તેટલું જ સમજીને આપણે ચાલતા રહેલા છીએ. જરા પાછળ જાએ, જરા પાછળ જાઓ અને તેમાંનુ સત્વ જુએ.

આટલી જ આ નવયુવાન લોકો પાસે પ્રાર્થના કરુ, હું આશીર્વાદ આપવા નથી આવ્યો. પ્રાર્થના કરવા આવ્યો. તમારી દીવાળી કરવી હોય તો આટલું કરવું પડશે. ભગવાન તેવીરીતની અમને શકિત આપે. આવી રીતની ભગવાન પાસે પ્રાર્થના કરુ.

"સફળતાનું રહસ્ય સ્વયં જવાબદારીઓ"

ડૉ. ચંદુલાલ એમ. પટેલ, D.H.M.S.
તખતગઢ

હાલમાં પશ્ચિમના દેશોની "મુક્ત જીવન જીવવાની કળા નીચે આવેલા આપણા સંસારમાં જવાબદારીઓ નિભાવવા માટે લોકો તૈયાર નથી. આપણા સમાજના કે બહારના લોકો પણ સામાજીક જવાબદારીઓને એક બંધન ગણે છે. જે લોકો આ રીતે વારસામાં મળેલ કે દેશ, સમાજ કે કુટુંબ પ્રત્યેના તેના ઉત્તરદાયિત્વનો બોજો માનીને ઉપેક્ષા કરે છે. તેઓને સારાં પરિણામોથી વંચિત રહેવું પડે છે. દરેક મનુષ્યને પોતાના જીવન નિર્વાહ માટે કોઇને કોઇ આજીવિકાની જરૂર પડે છે. માટે દરેક મનુષ્યને આજીવિકા કમાવામાં શરમ સંકોચ ના રાખવો જોઇએ. આત્મનિર્ભરતા જીવનોદ્ધારના પથ પર અગ્રેસર છે. કુદરતે મનુષ્યને પરિસ્થિતિઓ સાથે તાલમેલ બેસાડવાનો અદભુત ગુણ બક્ષેલ હોવાથી આપણે આપણા દરેક કાર્યને પુરી શક્તિથી કરવુ જોઇએ. આત્મસમર્પિત ભાવથી કરેલ કાર્યમાં સદ્દભાવનાનો પ્રભાવ ઉજ્વળ ચારિત્ર નિર્માણના વિકાસ માટે થાય છે, કાર્ય કરવાની સુંદરતા, રૂચિકર ઢંગની સફળતાની નિશાની છે. કાર્યની શ્રેષ્ઠતામાં જીવનની શ્રેષ્ઠતા રહેલી છે.

શ્રી રૂઝવેલ્ટે સંકલ્પ કર્યો હતો કે હું ખ્યાતિના ખતરામાં નહિ પડુ હજારો હરિફોની વચ્ચે પણ અડગ રહ્યા. લિંકનને જ્યારે ખોટી વકીલાત કરવાનું કહ્યુ ત્યારે તે બોલ્યા હું એમ નહિ કરી શકુ. જ્યુરી સાથે વાર્તાલાપની વચ્ચે મારુ મન મને ધિક્કારશે કે લિંકન તું ખોટો છે. આવો આત્મ વિશ્વાસ કેળવો.

નેથન સ્ટોસને તેના કર્મની સફળતાનું રહસ્ય પૂછ્યું તો તે બોલ્યા "આ પરિણામ માત્ર ગ્રાહક પ્રત્યે વર્તવામાં આવેલી મારી ઇમાનદારી છે. મારી પાસેથી કદી ગ્રાહક નારાજ થઇને ગયો નથી" મહાનતાનો ગુણ અંતઃકરણમાં સમાવેશ થઇ જવાથી સફળતાઓ સામે આવી ઉભી રહે છે.

આત્મવિશ્વાસ અને પરિશ્રમના બળથી જીવનને સાર્થકતા આપી શકાય છે. ભાગ્યનુ નિર્માણ કરનાર (ભાગ્યદાતા) મનુષ્ય પોતે જ છે. God is Examiner & Director. (ઇશ્વર નિર્ણયકર્તા અને નિયામક છે) Man can make his luck lines can change by only hard work & responsibilities. હેનરીહ્યુસ્ટર કહે છે કે 'જેને આપણે ભાગ્યની કૃપા માનીએ છીએ તે બીજુ કાંઇ નથી. હકીકતમાં આપણી સમજણ અને કઠોર પરિશ્રમનું ફળ છે."

વિશ્વાસ રાખો કે પરિશ્રમ અને આત્મવિશ્વાસ એક બીજા વિના અધૂરાં છે બંને મળીને જ લક્ષ્ય સુધી પહોંચવામાં સમર્થ થઇ શકે છે. સંકલ્પ કરો કે અડચણો નો હંમેશાં હસતાં હસતાં સ્વીકાર કરવાનો છે. ડરીને માર્ગમાંથી હટવાનું નથી. લક્ષ્ય વગરના થવાનું નથી. હંમેશાં સક્રિય રહેવાનું છે, નિષ્ક્રિય થવાનું નથી.

અમેરિકાના રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનની લોકપ્રિયતા અને સફળતાનું કારણ પરિસ્થિતિઓ સાથે મિત્રતા છે. વિકટ વિષમ પરિસ્થિતીઓનો સામનો કર્યો પરંતુ તે પોતાના વિશ્વાસને પ્રબળ બનાવતા ગયા આખર તે અમેરિકાના રાષ્ટ્રપતિ ચૂંટાયા

પરિશ્રમ અને સફળતાની આશા કરીને આપણે લક્ષ્ય હાંસલ કરવામાં વચ્ચે આવતા દરેક પરિણામોને પણ સામાન્ય કરવાનું સાહસ કરવું જોઇએ. "સર્વ શ્રેષ્ઠ માટે પ્રયત્ન કરો 'પરંતુ હલકી પરિસ્થિતિ માટે તૈયાર રહો!" અંગ્રેજીની આ કહેવત બહુ સાર્થક છે હેનરી ફોર્ડને એક વ્યક્તિએ તેની સફળતાનું રહસ્ય પુછ્યુ તો તેમણે કહ્યું, "સફળતાનુ સૌથી પહેલુ રહસ્ય છે, દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવું"

પોતાની નિષ્ફળતા માટે બીજાને દોષિત બનાવીને પોતાને વધુ નિર્બળ ન બનાવો બલ્કે પરિસ્થિતિઓ સામે સમાધાન કરીને અનુરૂપ બનાવો અથવા તેને અનુરૂપ બનવા પ્રયત્ન કરો સફળતા માટે કેટલાક માર્ગો બંધ થઇ જવા છતાં પણ કેટલાક ખુલ્લા રહે છે. એવું નથી કે તમામ રસ્તા બંધ થઇ જાય છે જ્યારે આપ નવીનતા શોધશો તો આશાનાં નવાં કિરણો ફુટવા લાગશે. જીવનમાં કોઇની સાથે દ્વેષભાવ ન રાખો કોઇની સાથે ઘ્રુણા ન કરો પ્રેમભર્યો વ્યવહાર રાખો કે જે એક દિવસ આપોઆપ સફળતાને તમારા ચરણોમાં ઉતારશે.

છેલ્લે હર્બટ સ્વુપ લખે છે કે, સફળતાનું રહસ્ય તો હું નથી બતાવી શકતો પરંતુ અસફળતાનું રહસ્ય તો જરૂર બતાવી શકુ છું અને તે છે દરેકને ખુશ કરવાની કોશિષ. માટે જીવનને સફળ બનાવવા માટે ખોટી ખુશામત ખોરી તથા અગવડીયા પથ ન અપનાવશો. નહિતર જીવ-ભર કોઇના નિર્ભરિત બની જશો. છેલ્લે નિષ્ફળતાઓ સિવાય તમારા માટે કાંઇજ જમા પાસુ બાકી નહિ રહે માટે જીવનને આવશ્યક કાર્યોમા વ્યસ્ત રાખો અને અનાવશ્યક કાર્યોમાં ગુચવાઇ વ્યસ્ત રહેવાનો ફાંફાં ન કરો. આશાવાદી અને સખત પરિશ્રમી બનીને પોતાના જીવન અને જાહેર જીવનના પ્રેરણાસ્રોત બનો.

માતૃપ્રેમ

પટેલ જયરામભાઇ સવદાસભાઇ
કુપાકંપા

અમેરિકામાં એક કબર ઉપર નીચેના શબ્દો કોતરવામાં આવ્યા હતા. "**Because I was a Mother**" આ શબ્દોમાં ગુઢ રહસ્ય છુપાયેલું છે. તેમાં માતૃપ્રેમનાં દર્શન થય છે. તે કબર નીચે સુતેલી માતાનાં એકનો એક પુત્ર એક વાર ચેપી રોગનો ભોગ બને છે. તેની માતા તેને દાકતર પાસે લઇ જાય છે. દાકતર તેની સારવાર કરે છે. પણ કંઇ અસર નથી થતી એટલે દાકતર દિલગીરી સાથે તેની માતાને કહે છે કે આ કેસ મારાથી સારો થશે નહીં. તમો તેને ઘેર લઇ જાઓ. હું તમોને દવા આપું છું. તે તમો ખુબ સાવચેતીથી તેને નિયમિત આપજો. અને દવા આપતી વખતે તમારે એક પણ શ્વાસ ન લેવો જોઇએ તેની સારવાર કરતી વખતે તમારે નાકઉપર રૂમાલ બાંધી દેવું નહીતર તમોને તે રોગ લાગુ પડશે પછી તે મા પુત્રને લઇને ઘેર ગઇ. પૂત્રની સારવાર તે ખૂબ હૃદયપૂર્વક કરે છે તે પોતાના નાકે રૂમાલ બાંધતી નથી જોતજોતામાં તે ચેપીરોગ તેને લાગુ પડે છે અને પોતે ધીમે ધીમે બીમાર પડતી જાય છે. એટલે તે દાકતર પાસે જાય છે અને દાકતરને વાત કરે છે. દાકતર તેને કહે છે કે મે તમોને કહયું હતુ કે તેની સારવાર ખુબ સંભાળપુર્વક કરજો" પણ તમે મારી સલાહને નિરર્થક વેડફી નાખી. માટે તમો પણ એ રોગના ભોગ બન્યાં છો. ત્યારે માતા કહે છે કે તમો દાકતર હતાં પણ " હું તેની માતા હતી."—"**Because I was a mother**"

આ ઉપરથી સાબિત થાય છે કે માતાનું હૃદય પોતાના બાળકથી સહેજ પણ અળગુ નથી થતું ખરેખર માતાનો પ્રેમ અમર છે. માતા–બાળક ખાતર પોતાના પ્રાણની પણ આહુતિ (બલિદાન) આપવા તૈયાર થાય છે.

જરા હસો !

એક શેઠ એટલા કંજૂસ હતા કે ગમે તેવો સારો પ્રસંગ હોય પણ કોઇને પાર્ટી કે ભોજન આપતા નહીં. એક દિવસ તેમના એક પડોશી એ સરસ પાર્ટી આપી કોઇકે આ જોઇને કંજુસ શેઠના નોકરને પુછ્યું ? "તારા શેઠ પાર્ટી ક્યારે આપવાના છે. ? નોકરે કહ્યુ મારા શેઠ પાસેથી પાર્ટી લેવી હોય તો તમારે બીજા અવતાર સુધી રાહ જોવી પડશે. કંજૂસ શેઠ આ સાભળી બોલ્યા. " તને પાર્ટીની મુદત આપવાનું મેં તો નથી કહ્યું

કૃષિ માગે છે નવી દૃષ્ટિ *

ધીરૂભાઇ એમ. મહેતા
માજી સરપંચ
ધનસુરા ગ્રામ પંચાયત

છેલ્લા પચીસ વર્ષથી હું ખેતી કરૂં છું. એક વખત એવો હતો કે ખેતી ઉત્તમ, વેપાર મધ્યમ અને નોકરી કનિષ્ટ કહેવાતી હતી. આજે સમય, હવામાન ઉલ્ટુ થઇ ગયું છે. ઉત્તમ નોકરી, મધ્યમ વ્યાપાર અને કનિષ્ટ ખેતી ગણાવા માંડી છે.

ખેડુત નરવસ બની ગયો છે. ઉદાસ બની ગયો છે. તેને કુદરત અને સરકાર ઉપર આધાર રાખી ખેતી કરવી પડે છે તેમાંથી એક તો રૂઠેલુજ હોય કયાંતો કુદરત અગર સરકાર !

જયારે નવું વરસ ખેતી માટેનું આવે અને ખેડૂતં ઉમંગથી બીયારણ, દવા, ખાતર વગેરે લાવી વાવેતર કરે. ખેતી સરસ બનાવે અને એક વરસાદ અગર બીન સીઝનનું માવઠું અગર ન જોઇતી હોય ત્યારે ગરમી ઠંડી પડી તેના ઉમંગને નરવસ બનાવી દે છે અથવા બધું જ સરસ રીતે પાર પડે તો સરકાર તેની માથે ઉત્પાદન ખર્ચ કરતાં ભાવ ઓછો મળે તે રીતે નકકી કરે છે.

૧૯૮૧–૮૨માં શંકર-૪ કપાસના ભાવો સારા રહ્યા તે જોઈ ખેડુતોને કંઇ વળતર મળશે તે ગણત્રીએ નવા વરસમાં ઉમંગથી કપાસનું વાવેતર કર્યું, ૧૯૮૨–૮૩ માં તેના ભાવ ખાંડીએ રૂપિયા એક હજાર (૧૦૦૦) ઓછા થયા. મને કહો શું દશા થાય આ ખેડૂતની ? તે તેનાં પાસાં કેમ સરખાં કરે ?

સરકારશ્રીએ નવા વરસને વધુ ઉત્પાદન વર્ષ તરીકે જાહેર કર્યું છે વધુ ઉત્પાદન માટે જરૂરી છે ખાતર, દવા અને સારાં બિયારણોની પરંતુ તેના ભાવો છેલ્લા બે વરસમાં વધી ગયા છે, જયારે ખેતીનું ઉત્પાદન બજારમાં મુકવામાં આવે ત્યારે બજાર મંદ હોય એટલે ભાવો ઓછા મળે, સરવાળે ખેડૂતને બે પાસાં સરખાં થતાં નથી, છેવટે ખેડૂતને આ બાબતમાં રાહ બદલવો પડે અગર તેને ખેતી બંધ કરી મળે ત્યાં નોકરી ધંધામાં જોડાવું પડે. મેં પોતે તો ખેતીનો (રાહ) બદલ્યો છે.

નીલગીરીની ખેતી શરૂ કરી છે. બે વર્ષમાં મારા નીલગીરીના છોડ આશરે પંદર વીસ ફુટની ઉંચાઇના થઇ ગયા છે અને કપાસની ખેતી કરી હું નિરૂત્સાહી

થઇ ગયો હતો તે હવે નીલગીરી જોઇ કંઇક આનંદ અનુભવું છું

લાકડું મોંઘુ થવાનું છે દેશની વસ્તી વધતી ગઇ જમીનો, નહેરો, રસ્તા, મકાનોમાં દિન-પ્રતિદિન પ્રગતિ થઈ રહી છે ત્યારે દુનિયામાં ઉર્જાનો પ્રશ્ન બહુ મોટો છે જમીનની અંદરનું તેલ ઉલેચાવા માંડયું છે દશ પંદર વર્ષમાં દુનિયાને ઉર્જાનો પ્રશ્ન ઘણોજ કફોડી સ્થિતિમાં મુકશે ત્યારે આપણે આપણી જમીનના ૨૦ ટકા જમીનમાં આ રીતે જંગલો તૈયાર કરીશું તો જરૂર સારુ વળતર મળશે

કોઇપણ ખેડૂત મિત્રને આ બાબતમાં (નીલગીરી) માહિતી જોઈતી હશે અથવા મારું ખેતર જોવા મને મળશે તો હુ તેને બતાવીશ અને માહિતી આપતાં આનંદ અનુભવીશ.



જરા હસો ❋

ઈશ્વરભાઈ એમ. પટેલ
તલોદ

○ એક નવા ડોકટરે પોતાના ઓળખીતા પીઢ અનુભવી ડોકટર પાસે જઇને કહ્યું "સર ! હુ હવે મારું પોતાનું દવાખાનું ખોલી રહયો છું આપ તો વર્ષોથી પ્રેકટીશ કરી રહ્યા છો. તો મને કંઇક ઉપયોગી થાય તેવી સલાહ આપો. પ્રૌઢ ડોકટરે કહ્યું. જો બેટા, આ ધંધામાં બે બાબતો ખાસ ધ્યાનમાં રાખવી "દવાનું પ્રિસ્ક્રિપ્શન હંમેશાં, ઉકલે નહીં તેવી રીતે જ લખવું અને બિલ હંમેશાં સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરમાં લખવું."

○ અંગ્રેજીના શિક્ષકે વિદ્યાર્થીને પૂછ્યુ મોહન હું જે વાકય હિન્દીમાં બોલું તેનું અંગ્રેજીમાં ભાષાંતર કરીશ ? મોહને તરત હા પાડી એટલે શિક્ષકે પૂછ્યું ? "કામ હો ગયા હોતા ગયા, ચલા ગયા મોહને અંગ્રેજી કર્યું વર્ક ડન, ડનાડન ડનડનાડન.

○ પાટો બાંધતાં આશ્વાસન આપતાં આરામથી ડૉકટરે સરદારજીને કહયું ખુદા કા શુક્ર હૈ, સરદારજી ! નસીબ સારું કે ડાબો હાથ આવી ગયો જમણો હાથ હોત તો મુશ્કેલી થાત ! ભગવાનનો પાડ માનો સરદારજી તરત જ બોલી ઉઠયા એમાં ખુદાનો પાઠ માનવાની જરૂર નથી આમ તો જમણો હાથ જ આવી જવાનો હતો પણ હું એવો ચાલાક કે જમણાને ખેંચી લીધો ને ડાબો હાથ મુકી દીધો.

ગીતા વિશે જાણવા જેવા વિચાર

સંપાદક : પ્રવિણ એમ પટેલ (નખત્રાણા)

— ગીતા એ મારૂ હૃદય છે, ગીતા મારો ઉત્તમ સાર છે, ગીતા મારું અતિ ઉગ્ર જ્ઞાન છે, ગીતા મારું અવિનાશી જ્ઞાન છે, ગીતા મારું શ્રેષ્ઠ નિવાસ સ્થાન છે. ગીતા મારું પરમ પદ છે, ગીતા મારું પરમ રહસ્ય છે, અને ગીતા મારો પરમ ગુરૂ છે.
—ભગવાન શ્રીકૃષ્ણ

— સ્વયં વિષ્ણું ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલા ગીતાશાસ્ત્રને ગાવા અને પાળવા જેવું મહા ફળદાયક કર્તવ્ય હોવા છતાં અન્ય શાસ્ત્રોની ગડમથલમાં પડવાની શી જરૂર છે ?
—મહર્ષિ વ્યાસ

— ગાન તો શ્રી ગીતાનું અને વિષ્ણુંસહસ્ત્રનામનું ગાવા યોગ્ય છે. ધ્યાન તો શ્રીપતિઓનું ધરવા યોગ્ય છે; ચિત્ત તો સજ્જનોના સંઘમાં પરોવવું યોગ્ય છે અને વિત્ત તો દીનદુખીઓને આપવું યોગ્ય છે.
—શ્રીમદ્ શંકરાચાર્ય

— રાષ્ટ્રીય ધર્મગ્રંથ ગણાવવા જે જે નિયમો જરૂરી છે તે તે બધા ભગવદ્ ગીતામાં મળે છે; એટલું જ નહિ પણ ભાવિ વિશ્વધર્મનો એ એક સર્વોત્કૃષ્ટ ધર્મગ્રંથ છે.
—એફ. ટી બુકસ

— બાઇબલનો મેં યથાર્થ અભ્યાસ કર્યો છે. એમાં જે લખ્યુ છે તે માત્ર ગીતાના સાર રૂપે છે જે જ્ઞાન ગીતામાં છે તે ઇસાઇ કે યહુદી ધર્મના બાઇબલોમાં નથી, મને આશ્ચર્ય થાય છે કે ભારતીય નવયુવકો શા માટે અહિથી યુરોપ સુધી વિજ્ઞાન શિખવા જાય છે ? નિ:સંદેહ એનું કારણ તેમને પાશ્ચાત્ય દેશો પ્રત્યેનો તેમનો મોહ છે, તેમના ભોળા હૃદયોએ હજુ નિર્દય અને અવિનયી પશ્ચિમ વાસીઓના હૃદય ઓળખ્યાં નથી વિદેશી શિક્ષણ મળતાં ભભકાદાર પદવીઓની લાલચે તેઓ એ સ્વાર્થીઓની ઇન્દ્રજાળમાં ફસાય છે, પરતુ જે દેશ યા સમાજને ગુલામીમાંથી છુટવું હોય તેને માટે તો એ માર્ગ અધોગતિનો જ છે. ગીતા દુનિયાની અઢળક સંપત્તિ વડે પણ ખરીદી શકાય નહિ એવો એ ભારતવર્ષનો અમૂલ્ય, અલૌકિક ખજાનો છે.
—લંડનવાસી યહૂદી એફ એચ. મોલેમા

— ગીતામાં એટલું ઉત્તમ અને સર્વ વ્યાપી જ્ઞાન છે કે તેના લખનાર દેવતાને અગણિત વર્ષો થઇ જવા છતાં એવો બીજો એકેય ગ્રંથ લખાયો નથી.

ગીતાની સાથે સરખાવતાં આખા જગતનું હાલનું બીજુ બધુ જ્ઞાન મને તુચ્છ લાગે છે. હું રોજ પ્રાતઃકાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતા રૂપી પવિત્ર જળમાં સ્નાન કરાવું છું. —મહાત્મા થારો

— સંસારના બધા ગ્રંથોમાંથી ક્યાંય પણ ભગવદ્ ગીતા જેવા સુક્ષ્મ અને ઉન્નત વિચારો મળતા નથી. —વિ. હમબોલ્ટ

— એ ગ્રંથ એટલો અમૂલ્ય અને આધ્યાત્મિક ભાવોથી ભરેલો છે કે હું વખતો વખત પરમાત્માને એજ પ્રાર્થના કર્યા કરુ છું કે તે મારા ઉપર એવી દયા કરે અને શક્તિ આપે કે જેથી હું મૃત્યુપર્યંત ગીતાનો સંદેશ એક સ્થાનેથી બીજા સ્થાનમાં પહોંચાડી શકુ? —સાધુ ટી એલ વસવાણી

— આપણે આપણાં બાળકોને પ્રથમથી જ ગીતાના પાઠ કરવાની ટેવ પાડવી જોઇએ. આપણી નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ગીતા સિવાય બીજા કોઇ શિક્ષક કે માર્ગદર્શકની જરૂર નથી. —શ્રી ટી. સી. કેશવ લુ પિલ્લે

ઇશ્વરને !

સંપાદક
પ્રવિણકુમાર પી. પટેલ
રમોસ કપા

★ તું દેવતા મટીને પથ્થર બની ગયો ?
ઉત્તરતો આપ, કેમ નિરુત્તર બની ગયો ?
તુ ખુદ બની ગયો કે બનાવ્યો તને અમે !
છે એજ પ્રશ્ન પ્રશ્નનો ઉત્તર બની ગયો ?

★ અધૂરાં આ જનમનાં કાર્ય કરવા પૂર્ણ તું ઇશ્વર —
મરણ થતાં બીજા અવતારથી આ જન્મ સાધે છે ?
દીધેલા બંધનો ઓછાં પડે છે. શું જમાનાને
કે માનવને મરણ કેદેય મુશ્કેટાટ બાંધે છે. ?

★ જિંદગી તો આપનીજ દેન છે, અને રગદોળી દીધી એફામ થઇ !
કૃત્ય આવુ આપને શોભે નહી, રામ-રાવણના રમાડયા રામ થઇ ?

★ નામ સરનામા વગર બોલાવાયતુ, તારૂ હોવાનુ બધે કહેવાશ છે,
આમતો અમથોય ક્યાં તું હોય છે. ! આંખ મીચું તો બધે દેખાય છે

★ કંઇ એવુ કર પ્રભુ ! કે તને થોડો જશ મળે.
હુ પણ કહું બધાને કે પરવર દિગાર છે.

* સમાચાર દર્શન *

દુઃખદ અવસાન

ટીંબાતલાવ કંપા

કચ્છ મથલના વતની હાલ છેલ્લાં ૬૦ વર્ષથી ઉપરોકત કંપામાં ખેતીવાડીનો વ્યવસાય કરતા પટેલ રામજીભાઇ નથુભાઇ ડોસાણીના યુવાન પુત્ર પ્રહલાદભાઇનું ગત તા. ૧૯–૩–૮૨ના રોજ ૩૦ વર્ષની યુવાન વયે અકાળે દુઃખદ અવસાન થયું છે. તેઓ સ્વભાવે મિલનસાર તેમજ માયાળુ હતા.

સદ્‌ગત શ્રી તેમની પાછળ વિધવા પત્ની બાળકો, માતાપિતા તેમજ ભાઇ ભાંડુઓના વિશાળ પરિવારને વિલાપ કરતાં મુકી ગયા છે પ્રભુ અકાળે આવી પડેલ આપત્તિનો ઘા જીરવવાની પરિવારને શકિત આપે તેમજ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

કચ્છ, મથલના રહીશ તેમજ ઉપરોકત કંપાના વતની પટેલ અબજીભાઇની યુવાન પુત્રી કાન્તાબેનનું ૨૨ વર્ષની ઉમરે લાંબી માંદગીબાદ તા. ૨૬–૩–૮૨ ના રોજ અવસાન નીપજ્યું છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેમજ કુટુંબીજનોને અકાળ અવસાનનો આઘાત સહન કરવાની શકિત આપે એજ અભ્યર્થના.

હાલ છેલ્લે આશરે છ દાયકાથી ખેતીવાડીનો વ્યવસાય કરતા ટીંબાતલાવકંપાના રહેંશ પટેલ રતનશીભાઇ હરીભાઇ (કચ્છ–મથલવાળા નું ગત તા. ૨૯–૩–૮૨ના રોજ ૫૬ વર્ષની ઉંમરે આકસ્મિક દુઃખદ અવસાન નીપજયું છે.

સદ્‌ગત શ્રી કંપાના અગ્રગણ્ય ખેડૂત, સ્વભાવે મિલનસાર અને માયાળુ હતા.

તેમના અવસાનથી વિધવા પત્ની–પુત્ર પુત્રીઓ, અને પૌત્ર–પૌત્રીઓના વિશાળ પરિવારે આઘાત તેમજ કંપા નિવાસીઓએ આંચકો અનુભવ્યો હતો.

પ્રભુ સૌ સ્નેહી–સંબંધીજનોને અસહ્ય આઘાત સહન કરવાની શકિત આપે તેમજ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

રણુજીતપુરા (જી. ખેડા) ના શ્રી પટેલ નાનજીભાઇ વિશ્રામભાઇ તથા ભવાનભાઇ વિશ્રામભાઇ દિવાણીનાં માતૃશ્રી લક્ષ્મીબેનનું તા. ૭–૩–૮૨ ના રોજ ટૂંકી માંદગી બાદ ૯૨ વર્ષ ની ઉંમરે અવસાન થયું છે. તેઓ તેમનાં કુટુંબીજનોને વિલાપ કરતાં મુકી ગયાં છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા સંચાલીત કુમાર તથા કન્યા. છાત્રાલયના માટે અનાજમાં ભેટ આવેલ ઘઉંની વિગત.

કીલો			
૪૦૦	શ્રી શાંમજીભાઇ પેથાભાઇ પટેલ		દોલપુરકંપા
૩૦૦	શ્રીમતી જસુબેન ભીમજીભાઇ	પટેલ	,,
૨૦૦	શ્રીમતી જાનાંબેન પ્રેમજીભાઇ	પટેલ	,,
૨૦૦	શ્રીમાન પુંજાભાઇ દેવશીભાઇ	પટેલ	,,
૧૦૦	શ્રીમાન નાંનજીભાઇ માધાભાઇ	,,	,,
૧૦૦	શ્રીમ.ન કરમશીભાઇ વાલજીભાઇ	,,	,,
૧૦૦	,, જેઠાભાઇ ભાંણુજીભાઇ	,,	,,
૧૦૦	,, પેથાભાઇ હીરજીભાઇ	,,	,,
૧૪૦	,, કાનજીભાઇ રાંમજીભાઇ	,,	,,
૧૦	,, કેસરાભાઇ લધ્ધાભાઇ	,,	,,
૧૮૦	, ગોપાળભાઇ પુંજાભાઇ	,,	બાણીકંપા
———			
૧૮૩૦			

ઉઘરાવનાર શ્રી ખેતાભાઇ શાંમજીભાઈ પટેલ ગૃપ સભ્ય

★

卐 રેડક્રોસ સોસાયટી વાત્રક, તેની પ્રવૃતિઓ અને ફંડ માટે, સમગ્ર ગુજરાતમાં ત્રીજા સ્થાને આવે છે. જેનું સંચાલન ડો. હરિલાલ પ્રે. પટેલ (નવાનગર) કરી રહયા છે. કરી રહયા છે. તા. ૧૮-૪-૮૨ ના રોજ મહેંદી નવાબ જંગ હોલ ખાતે, ગવર્નરના હસ્તે તેમને શિલ્ડ અર્પણ કરવામાં આવશે

●

● શ્રી આર. એસ. ઘોળુ વિદ્યાર્થી ભવન, ધનસુરાના વર્ષ ૮૧-૮૨માં શ્રી સુરેશકુમાર આર. પટેલ [ધો. ૧૨] સોનારડા ઉત્તમ છાત્ર તરીકે આવી નંબર મેળવી જાય છે. —અભિનંદન

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ; અમદાવાદ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદની સામાન્ય સભા તા. ૨૧/૩/૮૨ ના રોજ સમાજવાડી હોલમાં મળી હતી. તેમાં આવતા ત્રણ વર્ષ માટેની કાર્યવાહક સમિતિ સર્વાનુમતે નીચે મુજબ ચુંટી કાઢવામાં આવેલ હતી.

કાર્યવાહક સમિતિ.

૧	શ્રી. જેઠાભાઈ પુંજાભાઇ પટેલ	પ્રમુખ
૨	શ્રી. અખજીભાઇ રામજીભાઇ પટેલ	ઉપ. પ્રમુખ
૩	શ્રી. લાલજીભાઈ મેઘજીભાઇ પટેલ	માનદ મંત્રી
૪	શ્રી. વિશ્રામભાઈ સોમજીભાઇ પટેલ	સહ મંત્રી
૫	શ્રી. જયંતિલાલ જીવરાજભાઈ પટેલ	સહ મંત્રી
૬	શ્રી. રવજીભાઈ નાગજીભાઈ પટેલ	ખજાનચી
૭	શ્રી. દેવશીભાઇ રામજીભાઈ પટેલ	સભ્ય
૮	શ્રી. કરસનદાસ માવજીભાઈ પટેલ	”
૯	શ્રી. નારણભાઈ જેઠાભાઈ પટેલ	”
૧૦	શ્રી. કરસનભાઇ મેઘજીભાઇ પટેલ	”
૧૧	શ્રી. હરીલાલ દેવશીભાઈ પટેલ	”
૧૨	શ્રી. પરબતભાઈ માવજીભાઈ પટેલ	કો.ઓપ્ટ
૧૩	શ્રી. લખુભાઇ લખ્ધાભાઇ પટેલ	”
૧૪	શ્રી. હંસરાજભાઈ વાલજીભાઇ પટેલ	”
૧૫	શ્રી. મણીલાલ હંસરાજભાઇ પટેલ	”

યુવક મંડળને.... ....

ચંદુભાઇ એમ. પટેલ

ચાલુ વર્ષ દરમ્યાન સાબરકાંઠા જીલ્લાના કાશીપુરા કંપા તા. હીમતનગરમાં શ્રી યોગેશ્વર યુવક મંડળ સંચાલીત સિવણ વર્ગનું નહેરૂ યુવક કેન્દ્ર હિંમતનગરના સહયોગ થી આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૮ (અઢાર) બહેનોને સિવણ અંગે તાલીમ આપવામાં આવી હતી. અત્યારે તખતગઢ તા. પ્રાંતિજ માં પણ નહેરૂ યુવક કેન્દ્રના સહયોગથી શ્રી તખતગઢ યુવક મંડળ સંચાલિત સિવણવર્ગ ચાલે છે જેમાં ૪૦ (ચાલીસ) જેટલી બહેનોને તાલિમ આપવામાં આવે છે વર્ગમાં ૭ મહિનાની અંદર સિવણ અંગેનું સંપુર્ણ જ્ઞાન બહેનોને પોતાના જીવનમાં ખુબ ઉપયોગી નિવડે છે.

શું આપના ગામમાં ઓછામાં ઓછી ત્રીસ બહેનોને સિવણકામ શીખવામાં રસ છે જો હોયતો આપના યુવક મંડળ મારફતે અમે આપના ગામમાં સિવણ વર્ગ ચલાવી શકો છો વર્ગનો સમય આપની અનુકુળતા પ્રમાણે રાખી શકશો. આ માટે આપનુ મંડળ રજી. હોવુ જરૂરી નથી પરંતુ વર્ગનું સંચાલન આપના યુવકમંડળે જ કરવાનુ હોય છે.

આ અંગે આપ વધુ માહિતી ઇચ્છતા હોય તો. અને આપના કંપામાં વર્ગ શરૂ થઇ શકે તેમ હોય તો નિચેના સરનામે આપ પત્ર વ્યવહાર કરી શકો છો.

મંત્રીશ્રી
શ્રી યોગેશ્વર યુવક મંડળ
મુ. કાશીપુરાકંપા, પો. પુરાલ
તા. હિંમતનગર

યુવક મંડળ ચેરિટી રજીસ્ટર કરાવવા માટેની માહિતી

ચદુભાઇ એમ. પટેલ, કાશીપુરાકંપા

ગામના વિકાસ માટે યુવક મંડળ ખુબજ ઉપયોગી સંસ્થા હોઇ સરકારી અને બિન સરકારી સંસ્થાઓની સાથે પત્રવ્યવહાર કરી સરકારી અને બિનસરકારી નાણાં મેળવી ઉપયોગમાં લઇ શકાય છે. અને આ માટે યુવક મંડળ રજી. હોવું ખુબજ જરૂરી છે. કારણ કે ગામના વિકાસમાં ગ્રામજનો, દાનવીરો અને સાંસ્કૃતિક કાર્યક્રમો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ વડે નાણાં મેળવી શકાય છે. આ નાણાનો હિસાબ સુંદર રીતે રાખવો જરૂરી છે. કારણ કે નાણાં આપનાર વ્યકિતને પોતાનાં નાણાં લોકહિતાર્થ વપરાયાં છે. તેવો વિશ્વાસ પેદા થાય અને બીજી વખત પણ મંડળને જ્યારે નાણાની જરૂર પડે ત્યારે વિશ્વાસથી અને ખુશીથી આપે તે માટે તેની વ્યવસ્થા અને સંચાલન ખુબજ સારી હોવી જરૂરી છે. સંસ્થા રજી. બે કાયદાને ધ્યાનમાં લઇ કરવામાં આવે છે.

(૧) ૧૯૫૦ બોમ્બે પબ્લીક એક્ટ (૨) ૧૮૬૦ ચેરિટી સોસાયટી રજી. માટે માન્ય રાખવામાં આવેલ છે.

ફી :—

(૧) ૧૯૫૦ પબ્લીક એક્ટ હેઠળની ફી રૂ. ૩–૦૦ છે જે આવકની મર્યાદામાં વધે છે.
(૨) ૧૮૬૦ સોસાયટી એક્ટ હેઠળ રૂ. ૫૦–૦૦ ની ફી છે.

ઉપરોક્ત બન્ને કાયદામાં સ્ટેમ્પ ડયુટી અલગ રૂા ૨ ૦૦ ભરવાની હોય છે.

મંડળ રજી. કરવાની વિગતો નીચે મુજબ છે.

(૧) ગામમાં યુવક મંડળની સ્થાપના કરી રજી. કરવા ઓછામાં ઓછા ૩૦ સભ્યો હોવા જરૂરી છે.

(૨) આ ૩૦ સભ્યો પોતાની કારોબારીની નીચે પ્રમાણે રચના કરે છે.

૧. પ્રમુખ, ૨. ઉપપ્રમુખ, ૩ મંત્રી, ૪. સહમંત્રી, ૫. ખજાનચી, ૬ ઓડીટર

(૩) કારોબારીની રચના થયા પછી નીચે પ્રમાણે ઠરાવો કરવાના હોય છે.

ઠરાવ – ૧. આજરોજ તા..........૧૯.... ના વર્ષ માટે......... યુવક મંડળની સામાન્ય સભા મળી હતી. જેમાં નીચે જણાવ્યા મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

પ્રમુખ શ્રી.............	સહમંત્રી શ્રી.............
ઉપપ્રમુખ શ્રી.............	ખજાનચી શ્રી.............
મંત્રી શ્રી.............	ઓડીટર શ્રી.............

કારોબારી ના સભ્યો સાત થી નવ કે અગીયાર (ગામની સંખ્યા પ્રમાણે)

ઠરાવ નં. – ૨

આજરોજ તા............ની સામાન્ય સભામાં...........યુવક મંડળ વતી મંડળને ચેરીટી રજી. કરાવવા મંડળના પ્રમુખશ્રી............અને મંત્રી શ્રી.........
......ને કાર્યવાહી કરવા માટે સત્તા આપવા સર્વાનુમતે ઠરાવ્યું છે.

ઠરાવ નં. – ૩

આજરોજ તા..............ની............ યુવક મંડળની સામાન્ય સભામાં યુવક મંડળના ટ્રસ્ટીઓની નીમણુક સર્વાનુમતે નીચે પ્રમાણે કરવાનું ઠરાવેલ છે.

(૧ થી પાંચ) ૧......... ૨.......... ૩......... ૪.......... ૫.........

અ નં.	સભ્યોનાં નામ	ઉમર	અભ્યાસ	સરનામુ	સહી
(૧ થી ૩૦ સુધી)					


યુવક મંડળનું નામ......................

ઉપર જણાવેલ ટ્રસ્ટને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધવામાં આવે તે માટે અમે ટ્રસ્ટીઓ સહમત છીએ. અમો ટ્રસ્ટીઓ વતી શ્રી..............એ અરજી કરી છે. અને તેની નોધણી કરવા માટે અમારે તપાસણીની નોટીસની જરૂર નથી. અને તેથી તે જતી કરીએ છીએ આ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે અમો સહમત છીએ અને આ હેઠળ અમોએ સહી કરી છે આથી આ ટ્રસ્ટની નોંધણી કરી નોંધણીનો દાખલો આપવા વિનંતી છે.

ટ્રસ્ટનું હિસાબી વર્ષ..............રાખેલ છે.

ટ્રસ્ટીઓનાં પુરા નામ   સહી / અંગુઠા


સો મીલ માલીકો માટે ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહેછે. અને બેન્ડસો બ્લેડ ચાલેછે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
UE
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩



Shree

LAXMI ENGINEERING WORKS

શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેકટરીની બાજુમાં,
નરોડા રોડ, **અમદાવાદ-૩૮૨૩૪૦**

ફો. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮
૩૯૪૪૭૧

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

GAGRUTI APRIL–'82 Reg. No. GHMR/5

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

આ. નં.

Book – Post

To.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમિયાય નમઃ ॥





વર્ષ : ૨૪
અંક-૫
મે-૧૯૮૨

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ
બી. એ

卐 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨) , પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લખક ભાઈ અગર બહેન પોતાનો ખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.

- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

તો આવશેજ અને તે દુઃખો ભુલવાનો એક જ રસ્તો છે : રમત વિવેકથી છોડવું. સદંતર ભુલવુ માણસને શક્ય નથી તેથી માણસ રમતમા દુઃખ ભુલે. બીજી વાત એ કે રમતમા પરા જય પણ સ્વિકારવાનો આવે. માણસે જયથી જેમ ગાંડા થવાનું નથી તેમ પરાજયથી પડી જવાનું નથી. આ પરાજય આ ફટકો આપણા ચાલતા રહેલા જીવનમાં આપણને ન મળે હાં-બજારમાં કોઇનું નુકસાન ન થાય તેમ ઇચ્છુ છું. પણ રમતી વખતે એ અભ્યાસ છે. રમતમાં આપત્તિ સ્વિકારવાની છે. જીવનમાં આપત્તિતો આવે, પણ મન ખડતલ કરવાનું છે માટે રમતમાં આપત્તિ સ્વિકારો તે માટે હિંમત જોઇએ માનવી જીવનમાં રમતની આવશ્યકત્તા છે. કેવળ ગંભીર ચહેરો કરીને નહી ચાલે અને એ જ આ જુવાનીયાઓ ધ્યાન રાખશે તો તેમનું જીવન ખીલતું રહેશે.

ધરતી વિકાસ મંડળ અમદાવાદ યોજીત પાંચમો સામૂહિક લગ્નોત્સવ,

ઉપરોકત મંડળ દ્વારા ગત વૈશાખ વદ ૧ ને રવીવાર તા. ૯-૫-૮૨ ના રોજ કામેશ્વર મહાદેવ હોલ નારણપુરામાં કડવા પાટીદાર સમાજનાં પાંચ નવદંપતી ઓનો લગ્નોત્સવ ધામધુમ પુર્વક ઉજવવામાં આવ્યો હતો.

,પ્રસંગ વખતે ગુજરાત હાઇકાર્ટના ન્યાયમૂર્તિ માનનીય શ્રી એન. એચ. ભટ્ટ સાહેબને આશીર્વચન આપવા નીમંત્રણ આપવામાં આવ્યું હતું.

કાળઝાળ મોંઘવારીના જમાનામાં સમુહમાં લગ્નોત્સવનુ આયોજન કરવા બદલ ધરતી વિકાસ મંડળના આયોજકોનો અભીનનીય ’પ્રવૃતિ બદલ જાગૃતિ કાર્યાલય ખુબ ખુબ આભાર માને છે

સમગ્ર કડવા પાટીદાર સમાજમાં ઘણાખરા વિભાગોમાં સમુહ લગ્નો યોજાય છે જયાં જયાં લગ્નો યોજાતાં ન હોય ત્યાં ત્યાં સમુહલગ્નોના આયોજન દ્વારા કડવા પાટીદારો પછી કચ્છ કાઠીયાવાડ ગુજરાત કે અન્ય ’પ્રદેશોમાં વસતા હોય તેમણે સમાજને આર્થિક આપત્તિમાંથી ઉગારવાની જરૂર છે

કડવા પાટીદાર સમાજનાં ’પ્રત્યેક કુટુંબના વડીલજનો એ પણ વિભાગવાર સમુહ લગ્નો યોજનાર આયોજકોને સહકાર આપવા પોતાનાં પુત્ર પુત્રીઓનાં લગ્નો આપ મેળે ન ગોઠવતાં સમુહ લગ્નોત્સવનો લાભ લે તે જરૂ ઇચ્છવા યોગ્ય છે,

તંત્રીસ્થાનેથી

* સંપાદન

માનવનું લક્ષણ શું ? એ વાત છે. વિચાર અને ભાવ. ભોગ તો સાર્વજનિન છે. કીડીથી શરૂઆત કરીને બધાની પાસે છે, પણ વિચાર અને ભાવ એ એ માણસનુ વૈશિષ્ઠય છે. માણસને ભગવાને વિચાર આપી દીધો છે. સર્પ કરડતી વખતે વિચાર કરતો નથી. કે આ કેટલી યોગ્યતાનો માણસ છે. પણ માણસને લાગે કે આને કરડુ કે નહિ, મારુ કે નહિ, રાખું કે નહિ, કેવી રીતનો રાખું. આ વિચાર માણસના મનમાં આવે અને તેમાંથી નીતિ–અનીત, યોગ્ય–અયોગ્ય બધું ઉભું થાય. આમ જેમ વિચાર છે તેમ માણસ પાસે ભાવ પણ છે 'ભુતકાળ' જેને યાદ હોય તેનું નામ ભાવ. ભુતકાળ જે ભુલી જતો હશે તેનામાં ભાવ નથી બળદ પોતાની માને યાદ કરતો નથી. કારણ કે તેને ભુતકાળ યાદ નથી. માણસ પોતાની માને યાદ કરે છે કારણ તેને ભુતકાળ ખબર છે. વર્તમાનમાં રહેવું જોઈએ, ભુતકાળમાં રમતા આવડવુ જોઈએ અને ભવિષ્યકાળમાં દ્રષ્ટિ રાખવી જોઈએ તો જ માણસને માણસ ગણાય. ભાવ. એટલે ભુતકાળ ધ્યાન રાખવો. આ દેશને આ સંસ્કૃતિને ભુતકાળ હતો કે નહિ ? જે ભુતકાળ છે તે ધ્યાન રાખો. આજે જ માનવ ઉભો થયો તેવી રીતનું નથી દસ દસ હજાર વર્ષ સુધી માનવ ઉભો રહ્યો છે, ટક્યો છે, વિકાસ પામ્યો છે, સુખ પામ્યો છે, પોતાના જીવનમાં આવતા અને સમાજમાં ઉભા થતા કોયડાઓનો જવાબ આપી શક્યો છે. આજે ભુતકાળ છે તે ભુતકાળનો વિચાર કરવો એટલે જ સંસ્કૃતિનો વિચાર કરવો. અને તે વિચાર કરવાવાળો આ વર્ગ છે. તે વિચાર કરવા આ લોકો તૈયાર છે. તેથી એટલું જ કહું કે હે ભગવાન, આ વર્ગને હસતો નાચતો રાખ. સંસ્કૃતિના ભુતકાળને, ઋષિઓએ કરેલી મહેનતને યાદ કરવાવાળા આ નવજુવાનો જ વિચાર કરતા રહયા છે કે તારું કઈ કામ થાય તેથી તેમને હસતા રમતા રાખજે,

ડી. બી. ટી. ના થનગનતા યુવાનો ! તમને હું શું કહુ ? ત્રિસુત્રી રાખી દો.

(૧) રમો (૨) વિચાર કરો અને (૩) કામ કરો.

યુવાનોએ રમવું જ જોઈએ.[રમતમાં ઘણી વાતો છે. પણ તે Divinity પાસે લઈ જાવ તો જ તમે Divine Brain Trust ની રમતમાં પણ Divinity હોવી જોઈએ. Krhna made divine માનવને દુઃખો

અનુક્રમણિકા

* ચારિત્ર્ય

સુરેશ આર. પટેલ
સોનારડા

ખરા મનુષ્યના રકતનું એક ટીપું પણ સમુદ્રના તમામ પાણી કરતાં વધુ કિંમતી છે.

'મનુષ્ય' એ ખિતાબ સર્વ ખિતાબો કરતાં ઉત્તમ છે

મનુષ્યની સંખ્યા, શહેરોનું કદ તેમજ પાક, એ કાંઇ સંસ્કૃતિનું સાચામાં સાચુ પ્રમાણ નથી; પરંતુ દેશ જે પ્રકારના માણસો ઉત્પન્ન કરે તેજ તેનું સાચામાં સાચુ પ્રમાણ છે. —ઇમર્સન

'અડચણને કાપી નાખો અને મનુષ્યને બહાર કાઢો. પોપ અપ્રતિમ અને અમર કિર્તિ ધરાવનાર વોશિંગટને માનવ જાતિ પર કેટલો ઉપકાર કર્યો છે તે માત્ર અનંતકાળ જ તેને જણાવશે. —જેમ્સ એ. ગારફીલ્ડ

ઉદ્ધત ન બનો તેના કરતાં તો નામશેષ થઇ જાઓ એજ બહેતર છે. –ટેનિસન

ઉદાત્ત બનો એટલે બીજા માણસોમાં પણ જે ઉદાતતા સુતેલી હશે

કેમ કે તે કોઇનામાંથી કદી પણ નષ્ટ થયેલી તો હોતી જ નથી. તે જાગૃત થશે અને તમારી ઉદાત્તતાને મળતી આવશે

'માત્ર સદ્દગુણ જ પિરામિડો કરતાં ઊચી ઇમારતો બાંધે છે, અને મિસરનું પતન થશે તો પણ તેના સ્મરણ સ્તંભો તો ખડાજ રહેવાના. —યંગ

એક માણસ એટલો બધો વધ્યો હોય કે તે ધ્રુવને સ્પર્શ કરે અથવા સૃષ્ટિ આખીને પોતાની મુઠ્ઠીમાં સમાવી દે, તો પણ તેનું માપ તો તેની આંતરિક યોગ્યતા ઉપરથી જ થવું જોઇએ. અંતઃકરણ જ મનુષ્યનું માપ છે. વૉટસ

આપણુ જીવન વર્ષોથી નહિ પણ કાર્યોથી મપાય છે. અંતઃકરણ ઉપરથી જ તેનું માપ થાય છે, શ્વાસોચ્છવાસ દ્વારા થતુ નથી. લાગણીઓ ઉપરથી તે મપાય છે, ઘડીયાળના કાંટા વડે મપાતુ નથી; જે માણસ સૌથી વિશેષ વિચાર કરે છે; ઉત્તમોત્તમ મનોવૃતિઓ ધરાવે છે અને ઉત્તમોત્તમ કાર્યો કરે છે તેજ માણસ સૌથી વિશેષ જીવે છે. —બેઇલી

'પુરુષ અથવા સ્ત્રીની સત્કીર્તિ એજ તેના આત્માનો પ્રથમ અલંકાર છે.,

'મારા સદ્દગુણો કાંઇ મારી સાથે બીમાર પડતા નથી; તેમજ તેઓ માટીની કબરમાં દટાશે પણ નહિ. –ઇમર્સન

રોજ સવારે વહેલા ઉઠીને

દેશ વિદેશનાં બાળકો શું કરે છે.

જયરામભાઈ પી. પટેલ
ઉમિયા પ્રિન્ટરી, હીંમતનગર

- ફ્રાન્સનાં બાળકો રોજ સવારે વહેલા ઉઠવાની સાથે જ પોતાની પથારી તપાસી લે છે તે જોવા માટે કે પથારી ગંદી તો નથી થઇ ને.
- પાકિસ્તાની બાળક ઉઠતાની સાથે જ કુરાન માગે છે અને ખુદા (ભગવાન) ઇબાદત (પ્રાર્થના) કરે છે.
- અંગ્રેજ બાળકો રોજ સવારે વહેલા ઉઠીને છાપું માગે છે જેથી દેશવિદેશના સમાચારો જાણી શકાય.
- અરબ બાળક રોજ સવારે ઉઠીને બીજા બાળકોને સાથે લઇને, સંગાથે ભાલો લઇને રેતીના ઢગલા પર જાય છે. ત્યાં જઇને તે પોતાના પૂર્વજોના કાર્યોનો અભ્યાસ કરે છે.
- તુર્કસ્તાનનો બાળક સવારે ઉઠીને પોતાની કટાર માગે છે અને પોતાના દેશનું અભિમાન સેવે છે,
- પઠાણ બાળક રોજ સવારે ઉઠતાંની સાથે જ આજે કયા છોકરા સાથે ઝઘડો કરવો તેનો વિચાર કરે છે. તેમાં તેને પોતાની વિરતા લાગે છે.
- જાપાની બાળક સવારે ઉઠતાની સાથે પોતાની જમીન તપાસી જુએ છે, તેમાં કોઇ તિરાડ તો નથી પડીને તે જોવા માટે.
- ભારતના બાળકો સવારે ઉઠતાની સાથે જ ચા અને નાસ્તો માગે છે અને ન મળે તો રોવા માંડે છે આમાં તે પોતાની વીરતા બતાવે છે.

દુષ્ટતા મિત્રતા

સંપાદકઃ પટેલ દિલીપકુમાર એમ.
શંકરપુરાકંપા, (ભીલોડા)

દુષ્ટો સાથે શત્રુતા જ સારી મિત્રતા નહિ. —રામાયણ

તમે વેરથી વેરને નહિ, પણ અમૃતથી જ વેરને શમાવી શકો. અંધકારને અંધકાર વિદારી શકતો નથી. આગને આગ વડે બુઝાવી શકાતી નથી. મેં અનેક શત્રુઓ બનાવ્યા છે. જો મારો નાશ થશે તો એનું કારણ મારા શત્રુઓ જ હશે. આજ સુધી ઇર્ષા અને દુર્ભાવના સત્ય પુરુષોના મૃત્યુનું કારણ બની છે અને કદાચ આગળ પણ એમ જ થશે. મરનારાઓની આ અમર પરંપરામાં હું અંતિમ વ્યકિત નથી એ હું જાણું છું.

—સોક્રેટીસ

ચૌદશીયા

હેમંતકુમાર મહેન્દ્રભાઇ પટેલ
બોધવનગર

સમાંજને ઉપયોગી ન થાય ચૌદશીયા,
વ્યક્તિનો વિકાસ અટકાવે ચૌદશીયા,
સમાજના દુશ્મન કહેવાય ચૌદશીયા,
પતિ પત્નીનો સંબંધ તોડનારા ચૌદશીયા,
નારદનું કામ કરાનારા ચૌદશીયા,
ગામ ગામ વચ્ચે ઝઘડો કરાવનારા ચૌદશીયા,
ભાઇ ભાઇની વચ્ચે વેર વધારનારા ચૌદશીયા,
ખોટાં કાર્યે કરનારા ચૌદશીયા,
કોઇ કોઇ નો સબંધ અટકાવનારા ચૌદશીયા,
હોય હમેશાં ઇર્ષ્યાળુ ચૌદશીયા.
ખોટા ખોટા પૈસા મેળવાનારા ચૌદશીયા
કુસંપ ઉત્પન્ન કરનારા ચૌદશીયા,
ગામની ખોટી પંચાયત કરનારા ચૌદશીયા.
ખરાબમાં ,પ્રથમ સ્થાન મેળવનારા ચૌદશીયા,
ચૌદસીયા ની વાત માનરા ચૌદશીયા,

+ ખરાબ :- જે સ્વાર્થી હોય તેવા માણુસો,

* ચૌદશીયા :- ચમચાઓ

પ્રથમ એક અક્ષર કાઢીને વાંચો તો

(૧) પાવર સ્ત્રીને હોય છે. — પટેલ દીનેશકુમાર અંરજણભાઇ તલોદ
(૨) સંબંધ તુટવાથી મોરબીમાં પુરઆવ્યું
(૩) ખમણ એટલે ૨૦કીલો થાય
(૪) પરીક્ષામાં બેસાય છે
(૫) મકાન થી સંભળાય છે
(૬) ગવાર સાત હોય છે
(૭) જીવનમાં જંગલી પ્રાણીઓનો ભય હોય છે
૮ ચોપડી જવાથી ઈજા થાય છે
૯ નમન સાફ રાખો
૧૦ ખુરસી મુકવાથી શીતળા નો રોગ થતો નથી
૧૧ સુરણ પ્રદેશમાં ઉંટ સહેલાઇથી ચાલે છે
૧૨ રબારીમાંથી હવા આવે છે
૧૩ જમીન એક રશી છે
૧૪ ચાદરમાં ઉંદર રહે છે

ખંત

સંપાદક : પટેલ ભરતકુમાર રતિલાલ
રામપુરા હરસોલ

જીવનની સફળતાઓનો આધાર ખંત ઊપર છે જે કારીગરો પોતાનુ કામ સંપૂર્ણ બનાવવું હોય, તેણે 'પ્રથમ પોતાનાં ઓજારો ને ધાર કાઢી લેવી જોઇએ

કોન્ફયુશીયસ

ખંત જ ખુશનસી બીનું જનક છે ઇશ્વર બધી વસ્તુઓ ઉદ્યમેનજ સમપે છે આજે જે જેટલું થાય તેટલુ કરી લો, કારણ કે કાલે શી મુશીબતો આવીને ખડી થશે તે કોણ જાણી શકે? આજ નો એક દિવસ એ આવતી—કાલ બરાબર છે આજે કરી શકાય, તે કાલ ઉપર મુલતવી ન રાખો — ફ્રેન્કલીન

જે ખંતથી મચ્યો રહે છે તે કદી હતાશ થતો નથી કારણ કે ખંત અને ઉદ્યમ થી બધી વસ્તુઓ સિદ્ધ થઇ શકે છે—મીનેન્ડર

સિક્કાની બીજી બાજુ ?

ડાહ્યાલાલ મનજીભાઇ ચૌધરી
(નડીયાદવાળા)
દ્વિતિયવર્ષ એમ. બી. બી. એસ–વડોદરા.

યુવક-યુવતીઓનું એક ટોળું સહેલગાહે મહી નદીના પટમાં પડ્યુ હતું યુવાનીની મસ્તી હતી નદીને અડીને સરસ મજાનો બગીચો આવેલો હતો નદીની રેતમાં ક્યાંક ક્યાંક કામચલાઉ વાવેતર પણ કર્યુ હતું. નાના મોટા પથ્થરાઓનો પાર ન હોતો એ બધાની વચ્ચે જાણે પાણીનો કોઇ આધાર નહોતો !

સ્મિતા પણ આમાં સામેલ હતી. છોકરાઓનેય શરમાવે તેવી ઉછળકૂદ કરતી આ છોકરી પોતાની જાતને શુંય સમજતી હતી. 'કવીન ઓફ સીબા' વાળી રમત રમે તો પોતે કવીન બનતી ઉભી ખો જેવી રમતને તો બાળકોની રમત કહી ધૂતકારી કાઢતી........ છોકરીઓમાં તો તે પોંતાની જાતને શ્રેષ્ઠ માનતી હતી. પણ તેને તો છોકરાઓમાંય શ્રેષ્ઠ બનવું હતું. તેણે રમત બદલી......

બધાં નદીના પ્રવાહ પાસે આવ્યાં અને પથરા પર બેસી પાણીમાં છબછબિયાં કરવા લાગ્યાં કોઇ કોઇના પર પાણી પણ ઉડાડી લેતું !

સ્મિતાએ પોતાનો ખેલ શરૂ કર્યો તેણે બૂમ પાડી બધાનું ધ્યાન પોતાના તરફ દોર્યું પછી ધીમે ધીમે પાણીની સપાટીને પગની ઉપરને ઉપર આવવા દીધી પણ પાણી અને પથ્થર બંને છેતરામણા નીકળ્યાં તે પોતાના મિત્રો તરફ જોઇ એક એક ડગ પાછળ ખસતી હતી. પણ પાછળનું પાણી ધૂમરી લેતું હતું. પથરા ચીકણા હતા. પરિણામે તે પડી ગઇ આડી.........!

બધાએ તાળીઓ વગાડી સ્મિતા પોતાના ખેલમાં સફળ થતી સૌને લાગી પણ ક્યાં કોઇ જાણતું હતુ કે ખરાખરીનો ખેલતો હવે શરુ થાય છે......

રિમતા પડી નહોતી, પડી ગઇ હતી.

તેણે હવાતિયા મારવા શરૂ કર્યા થોડીવારની તાળીઓ પછી મિત્રોને પણ ખ્યાલ આવી ગયો કે સ્મિતાનો ખેલ પૂરો થઇ ગયો છે. હવે ઉપરવાળાએ પોતાનો ખેલ શરૂ કર્યો છે !

પ્રવાહમાં તણાતી સ્મિતા બચવા માટે હવાતિયા મુમો...કિનારે ઉભેલ મિત્ર મંડળ !

છોકરીએ એ કકળાટ મચાવી દીધા બે ત્રણ છોકરાઓ પોતાની જાતને ખાં માનતા હતા. પણ તેમણે વિચાર્યુ જ્યાં સ્મિતાનું ન ચાલ્યુ, ત્યાં અમારું શું ગજુ! આથી એમનામાં ઉભરાયેલ ખોબા જેટલું પાણીય ઓસરી ગયું.

સહેલગાહે આવેલા રડયા-ખડયા સજ્જનો અને સન્નારીઓનું ધ્યાન કદાચ આ બાજુ દોરાયું હશે પણ એમને આંખ આડા કાન કરવાનું ઠીક લાગ્યું...

સ્મિતાની બૂમો ચાલુ હતી, બલ્કે વધી હતી.

મિત્રવૃંદ નિઃસહાય ભાવે આજુબાજુ દૃષ્ટિ ફેરવી રહ્યું...

ત્યાં જ પાસેના ખેતરમાંથી એક ગામડિયા જેવો માણસ દોડયો. ખમીશ કાઢી ધોતિયા ભેર કૂદી પડ્યો પાણીમાં અને ઝડપથી પાણી કાપી સ્મિતા તરફ જવા લાગ્યા

મિત્રવૃંદ હર્ષની કિકિયારી કરી ઉઠયું ! કંઇ ફિલ્મમાં હીરો હીરોઇનને આ રીતે બચાવી લે છે? એક મિત્રે પાસેના મિત્રને કહ્યું.

'પણ અહિં તો ચરિત્ર અભિનેતા હીરોઇનને બચાવતો હોય તેવું નથી લાગતું? પોતાને હીરો માનતા કોઈ ડંફાસમારુથી ન રહેવાતાં કહી દીધું.

સ્મિતા પાણીમાં ઠીક ઠીક ખેંચાઇ હતી. વધુ સમય પાણીમાં રહેવાથી બિચારુ પાણી પણ પેટમાં કયારનુંય પહોંચી ચૂકયું હતું એના પ્રયાસો હવે શિથિલ થઈ ચૂકયાં હતાં.

પેલા ગામડિયાએ ઝડપ વધારી ... સ્મિતા પાસે પહોંચી, પાછું પણ જોયા વિના આગળને આગળ તરવા લાગ્યો, સામે કિનારા તરફ.? મિત્રોને થોડું આશ્ચર્ય થયું. સામેનો કિનારો તો આબાજુના કિનારા કરતાંય દૂર છે? પણ કદાચ તેને પાછા ફરવાનું નહી ફાવતું હોય

કિનારો નજીક આવતાં એ ગામડિયાએ સ્મિતાને હાથમાં ઉંચકી અને કિનારે રેતી પર સુવડાવી. સામેના કિનારેથી મિત્રમંડળ કૃતજ્ઞ ભાવે એ માનવ રૂપી દેવને જોઇ રહયા?. પગ પકડવા દોડી જવા ઇચ્છે તોય સામે કિનારે તો પહોંચી શકાય તેમ નહોતું...!

અરે!...

પેલા ગામડિયાએ સ્મિતાના ડાબા કાંડેથી ચમકતી ફેરેનની ઘડિયાળ ઉતારી. જમણા હાથની આંગળીઓમાંથી બન્ને સોનાની વીંટીઓ ઉતારી, કાનની ઝળઝળતી એરીંગો અને નાકની નથણી ઉતારી છેલ્લે ગળામાં હાથ નાખી હાર ખેંચી ભાગ્યો. કોતરોની પાર?!?....

મિત્રવૃંદ હજીએ આ જોઈ રહયું હતું.... દોડી જવા ઇચ્છે તોય સામે કિનારે પહોંચી શકાય તેમ નહોતું...

* નોકર માટે આટલું કરજો

સંપાદક—
સુરેશ વી. પટેલ, નવાનગર

૧. ઘરમાંના સ્ત્રીવર્ગને ધ્યાનમાં રાખી નાની અગર મોટી ઉંમરનો નોકર કામ માટે રાખજો

૨. નોકર રાખતાં પહેલાં તેનું પુરૂ નામ કામ–ગામ જાણી લેશો ને તે સાચું છે કે નહિ તેની ખાત્રી કરી લેશો.

૩. ઘરમાં બધાંના સંસ્કાર સારા હોય તો જ સ્ત્રી નોકર રાખજો, કેટલીકવાર જુવાન કામ કરવાવાળીઓને લીધે ઘરમાં ભ્રષ્ટાચાર પેસી જાય છે.

૪. નોકરની સાથે નોકર જેવું જ વર્તન રાખજો. નોકરને 'ભાઇ–બાપા' કરવાથી માથે ચડી વાગે છે. પછી તે તેનું ધાર્યું જ કરે છે.

૫. નોકરની સાથે તાછોડાઇથી વર્તવા કરતાં જો મીઠાશથી વર્તીએ તો તે ઉત્સાહથી સારી રીતે કામ કરે છે.

૬. નોકરને હુકમ કરવા કરતાં સુચના આપવી વધારે સારી છે.

૭. નોકરની પ્રમાણીકતાની ખાતરી તે ન જાણે તેમ ચાલાકીથી કરી લેવી.

૮. બને ત્યાં સુધી નોકર રાજી રહે અને સરળતાથી કરી શકે તેવું કામ તેને સોંપવું જોઇએ.

૯. નોકરને મોઢે ચડાવવો એ સારૂ નથી જ.

૧૦. નોકર સાથે કેમ વર્તવું એ ઘણી બહેનો જાણતી નથી. હુંકારા તુંકારા કરવાં કરતાં નરમાશ કે મીઠાશથી કામ લેવાથી નોકર હંમેશાં હોંશથી કામ કરે છે. નોકર પણ છેવટે માણસ છે. એને પણ માન–અપમાનની લાગણી હોય છે.

૧૧. આપણે જે ખાતા હોઇએ એજ નોકરને આપવું જોઇએ, તેમાં અંતર રાખવાથી આપણો ગૃહસ્થીનો ધર્મ લજવાય છે.

૧૨. ઘરની કોઇપણ વસ્તુ જેમ કે માથામાં નાખવાનું તેલ, કાંસકો બ્રશ, સાબુ પાન સોપારી, બીડી સીગારેટનો ઉપયોગ નોકર ન કરે તેની તેને પ્રથમથી ટેવ પાડવી,

૧૩. નોકરને કુટુંબના માણસની જેમ રાખવાથી તે નિમકહલાલ રહે છે.

— જ્યાં જુઓ ત્યાં તક જ તક છે. —

'પ્રત્યેક મનુષ્યના જીવનમાં એક ઉત્તમ સમય આવે છે એકાદ દિવસ, એકાદ રાત્રે, એકાદ 'પ્રાતઃકાળે, એકાદ મધ્યાહ્ન કાળે કે સાયંકાળે, એક લાભદાયક કલાક એક તકની પણ મળી જ આવે છે એકાદ ડાણ એવી આવે છે જ, કે જયારે સૌધ્ધનો ઉત્તમ 'પ્રકાશ વિસ્તરે છે, એકાદ ઘડી એવી આવે છે જ કે જ્યારે ભાગ્ય ખુલી જાય છે અહા, તે માણસ સુખુ છે કે, જે તેવા સમયની 'પ્રતિક્ષા કરી જાણે છે અને વળી તપાસી, કામ કરી તથા ઉત્સાહપૂર્વક ભાગ્યની પહોળી ગર્દન અને ખભા પર ઉભા રહી જાણે છે તથા ભાગ્યના મહાન ઘડિયાળમાં જ્યારે 'હમણાં' નો ટકોરો થય છે. ત્યા તકના પ્રસારેલા હાથમથી મોટાં પરિણામ ઉઠાવી લઇ ચાલુ પળને પકડી લે છે.

મેરી એ ટાઉન્સેન્દ

'પ્રત્યેક મનુષ્ય અને પ્રજાના જીવનમાં એકવાર સત્યાસત્ય વચ્ચેના યુધ્ધમાં સત્યપક્ષમાં જવુ કે અસત્ પક્ષમાં જવુ, તેનો નિર્ણય કરવાની તક-પળ છે. જ

લોવેલ.

જે માણસ તકનો ઉપયોગ તકનો ઉપયોગ કરી શકતો નથી તેને શું કામની છે.

જ્યોર્જ ઇલિપટ

મનુષ્યની ઉત્તમો ઉતમ વસ્તુ તેની નજીકમાં નજીક તેના પગ પાસે જ પડેલી હોય છે.

—આર. એમ. મીન્સ

'તક આવે ત્યારે તેને તત્પરતા પૂર્વક ગ્રહણ કરી લેવી એ જીવન સાફલ્યની ચાવી છે.

ડિઝરાયેલી

સંપાદક :— **પટેલ લલિતકુમાર વી.**
નવાનગર

મોગલ ભકિત યુગ

સંકલન : શામજીભાઇ એસ. પટેલ
(વડોદરા)

મોગલ ભકિત યુગ એટલે સર્વધર્મ સમન્વયની ભાવનાથી ભરપુર ભકિતયુગ સંતો અને મૌલવીઓ રામ અને રહીમ, કૃષ્ણ અને કરીમ, કુરાન અને ગીતા જયાં એક સરખાં પૂજ્ય ગણાયાં એવો તે ભકિત યુગ.

એ યુગના પ્રણેતા શહેનશાહ અકબરે દરેકને એક આસને બેસાડયા–બિરદાવ્યા મુસ્લીમ સ્ત્રીઓ એ જમાનામાં રામ, કૃષ્ણની ભકિતમાં ચકચુર બની ભજનો રચતી. જમનાબાઇ અને મુકતાબાઇ, જુગલપ્રીયા અને રામપ્રીયા બધીએ જાતે મુસલમાન હતી તાજબીબી એ સરળ હિંદુસ્તાનીમાં રામ મહિમા ગાયો. એની રામ કથા સાંભળવા મોગલ બદશાહો એને આંગણે આવી બેસતા.

કાનપુરનો ચિંતામણી રામકથાની ચોપાઇઓ ગાવામાં ખ્યાતનામ હતો. લોકો એની ચોપાઇઓ સાંભળી રહી પડતા. ચિંતામણીની ચોપાઇઓની વાત આખરે દિલ્હીના તખ્તનશીન શાહજહાંના સાંભળવામાં આવી અને એ શાહી દરબારમાં રામ કથા કરવાનું બાદશાહે આમંત્રણ આપ્યુ ચિતામણીએ શીર ઝુકાવ્યું અને રામ કથાનો 'પ્રારંભ કર્યો.

ચોપાઇઓ ઉપર ચોપાઇઓ ચાકડે ચડવા લાગી રામકથાનાં રૂપ રંગ બદલાવા લાગ્યાં દશરથ રામના શોકમાં સ્વર્ગે સીધાવ્યાનો પ્રસંગ આવ્યો શ્રોતાઓની આંખો ભીની થઇ. રામ વનવાસ વેઠવા નીકળ્યા જાણીને વિષાદ છવાઇ ગયો વડીલ બંધુને પાછા અયોધ્યા તેડી લાવવા નીકળેલા ભરતના વિલાપે તો અનેકને વિલાપ કરતા કરી દીધા શહેનશાહ શાહજહાંના હૃદયમાં પણ દુઃખનો અંધકાર વ્યાપી ગયો પણ રડવુ ન આવ્યુ

પછી તો સીતાહરણ જેવા કરૂણ 'પ્રસંગો આવ્યા ત્યારે પણ લોકોને વિષાદમાં ડુબાવ્યા ત્યારે પણ બદશાહની આંખો કોરીજ રહી.

આખરે રામ રાજા બન્યા, પ્રજાનો 'પ્રેમ સંપાદન કર્યો ત્યાં તો એક ધોબીની શંકાને વશ થઇ મહામહેનતે મેળવેલી સતી સીતાને ખોવાનો ફરી પાછો 'પ્રસંગ આવી ઉભો, હૃદયની બધીજ ભાવનાને કચડીને બે જીવને ઉદરમાં સંઘરી રહેલી 'પ્રીયતમાનો ત્યાગ કર્યો. આ પ્રસંગે એક બાજુ રામના હૃદયના તાર તૂટતા હતા બીજી બાજુ "તાજમહાલ" સામે દ્રષ્ટિ ખોડીને બેઠેલા શાહજહાંના કલેજાના કકડા થઇ ગયા હતા શાહજહાંની આંખો આંસુથી છલકાઈ ઉઠી ચિંતામણીની ચોપાઇઓ પૂરી થઇ દરબારમાં સન્નાટો છવાયો.

બાદશાહે ચિંતામણીનું બહુમાન કર્યું અને કહ્યું કે જયાં રામકથા ચાલતી હોય ત્યાં રાજય તરફથી કોઇ ડખલ નહિ થાય, બલ્કે આદર થશે. આમ બાદશાહ પણ ખુદ રામ ભકત બન્યા. એણે રામ અને રહીમનો મહિમા માણી જાણ્યો.

માનવ જીવનની છેલ્લી પરીક્ષા મરણ

- તમારા મનનું મોંઘુ ફુલ પ્રભુનાં ચરણોમાં અર્પણ કરજો એ ફૂલને સુંઘશો તો સાર્થક થશે.

સર્વના આશીર્વાદ મેળવવા બહુ કઠણ છે સર્વના આશીર્વાદ કદાચ ન મળે તો કંઇ નહિ. પરંતુ કોઇના નિશાસા ન મળે તે ખાસ જોજો.

આત્મા ઇન્દ્રીયોનો નોકર નહિ માલિક છે માલીક નોકરોની સત્તા' પ્રમાણે વર્તે તો અવ્યવસ્થાથાય, માલીકે તો નોકરીને વશમાં રાખવો'

જીવ સુધરેતો જીવન સુધરે અને સંસારના પદાર્થોમાં જીવ બગડે તો જીવન બગડે છે,

માનવજીવનની છેલ્લી પરીક્ષા મરણ છે મરણ સુધરે છે 'પ્રભુથી; મરણ બગડે છે વાસનાથી

પથારીની મઝાતો મોટી સજા છે ખરી મઝાં તો'પ્રભુની ચરણપથારીમાં છે

સંકલન: ઇન્દુ ટી પટેલ

આટલું તો ન જ કરીએ

પટેલ દિલીપકુમાર મણીભાઈ
શંકરપુરાકંપા

શકય હોય તો, ભલાઇમાં ભાગીદાર થઇએ, તેમ ન બને તો, તટસ્થ રહીએ પરંતુ અસત્ય કાર્યના ભાગીદાર તો ન જ બનીએ,

ઈશ્વરે સગવડ અને શકિત આપ્યાં હોય તો કોઇના સુખનું કારણ બનીએ. પરંતુ દુખનું નિમિત્ત તો ન જ બનીએ.

કોઈના ઘા ઉપર મલમ ન લગાડી શકીએ તો કંઈ નહિ, મીઠું તો નજ ભભરાવીએ.

ઈશ્વરે આપણને સાધન–સગવડ આપ્યાં હોય તો તેનો ઉપયોગ કરતી વેળાએ સાધનહીનોને ન ભૂલીએ કમ–સે–કમ, તેનું પ્રદર્શન કરી લોકસમૂહની આંખે તો ન જ ચઢીએ.

આપણને ગમતું ન હોય તે બીજા કોઇને આપીએ નહિ; આપણને જે ગમતું હોય તે બીજાને પ્રેમથી આપીએ.

અન્યની જીવન–વાડીમાં વસંતરૂપે પ્રવેશી ન શકીએ તો વાંધો નહિ, પરંતુ પાનખર રૂપે તો ન જ પ્રવેશીએ.

કોઈને રોજી રળતા ન કરી શકાય તો ભલે પણ કોઇની રોજી દબાવીએ નહિ.

* નવી વ્યાખ્યાઓ

નટવરલાલ કે. પટેલ
F. y B com

ખુરશી–રાજકારણીઓની ફ્રીમગજ
ચૂંટણી–નેતાઓનાં દર્શન કરવાનો યોગ.
ઉદ્‌ઘાટન–પ્રધાનોનું પ્રિય વ્યસન
કાળાં બજાર– જે ધંધો 'સફેદ' લોકો કરતા હોય છે.
સુત્રો–મત આકર્ષણ મંત્રો
દારૂબંધી–ગૃહ ઉદ્યોગની બનાવટને પ્રોત્સાહન
ભિખારી–ભારતનું રાષ્ટ્રીય પ્રતિક
વેપારી–સમય વર્તે સાવધાન
ઝઘડો–મફતીયું મનોરંજન
મોંઘવારી–ભારતના લોકોનું સરી ગયેલું સુંદર સ્વપ્ન.
ટેસ્ટમેચ–ખેલાડીઓની વગર પૈસે પબ્લિસિટીનું સાધન
નવનિર્માણ આંદોલન–પરિક્ષાઓથી બચવા માટેનો અકસીર ઇલાજ
માસ પ્રમોસન–(વિદ્યાર્થીઓને) ગોળનું ગાંડું
ટયુશન–પાસ થવાની ગેરંટી
પોલીસ અને ગુનેગાર–એક દૂજે કે લીયે
લગ્ન – આયે દિન બહાર કે,
પક્ષ પલટુ–હમ નહીં સુધરેંગે
અપક્ષ ઉમેદવાર–" બિન માંકે બચ્ચે "
પ્રધાન પુત્ર–"દુનિયા મેરી જેબમે"
ચવાણુ–" ન ઘર હૈ ના ઠિકાના "
ભાજપ–સાવન કો આને દો
કોંગ્રેસ (યુ)–' ચહેરે પે ચહેરા '
હારેલો નેતા–" કોઇ લોટા દે મેરે બીતે હુએ દિન "
સત્તા—' યે કૈસા નશા હૈ '
પ્રેમ–ગાજરની પિપૂડી
બ્રાહ્મણ–ભગવાનનો આડતિયો
વાંઢો–સ્ત્રીની શોધમાં પડેલો ખગોળ શાસ્ત્રી

* જય યોગેશ્વર

કન્યા કેળવણી

ચંદ્રિકાબેન ખીમજીભાઈ પટેલ
બદામકંપા, કન્યાછાત્રાલય, ધનસુરા.

કન્યા કેળવણી એ સમાજનું મહત્વનું અંગ છે. કન્યા કેળવણી વિના સમાજ આગળ આવી શકતો નથી. સમાજનો આધાર તેમ જ દેશનો આધાર કન્યા કેળવણી પર જ અવલંબે છે અને પોતાનું જીવન કેળવણીના આધાર પર જ ટકેલું હોય છે. કન્યા એ આર્ય સંસ્કૃતિની દેવી સમાન છે. પ્રાચીન સમયમાં કન્યાઓને આશ્રમમાં કેળવણી, જ્ઞાન આપવામાં આવતું હતું. અને એ જ્ઞાન અને કેળવણીના આધારે સતીઓ બની હતી. દા. ત. સતી સાવિત્રી, સતી સીતા, સતી શકુન્તલા વગેરે. હાલના આધુનિક જમાનામાં પણ કન્યાઓને કેળવણી આપવી ખુબ મહત્વનું છે તો આપણે પણ આપણા સમાજની બહેનો આર્ય સંસ્કૃતિને અનુસરીને આગળ આવે એ પ્રમાણેની કેળવણી આપવી જરૂરી છે જેમાં ધાર્મિક ભાવના, શિક્ષણ અને સામાજિક વ્યવહારનું પણ જ્ઞાન જરૂરી છે. તો એ બાબત પર આપણો સમાજ ખુબ ધ્યાન આપે અને તેના માટે પ્રયત્ન કરે અને સુવિધાઓ આપે એવી મારી ભાવના છે. અર્વાચીન સાહિત્યકારોએ પણ કન્યાના ગૌરવ ભર્યા સ્વરૂપને મોકળે મને બિરદાવ્યું છે એક હિંદી લેખકે કહ્યું છે તેમ દુનિયા ખરેખર તો કન્યા પર ટકી રહી છે. નારી બાળકને જન્મ આપે છે અને ઉછેરે છે. એટલે સમાજને ઘડનારી તો કન્યા જ છે ને ?

આપણી બહેનો ગામડાંમાં ભણતી હોવાથી એમનો ભણતરનો પાયો ખુબ જ કાચો હોય છે પરિણામે જયારે શહેરમાં અગર હાઈસ્કૂલમાં ભણવા આવે છે. ત્યારે તે ભણવામાં પણ ખુબ જ પાછળ રહી જાય છે. તો પહેલેથી જ એટલે પહેલે પગથિયે થી મા-બાપ કન્યાઓનું ધ્યાન આપે તો તેનામાં જે શકિત છે તે બહાર આવી શકે આપણી કન્યાઓ ખુબ જ શકિતશાળી છે. પરંતુ તેમની શકિતને ખીલવવી એ આપણા સમાજના હાથમાં છે. બહેનોમાં ભણતર, સંગીત, રમતગમત, અને ધાર્મિક, ભાવનામાં પણ જો એમને સારી કેળવણી આપવામાં આવે તો હું માનું છું કે આપણો સમાજ ખુબ આગળ આવી શકે આપણા સમાજને રોશન કરનારી ઘણી શકિતશાળી બહેનો છે પરંતુ તેમને બરાબર યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે એમ હું ઇચ્છું છું કન્યા કેળવણી હશે તો તે ભાવિ પેઢી માટે ખૂબ જ અગત્યનું છે. કારણ જમાનો ખૂબ જ આગળ નીકળી રહયો છે. "ભણતર વિનાનું જીવન એ પાયા વિનાની ઇમારત જેવું છે" કન્યાઓને ભણતર આપવામાં

અપવામાં આવે તો તેનું ભાવિ જીવન કથળે. કન્યાનું સગપણ થવાનું હોય ત્યારે પહેલો પ્રશ્ન ભણતરનો જ આવે ભણતર વિના બહેનોની કિંમત જ નથી.

પરંતું આપણા સમાજમાં બાળવિવાહની પ્રથા હજુ ચાલુ જ છે. જો તેને બંધ કરવામાં આવે તો કંઇક અંશે કન્યાની કેળવણીમાં ફેરફાર થાય તેમાં બે મત નથી પરંતું નાનપણથી જ સગપણ અને પછી લગ્ન આથી હજુ બહેનોનો વિકાસ બરાબર ન થયો હોય અને તેને પરણાવી દે છે. આથી બહેનો કેળવણી તરફ અરુચિ દાખવે છે. ખરેખર કન્યા એ તો ભારતની પતિવ્રતા નારી છે કન્યાને કુટુંબ સમાજ કે દેશના હિત ખાતર ધૂપસળીની જેમ પોતે જલીને સુવાસ ફેલાવ્યાનું તે ગૌરવ અનુભવે છે ,,સહન કરવું એય છે એક લ્હાણું'' સમજીને તેને જીવતરનાં ઝેર પીધાં છે. કન્યાના અંતરમાં ઘણી બધી ઇચ્છાઓ હોય છે. પરંતુ આપણા સમાજમાં કન્યાઓની મનોવૃત્તિને તો દાબી જ દેવામાં આવી છે. તે તેમના વિચાર પણ વ્યક્ત કરી શકતી નથી મારી ઇચ્છા એવી છે કે આપણા સમાજમાં પણ બહેનોને પોતાના વિચારો વ્યક્ત કરવાની છૂટ હોવી જોઇએ.

— ખરેખર કન્યાઓને કેળવણી આપવી જ જોઇએ. —

★

WHAT IS LIFE ?

Life is a Game–Play it
Life is a Beauty–Praise it
Life is a Gift-Accept it
Life is a Duty–Perform it
Life is a Love–Enjoy it
Life is a Promise Fulfil it
Life is a Sorrow–Overcome it
Life is an Advanture–Dare it
Life is a Challange-Meet it
Life is a Journey-Complet it
Life is a Battle–Fight it
Life is an Opportunity–Take it
Life is a Puzzle-Solve it
Life is a Spirit–Realise it
Life is a Mystery–Unfold it
Life is a Tragedy–Face it

Sampadak :—
Bhagawandas L. Patel
B. A. B. ed.
Ranjitpura.

જાણવા જેવું

સંકલન : નરસિંહદાસ મુળજીભાઇ પટેલ
તખતગઢ

— શિવનેરીના કિલ્લામાં છત્રપતિ શિવાજીનો જન્મ	ઇ. સ. ૧૬૨૭
— અફજલખાનનો વધ	” ૧૬૫૯
— સુરતની પ્રથમ લૂટ	” ૧૬૬૪
— સુરતની બીજી લૂટ	” ૧૬૭૦
— શિવાજીનો રાજ્યાભિષેક	” ૧૬૭૪
— શિવાજીનું મરણ	” ૧૬૮૦
— કોલંબસે અમેરિકાની શોધ કરી	” ૧૪૯૨
— સતી થવાની ચાલ બંધ થઇ	” ૧૮૩૨
— પ્રથમ વિશ્વયુધ્ધ	” ૧૯૧૪
— બીજુ વિશ્વયુદ્ધ	૧૯૩૯ થી ૧૯૪૧
— પાકિસ્તાન અને હિંદના ભાગલા	ઇ. સ. ૧૯૪૭
— મહાત્મા ગાંધીજીનું અવસાન	ઇ. સ ૧૯૪૮
— જાન્યુઆરી ૨૬મીએ ભારત પ્રજાસત્તાક બન્યું	ઇ. સ. ૧૯૫૦

મુંબઇ	હવાઇ માર્ગનું કેન્દ્ર	મલબાર	કાથીનો ઉદ્યોગ સારો ચાલે છે.
દ્વારકા	સિમેન્ટનું કારખાનું	સિંગાપુર	મલાયા ટાપુનું મુખ્ય શહેર છે.
જમશેદપુર	લોખંડનું કારખાનું	બટેવિયા	જાવા ટાપુનું પાટનગર છે.
કલકત્તા	શણની મીલો	કોલંબો	સિલોનનું પાટનગર
હિમાલય	અખૂટ પાણીનો ભંડાર	રંગુન	બ્રહ્મદેશનું પાટનગર
મુંબઇ	હિંદનો દરવાજો	કેરો	આફ્રિકાના ઇજીપ્તનું પાટનગર
પંજાબ	અનેક નહેરોનો પ્રદેશ	એડેલેડ	ઓસ્ટ્રેલિયાનું પાટનગર
ગુજરાત	અનેક કુવાઓનો પ્રદેશ	સીડની	ન્યુ સાઉથ વેલ્સનું પાટનગર
મદ્રાસ	ત્યાંના લોકો રંગે કાળા હોય છે	તહેરાન	ઇરાનનું પાટનગર
આસામ	ચાની ઉત્પત્તિ	અંકારા	તુર્કસ્તાનનું પાટનગર

સમાચાર દર્શન



વાર્ષિકોત્સવ અહેવાલ ૧૯૮૧–૮૨

ચાલુ વર્ષનો વાર્ષિકોત્સવ તારીખ ૪–૪–૮૨ના રોજ B V. M. Engg. (બી. વી. એમ) ઇન્જીનીયરીંગ કોલેજમાં યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં મંડળના ૧૧૦ વિદ્યાર્થી મિત્રોમાંથી ૯૫ મિત્રોએ હાજરી આપી હતી. આ સમારંભનું પ્રમુખ સ્થાન શ્રી લવજીભાઇ આ. પટેલ (M. Sc. Agro.) ફાર્મ મેનેજર, એગ્રીકલ્ચર કોલેજ આણંદને સોંપવામાં આવ્યું હતું. અતિથી–વિશેષનું સ્થાન શ્રી રમણભાઇ વી. પટેલ B E. (Elect.), એકઝીક્યુટીવ એન્જી-નીયર ગુ. વિ. બોર્ડ આણંદ તથા શ્રી બાબુભાઇ એચ પટેલ (B.Sc. Micro) લેબોરેટરી ઇન્ચાર્જ મ્યુનિ. જનરલ હોસ્પી. આણંદ, એ દિપાવ્યું હતું.

સમારંભનો પ્રારંભ બપોરના ૨–૩૦ કલાકે પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. પ્રાર્થના શ્રી નટુભાઇ (રામપુરા) તથા બાબુભાઇ (દેલવાડા) એ સુંદર સ્વરમાં રજુ કરી હતી. ત્યારબાદ સ્વાગત વિધિનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.

સૌ પ્રથમ મંડળના પ્રમુખ શ્રી પ્રવિણભાઇ પટેલે આજની સભાના પ્રમુખ શ્રી લવજીભાઇ પટેલનું ફુલહારથી સ્વાગત કર્યુ. ત્યારબાદ મંડળના ઉપપ્રમુખ શ્રી વિનોદ ભાઈ પટેલે આજની સભાના અતિથીવિશેષ શ્રી રમણભાઇ પટેલનું ફુલહારથી સ્વાગત કર્યું હતું અને મંડળના સેક્રેટરી શ્રી નટુભાઇ પટેલે સભાના અતિથીવિશેષ શ્રી બાબુભાઇ પટેલનું ફૂલહાર વિધિથી સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઈએ ૧૯૮૧–૮૨ના વષ દરમિયાનનો મંડળનો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો. ચાલુ સાલે મંડળ તરફથી તેજસ્વી વિદ્યાર્થી મિત્રોને ઇનામ વિતરણનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. મંડળ આર્થિક રીતે નબળું હોવાથી ફુલ નહીં તો ફુલની પાંખડી સમાન પુષ્પ ગુચ્છથી વિદ્યાર્થીઓનું બહુમાન શ્રી લવજીભાઇના હસ્તે કરવામાં આવ્યુ હતુ જેઓનાં નામ આ પ્રમાણે છે.

૧ ડાહ્યાલાલ એલ. પટેલ (T. Y. B. Sc.)
S. Y. B. Sc. માં કોલેજમાં પ્રથમ અને યુનિ.માં દ્વિતીય નંબરે આ૦ । છે

૨ ચંદુભાઇ એલ. પટેલ (૧૨ કોમર્સ)
T. V. Patel કોલેજમાં ખોખોમાં પ્રથમ આવ્યા બદલ

૩ હિતેન્દ્ર એમ. પટેલ (S. Y. B. Com.)
B. J. V. M. કોલેજના વોલીબોલના ખેલાડી

૪ જયંતિ એચ. પટેલ B. E. (Mech)
યુનિ. ચેમ્પીયન બી. વી. એમ. (એન્જી) વોલીબોલ ટીમના કેપ્ટન

૫ પ્રવિણ એમ. પટેલ B. E. (Mech.)
બી. વી એમ. કોલેજના ખેલાડી તથા યુનિ ટીમના શ્રેષ્ઠ ખેલાડી

૬ કેશવલાલ ડી પટેલ
ટી વી પટેલ કોલેજમાં ગોળા ફેંકમાં પ્રથમ

ઉપર મુજબનો કાર્યક્રમ પૂરો થયા બાદ શ્રી લવજીભાઈએ પ્રમુખ સ્થાનેથી તેમનું પ્રવચન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થી મિત્રોને સલાહ સુચનો આપ્યાં હતાં હોસ્ટેલ બંધાવવા અંગે સૌ પ્રથમ તો આણંદ ખાતેના શ્રી કચ્છ કડવા પાટીદાર મંડળનો સંપર્ક સાધી તેઓને આવા પ્રસંગમાં હાજર રાખી અને બહારથી સમાજના અગ્રગણ્ય વડીલોને પ્રમુખ સ્થાને બોલાવી તેઓ સમક્ષ રજુઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.

ત્યાર બાદ શ્રી રમણભાઈએ તેમના પ્રવચન દરમ્યાન મંડળના પ્રમુખશ્રી તથા કારોબારીના સભ્યોને આજના સુંદર અને સફળ કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તથા તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિદાય લેતા વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. શ્રી બાબુભાઇએ તેમના પ્રવચન દરમ્યાન મંડળ દ્વારા દશેક વર્ષ પહેલાં જે હોસ્ટેલ વિશે ચર્ચા વિચારણા થઈ હતી તે અંગે સુંદર ખ્યાલ આપ્યો હતો.

આજની સભામાં હાજર રહેલા વડીલશ્રીઓએ વિદ્યાર્થીઓને જે સલાહ આપી તેમાં જીવનમાં કઇ રીતે પ્રગતિ કરવી, આજના જમાનામાં મુશ્કેલીમાંથી પાર પડી જીવનમાં આગળ આવવા બાબત તથા સમાજને ઉપયોગી થવા અંગેનું યોગ્ય માર્ગદર્શન પુરું પાડયું હતું.

ત્યાર બાદ મિમિક્રીનો પ્રોગ્રામ ભાઈશ્રી અશોકકુમાર (રામેશ્વર કંપા) એ

તેમની આગવી શૈલીમાં રજુ કર્યો હતો અને સર્વેને આનંદ તરબોળ બનાવ્યા હતા. પછીથી શ્રી નવીનચંદ્ર (દેલવાડાકંપા) તથા ચુનિભાઇ (દેવપર યક્ષ–કચ્છ) તરફથી જોકસ પિરસવામાં આવ્યા હતા. દોહરા અને છંદ શ્રી બાબુભાઇ (દેલવાડા) તથા નટુભાઇ (રામપુરા) એ કર્ણપ્રિય રીતે ગાઇ બતાવી સુંદર મનોરંજન પુરૂં પાડયું હતું!

ત્યાર બાદ રીફ્રેશમેન્ટમાં હળવા નાસ્તાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. પછીથી છેલ્લા વર્ષવાળા વિદ્યાર્થીઓ કે જેઓ વિદાય લઇ રહયા છે. તેમનું સ્ટેજ ફિયર ઓછું થાય તથા તેમનામાં એડ્રેસીંગ પાવર ડેવલપ થાય તે હેતુથી દરેક મિત્રોને સ્ટેજ ઉપર આવી પોતે કઇ રીતે અભ્યાસ પૂરો કર્યો અને હવે પછી આવતા વર્ષો દરમ્યાન શું કરવા ઇચ્છે છે તે રજૂ કરવાની તક આપવામાં આવી હતી આ પ્રોગામમાં મિત્રો તરફથી સારો આવકાર મળ્યો હતો. અને તેઓએ પોતાના વિચારો રજુ કર્યા હતા. મોટા ભાગના વિદ્યાર્થીઓના વિચાર મળતા આવતા હતા કે હવે પછી થોડા વર્ષો સર્વિસ કર્યા બાદ કંઇક પોતાનો ધંધો શરૂ કરવો.

ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઇએ આભારવિધિ કરી હતી.

૧ શ્રી લવજીભાઇ, શ્રી રમણભાઇ તથા શ્રી બાબુભાઇનો તેમના અમૂલ્ય સમય નો ભોગ આપી સભામાં ઉપસ્થિત રહેવા બદલ આભાર માન્યો હતો.

૨ કારોબારીના સભ્યો તેમજ વિદ્યાર્થી મિત્રોનો મંડળની દરેક પ્રવૃત્તિને ઉત્સાહ અને ખંતથી સહકાર આપવા બદલ તેમનો આભાર માન્યો હતો.

૩ શ્રી લવજીભાઇનો જેમણે વાર્ષિકોત્સવ નિમિત્તે રૂ. ૧૦૧/– ની ભેટ આપી તે બદલ તેમનો આભાર માન્યો હતો.

૪ બી. વી. એમ. કોલેજના પ્રિન્સીપાલશ્રીનો જેમણે સમારંભ માટે કલાસરૂમ અને માઇકની વિના મુલ્યે સગવડ કરી આપી તે બદલ આભાર માન્યો હતો.

ત્યાર બાદ ફોટો ફંકશનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પછીથી વિદ્યાર્થી મિત્રો અને ઉપસ્થિત રહેલા વડીલશ્રીઓ અનેરા આનંદ સાથે છુટા પડયા હતા.

પ્રમુખ, શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ
વલ્લભ વિદ્યાનગર

પટેલ પ્રવિણચંદ્ર એમ., B.E. (Mech)
દુધાયલ લાટ

—✱ સમુહ લગ્નો ✱—

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, ઉંઝા તરફથી ચાલતી "કાયમી લગ્નોત્સવ યોજનામાં કડવા પાટીદાર ભાઇઓ ના દીકરા દીકરીનાં લગ્ન ઓછા ખર્ચે કરી આપવામાં આવે છે. કડવા પાટીદાર ભાઇઓ આ યોજનાનો લાભ સારી સંખ્યા માં લઇ રહયા છે. આ યોજના અહીં શરૂ થયા પછી ગુજરાતની બીજી ઘણી જ્ઞાતિઓ પણ સમુહલગ્નો યોજી રહી છે. દરેક જ્ઞાતિઓને આ અંગે જરૂરી માર્ગદર્શન અને માહિતી પણ આપવામાં આવે છે. આ દિશામાં સમાજો ઝડપથી પ્રગતિ કરે તે માટે પણ અવારનવાર પ્રયત્ન કરવામાં આવે છે. જેમને આ અંગે વધુ માહિતીની જરૂર હોય તેમણે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન કાર્યાલય, ઊંઝાનો સંપર્ક સાધવા વિનતી છે.

લિ
મણીલાલ નારાયણદાસ પટેલ
મંત્રી શ્રી,
શ્રી ઊમિયા માતાજી સંસ્થાન, ઊઝા.

'તખતગઢમાં જનરલ હોસ્પિટલ અને પ્રસુતિગૃહનું બાંધકામ શરૂ થયું.'

સાબરકાંઠા જીલ્લાના તખતગઢ ઉર્ફે હડમતીયા કંપામાં અંદરના વિસ્તારની આમ જનતાને સરળ અને ત્વરીત તબીબી સવલત મળી રહે તે માટે ૫૦ પથારી ની સગવડ ધરાવતી રૂા. ૧૫ લાખના ખર્ચે ઉભી થનાર શ્રી તખતગઢ આરોગ્ય મંડળ સંચાલીત શેઠ શ્રી છોટાલાલ ભાયચંદ મહેતા જનરલ હોસ્પિટલ અને પ્રસુતિ ગૃહના બાંધકામ માટે શ્રી તખતગઢ આરોગ્ય મંડળે માન્ય થયેલ કોન્ટ્રાકટરને વર્કઓડર આપતાં બાંધકામ શરૂ થયેલ છે.

આ હોસ્પિટલ જયારે કામ કરતી થશે ત્યારે આ વિસ્તારના ૨૫ જેટલા ગામોને તબીબી સુવિધા પુરી પાડશે.

ગણપત વી. પટેલ, એડવોકેટ
મંત્રી,
તખતગઢ આરોગ્ય મંડળ
તખતગઢ,–૩૮૩૨૧૧.

ભગવાનશ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

ટીંબાતલાવ કંપા
જિ. સાબરકાંઠા

તા. ૨૭,૨૮,૨૯ એપ્રિલ–૧૯૮૨

ગત તા. ૨૯ મી એપ્રિલ-૮૨ના રોજ ઉપરોક્ત કંપામાં ભગવાન શ્રી લક્ષ્મી-નારાયણ તેમજ કુળદેવી ઉમીયા માતાજીની મૂર્તિઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આનંદ ભેર ઉજવવામાં આવ્યો હતો.

૨૯ એપ્રીલની સવારના ૮ વાગે સભા મંડપનું આયોજન કરી શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી.

મહોત્સવ પ્રસંગે ૨૭–૨૮ ના રોજ વાંઢાય (કચ્છ) નિવાસી સંત શ્રી સેવાદાસજી મહારાજની ઉપસ્થિતિ રહી હતી.

પ્રાર્થના પછી મહારાજશ્રીનાં આશીર્વચન બાદ કંપામાં તાજેતરમાં ત્રણ [illegible] બે મિનિટ મૌન ધારણ કરી સ્વર્ગસ્થશ્રીઓને અંજલી અર્પી હતી.

સભાનું પ્રમુખસ્થાન "જાગૃતિ" મુખપત્રના પ્રકાશક અણીયોર કંપા નિવાસી શ્રી વિશ્રામભાઈ એન. પટેલે તેમજ અતિથિવિશેષપદે બાજુના રામપુરાકંપાના રહીશ વયોવૃદ્ધ મુરબ્બી શ્રી નાનજીભાઇ દેવજીભાઇ પટેલ તેમજ વિષ્ણુપુરાકંપા નિવાસી શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના મંત્રી પ્રમુખશ્રી હીરજીભાઇ કરશનભાઇ પટેલે શોભાવ્યું હતું.

ત્યારબાદ કંપા નિવાસીભાઇઓએ કુલ ૧૪ જુદા જુદા ચડાવાઓ દ્વારા રૂપિયા એક લાખ ત્રીસ હજારની રકમનું ભગવદ કાર્યમાં સમર્પણ કર્યું હતું.

પછીથી આમંત્રિત મહેમાનોમાં એદલપુરાકંપા નિવાસી શ્રી અરજણભાઇ વી. પટેલ, કારો. સભ્ય મુ. શ્રી ભાઇલાલભાઇ હરીભાઇ, ચવાદબાટ નિવાસી શ્રી મુ. શ્રી જીવરામભાઇ હીરજીભાઇ નવાનગર નિવાસી શ્રી ડાહ્યાભાઇ કરશનભાઇ, ઈશનપુર નિવાસી શ્રી લાલજીભાઇ માવજીભાઇ, તખતગઢ, નિવાસી શ્રી ચંદુભાઇ વેલજીભાઇ, દેસાઇપુરા નિવાસી શ્રી નાથાલાલ જીવરાજભાઇ બદામકંપા નિવાસી શ્રી ગંગારામ નાનજીભાઇ રામપુરા (હરસોલ) શ્રી બાલજીભાઇ મનજીભાઇ, બેંગલોર નિવાસી શ્રી કરશનભાઇ પ્રેમજીભાઈ (સર્વોદય સો મીલ) શાંતિપુરા નિવાસી શ્રી વિશ્રામભાઈ જીવરાજભાઇ પટેલ તેમજ બંને અતિથિવિશેષશ્રીઓ અને પ્રમુખશ્રીએ પ્રસંગોચિત સુંદર વક્તવ્યો આપ્યાં હતાં.

સભાની શરૂઆતમાં મહેમાનોનું સ્વાગત કંપા નિવાસી શ્રી ગંગારામ નાનજીભાઈ પટેલ તેમજ આભારવિધી મુ. શ્રી મુળજીભાઇ લાલજીભાઇ પટેલે કરી હતી.

કંપા નિવાસી ભાઇઓમાં શ્રી નારણભાઇ વિશ્રામભાઇ, શ્રી અરજણભાઇ મેઘજીભાઇ, શ્રી ઇશ્વરભાઇ મણીભાઇ શ્રી સામજીભાઇ હીરજીભાઇ, અબજીભાઇ નાનજીભાઇ છગનભાઇ ધનજીભાઇ તેમજ સમગ્ર યુવા મિત્રોએ અથાગ પરિશ્રમ વેઠી પ્રસંગોપાત કાર્યક્રમ દરમિયાય સુંદર કામગીરી કરી હતી.

પ્રાણ પ્રતિષ્ઠાના મંગલ પ્રસંગના આચાર્ય તરીકે નાંદોલ દહેગામ નિવાસી શ્રી મણુલાલ ગોર પધાર્યા હતા તેમજ બેલુંદરા નિવાસી શુકદેવપ્રસાદ અગ્નિહોત્રી મહારાજના માર્ગદર્શનથી પ્રસંગનું આયોજન સારી રીતે પાર પડયું હતું,

દુઃખદ અવસાન

પટેલ ખીમજીભાઇ પ્રેમજીભાઈ, મડાસણા કંપા. તા. મોડાસા

જિ. સાબરકાંઠાવાળાનું ગત તા. ૫–૫–૮૨ના રોજ, મોડાસા મુકામે સ્વામીશ્રી ૧૦૮ કૃષ્ણાનંદજી મહારાજના વ્યાસપીઠે ભાગવતસપ્તાહની શરૂઆત પ્રસંગે મહારાજશ્રીને તિલક તેમજ ફુલહાર પોતાના શુભ હસ્તે આરોપ્યા બાદ ગણત્રીની મિનિટોમાં જ દુઃખદ અવસાન નીપજ્યું હતું.

ભાગવત સપ્તાહના મુખ્ય આયોજક તરીકે અથાગ પરિશ્રમ વેઠયાબાદ...."ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે." એ ઉકિતનું યથાર્થ ઉદાહરણ પુરું પાડવાનો અગમ્ય, અકલ્પ્ય અવસર બની જતાં સૌએ આઘાતની લાગણી અનુભવી હતી

સ્વર્ગસ્થ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના મોડાસા વિભાગના પ્રમુખ તરીકે તેમજ નાની મોટી અનેક સંસ્થાઓમાં દાન આપી વર્ષો સુધી એકધારી સેવા પુરી પાડી હતી.

સદ્‌ગત શ્રી સ્વભાવે મિલનસાર અને માયાળુ હતા. તેઓશ્રી તેમની પાછળ વિધવા પત્ની અને પુત્ર પુત્રીઓના વિશાળ પરિવારને વિલાપ કરતાં મુકી ગયા છે.

પરમકૃપાળુ પરમાત્મા તેમનાં પરિવારજનોને અસહ્ય આઘાત સહન કરવાની શકિત આપે તેમજ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે. એજ પ્રાર્થના.



અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ

STAPLE EMPORIUM

સ્ટેપલ એમ્પોરિયમ.

શુટીંગ * શર્ટીંગ.


ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.

શો રૂમનું સ્થળ :—

સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકો ડોમ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧

પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા
ઇસનપુરમોટા તા. જિ. ગાંધીનગર


સૉ મીલ માલીકો માટે ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહે છે. અને બેન્ડસો બ્લેડ ચાલે છે
આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઈપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
UE
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો સંપર્ક સાધો.

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



" શાર્પેક્ષ " બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત " શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન " વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨
  નો એન્જીનીયરીંગ વિભાગ

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર
લાટી બજાર, અમદાવાદ-૨૨,
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

GAGRUTI MAY-'82 Reg. No. GHMR/5

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To.

Book - Post

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમિયાય નમઃ ॥





વર્ષ : ૨૪
અંક-૬
જુન-૧૯૮૨

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ
બી. એ

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલા તકે મોકલી આપે.

- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજુ કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ — પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ — તંત્રી
બી એ

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M.Sc.
તલોદ.

શ્રી અરજણભાઈ વી. પટેલ, એદલપુરાકંપા



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગ્રત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૨૬ વૈશાખ પુર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચોથ

અનુક્રમણિકા

તંત્રી સ્થાનેથી........

આજની આ કાળઝાળ મોંઘવારીની ભીંસમાંથી સમય કડવા પાટીદાર સમાજને લગ્ન પ્રસંગ વખતે દેખાદેખીથી થતા ખોટા ખર્ચાઓમાંથી બચવા અને એ રીતે સમાજને આર્થિક બોજામાંથી મુકત રહેવા માટેના વિચારોના પરિપાક રૂપે સમુહ લગ્નોના આયોજન અંગે તેમજ સમાજની બહેન દીકરીઓની શિક્ષણ ક્ષેત્રે આગેકૂચ સધાય, પરીણામે સામાજિક સમસ્યાઓ ઘટતાં સમાજજીવન સુઘડ બને તે માટે, આ બે મુખ્ય વિચારધારાઓને દૃષ્ટિ સમક્ષ રાખીને શ્રી ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટ અને ધરતી વિકાસ મંડળના સંયુકત ઉપક્રમે ગત તા ૧૭-૫-૮૨ થી તા ૨૧-૫-૮૨ સુધી ગુજરાતના જિલ્લાઓમાં સમાજયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું,

ઉપરોકત સમાજયાત્રાના યાત્રીઓમાંથી ગત તારીખ ૨૦-૫-૮૨ ના રોજ અત્રે ધનસુરા મુકામે આવેલ યાત્રીઓ પૈકી ધરતીના માજીતંત્રી મુરબ્બી શ્રી પ્રભાત કુમાર દેસાઇ, હાલના તંત્રી ડૉ. મફતલાલ પટેલ મુ. શ્રી હર્ષદભાઇ પી. પટેલ તેમજ શ્રી ચતુરભાઇ પટેલે સવારના ૮-થી-૧૦ સુધી સ્થાનિક સમાજ તેમજ યુવકમંડળના આગેવાન ભાઇ બહેનોની ઉપસ્થિતિમાં યોજાયેલી મીટીંગમાં સુંદર વિચારો વ્યકત કરવામાં આવ્યા હતા,

આવેલ યાત્રીઓએ રજુ કરેલા વિચારો દ્વારા તેઓના દિલમાં સમાજ' પ્રત્યેની અખૂટ ભાવનાનો જીવંત સ્રોત વહેતો હોવાનાં દર્શન કરાવ્યાં હતાં

આપણીજ બહેન-દીકરીઓને ભણાવવા માટે કન્યા છાત્રાલયો બાંધી કન્યાઓના શિક્ષણક્ષેત્રનો માર્ગ મોકળો કરવાથી: સમાજ જીવનની અનેક સમસ્યાઓ હલ થઇ શકે, સમુહલગ્નના આયોજન દ્વારા આર્થિક આપત્તિમાંથી સમાજને ઉગારવા અને બચત શકિતનો અન્ય કાર્યોમાં ઉપયોગ કરી જીવન વિકાસ સાધવા માટેના અમુલ્ય અને ક્રાંતિકારી વિચારો ઠેર ઠેર વહેવડાવતા રહીને, સમાજમાં ઘણી જગ્યાએ કેટલાક વિસ્તારોમાં હજુ પણ બાળલગ્નો યોજાય છે સમાજના સર્વાંગી વિકાસ માટે અવરોધક છે તેવા વિચારો દ્વારા આવેલ યાત્રીઓએ સુંદર શીખ આપી હતી.

તો આવેલ યાત્રીઓની સમાજ પ્રત્યેની ઉત્કૃષ્ટ ભાવનાને વાચા આપી સમુહ-લગ્નોનું આયોજન આપણા જીલ્લામાં આપણા સમાજમાં કરવામાં આવે તો જ યાત્રીઓની યાત્રાને સફળતા અપાવવા આપણે સહકાર આપ્યો છે તેમ ઉન્નત મસ્તકે કહી શકીશું.

આપણો સમાજ હાલના તબક્કે કેળવણી ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ સાધતો રહ્યો છે કન્યા કેળવણી ક્ષેત્રે પા પા પગલી માંડતો આગળ વધતો રહ્યો છે પરંતુ દીકરીને માત્ર થોડું ઘણું અક્ષરજ્ઞાન આપીને અભ્યાસ બંધ કરવાની સ્વાર્થી વૃત્તિને રોકવાનો પ્રયાસ જરૂરી છે, ઘણા વિભાગોમાં કન્યા કેળવણી અંગે ઉપેક્ષા વૃત્તિ સેવાતી હોય છે તો તે ઉપેક્ષાવૃત્તિ દુર કરવાના નમ્ર પ્રયાસો થાય તે પણ ખુબ જરૂરી છે.

સમગ્ર કડવા પાટીદાર સમાજનાં સંતાનોને શિક્ષણ સમુહલગ્ન વગેરે આવકારદાયક પગલાંઓનું જો સમાજમાં મંડાણ થશે તો આવેલ યાત્રીઓને વ્યકિતગત લાભ નહી થાય પરંતુ મારા પોતીકા સમાજને જરૂરી જે વિચારોનો સંદેશો આપેલો તેની સાર્થકતા લાગતાં જ તેઓના દિલમાં પણ અવર્ણનીય આનંદ પ્રગટશે તો સમાજ સેવાના સ્રોતને દિલમાં વહાવીને સમાજનું ભાવિ જીવન ઉજજવળ બનાવવા ઈચ્છતા યાત્રીઓને અભિનંદન.

દુઃખદ અવસાન

અમદાવાદ ક૨૭ કડવા પાટીદાર સમાજના માજી પ્રમુખશ્રી દેવશીભાઇ રામજીભાઇ પટેલ (ક૨૭) ધડુલીવાળાના જયેષ્ઠ પુત્રશ્રી નારણભાઇનું હૃદય રોગના હુમલાથી દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતશ્રીના નિધનથી માતા–પિતા, ભાઇ, બહેનો, વિધવા પત્ની અને પુત્ર–પુત્રીઓના વિશાળ પરિવારને અકાળે આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત આપે તેમજ સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

* "સનાતન-સત્ય-અસ્તિત્વ" *

જેમ જેમ શિક્ષણ આગળ વધતું રહ્યું છે તેમ અભ્યાસની કક્ષા પણ મહદ અંશે સાધતી રહી છે. શિક્ષિત ભાઇ-બહેનો હિંદુ-આર્ય સંસ્કૃતિને વધુ માન આપતાં રહ્યાં છે, તેના આચાર-વિચારોને અપનાવવા અને અમલમાં મૂકવાનું ઇચ્છતાં રહ્યાં છે.

જ્યારે ધર્મ શું છે? હિંદુ ને અનુરૂપ થવું એ જ્યારે માનસમાં આવ્યું ત્યારે હું કોણ? જો હિંદુ કહેવાઉં તો મારા આચાર-વિચાર હિંદુધર્મને અનુરૂપ હોવા જોઇએ જ્યારે આ સમજ આવી ત્યારે આપણે "ચોરી" (લગ્ન વખતની) અને "ચેહ" (અગ્નિ સંસ્કાર)માં બહુજ અડગ રીતે માનવા લાગ્યા, અને જ્યાં તેને આવકાર ન મળ્યો ત્યાં આપણે તેનો બહિષ્કાર કરતાં રહ્યાં.

યુગ કાળ બદલાયાં પણ જ્યારે માનવીનુ માનસ ન બદલાતાં ધર્મને નામે સંઘર્ષ ચલુ રહ્યો આવું શા માટે? "ગીતા" આપણું ધર્મ પુસ્તક છે. તેથી જો આપણે હિંદુ હોઇએ તો ગીતના વિચારો જીવનમાં ઉતારવા આવશ્યક છે.

ભારતમાં જ્યારે મોગલ સામ્રાજ્ય હતું ત્યારથી ઘૂમટ પ્રથા આવી એ વખતે એ કાળમાં આપણી મા બહેનો-દિકરીઓની આબરૂ લૂંટાતી અટકાવવા ઘૂમટપ્રથા હિતાવહ હતી અને સ્ત્રીના શીલના રક્ષણરૂપે તે આભૂષણ હતું. પણ હવે શું? હજુ પણ મોગલ સલ્તનતનાં બીજ રોપાઇ ગયાં છે કે જે આપણને તેનાથી બચવા ઘૂમટનુ શસ્ત્ર અજમાવવું પડે? તો શુ સસરા-જેઠ કે કુટુંબના વડીલોને આપણે દુશ્મનની લાઇનમાં ઉભા રાખવા? આટલું સમજ્યા પછી ઘૂમટ પ્રથા અંગે જેમ થતુ રહ્યું છે તેમજ થતું રહેવાનું હોય તો શું સમજવું! તેનો જવાબ ફક્ત તમારો આત્માજ આપી શકશે.

હકીકતમાં ઘણી વખત અમુક કુટુંબો જોઉં છુ ત્યારે જરૂર મને લાગે છે કે તે કુટુંબોમાં ઘૂંઘટ હોવો જરૂરી ગણાય જ્યાં શિક્ષણ અને સંસ્કારની ખામી છે ત્યાં ઘૂમટ જ લાજ સાચવવાનું સાધન બની રહે છે અને ત્યાં તે હોવો જરૂરી છે,

જ્યાં શિક્ષણ અને સંસ્કાર વચ્ચે સૌમ્યતા છે. ત્યાં ઘૂંઘટ ન હોય તો પણ તે કુટુંબની મર્યાદા જળવાઇ શકે છે. કુટુંબની દરેક વ્યક્તિને સ્વર્ગ સમાન પોતાનો ઘર-સંસાર લાગે છે.

આપણે કચ્છ કડવા પાટીદાર સમાજ" નાં સંતાનો છીએ તેમ કચ્છી વાણિયા, લુહાણા કચ્છી ભાટીયા પણ મોટી સંખ્યામાં પથરાયેલા છે લગ્ન પ્રસંગે તોરણે આવેલ વરરાજાને કન્યા "વરમાળા" પહેરાવતી હોય છે. અને આ પ્રથા આધુનિક નથી પણ, આપણી સંસ્કૃતિને અનુરૂપ ચાલી આવતી પ્રથા છે તે નવુ નથી.

આ પહેલાં આપણો સમાજ સનાતન ધર્મ (હિંદુધર્મ)નો બનેલો હતો પણ વચગાળાના વર્ષોમાં સ્થાપિત હિતોની શીરજોરીથી આપણો સમાજ આચાર તેમજ વૈચારિક રીતે વટલાઇ ગયો હતો કારણ કે શિક્ષણ અને અભ્યાસની ખામીને લીધે, હવે જ્યારે શિક્ષણ આવતાં આપણે જ્યારે સમજતા થયાં ત્યારે ઘૂંઘટની જે પ્રથા પહેલાં હતી તે આપણે આપણા કુટુંબમાં ફરીથી અપનાવીએ તો તે શું નવી ગણાય? "વરમાળા" તે કોઇ નવી પ્રથા નથી અને તે આપણાં અમુક જૂજ પરીવારોમાં દાયકા પહેલાંથી થતી રહી છે, સામસામે પાત્રોની અને તેના વડીલોની સહમતી હોય તો પછી સગાં-સબંધોનો નાં પાડવાનો કે વિરોધ કરવાનો પ્રશ્ન જ નથી.

અને જો તમારું પગલું કોઇને હાનિકારક ન હોય તો ડર શા માટે? સાચી ખોટી બે દિવસ વાતો ચાલશે પછી તો સહુ પોત પોતાની રીતે તે ગ્રાહ્ય કરશે જો હિતેચ્છુઓ છે તે રહેવાના જ સાથ પણ આપવાના, બાકી તો ખાઇ ખાઇને થૂંકી જવા વાળાની પણ આ દુનિયામાં કમી નથી આવાં તત્વોની ભગવાન રામ શ્રીકૃષ્ણ ના યુગમાં પણ કયાં ખામી હતી તો આપણી પ્રગતિમાં અવરોધ રૂપ હોય તેવી બાબતો અંગે વિચારી ને યોગ્ય માર્ગ અપનાવવો જોઇએ.

શ્રીમતી પુષ્પા ધનજીભાઈ પટેલ
ઘાટકોપર (મુંબઇ)

* મન કસોટીએ ચડે ત્યારે ખબર પડે *

નટવરલાલ કે પટેલ
રૂપાલકંપા

એક રાજા હતો તેને જાતજાતના કપડાં પહેરવાનો, સારી સારી વાનગીઓ આરોગવાનો, બાગબગીચા અને મહેલને સુશોભિત રાખવાનો ભારે શોખ હતો.

રાજાઓ નોકર-ચાકરોનો ભારે રસાલો હતો બધાજ નોકરોને રાજા કંઇને-કંઇ ભેટ-સોગાદો આપી ખુશ રાખે નોકરો પણ પોતાના માલિકનો પડયો બોલ ઝીલી લેવા હંમેશાં તૈયાર જ રહેતા,

રાજાનાં કપડાં ધોનાર ધોબી હોય કે હજામત કરનાર હજામ હોય બાદશાહ દરેકને ખુશ રાખતો તેમની લાગણીઓને કદાપી દુભાવતો નહીં.

એક સમય એવો આવ્યો કે આવા ભગવાનના પ્યારા રાજાને પણ રાજાશાહી છોડવી પડી. મહાકાળની જબ્બરની થપાટ વાગી રાજાને ધોળે દિવસે તારા દેખાયા. રાજા તો હતો ભગવાનનો બંદો તેણે હસતે મુખે સાધુનો વેશ સ્વીકારી લીધો હવે તેની પાસે ન તો કોઇ નોકર રહ્યો કે ન કોઇ મિલ્કત રહી

જયાં રાજાનો પડયો બોલ ઝીલનાર નોકરોની વણઝાર ચાલુ રહેતી ત્યાં એની પાસે અમ ખાવા પૂરતું એક કુતરુંય નહોતું આમા બેહાલ અને કફોડી સ્થિતિમાં રાજાના દિવસો પસાર થવા માંડયા.

હવે આ રાજા ફરતો ફરતો એક દિવસ પોતાના શહેરમાં આવ્યો તેણે પેલા હજામને જોયો જે હજામ પાસે જ્યારે એ રાજા હતો ત્યારે હજામત કરાવતો અને ભેટ સોગાદો આપતો.

રાજા તો તેની પાસે ગયો. અને પોતાની હજામત કરવા કહ્યું અને છેવટે એટલું ઉમેર્યું કે ' ભાઈ મારી પાસે અત્યારે હજામતના બદલામાં તને આપવા માટે એક ફુટી બદામ પણ નથી ભગવાનની ખાતર હજામત કરવી હોય તો હા પાડજે હું તો રસ્તે પસાર થનાર એક સાધુ છું જો મારી વાત તને ના ગમતી હોય તો ના કહી દેજે. એટલે હું મારે રસ્તે પડુ તને જો એમ લાગતું હોય કે આ સાધુની મફતમાં હજામત કેમ કરું ? તો તું મારી વાત સાંભળ. તારી પાસેથી હજામત કરાવીને ગયા પછી મને દાનમાં પહેલાં જે કાંઇ મળશે તે તને હું આપીશ.

હજામ તો આ સાધુને એક સામાન્ય સાધુ જ સમજી બેઠો હતો. તેને ખબર પણ ન હતી કે આ સાધુ તે બીજો કોઇ નહિં પણ જેની તેને હજામતો કરીને ઘણી ભેટ સોગાદો મેળવી હતી. તે આ શહેરનો એક વખતનો મહાન રાજા હતો

સાધુએ હજામને ભગવાનને ખાતર હજામત કરવા કહેલું તથા તેણે પોતાના મનથી એ સાધુને હા પાડી દીધી સાધુ ખુશ થઇ ગયો. તે મન વિચારવા લાગ્યો આ 'હજામે હું જ્યારે રાજા હતો અને તેને ઘણાં બધાં આપતો ત્યારે પણ આવી સરસ હજામત કરી નથી એઃ ! અત્યારે તો મારી પાસે આપવા જેવું કંઇ જ નથી પણ આનો બદલો હું જરૂર તેને વાળી આપીશ.

આટલો નિર્ણય કરી સાધુ ત્યાંથી આગળ જવા નીકળ્યો હવે બન્યું એવુ કે રસ્તામાં સાધુને એનો ભક્ત સાગીદ મળ્યો સાધુના ચરણમાં એણે એક હજાર સોના મહોરો ભરેલી થેલી જે તેની પાસે હતી તે આપી.

સાધુ મહારાજે સોના મહોરો ભરેલી થેલી લેવા થોડી આનાકાની કરી પોતાને હવે આની કાંઇ જરુર નથી એમ જણાવ્યું તો પણ ભક્ત સાગીદનો આગ્રહ એટલો બધો હતો કે આખરે એ ભેટ સાધુને સ્વીકારવી જ પડી

અને સાધુ પણ ભક્ત સાગીદથી છુટા પડી તુરત પેલા હજામને મળવા ઉપડયા સાધુ પેલી થેલી લઇને હજામે કહ્યું હતુ કે તેને જે કાંઇ પહેલી વસ્તુ દાનમાં મળશે તેને તે હજામતના બદલામાં આપશે અને એ સાધુતો પોતાની કસોટીમાંથી પાર ઉતર્યો

પણ હવે ખરી કસોટી તો હજામના મનની આવી પેલી થેલી સાધુને પાછી આપતાં કહ્યું

"તમે મને ભગવાનની ખાતર તમારી હજામત કરવાનું કહ્યું હતું અને મેં પણ મારા મનથી ભગવાનની ખાતર તમારી હજામત કરવાની હા પાડી હતી. હવે જો હું તમારી આ હજામત કરવાના બદલામાં એક હજાર સોનામહોર લઉં તો તેનો અર્થ એ થાય કે મેં એક હજાર સોનામહોર માટે ભગવાનને વેચ્યા. મારે ભગવાનને વેચવા નથી." મારે ભગવાનને મેળવવા છે.

સાધુ તો આ અબૂધ, અજ્ઞાની હજામની આવી સમજ જોઇ દંગ થઇ ગયો!

મન જયારે કસોટીએ ચડે ત્યારે ખબર પડે કે એ માનવીમાં કેવા રંગ છે કસોટી વિનાનુ મન તો ડાહ્યું ડમરુ લાગે પણ તે કેટલા પાણીમાં છે તેની ખબર તો કસોટીએ ચડે ત્યારે જ ખબર પડે અને તેથી જ આપણે આટલુ તો જરૂર યાદ રાખીએ "TRUST IN GOD"

નગંગા.

સંકલન :- પટેલ નરસિંહભાઇ મુળજીભાઇ
તખતગઢ

(૧) ભગવાનમાં મનાતા છ ભાગ :-

(૧) ઐશ્વર્ય – દુર્ઘટને સંપાદન કરવાની સામર્થ્ય – વિશેષ
(૨) વીર્ય – બળ, અમોઘ શક્તિ.
(૩) શ્રી – લક્ષ્મી.
(૪) યશ – સુકીર્તિ.
(૫) જ્ઞાન – તત્વદર્શન તથા સર્વજ્ઞતા.
(૬) વૈરાગ્ય – દષ્ટાનુશ્રવિક વિષયોને ભોગવવાની ઇચ્છાનો અભાવ

(૨) જીવની મનાતી છ ઊર્મિઓ :

(૧) ઉત્પતિ – જન્મ સ્થૂળ દેહની.
(૨) નિવૃત – નાશ
(૩) ક્ષુધા – ભૂખ પ્રાણની
(૪) પિપાસા – તરસ
(૫) સુખ – આમને અનુકૂળ છે એવા જ્ઞાનનો જે વિષય.
(૬) દુઃખ – આમને પ્રતિકૂળ છે એવા જ્ઞાનનો જે વિષય.

(૩) ચતુર્વિધ અન્નમાં મનાતા છ રસો

(૧) ખાટું – આંબલી કોઠાં, કોકમમાં અનુભવાતો સ્વાદ.
(૨) ખારું – લવણમાં અનુભવાતો સ્વાદ.
(૩) તીખું – મરી ;મરચાં વગેરેમાં અનુભવાતો સ્વાદ.
(૪) મીઠું – સાકર, મધ કેરીમાં અનુભવાતો સ્વાદ.
(૫) તુરૂં – હીમેજમાં અનુભવાતો સ્વાદ.
(૬) કડવું – મેથી લીમડામાં અનુભવાતો સ્વાદ

(૪) જીવના આંતરિક શત્રુઓ છ છે.

(૧) કામ – ભોગ નિમિત્તક ઇચ્છા રૂપી રજોગુણની વૃત્તિ.
(૨) ક્રોધ – કામની આપત્તિકાળે ઉત્પન થતી રાક્ષસી વૃત્તિ
(૩) લોભ – સંગ્રહખોરી
(૪) મોહ – મમત્વજન્ય આસ્તિક.
(૫) મદ – વિદ્યા, બળ, ધન, સૌંદર્ય એનું અભિમાન.
(૬) મત્સર – અન્યની સફળતાઓથી થતો ખેદ.

ગૌ પ્રેમ *

સંકલન : હસમુખ વી. પટેલ
તખતગઢ–સરતાનપુર

સતારા જિલ્લાના કરાડ તાલુકામાં કાસાર સિરંબા નામનું ગામડું છે અહીં ગોવિંદદાસ મહારાજ નામના એક મહાન ગૌ–ભક્ત થઇ ગયા. તેમની ગૌભક્તિની કથા અત્યંત હૃદયસ્પર્શી છે તેમના મઠમાં તેમની સુવા બેસવાની જગ્યા સિવાય ચારે તરફ ગાયની ગમાણથીજ ભરેલી રહેતી ગાય–વાછરડાંની સેવા કરવામાંજ ગોવિંદદાસ મહારાજનો સઘળો સમય જતો એક વખત કેટલીક ગાયો ખોવાઇ ગઇ તેમણે પોલીસમાં ફરીયાદ નોંધાવી અને ગાયની તપાસ માટે પોતે પણ નીકળી પડયા તપાસ કરતાં પાસેના બેલવડ ગામની બજારમાં ખોવાયેલી ગાયોમાંથી કેટલીક કસાઇઓના હાથમાં સપડાયેલી જોવામાં આવી. આ ગાયો પોતાની છે એમ બતાવયા કસાઇઓએ કેટલીક સાબિતી આપી ગોવિંદદાસ મહારાજ પાસે પણ કેટલીક સાબિતી માગવામાં આવી તેમને પૂછવામાં આવ્યું.

'ગાયો તમારી છે એનો કાંઇ પુરાવો છે તમારી પાસે...?

મારી ગાયો એજ મારો પુરાવો છે એજ મારી સાક્ષી આપશે.

આ સાંભળીને ઘણા માણસો હસી પડયા. ગાયોને વાચા થોડી છે ? એ કેવી રીતે સાક્ષી આપશે ? પણ શ્રદ્ધા ભક્તિને કશું અશક્ય નથી જડ પાષાણની મુર્તિ જો નૈવેદ્ય ગ્રહણ કરે છે તો વિશ્વની માતા ચેતનામયી ગૌ--માતા પોતાના ભકતની સાક્ષી કેમ ન આપે ? આખો કેસ મામલતદાર પાસે પહોંચ્યો મામલતદારે પુછ્યું.

'મહારાજ આ ગાયો આપની છે તેની સાબિતી માટે આપની પાસે કાંઇ રસીદ કે કાગળ છે ? 'રસીદ–કાગળ તો મારી પાસે કાંઇજ નથી.'

'તો પછી ગાયો તમારી છે એનો પુરાવો શું' ?

'આ ગાયો જ મારો પુરાવો છે.' હું તેમને નામ લઇ બોલાવું અને જો એ મારી પાસે આવે ને પોતાનો પ્રેમ બતવે તો આપ માનશો કે નહીં...?

મામલતદાર અને સામાપક્ષવાળા પણ આ દરખારતથી ખુશ થઇ ગયા. એમ કઇ નામ સાંભળી મનુષ્યની જેમ ગાયો થોડી દોડતી આવે ? ગોવિદદાસ મહારાજે વહાલભર્યા અવાજે પુકાર કર્યો.

ગંગા. ગોદાવરી, યમુના, કૃષ્ણા, સાવિત્રી મારી માવડીયુ આવો !

મહારાજનો પોકાર સાંભળી બધીજ ગાયો બંધન તોડીને તેમની પાસે દોડી ગઇ અને તેમનુ શરીર ચાટવા લાગી. બધા લોકો અને કસાઇઓ પણ દંગ થઇ ગયા અને ગોવિંદદાસની પાછળ ગાયો ચાલવા લાગી આ ઉપરથી એક પંકિત પણ રચાઇ છે.

'સો તનુ રાખી કરવ મૈં કાહા,
જેહી ન પ્રાનપનુ મોર નીબાહા.'

'જે શરીરથી મારા સાચા પ્રેમની પ્રતીક્ષા બતાવી આપી ન શકું એ શરીર રાખીને હું શું કરૂ !'

કેવી ગૌ ભક્તી ?

ઉદાત્તીકરણ *

દિનેશ આર. પટેલ
ચીસોડા ચાર રસ્તા

પંચ મહાભૂત વીશે આપણે ઘણુ ઘણુ જાણ્યુ. હવે થોડુ પંચ મહાભૂતોના ગુણોના ઉદાત્તીકરણ વીશે જોઈએ

શબ્દ : આપણને હેમામાલીનીના શબ્દો બહુ ગમે છે. અમુક સમય પછી આપણને પત્નીના શબ્દો ગમવા લાગે છે. માતાના શબ્દો સાંભળવા ગમે છે. ત્યાર પછી કોઈ મહાન પુરૂષના વશિષ્ટ વગેરેના શબ્દો સાંભળવા ગમે છે. આમ શબ્દના ઉદાત્તીકર દ્વારા આપણા ધ્યેય બિંદુ તરફ પ્રયાણ થાય છે. ભગવાનના શબ્દો સાંભળવાની બેચેની,

સ્પર્શ : પત્નીનો સ્પર્શ શરૂઆતમાં ભોગ સ્પર્શ ધીરે ધીરે ભાવ વધતાં ભાવાત્મક સ્પર્શ અને ધીરે ધીરે સ્પર્શમાં પવિત્રતા આવતી જાય. સ્પર્શનું ઉદાત્તીકરણ થતું જાય ત્યાર પછી માતા પવિત્ર ભક્તનો સ્પર્શ ગમે. ભાવ સ્પર્શમાં માણસને ગલ-ગલિયાં થાય અને પાવન સ્પર્શ માણસને શુદ્ધ બનાવે

રૂપ : દૃષ્ટિ જુદા જુદા રૂપોને જોવા લલચાય. સ્ત્રીને પુરૂષના અને પુરૂષને સ્ત્રીના શારીરિક સૌંદર્યને જોવું ગમે છે ત્યાર પછી ગુણોનું આકર્ષણ આત્મીયતા વધે છે શારીરિક સૌંદર્યની કિંમત ઘટતી જાય છે ત્યારપછી નિસર્ગનું રૂપ ગમવુ –ભગવાનનું નિસર્ગમાં દર્શન દરેક જીવમાં એકાત્માની સમજ–દૃષ્ટિની પવિત્રતા.

રસ : સર્વ પ્રથમ વિષય રસનું આકર્ષણ હોય. ત્યાર પછી ધીરે ધીરે ભાવરસ, ભાવ રસમાંથી પ્રેમ વધે અને પ્રેમરસ તરફ પ્રયાણ અને અંતરસ પરમ તત્વનો આસ્વાદ

ગંધ : જલેબીની ગંધ ગમે, મન જલેબી ખાવા લલચાય ધીરે ધીરે મન પર કાબુ આવે માણસને માણસની ગંધ ગમે. સમાજ ગમે, ધીરેધીરે સમાજમાંથી એકાંતમાં (નિસર્ગની ફૂલોની ગંધ ગમે ચિંતન અગરબત્તીની ગંધ ગમે. અગરબત્તીની સુગંધ દ્વારા મંદિરમાં પ્રયાણ. ભક્તિમય જીવન બને છે.

આમ ઉપરોક્ત પાંચ ગુણોનું ઉદાત્તીકરણ થવાથી જીવનમાં પવિત્રતા આવે છે ધીમે ધીમે ઉદાત્તીકરણનાં પગથીયાં દ્વારા મંઝિલ (અંતિમ ધ્યેય બિંદુ) સુધી જવાય છે

સર્વોત્તમ ગુરુ કે શિષ્ય *

ચંદુલાલ એમ. પટેલ
D. H. M S.
તખતગઢ

આપણા સંસાર રૂપી સમાજમાં "મને દુનિયાની લેશ માત્ર પડી નથી" એમ કહેવાનો એ જ વ્યક્તિ સિવાય બીજા કોઈને અધિકાર નથી અને ઉપરોક્ત વાક્ય કહેનાર એ માણસોમાં એક તો ઉચ્ચ કોટીનો સંત અને જેની આંખોમાંથી શરમનું પાણી સૂકાયું છે. તેવા નિર્લજ્જ મિથ્યાભિમાની માણસ. 'હું દુનિયાથી નથી ડરતો" તેમ કહેવાની હિંમત એકજ માણસ કરી શકે છે અને તે છે હરપળ ઈશ્વરથી ડરીને ચાલતો માણસ અવા માણસ બનવાનું કાર્ય અત્યંત કઠિન અને કપરું છે

ખરૂ પુછો તો મને દુનિયાની કાંઈ જ પડી નથી, એવી ડંફાસ હંકારતા હોય છે તેને જ દુનિયાની કે સમાજની વધુ જરૂર પડે છે. પરંતુ પોતાની જાતને જીવરામ ભટ્ટનું પાત્ર બનાવ્યા પછી પોતાના મીથ્યાભીમાનીપણાને ઢાંકવા "મને દુનીયાની કાંઈજ પડી નથી" અથવા 'મને કોઈનો ડર નથી" એવા શબ્દોનું ગાણુ ગાતા હોય છે. નીર્લજ્જ માણસો હમેશા પોતાની ક્ષતીઓ તેમજ નબળાઈઓને કારણે સજ્જનોની પાછળ પછળ કરતા હોય છે, અને પોતાનાં નીચ કર્મો માટે બીજા સારા લોકોના પડછાયાની શોધમાં અને ઓથમાં રહેવા ટેવાયેલા હોવા છતાં પણ એમ કહે છે કે 'મને કોઈની પડી નથી". બીજુ કે જેઓ પોતે એ વાત જાણે છે કે ખોટાં કર્મો અને શિથીલ ચારીત્ર્યને દુનીયા કે સમાજ સહેલાઈથી સ્વીકારશે નહી અને સ્વીકારવાની કોશીષ કરશે તો તેઓ વાંમણા અને હીણા પુરવાર થવાના છે, તેઓ જ દુનીયા રૂપી સમાજને લાત મારવાની કોશીષ કરવાના બ્યુગલ વગાડયા કરતા હોય છે આવા માણસો સમાજને માટે ઈર્ષાળુ અને વિરોધીઓ પૂરવાર થાય છે; પરંતુ હકીકતમાં ઈર્ષાળુઓ અને વિરોધીઓ સમાજની કે દુનિયાની ઈર્ષા અને વિરોધ કરીને આપણા જ્ઞાનતંતુઓને સતેજ રાખી આપણી બુદ્ધપ્રભાને સત્કર્મો કરવા તરફ વાળે છે.

દુનિયાથી ન ડરવું એનો અર્થ છે પ્રત્યેક પળ સત્યને ખાતર ખર્ચી નાખવી હમેશા સત્યને વફાદાર રહેનાર વ્યક્તિ જ દુનિયા કે સમાજનો ડર રાખી શકે નહિ પરંતુ જેને પોતાની જાતને અસત્યની બંધણી બનાવી છે કે હમેશાં અસત્યને જ વફાદાર રહેવા ટેવાયેલ હરપળ દુનિયાથી ડરતો હોય છે. અને તે કોઈ દિવસ કહી પણ શકે નહી, કે મને સમાજકે અન્ય વ્યક્તિનો ડર નથી. મન, વચન અને કર્મથી

જે પવિત્ર છે તેને લોક નિંદાથી કે સમાજથી ડરવાની બિલકુલ જરૂર નથી, કારણ તે ઇશ્વરનો ગૂનેગાર નથી. પરંતુ જે મન, વચન અને કર્મથી પવિત્ર હોય તેને તો સંત કહેવાય, માટે સંત સિવાય કોઇને દુનિયાનો ડર નથી તેમ કહેવાનો અધિકાર નથી.

હકીકતમાં જનતાની જબાન એ ઇશ્વરનું નગારુ છે. એ નગારુ તમને રોકવાની આત્મદર્શન કરવાની અને સમજપૂર્વક આગળ વધવાની ચેતવણી આપે છે. ઇશ્વરના નગારારૂપી લોકનિંદાથી તમે ભલે ન ડરો, પ્રતિબિંબ બતાવનાર અરીસાને ફોડી નાખવાથી કોઇ કદરૂપી વ્યકિત સુંદર બની શકતી નથી. તેમ લોકનિંદાની ઉપેક્ષા કરવાથી તેમાં રહેલા સત્યનો નાશ થતો નથી માટે હમેશાં લોકનિંદા તરફ બેદરકાર રહેશો નહિ. લોકનિંદા સહેવાની તાકાતજ વ્યકિતની વ્યકિતપ્રભાની આકરી કસોટી છે જે વ્યકિત લોકનિંદા સહીને પણ નિરંતર આત્મખોજી રહી સત્ય પ્રત્યે સમર્પિત રહેછે, તેજ કહી શકે કે મને દુનિયાનો ડર નથી જેમ આત્મા વગરના લોકો અંતરાત્માને વફાદાર રહી જીવવાની બાંગો પોકારે છે, એ જેટલુ હાસ્યાસ્પદ લાગે છે એવીજ રીતે લોકનિંદમા રહેલા સત્યની ઉપેક્ષા કરી જીવતા લોકો' પોતાની જીંદગીને હાસ્યાસ્પદ બનાવે છે.

જીંદગી એટલે હિંમતભર્યાં પવિત્ર કાર્ય કરવાની મસ્તી છે. એ મસ્તી એટલી બધી સસ્તી નથી કે દુનિયાથી ન ડરનાર કે નિર્લજ્જ માણસ જેવા કાયર તેનો પાલવ ગ્રહી શકે. હમેશાં જીવનમાં યાદ રાખવું જોઇએ કે લોકનિંદા કરવી તેના કરતા લોકનિંદાને પાત્ર થવું વધારે સારુ છે. કારણ કે તેનાથી આપણને હમેશાં સતેજ રહેવાની તથા આત્મખોજી બનવાની ફરજ પડે છે અંતે આપણા જીવનનું મૂલ્ય વધારી પ્રગતિના શિખરો સર કરવાની ઉત્તમ તક પૂરી પાડેછે માટે કોઇ પણ પળે લોકનિંદાથી ડરવુ ન જોઇએ, પરંતુ તેમાં રહેલા સત્યને હમેશાં વફાદાર રહેવું જોઇએ તમારી લોકનિંદા કરનાર તરફ કોઇ દિવસ દ્વેષ ભાવ ન રાખશો કારણકે તે તમારો સર્વોત્તમ ગુરુ છે. લોકનિંદાને પાત્ર એ શિષ્ય છે.

આપણા સર્વોત્તમ ગુરુઓને આપણી નિંદા કરવાની તકો પૂરી પાડવી એજ તેમના માટે સર્વોત્તમ ગુરુદક્ષિણા છે. અંતે તમારે તમારી જાતને શું બનાવવી તે તમારે નક્કી કરવાનું છે સર્વોત્તમ ગુરુ કે શિષ્ય.

□

અવસાન નોંધ

અત્રે ધોળકા નજીક શેરપુરાકંપાના રહીશ પટેલ દેવશીભાઇ ખેતશીભાઇનુ ૭૦ વર્ષની ઉંમરે ગત તા. ૧૫–૫–૮૨ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગત શ્રી તેમની પાછળ વિશાળ પરિવારજનોને વિલાપ કરતાં મુકી ગયા છે,

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

દુઃખદ અવસાન

પટેલ વાલજીભાઇ નાનજીભાઇ પાંચાણી, જબલપુર (મ. પ્ર) વાળાનું ગત તા. ૧૯–૪–૮૨ ના રોજ હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થયું

સદ્ગતશ્રી માયાળુ, મિલનસાર સ્વભાવના, અને સમાજના સેવાભાવી કાર્યકર હતા.

તેઓશ્રીએ શિક્ષણક્ષેત્રે પોતાનાં બાળકોને ઉચ્ચ કેળવણી આપી, સારા હોદ્દાએ પર પ્રગતિ સાધેલ છે.

સદ્ગતશ્રી તેમની પાછળ વિશાળ પરિવારજનોને વિલાપ કરતાં મુકી ગયા છે.

પરીવારજનોને સદ્ગતના અવસાનથી ન પુરાય એવી ખોટ પડી છે. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

શુભ લગ્ન—મોડાસા

પટેલ ડાહ્યાભાઇ સવગણભાઈ, પટેલ ઇલેકટ્રીક સ્ટોર્સ મોડાસા વાળાની સુપુત્રી ચિ. અરુણાબેનનાં શુભલગ્ન શ્રી નાનજીભાઇ મેઘજીભાઇ પટેલ શીવ ટીમ્બર માર્ટ અમદાવાદ વાળાના સુપુત્ર ચિ. પ્રવિણકુમાર સાથે તેમજ ચિ સુપુત્ર હરિશકુમારનાં શુભલગ્ન દહેગામ નિવાસી પટેલ ડાહ્યાભાઇ વાલજીભાઇની ચિ. સુપુત્રી ઉર્મિલા સાથે ગત તા. ૧૮–૫ તેમજ ૧૯–૫–૮૨ના રોજ મોડાસા સમાજના અગ્રગણ્ય વડીલો, યુવામિત્રો તેમજ સગાંસબંધીજનોની હાજરીમાં ધામધુમપૂર્વક ઉજવવામાં આવ્યાં હતાં. નવદંપતીઓને જાગૃતિ પરીવારના અભીનંદન.

શુભ લગ્ન—વાત્રકગઢકંપા

ગત તારીખ ૧૯-૫-૮૨ અને તા. ૨૦-૫-૮૨ ના રોજ શ્રી આર. એસ. ધોળુ વિદ્યાર્થી ભવન-ધનસુરાના ગૃહપતિ (ગઢકંપા, તા. બાયડ, જિ. સાબરકાંઠા) ની ચિ. સુપુત્રી **રશ્મિબહેનનાં** તેમજ ચિ. સુપુત્ર **નરેન્દ્રકુમારનાં**

શુભ લગ્ન **પુરસોત્તમ** ચિ. સુપુત્ર	શુભ લગ્ન **લક્ષ્મી (માયા)** ચિ સુપુત્રી
સામજીભાઇ માવજીભાઈ પટેલ	હીરજીભાઇ ગોપાલભાઇ પટેલ
C/o. ભગવતી સો મીલ—વડોદરા	નારાયણપુર (મ. પ્ર)
સાથે	સાથે

યોજવામાં આવ્યાં હતાં. સમાજના અગ્રગણ્ય વડીલો તેમજ મિત્રવર્તુળની હાજરીમાં સાદાઇથી તેમજ શીસ્તબધ્ધ રીતે લગ્ન ઉજવાયાં હતાં.

નવદંપતીઓને અભીનંદન—

ધનસુરા કન્યાછાત્રાલય માટે આવેલ ઘઉંની યાદી

ટીંબાતલાવકંપા

	કીલો
મુળજીભાઈ લાલજીભાઇ પટેલ	૧૦૦
સામજીભાઇ હિરજીભાઇ ,,	૫૦
મણીભાઇ માવજીભાઇ ,,	૫૦
જેતજીભાઇ રામજીભાઇ ,,	૧૦૦
નારણભાઇ વસરામભાઇ ,, } સામજીભાઈ ,,	૧૦૦
મેઘજીભાઇ લખ્ધાભાઇ ,,	૬૦
અબજીભાઇ નાનજીભાઇ ,,	૨૦
રામજીભાઈ નથ્થુભાઇ	૨૫
ખીમજીભાઇ માવજીભાઇ ,,	૨૦
ગંગારામ નાનજીભાઈ ,,	૨૦
ચતુરભાઇ કાનજીભાઇ ,,	૨૫
ડાહ્યાભાઇ પરબતભાઇ ,,	૨૦
નાનજીભાઇ નથ્થુભાઇ ,,	૨૦
	૬૧૦

અ.નં.	ગામ	નામ	ધઉ કીલો	મકાઇ કીલો
૧	ગતરાડલાટ	શ્રી પટેલ ફાર્મ હસ્તે હરીભાઇ	૧૦૦	
૨	,,	,, ,, ખેતાભાઈ લધાભાઈ તથા ,, ,, પુજાભાઇ શામજીભાઇ	૫૦	
૩	અણીયોરકંપા	,, ,, વસરામભાઈ નથ્થુભાઇ	૪૦	
૪	મોતેસરી	,, ,, મહેચરભાઈ મુળજીભાઇ		૧૦૦
૫	,,	,, ,, દેવજીભાઇ કાંનજીભાઇ	૧૦૦	
૬	,,	,, ,, નારણભાઇ મુળજીભાઇ	૫૦	
૭	,,	,, ,, ધનજીભાઇ વીરમભાઇ		૧૦૦
૮	,,	,, ,, ખીમજીભાઇ હરીભાઇ		૨૦૦
૯	,,	,, ,, હંસરાજભાઇ મણીભાઇ		૧૦૦
૧૦	,,	,, ,, મેઘજીભાઇ હરીભાઇ		૩૦૦
૧૧	,,	,, ,, પરસોત્તમભાઇ મણીભાઇ		૧૦૦
૧૨	,,	,, ,, છગનભાઇ ગોપાલભાઇ		૧૦૦
૧૩	,,	,, ,, ઇશ્વરભાઇ ડાહ્યાભાઇ		૧૦૦
૧૪	,,	,, ,, રતિભાઇ ડાહ્યાભાઇ		૧૦૦
૧૫	,,	,, ,, પ્રહલાદભાઇ ડાહ્યાભાઇ		૧૦૦
૧૬	,,	,, ,, મુળજીભાઇ દેવજીભાઇ		૧૦૦
૧૭	,,	,, ,, અંબાલાલ દેવજીભાઇ		૧૦૦
૧૮	,,	,, ,, દેવજીભાઈ હંસરાજભાઇ	૧૦૦	
૧૯	,,	,, ,, કરસનભાઇ હંસરાજભાઇ	૧૦૦	
૨૦	,,	,, ,, મુળજીભાઇ હંસરાજભાઇ	૧૦૦	
૨૧	,,	,, ,, ડાહ્યાભાઈ મેઘજીભાઇ	૧૦૦	
૨૨	,,	,, ,, કેશવભાઇ મણીભાઇ	૧૦૦	
૨૩	,,	,, ,, ગંગારામ વીરમભાઇ	૧૦૦	
૨૪	,,	,, ,, કાંનજીભાઇ વાલજીભાઇ	૧૦૦	
૨૫	મહેલાવ	,, ,, બચુભાઇ ખેતાભાઈ		૧૦૦
૨૬	,,	,, ,, ભાઇલાલભાઇ હરીભાઇ		૧૦૦

અ.નં.	ગામ	નામ	ઘઉં કીલો	મકાઇ કીલો
૧	ઓરડીટીંબા	શ્રી પટેલ રતનશીભાઈ નાનજીભાઈ	૪૦	
૨	,,	,, ,, નારણભાઈ વેલજીભાઇ	૪૦	
૩	,,	,, ,, મગનભાઇ નારણભાઇ	૨૦	
૪	,,	,, ,, ખેતાભાઇ ખીમજીભાઇ	૩૦	
૫	,,	,, ,, લખધાભાઈ માવજીભાઈ	૪૦	
૬	,,	,, ,, સવદાસભાઇ કાંનજીભાઇ	૪૦	
૭	,,	,, ,, હીરજીભાઇ મનજીભાઇ	૬૦	
૮	,,	,, ,, હંસરાજભાઈ કાંનજીભાઇ	૪૦	
૯	,,	,, ,, કરશનભાઇ કાનજીભાઇ	૪૦	
૧૦	,,	,, ,, પ્રેમજીભાઇ નાંનજીભાઇ	૨૦	
૧૧	,,	,, ,, હરીભાઇ નાંનજીભાઇ	૨૦	
૧૨	,,	,, ,, ચીમનભાઇ વેલજીભાઇ	૪૦	
૧૩	,,	,, ,, દેવજીભાઇ વાલજીભાઇ		૪૦
૧૪	,,	,, ,, કાંનજીભાઇ રાંમજીભાઇ		૫૦
૧૫	,,	,, ,, મનુભાઇ સવગણભાઈ		૨૦
૧૬	,,	,, ,, પ્રેમજીભાઇ રાજાભાઈ	૩૦	
૧૭	,,	,, ,, ખેતાભાઇ હરજીભાઈ	૨૦	
૧૮	,,	,, ,, સવજીભાઇ પ્રેમજીભાઇ	૪૦	
૧૯	,,	,, ,, ખેતાભાઈ પ્રેમજીભાઈ	૨૦	
૨૦	,,	,, ,, પચાણભાઇ કરમશીભાઇ	૨૦	
૨૧	,,	,, ,, અરજણભાઇ કરસનભાઇ	૪૦	
૨૨	ઓરીમાટીંબા	,, ,, હરીભાઇ રતનાભાઇ	૧૦૦	
૨૩	,,	,, ,, મણીભાઇ રતનાભાઇ	૧૦૦	
૨૪	,,	,, ,, અંબાલાલ રતનાભાઈ	૨૦	

અ.નં.	ગામ	નામ	ધઉ કીલો	મકાઇ કીલો
૨૫	બેરીયાટીંબા	શ્રી પટેલ કાંનજીભાઇ સરાજભાઇ	૨૦	
૨૬	”	” ” અરજણભાઈ વસરામભાઇ	૨૦	
૨૭	”	” ” બાબુભાઇ સવજીભાઇ	૨૦	
૨૮	”	” ” હરીભાઇ સવજીભાઈ	૨૦	
૨૯	રાજપુરકંપા	” ” બાબુભાઇ જસાભાઇ	૧૦૦	
૩૦	”	” ” ગગારામ રતનસીભાઇ	૧૦૦	
૩૧	”	” ” ધનજીભાઈ દેવજીભાઈ	૫૦	
૩૨	”	” ” પ્રેમજીભાઈ કરસનભાઇ	૫૦	
[illegible]	દહેગામ	” ” દેવસીભાઇ મેઘજીભાઇ પ્રમુખશ્રી	૫૦૦	
૩૪	ચોટાસણ	” ” જેઠાભાઈ મનજીભાઈ	૫૦	
૩૫	”	” ” નારણભાઇ મુળજીભાઈ	૩૦	
૩૬	”	” ” સવગણભાઇ જસાભાઈ	૫૦	
૩૭	”	” ” રતનસીભાઇ મનજીભાઇ	૫૦	
૩૮	”	” ” વસરામભાઈ અખઇભાઇ	૫૦	
૩૯	”	” ” નરસિંહભાઈ ધનજીભાઈ	૫૦	
૪૦	”	” ” ગોવિંદભાઈ ધનજીભાઇ	૫૦	
૪૧	”	” ” પ્રહલાદભાઇ ધનજીભાઇ	૫૦	
૪૨	”	” ” રામજીભાઇ ધનજીભાઇ	૫૦	
૪૩	”	” ” તુલસીદાસ રતનસીભાઇ	૫૦	
૪૪	”	” ” સાંમળદાસ રતનસીભાઈ	૬૦	
૪૫	”	” ” મગનભાઇ રતનસીભાઇ	૫૦	
૪૬	”	” ” મોહનભાઇ કાનજીભાઇ	૧૦૦	
૪૭	”	” ” જેઠાભાઇ કાનજીભાઇ	૫૦	
૪૮	”	” ” રવજીભાઇ કાનજીભાઇ	૫૦	
			૨૪૯૦	

અ.નં.	ગામ	નામ	ઘઉં કીલો	મકાઇ કીલો
૧	ઓરડીટીંબા	શ્રી પટેલ રતનસીભાઈ નાનજીભાઈ	૪૦	
૨	”	” ” નારણભાઈ વેલજીભાઇ	૪૦	
૩	”	” ” મગનભાઇ નારણભાઇ	૨૦	
૪	”	” ” ખેતાભાઇ ખીમજીભાઇ	૩૦	
૫	”	” ” લખધાભાઈ માવજીભાઈ	૪૦	
૬	”	” ” સવદાસભાઇ કાંનજીભાઇ	૪૦	
૭	”	” ” હીરજીભાઇ મનજીભાઇ	૬૦	
૮	”	” ” હંસરાજભાઈ કાંનજીભાઇ	૪૦	
૯	”	” ” કરશનભાઇ કાનજીભાઇ	૪૦	
૧૦	”	” ” પ્રેમજીભાઇ નાંનજીભાઇ	૨૦	
૧૧	”	” ” હરીભાઇ નાંનજીભાઇ	૨૦	
૧૨	”	” ” ચીમનભાઇ વેલજીભાઇ	૪૦	
૧૩	”	” ” દેવજીભાઇ વાલજીભાઇ		૪૦
૧૪	”	” ” કાંનજીભાઇ રામજીભાઇ		૫૦
૧૫	”	” ” મનુભાઇ સવગણભાઈ		૨૦
૧૬	”	” ” પ્રેમજીભાઇ રાજાભાઈ	૩૦	
૧૭	”	” ” ખેતાભાઇ હરજીભાઈ	૨૦	
૧૮	”	” ” સવજીભાઇ પ્રેમજીભાઇ	૪૦	
૧૯	”	” ” ખેતાભાઈ પ્રેમજીભાઈ	૨૦	
૨૦	”	” ” પચાણભાઇ કરમશીભાઇ	૨૦	
૨૧	”	” ” અરજણભાઇ કરસનભાઇ	૪૦	
૨૨	ઓરીયાટીંબા	” ” હરીભાઇ રતનાભાઇ	૧૦૦	
૨૩	”	” ” મણીભાઇ રતનાભાઈ	૧૦૦	
૨૪	”	” ” અંબાલાલ રતનાભાઈ	૨૦	

અ.નં.	ગામ	નામ	ધઉ કીલો	મકાઇ કીલો
૨૫	એકરીયાટીંબા	શ્રી પટેલ કાંનજીભાઇ હ. સરાજભાઇ	૨૦	
૨૬	,,	,, ,, અરજણભાઈ વસરામભાઇ	૨૦	
૨૭	,,	,, ,, બાબુભાઇ સેવજીભાઇ	૨૦	
૨૮	,,	,, ,, હરીભાઇ સવજીભાઈ	૨૦	
૨૯	રાજપુરકંપા	,, ,, બાબુભાઇ જસાભાઇ	૧૦૦	
૩૦	,,	,, ,, ગંગારામ રતનસીભાઇ	૧૦૦	
૩૧	,,	,, ,, ધનજીભાઈ દેવજીભાઈ	૫૦	
૩૨	,,	,, ,, પ્રેમજીભાઈ કરશનભાઇ	૫૦	
૩૩	દહેગામ	,, ,, દેવસીભાઇ મેઘજીભાઇ પ્રમુખશ્રી	૫૦૦	
૩૪	ચોટાસણ	,, ,, જેઠાભાઈ મનજીભાઈ	૫૦	
૩૫	,,	,, ,, નારણભાઇ મુળજીભાઈ	૩૦	
૩૬	,,	,, ,, સવગણભાઇ જસાભાઈ	૫૦	
૩૭	,,	,, ,, રતનસીભાઇ મનજીભાઇ	૫૦	
૩૮	,,	,, ,, વસરામભાઈ અખઇભાઇ	૫૦	
૩૯	,,	,, ,, નરસિંહભાઈ ધનજીભાઈ	૫૦	
૪૦	,,	,, ,, ગોવિંદભાઈ ધનજીભાઇ	૫૦	
૪૧	,,	,, ,, પ્રહલાદભાઇ ધનજીભાઇ	૫૦	
૪૨	,,	,, ,, રામજીભાઇ ધનજીભાઇ	૫૦	
૪૩	,,	,, ,, તુલસીદાસ રતનસીભાઇ	૫૦	
૪૪	,,	,, ,, સાંમળદાસ રતનસીભાઈ	૬૦	
૪૫	,,	,, ,, મગનભાઇ રતનસીભાઇ	૫૦	
૪૬	,,	,, ,, મોહનભાઇ કાનજીભાઇ	૧૦૦	
૪૭	,,	,, ,, જેઠાભાઇ કાનજીભાઇ	૫૦	
૪૮	,,	,, ,, રવજીભાઇ કાનજીભાઇ	૫૦	
			૨૪૯૦	

॥ શ્રી યોગેશ્વરોવિજયતેતરામ ॥

ભગવાન યોગેશ્વર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

દેસાઈપુરાકંપા, તા. બાયડ, જિ, સાબરકાંઠા.

卐

માનવ, સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ ભૌતિક સમૃધ્ધિમાં જ રહેલી છે એવી સર્વ સામાન્ય માન્યતા આજે પ્રવર્તે છે. આજના માનવે ભોગપ્રધાન જીવનને જ સર્વસ્વ ગણી ભૌતિક સમૃધ્ધિ પાછળ આંધળી દોટ મૂકી છે. પરિણામે, માનવજીવન ભાવ શૂન્ય થઈ ગયું છે, માનવી સ્વાર્થપરાયણ અને આત્મકેન્દ્રી બની ગયો છે.

કૌટુંબિક જીવનમાં પણ ભાવ કરતાં ભોગને અને ત્યાગ કરતાં સ્વાર્થને પ્રાધાન્ય અપાવા લાગ્યું છે, કર્તવ્યને બદલે હકકની ભાષા બોલાતી થઇ છે. કૃતજ્ઞતા ખલાસ થઇ ગઇ છે આમ કૌટુંબિક જીવનની ઇમારત ખખડી ગઇ છે.

સામાજિક જીવન પણ વિક્ષુબ્ધ થઇ ગયું છે. માનવ માનવ વચ્ચે મોટી દીવાલ ઊભી થઇ છે. પ્રેમ અને સહકારની ભાવના નષ્ટ થઇ ગઇ છે. ગુણપૂજાનું સ્થાન ધન-પૂજાએ લીધું છે. બુધ્ધિમાન શિક્ષિતવર્ગ પણ ધનને જ મોભાનું સાધન ગણતો થઇ ગયો છે

વર્ણાશ્રમ વ્યવસ્થા કથળી ગઇ છે. સંસ્કૃતિની કરોડરજ્જુ સમો બ્રાહ્મણ, ધર્મ અને સંસ્કૃતિનું પ્રતિક મટીને નિસ્તેજ, દીનહીન, લાચાર બિચારો–બાપડો બની ગયો છે. વૈશ્ય વેપારી મટી વાણિયો બની ગયો છે. અને ઘેર ઘેર સદ્‌વિચારો પહોંચાડવાને બદલે ઘેર ઘેરથી પૈસો ભેગો કરવાના નાદમાં પડી ગયો છે. ક્ષત્રિય, ધર્મ અને સંસ્કૃતિ માટે ફના થવાને બદલે ભોગી અને લંપટ બની ગયો છે. શુદ્ર એટલે કે સમાજની ભૌતિક જરૂરિયાતો પૂરી પાડનારો વર્ગ શ્રમનું મૂલ્ય વિસરી જઇ શ્રમને બજારુ બનાવી બેઠો છે.


પૈસાને અતિરિક્ત મૂલ્ય મળતાં અને જીવનનાં મૂલ્યાંકનો વિકૃત થઇ જતાં સમા-જમાં અન્યાય, અનીતિ, દુરાચરણ, લાંચરુશવત વગેરેને છૂટો દોર મળ્યો છે. સેવા મેવા માટેનું સાધન બની ગઇ છે.

ધર્મમાં અંધશ્રધ્ધા, દંભ અને પાખંડે પગપેસારો કર્યો છે. અધર્મ, ધર્મ તરીકે ખપવા લાગ્યો છે. ભક્તિ વેવલી અને છીછરી બની ગઇ છે ચમત્કારને અધ્યાત્મ તરીકે ખપાવવામાં આવે છે, તત્વજ્ઞાનને નિષેધાત્મક વળાંક અપાવા લાગ્યો છે.

આ ડહોળાઇ ગયેલું માનવજીવન સ્વચ્છ થાય, જીવનમાં વિકૃત મુલ્યોને સ્થાને શુધ્ધ, સ્વચ્છ મૂલ્યોની પ્રતિષ્ઠા થાય, માનવને ધર્મ, ભક્તિ, અધ્યાત્મ અને તત્વજ્ઞાનના સાચા સ્વરૂપનો ખ્યાલ મળે, તેમજ સાંસ્કૃતિક પુનરુત્થાન થાય એ દ્રષ્ટિએ પરમ પૂજ્ય પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી (દાદા) એ સ્વાધ્યાયનો માર્ગ ચીંધ્યો છે એવા પ. પૂ. દાદાની પ્રેરણાથી સાબરકાંઠા જિલ્લામાં, બાયડ તાલુકાના દેસાઇપુરા કંપામાં ભગવાન યોગેશ્વરનું ભવ્ય નવિન દેવાલય તૈયાર થઇ ગયું છે. તેમાં શ્રી યોગેશ્વર મંદિરની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠાનો મંગલ પ્રસંગ સંવત ૨૦૩૮ ના જેઠ વદ-૧૧ તા. ૧૮-૬-૮૨ ને શુક્રવારે સવારના ૧૦ વાગે યોજવામાં આવેલ છે.

આ અપૂર્વ, અદ્વિતીય અને દિવ્ય પ્રસંગે પ. પૂ. દાદાનું મંગલ પ્રવચન પણ રહેશે, તો તે પ્રસંગનો અવર્ણનીય આનંદ માણવા અને પૂ. દાદાની મંગલ વાણીનો સંદેશો ઝીલવા સ્વાધ્યાય પરિવારનાં તેમજ સંસ્કૃતિ પ્રેમી ભાઇ-બહેનો ને પધારવા સાબરકાંઠા જિલ્લા સ્વાધ્યાયી પરિવારનું ભાવભર્યું નિમંત્રણ છે.

નોંધ :— દેસાઇપુરા પહોંચવા માટે, બાયડ, મોડાસા, કપડવણજ, તલોદ, હિંમતનગર, અમદાવાદ થી સ્પેશ્યલ બસોની વ્યવસ્થા પણ રહેશે. બાયડ તાલુકાના ડેમાઇથી આગળ ઓરલા સ્ટેન્ડથી ઉતરીને પણ જઇ શકાશે.




"GARUD" Phone : P. P. 351024

ગરુડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સૉ મશીનરી બનાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોસેસમાં સહાયરૂપ થશે

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ

આ મશીનના મદ્રાસ ટ્રોલીના પાર્ટસ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.


સૉ મીલ માલીકો માટે
ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસૉ બ્લેડ
શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહેછે. અને બેન્ડસૉ બ્લેડ ચાલેછે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
UE
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્ક્સ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩

બુ. પો.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To,

Book - Post

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

॥ શ્રી ઉમિયાય નમઃ ॥





વર્ષ : ૨૪

અંક–૭

જુલાઇ–૧૯૮૨

કાન્તિલાલ કે. પટેલ
બી. એ.

卐 જાગૃતિ 卐

*** માસિકના નિયમો ***

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨),પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M.Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૬ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

ગ્રાહક ભાઇ-બહેનો જોગ

સમાજના મુખપત્ર જાગૃતિના વાર્ષિક ગ્રાહક તરીકેની આપની બાકી નીકળતી લવાજમની રકમ તાકીદે મોકલી આપવા વિનંતી.

તેમજ

રૂપિયા ૨૦૧/– બસોને એક એકજ વખત ભરી આજીવન સભ્ય બની સહકાર આપવા વિનંતી

જાહેરાત આપનાર દરેક ભાઈઓ – જાહેરાતની બાકી નીકળતી રકમ "જાગૃતિ કાર્યાલય" ના નામે ચેક દ્વારા સત્વરે મોકલી આપશોજી.

॥ શ્રી યોગેશ્વરો વિજયતેતરામ્ ॥

તંત્રી સ્થાનેથી.... .....

તંત્રી : કાન્તીભાઇ કે. પટેલ

વસુદેવ સુતં દેવં કંસચાણુર મર્દનમ્ ।
દેવકી પરમાનંદં કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ ॥

આજનો દિવસ દેસાઈપુરાકંપા માટે પવિત્ર દિવસ છે કારણ કે અહીંના કર્મવીર ભાઇઓએ ભગવાનનું મંદિર બનાવ્યું છે તેથી આજે ભગવાન અહીં પધાર્યા છે. આજથી આ કંપાનાં સારાં નરસાં કર્મો પર ભગવાનની નજર રહેશે.

સામાન્ય રીતે કાળ ત્રણ હોય છે પણ આજે આપણે બે કાળ વિશે જ વિચાર કરવાનો છે એક મધ્યાહ્ન કાળ અને બીજો અંત કાળ મધ્યાહ્નકાળ એટલે રોટી અને અંતકાળ એટલે મૃત્યુ. મૃત્યુ અટલ છે જેમાંથી આપણને દરેકને પસાર થવાનું છે.

આ બંને કાળ માટે આપણે જ વિચારવાનું છે પશુઓએ વિચારવાનું નથી કારણ કે "Man is a rational animal" માણસ એ વિચારશીલ પ્રાણી છે. માણસની પ્રત્યેક કૃતિના પાયામાં વિચાર છે. પશુસૃષ્ટિમાં વિચાર હશે કે કેમ ? તે આપણે કહેતા નથી...પણ....આપણને પણ જેમ રોટીની જરૂર પડે છે તેમ પશુને પણ તેના ખાદ્યની જરૂર પડે છે.

ઉદા ત. ઘાસથી ભરેલું ગાડું આગળ જતું હોય તેની પાછળ બીજું ગાડું જતું હોય તો પાછળના ગાડામાં જોડેલો બળદ આગળના ગાડામાં ભરેલું ઘાસ જોઇને તક મળ્યે જરૂર મોઢું નાખશે તે વખતે તેનામાં વિચાર નહિ હોય કે મારાથી તે પારકું છે તેથી ખવાય કે નહિ પણ માણસને આવી તક હશે તો પણ તેને વિચાર આવશે તેનામાં રહેલી બુદ્ધિ તેને તેમ કરતાં રોકશે.

પરંતુ આજકાલ આપણે જોઇએ છીએ કે માનવ જીવન ભોગવિલાસી બન્યું છે સત્તા અને સંપત્તિના મદમાં માનવ જીવન પશુતા તરફ ઢળતું રહ્યું છે. માનવ-માનવ મટી દાનવ બનતો રહ્યો છે. હાડકાનું ખાતર કરી આપણા ઋષિમુનિઓએ જે સંસ્કૃતિ ઊભી કરેલી છે. નો નાશ થતો રહ્યો છે. એ સંસ્કૃતિનો જીર્ણોદ્ધાર કરવા માટે તેના પુનરુત્થાન માટે કૃતિ ભક્તિ દ્વારા સમાજના યુવાનોમાં શક્તિ નિર્માણ કરવી જોઇએ.

આશરે પચીસ હજાર જેટલા ભાવિક ભાઈ-બહેનોની હાજરીમાં ઉજવાયેલ ભગવાન યોગેશ્વર મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તા. ૧૮-૬-૮૨ ના રોજ દેસાઇપુરાકંપા તા. બાયડ, જિ. સાબરકાંઠામાં પ. પૂ દાદાએ હજારો શ્રોતાજનો સમક્ષ આપેલ પ્રવચનમાંથી.

આધુનિક શિક્ષણ સેવાપરાયણ નથી; પરંતુ અર્થપરાયણ છે. ભણાવવાવાળા શું મળશે તે દ્રષ્ટિથી ભણાવે છે અને ભણાવાવાળો ભવિષ્યમાં વધુ પૈસા કેમ મળશે તે દ્રષ્ટિથી, ભણે જે વાતોની જીવનમાં જરૂરિયાત નથી, જેની જીવનમાં માગણી નથી, તેવી વાતો મગજમાં ભરીએ તે કાંઇ જ્ઞાન નથી. એને લીધે કોઇ જ્ઞાનપિપાસુ નથી. તેથી તેમને જ્ઞાની પણ કેમ કહેવાય ? શિક્ષણ શિક્ષા નહિ પણ આનંદ લાગવું જોઈએ શિક્ષણ કર્તવ્ય તરીકે લેવાય ત્યાં સુધી પણ ઠીક છે. પરંતુ તે શિક્ષા તો ન જ લાગવી જોઇએ. આજનું શિક્ષણ સજારૂપ લાગે છે. અને તેથી જ લોકોને રજા જોઈએ છે. આજે સ્કૂલોમાં, કોલેજમાં વર્ષમાં છ મહિના રજા હોય છે. પરંતુ, તપોવનમાં મહિનામાં એકમને દિવસે અનધ્યાય પાળવામાં આવે.

'ડહાપણનો ભંડાર' *

શારદાબહેન એચ. પટેલ
હાયર સેકન્ડરી
એદલપુરાકંપા.

જૂના જમાનાની વાત છે. જાપાનમાં એવો કાયદો હતો કે માબાપ જયારે બહુ બુઢ્ઢાં થઇ જાય અને કામકાજ કરવા માટે નકામાં થઇ જાય ત્યારે તેમને દુર પહાડમાં લઇ જઈને છોડી દેવા ત્યાં તેઓ ખાધા પીધા વિના ટળવળીને મરી જતાં.

એક માણસને એના બાપ પ્રત્યે બહુ પ્રેમ અને ભક્તિ ભાવ હતો પણ જયારે બાપ ઘરડો ને કામ કરવાને અશક્ત થઇ ગયો ત્યારે દેશના કાયદા મુજબ તેને પણ પીઠ પર ઊચકી દુર પહાડમાં છોડવા જવું પડયું બાપને તે જયારે આમ પીઠ ઉપર ઉપાડીને જતો હતો ત્યારે પુત્ર વત્સલ પિતાએ માર્ગમાં આવતા વૃક્ષોની કુમળી ડાળીઓ તોડી મોડીને રસ્તા પર ફેંકવા માંડી, જેથી દીકરો પાછો વળે ત્યારે રસ્તો ભૂલી ન જાય

પહાડીમાં ખુબ દુર ગયા પછી દીકરે એ વરસાદ ન પડે એવી એક સારી જગ્યા જોઇને ત્યાં ઝાડનાં પાન પાથર્યાં અને બાપને તેના ઉપર બેસાડયા પછી કહ્યું. "બાપા, હવે મારે તમારી વિદાય લેવી જોઇએ"

'બાપે નજીકના એક ઝાડની ડાળી તોડી દીકરાને તે બતાવતાં કહ્યું વ્હાલા દીકરા તું પાછો જતાં મારગ ન ભૂલી જાય તે સારુ મેં આવી જાતની ઘણી ડાળીઓ રસ્તામાં ઠેકઠેકાણે વેરી દીધેલ છે જેથી તું ઘર સુધી સહીસલામત પહોંચી શકીશ. છેલ્લે અવાજે કહી વહાલા પુત્રને વિદાય આપી બાપનું આ વાત્સલ્ય જોઇ દીકરાનું હ્રદય એટલી હદ સુધી પીગળી ગયું કે તે એને એમને એમ છોડીને ચાલ્યો જઇ શક્યો નહ અને એને પીઠ પર ઊંચકીને પાછો ઘેર આવ્યો.

પણ દેશનો કાયદો હતો ને ? એટલે આ વાતની જાણ થઇ જાય તે તો બાપ દીકરા બેઉને આકરી સજા થાય. આથી દીકરાએ ઘરની પાછળના વાડામાં એક ગુફા ખોદીને બાપને ત્યાં રાખ્યો રોજ તે ત્યાં ખાવાનું પહોચાડતો ને કોઇક દિવસ કંઇ મીઠાઇ હોય તો તે બાપને ખવડાવવાનું ચૂકતો જ નહિ.

થોડા વખત પછી અહીંના રાજાએ આ પિતૃવત્સલ પુત્રને એક લાકડાની દાંડી આપીને કહયું 'આમાં કયો ભાગ મુળ તરફનો છે ને કયો ઉપરનો છે તે કહે. હવે દાંડીને છોલી કરીને સરસ આકાર આપવામાં આવેલો તેથી માત્ર જોવાથી તો કયો ભાગ નીચેનો ને કયો ઉપરનો તેનો કેમેય ખબર પડે તેમ નહોતી.

દીકરાએ ઘેર આવીને બાપને એ વિશે પૂછ્યું બાપે કહ્યું લાકડીને હળવેથી પાણીમાં મૂક જે પાણી તરફ વધુ ડૂબે તે મુળ. પણ રાજાને હજુ તેનો પૂરો સંતોષ ન હોતો. બીજી વાર તેણે આગળના પ્રશ્ન કરતાં યે વધુ અઘરો કોયડો શોધી કાઢ્યો તેણે એવો ઢોલ બનાવવાની આંજ્ઞા કરી કે જે વગાડયા વિના વગે

દીકરાએ ફરી બાપને જ પૂછ્યું કે 'આ વળી કઇ રીતે બને ? બાપે તરત કહયું, 'ઓહો આતો સાવ સહેલું છે જા બજારમાં જઇને ચામડુ લઇ આવ અને પહાડમાં જઇને મધપુડો લઇં આવ દીકરાએ તે પ્રમાણે કર્યું', બાપે વચ્ચે મધપુડો મુકી બે બાજુ ચામડું મઢી ઢોલ બનાવ્યો અને કહયું.

એ લઇ જઇને રાજાને દેખાડ.

છોકરો તરત જ તે લઇને દરબારમાં ગયો. રાજાએ જેવો ઢોલને હાથ લગાડયો કે તરત જ અંદર રહેલી મધમાખીઓ ફડફડ કરતી ઊડવા માંડી ને ઢોલ પર મઢેલા ચામડા સાથે અથડઇ જેના લીધે ઢોલનો અવાજ આવવા લાગ્યો.

છોકરા પર પ્રસંશાથી વરસાવતાં રાજાએ પૂછ્યું કે આવા અઘરા સવાલોના આવા અદ્‌ભુત જવાબો તું કયાંથી શોધી લાવ્યો ?

છોકરાએ કહ્યું હું તો હજી નાનો છું અને મને પુરતો અનુભવ નથી આથી આ એકેય કોયડાનો ઉકેલ હું શોધી શકયો નથી. સાચી વાત કહું તો, આ બધા જવાબ મેં મારા પિતાજી પાસેથી મેળવ્યા છે તેઓ અનુભવ અને ડહાપણનો ભંડાર છે.

અને પછી રડતાં રડતાં તેણે બધી વાત કરી દીધી 'હું મારા બાપને પહાડમાં છોડીને આવી શકયો નહિ, જેથી એમને મેં મારા વાડામાં સંતાડયા છે.

દીકરાની વાતથી પ્રભાવિત થઇને રાજાએ કહયુ 'મને તો ખબર નહિ કે ઘરડાં લોકો આવાં સમજવાળાં ને ડાહયાં હશે હવેથી કોઇએ પોતાનાં વૃધ્ધ માબાપને પહાડમાં મુકી આવવાની છુટ નથી. એવો રાજાએ હુકમ ફરમાવ્યો.

કહેવાય છે કે ત્યાર પછી જુવાન લોકો ઘરડાં માબાપ સાથે સુખેથી રહેવા લાગ્યાં.

આદર્શ શિક્ષક

કોઇપણ રાષ્ટ્રની સમાજ વ્યવસ્થાનો આધાર તેની શિક્ષણ વ્યવસ્થા પર છે. અને શિક્ષણ વ્યવસ્થાનો આધાર તેના શિક્ષકો પર છે. અને રાષ્ટ્રના ઘડતરમાં પહેલા નંબરનો ફાળો તે રાષ્ટ્રની માતાઓનો છે. અને બીજા નંબરનો ફાળો શિક્ષકને જાય છે જેમ માતા પવિત્ર ગણાય છે તેમ શિક્ષક પવિત્ર ગણાવો જોઇએ. કેટલાક લોકોના લોહીમાં શિક્ષણ હોતું નથી, તેમને માત્ર પૈસા કમાવવા છે તેને માટે તેઓ ઘણા વ્યવસાયો માટે પ્રયત્ન કરે છે તેમાં નિષ્ફળતા મળે છે. તેથી છેલ્લે તેઓ શિક્ષણ વ્યવસ્થામાં ગોઠવવામાં પ્રયત્ન કરે છે ત્યારે ખરેખર તો આ શિક્ષણ વ્યવસ્થામાં જોડાનાર દરેકને માટેતો તે આ ક્ષેત્રમાં શા માટે જોડાય છે તેનો હેતુ બરાબર જાણી લેવો જોઇએ જે શિક્ષક માત્ર પૈસા માટે આ ક્ષેત્રમાં જોડાવા માંગતો હોય, તેને તો શિક્ષક તરીકે લેવાં ન જોઇએ. ખરેખર તો કુમાર અવસ્થામાં જ તેને જીવનમાં ધ્યેય તરીકે શિક્ષક થવાનું છે. તે વાત સમજાવવામાં આવી હશે, તો તે કુમાર યૌવનાવસ્થામાં બીજી કોઈપણ આર્થિક દ્રષ્ટિનો વિચાર કર્યા વગર આ ક્ષેત્રમાં જીવનના ધ્યેય તરીકે જોડાઇ જશે. જે માત્ર આર્થિક દ્રષ્ટિનો વિચાર કરીને શિક્ષણક્ષેત્રમાં જોડાય છે, તેને પંતુજી કહેવાય, શિક્ષક ન કહેવાય જે પરાણે ભણાવે અને પૈસાર્થે ભણાવે તે પંતુજી કહેવાય ત્યાર પછી જે વિદ્યાર્થીઓને માના રતગનો પ્રેમ આપે અને પ્રેમથી ભણાવે પ્રેમ માટે તેને આપણે માસ્તર કહી શકીએ કદાચ પંતુજી તરીકે જોડાયેલા માણસ માસ્તરની દ્રષ્ટિ કેળવશે તો તેમાં એનો અને વિદ્યાર્થીનો બન્નેનો વિકાસ થાય છે. સાત વર્ષની ઊંમર સુધી બાળકને તેની મા પ્રેમથી અને ભાવથી શિક્ષણ આપે ત્યાર પછી તે શિક્ષક પાસે જાય ત્યારે તેને એમ જ લાગવુ જોઇએ કે તે શિક્ષક માના માસ્તરનો જ પ્રેમ અને ભાવ આપે છે અને તે જ સાચા અર્થમાં માસ્તર કહેવાય રમુજમાં કેટલાંક લોકો એમ કહે છે કે જે માંડ માંડ માસતરે તેને માસ્તર કહેવાય અંગ્રેજીમાં માસ્તર શબ્દનો અર્થ શેઠ થાય છે, માલિક થાય છે જે શિક્ષક વિદ્યાર્થીઓ પ્રત્યે માત્ર શેઠાઇ કરે તેને પણ આપણે શિક્ષક ન કહેતાં માસ્તર કહીએ તેમાં ખોટું નથી.

નાનપણથી જ જેને શિક્ષક થવાનુ ધ્યેય મળ્યું છે. જેણે પ્રેમથી અને ભક્તિથી શિક્ષક તરીકે ના સંસ્કાર છે, ભણાવવાનું તેને માટે વેઠ રૂપ નથી. પણ ઉપાસના જેવુ- પવિત્ર કામ લાગે છે. બાળક માં તે ભગવાન જુએ છે પોતાના જીવન વિકાસાર્થે

ભગવાન પોતાનો સંબંધ બાળકો સાથે આ જીવન પર્યંત શિક્ષક છે, એમ સમજનાર ને આપણે શિક્ષક કહીએ જે છોકરાનો જ શિક્ષક છે, તેને જ આદર્શ શિક્ષક કરી શકાય, જેનુ ધ્યેય પૈસા કમાવવાનું છે. અને સમાજમાં ઉત્તમ માનવો નિર્માણ થાય તેવુ શિક્ષણ આપવાનું છે. તેને આપણે શિક્ષક કહી શકીએ, કેટલા કલાક ભણાવ્યું, તેના પ્રત્યે તેનું ધ્યાન હોતું નથી. કેટલા પૈસા મળ્યા તે જોતો નથી, અને આવા શિક્ષકો રાષ્ટ્રના ભવિષ્યના નાગરિકોનું ઘડતર કરી શકે છે.

માત્ર પગારદાર નોકરો કદાપિ કોઈપણ શિક્ષણ ક્ષેત્રનુ ભલું કરી શકતા નથી, સમાજે પણ લોહી રેડનાર શિક્ષકને પગારદાર નોકર સમજવો ન જોઈએ, શિક્ષક અને અધિકારીએ બંન્નેમાં શિક્ષક પ્રત્યે વધારે આદર દેખાડવો જોઈએ ડૉક્ટર, વકીલ કે એન્જીનીયર કરતાં પણ શિક્ષક પ્રત્યે માનની ભાવનાથી જોવુ જોઈએ, ખરેખર તો સમાજનાં શ્રીમંત માણસોએ, સત્તાવાળાઓએ અને કીર્તિવાળાઓએ શિક્ષક પ્રત્યે હૃદય પૂર્વકનો ભાવ રાખવો જોઈએ, તોજ આવો શિક્ષક વિદ્યાર્થીને જે કંઈપણ કહેશે, તેનુ તેઓ આચરણ કરશે.

આદર્શ શિક્ષક શુભ જીવન જીવતો હોવો જોઈએ વિદ્યાર્થીઓને સતત એમ લાગવું જોઈએ કે અમારા શિક્ષક સર્વગુણ સંપન્ન છે. શિક્ષકમાં કદાચ દોઈ દોષ હોય તો પણ તેણે તેવું દોષિત આચરણ વિદ્યાર્થીઓના દેખતાં ન કરવું જોઈએ. પોતાની પાસે જે કંઈપણ જ્ઞાન છે જે કંઈપણ વિચાર છે તે સર્વે શિક્ષકે પોતાના બાળકોમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઈએ તેમ કરતાં કરતાં શિક્ષકનું છેલ્લું ધ્યેય એજ રહેવું જોઈએ કે તેના સંપર્કમાં આવનાર દરેક વિદ્યાર્થીઓમાં જે કંઈ સુષુપ્ત સંસ્કારો રહ્યા છે, તેને બહાર કાઢવા પ્રયત્ન કરીશ,

આમ છતાં શિક્ષક સામાન્ય રીતે આજીવિકાનું ભણતર ભણાવતો હોય છે. જયારે જીવનનું શિક્ષણ જે મુખ્ય રીતે ભણાવે છે, અને પોતાના આચરણથી જીવન જીવવાની કલા જીવન જીવવાની વિદ્યા જે શિષ્યોમાં ઉતારે છે. તેને ગુરુ કહી શકાય જીવ, જગત અને જગદીશ એ ત્રણેયનો એક બીજા સાથે સબંધ જોડી દેનાર જે હોય તેને આપણે સદ્‌ગુરુ કહી શકીએ. આમ પંતુજી, માસ્તર, શિક્ષક, ગુરુ અને સદ્‌ગુરુએ સરસ્વતીના આજીવન ઉપાસકનાં ઉત્તરોતર વિકાસ પામતાં પર્યાયો છે.

કોફીના એક કપને કારણે

સત્તાધારીને હાથે જેને અપમાન વેઠવું પડયું છે એવો એક સામાન્ય નાગરીક અંતભેર ઇન્સાફ મેળવવા નીકળી પડે છે. અને આખર જતાં વિજય મેળવે છે તેની વાત ન્યુયોર્ક ટાઇમ્સ દૈનિકને પહેલે પાને થોડા વખત પહેલાં રજુ થઇ હતી રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય મહત્વના સમાચારોની હરોળમાં ત્યાં એને સ્થાન અપાયુ હતું ત્રણ લીટીનુ એનુ મથાળુ હતું.

" ફેરિયાને ન્યાયાધીશની ગાળો ૧,૪૧૦૦૦ની નુકસાની ન્યુયોર્કના એક પરા સમાન લોગ આઇલેન્ડ વિસ્તારની અદાલતના ન્યાયમૂર્તિનો ઉલ્લેખ હતો. ૩૭ વરસના ફેરિયાનુ નામ થોમસ પોતાની ગાડીમાંથી એ કોફી ને સેન્ડવીચ વેચતો."

ન્યાયાધીશ કોર્ટમાં બીરાજેલા હતા વાહનવ્યવહારના કાયદા ભંગ અંગેના ખટલા ચાલતા હતા તેમાં એમણે એક હવાલદારને કોર્ટની નજીકમાં ઊભી રહેલી થોમસની ગાડીએથી કોફી લાવવા મોકલ્યો એ કોફીના સ્વાદ બાબતનો ન્યાય મૂર્તિનો પ્રત્યાઘાત તત્ક્ષણ બુલંદ નીવડયો

હવે એમણે માત્ર પેલા હવાલદારને જ નહી પણ સાથે બે પોલીસનેય થોમસની ગાડી પર મોકલ્યા જઇને એમણે સંભળાવ્યું. જજ સાહેબ બોલાવે છે કોફી તો કાળા કોપની છે.

મશ્કરી કરો છો કે શું, હવાલદાર! થોમસે જવાબ આપ્યો પણ પેલાઓ બિલકુલ હસવાના મિજાજમાં નહોતા ફેરિયાને હાથકડી પહેરાવીને કોર્ટના ચોગાનમાંથી કૂચકદમ કરાવતાં જજની ચેમ્બરમાં હાજર કરાયો થોમસની કેફિયત મુજબ એને જોતાં જ ન્યાયાધીશ બરાડી ઊઠયા કોફીમાં પાણીજ ધબેડયું છે ને

૧૯૭૫ ના એપ્રિલની એ એક જ સાંજ હતી તે પછી બાર મહીના લગી કોર્ટના કર્મચારીઓએ થોમસની ગાડીનો બહિષ્કાર કર્યો ને અંતે એને ધંધો બંધ કરવો પડયો ન્યાયાધીશ પર એણે પોતાનુ અપમાન કરવા બદલ અને આર્થિક નુકશાની બદલ દાવો માંડયો ન્યાયાધીશની વર્તણુક અંગેના ન્યુયોર્ક રાજયના પંચ સમક્ષ પ્રથમ તો જજ સાહેબને તેડાવવામાં આવ્યા ત્યાં ખોટી જુબાની આપવા બદલ પાછળથી રાજયની હાઇકોર્ટ જજને વરસે ચાર લાખ રૂપિયાના પગારવાળા હોદા પરથી બરતરફ કર્યા.

પણ જજસાહેબની આફતનો હજી અંત આવ્યો નહોતો નોકરીમાંથી ફારેગ થઈને એ વકીલાત કરવા માંડયા હતા ત્યાં થોમસભાઈએ માંડેલો ખટલો ચાલ્યો. ચુકાદાને આગલે દિવસે ન્યાયાધીશ અને તેમની વીમા કંપનીએ હવે સરકારના બેકારી ભથ્થાં પર ગુજારો કરતા, એ ફેરિયાને બે લાખ ડોલર ચૂકવીને સમાધાન કરવાની તૈયારી બતાવી ફેરિયાએ ના પાડી સમાધાન નહી થાય

બીજે દિવસે જુલાઈની ૨૦ મીએ જયુરીએ ફેસલો આપ્યો કે થોમસના નાગરિક અધિકારોનો ભંગ થયો હતો જજ અને હવાલદારે મળીને નુકસાનીના ૮૦,૦૦૦ ડોલર ચૂકવવાના જજે એકલાએ બીજા ૬૦,૦૦૦ ચૂકવવાના અને પોલીસ પાસેથી ૧૦૦૦ ડોલરની નુકસાની લેવાની,

થોમસ ટાઈમ્સ છ.પાને જણાવ્યું કે પ્રતિવાદી તરફથી સમાધાન રૂપે મોટી રકમ મળવાની હતી તેનો અસ્વીકાર કરવા બદલ પોતાને અફસોસ નહોતો આ અહેવાલની સાથે ટાઈમ્સે છાપેલી એક છબીમાં થોમસભાઈ પોતાને ઘેર બેઠાં જયુરીના ચુકાદાની ખુશાલી માણતા હતા. બેશક કોફીન. કપથી સ્તો !

આપણા સમાજની 'કાલ અને આજ'

દિનેશ આર. પટેલ (ચિખોડા ચાર રસ્તા)

આપણો સમાજ કયારથી અસ્તિત્વમાં આવ્યો તેની ઉત્પત્તિથી આપણે મતલબ નથી, પણ આપણો સમાજ પહેલાં કયાં હતો અને અત્યારે કયાં છે તે જાણવું જરૂરી છે.

આપણા સમાજની કાલ એટલે આપણા વડવાઓએ જીવેલ જીવન અને આજ એટલે આપણે જીવીએ છીએ તે જીવન અને બન્ને વચ્ચે તફાવત જોઈએ તો આજ અને કાલની ખબર પડે,

કોઈપણ સમાજથી પ્રગતિ નીતિ નિયમો સંસ્કાર માણસાઈ પ્રેમ અને સહકાર વગેરે ગુણો પર આધારીત છે. આપણી કાલ -આપણા વડવાઓ આ ગુણોથી ભરપુર હતા. જે વડવાઓને આપણે અજ્ઞાની માનીએ છીએ તેઓ જ્ઞાનના ભંડાર પ્રેમ સ્નેહ અને સમર્પણથી ભરેલા સંસ્કારી હતા, તેઓ નૈતિકતાના ઉચ્ચ શિખરે બિરાજતા હતા.

ઘૂંઘટ પ્રથા હતી છતાં મર્યાદાનો લેપ ન્હોતો થયો. સીતાના આદર્શો જીવતા હતા કન્યા કેળવણી ન્હોતી છતાં સ્ત્રીઓ ગુણો શીલ અને ચારિત્ર્યને વરેલી હતી, બાળલગ્નો હતાં પણ અત્યારે ઠેરઠેર ચાલતુ માનસિક પ્રોસ્ટીટ્યુશન (Prostitution) ન્હેતુ. કદાચ બુદ્ધિ થોડી ઓછી વિકસીત હશે પરંતુ હૃદયનો અપાર અમાપ વિકાસ થયો હતો ભાવનાના ફુલથી આખો સમાજ સુવાસિત હતો.

ધીમેધીમે પૈસો અને અક્ષરજ્ઞાન વધવા માંડયુ, માહિતી જ્ઞાન વધવા માંડયુ ડીગ્રીઓના ઢગલા થવા લાગ્યા. હૃદય સંકોચાવા લાગ્યું, માણસ માણસથી દુર થવા લાગ્યો એટલે કે માણસના શરીર વચ્ચેનું અંતર ઘટી ગયુ પરંતુ તેઓ હૃદયથી દુર થતા ગયા પૈસાના જોરે ઐયાશીના મહેલ ચણાવા લાગ્યા. અક્ષરજ્ઞાન મેળવીને નીતિ રસેડુ છોડીને ક્લબોમાં નાચવા લાગી. સાસુના પગ દબાવવાની જગ્યાએ બોયફ્રેન્ડના હાથ મસળાવા લાગ્યા, અંતરની સુગંધ વચ્ચે ભાવનાનાં ફુલની સુગંધ દબાઈ ગઇ, પુત્રો પૈસો મેળવવાની દોડમાં મા-બાપને ભુલવા લાગ્યા, નીતિને નેવે મુકી દીધી અને આમ સમાજનું અધઃપતન થતું ગયુ.........?...?

અત્યારે ભૌતિક સગવડો ઘણી બધી વધી છે. સંશોધકો અને ડોકટરો ઘણા વધ્યા છે છતાં રોગ મીટાવી શકયા ? આયુષ્યને વધારી શકયા ? પ્રેમ વધારી શકયા ? અતિથી દેવો ભવની ભાવના છે ? માનસિક શાંતિ છે ? કાલ કરતાં આપણે કઇ બાબતમાં આગળ છીએ ?

કયાં પરસેવાથી લથબથ, માનવતા, સંસ્કાર અને પ્રેમની ખેતી કરતો જગતનો કાલનો તાત અને કયાં ટ્રેકટર પર બેસી ખેતી કરતો આજનો ખેડુત. પૈસાની લાલછા વધતી ગઇ, યંત્રો વધ્યાં, રાસાયણિક ખાતરો આવ્યાં, ભાઇઓ-ભાઇઓના ઝઘડા વધ્યા, સો મીલો વધવા માંડી સમૃદ્ધિ વધવા માંડી, લાકડું બનીને માનવતા વહેરાવા માંડી અને માનવતાને વહેરીને પૈસો પ્રગટ કરવામાં આવ્યો.

અત્યારે આપણી પાસે ફ્રીઝ છે, એરકંડીશન છે છતાં કયારેય મા-બાપના હૃદયને ટાઢક આપી છે ? ટેપરેકર્ડ અને રેડિયો છે. નટીઓના અવાજો અને ચિત્રો છે. મા બાપના અવાજો અને ચિત્રો છે ? કેમેરો છે આલ્બમ છે, મા બાપ અને સગાંના ફોટા છે ? ફિયાટ છે છતાં મા બાપે કયારેય ફિયાટની સીટ જોઇ છે ?

અને આમ નીતિના શિખર પર બિરાજનાર આપણી સંસ્કૃતિ અંધકારની ગર્તામાં ધૂસી ગઇ અને આજે જયાં જુવો ત્યા ગર્તામાં સંસ્કૃતિ હિબકાં લે છે.

આપણે પ્રગતિ કરી કે અધોગતિ એ નક્કી કરવાનું કામ તમારૂ ! !

મા—સંસ્કૃતિ

જૂઓ જૂઓ આપેલા બેઠાં,
મો ભારત તારી સંસ્કૃતિ,
ખૂણે બેસી આંસુ સારતી,
ભૂંડામાં ભૂંડી છે સ્થિતિ,

હૃદય વિનાનાં લોકો વસતાં,
ઘાવ એક એક પર કરતાં,
લૂંટી લેવા દોલત કાજે,
લાતંલાતો સૌ કરતાં.

ઓટ આવી છે હૃદય સાગરે,
કદી ન ફરતી પાછી ભરતી,
દિન દીનો પર વધે જાય છે,
કિનારે જોઇ ને જાણે ડરતી

રડી રહ્યું છે હૃદય માતનું,
ન આશ્વાસન કોઇ બની રહેતું,
છેદ ઉપંગ મૃદંગ વાગે,
(પણ) હૃદયે ન પ્રેમ બીરાજે.

જુઓ સંસ્કૃતિ પેલી રડતી,
કોઈ ન એનું થાતું,
પેટ ભરીને પેલાં બેઠા,
નિશદિન ચિંતા થાતી.

ગરીબ કેરા પેટ મહીં જ્યાં,
ના અન્નનો કણ કણ પડતો,
તવંગરો ને દિલ નથી જ્યાં,
દયા શીદને ઉભરાતી.

પ્રહ્લાદભાઈ ડી. પટેલ
મડાસણા કંપા

ગુરુનો મહિમા

ગણપતભાઇ વી. પટેલ (એડવોકેટ) તખતગઢ

માણસનું જીવન સુધારવા માટે ચાર કૃપાની જરૂર છે.

૧. આત્મકૃપા
૨. ઇશ્વરકૃપા
૩ ગુરુકૃપા
૪. શાસ્ત્રકૃપા

પોતાનું સ્વરૂપ ઓળખવા માટે તીવ્ર ઇચ્છા થાય તેને આત્મકૃપા કહે છે. તેને જ બ્રહ્મ જિજ્ઞાસા કહે છે. તે બરાબર થાય તો ઇશ્વરની કૃપા થાય છે. ઇશ્વરની કૃપા થાય તો તરત યોગ્ય ગુરું મળી રહે છે. પછી ગુરૂકૃપા કરી શિષ્યને શાસ્ત્રોમાં આપેલ અનુભવી મહાત્માઓની વાણી પોતાના અનુભવ સહિત સંભળાવીને આત્મસાક્ષાત્કાર કરાવી આપે છે તેને શાસ્ત્રકૃપા કહે છે. જે જિજ્ઞાસુ શાસ્ત્રનો અભ્યાસ કરે છે તેને બીજા કોઇ ભૂલમાં નાખી શકતા નથી. કારણકે શાસ્ત્રમાં ભગવાનની અને અનુભવી ઋષિમુનિઓની વાણી આપવામાં આવેલ છે.

હાલના કાળમાં બ્રહ્મ જિજ્ઞાસાનું પ્રમાણ ઓછું થયું છે. બુદ્ધિ વધી છે પણ શ્રદ્ધા ઓછી થયેલી છે, તેથી કુતુહલતા વધારે જોવામાં આવે છે. કેટલાક શિષ્યો કુતૂહલથી ગુરુને શોધે છે અને કહે છે કે અમને યોગ્ય ગુરુ મળતા નથી અને કેટલાક ગુરુઓ કહે છે કે અમને યોગ્ય શિષ્યો મળતા નથી; પણ ભગવાનની રચના એવા પ્રકારની છે કે જો શિષ્યની જિજ્ઞાસા સાચી હોય તો તેને લાયક ગુરુ જરૂર મળી રહે છે એવા ગુરુ ન મળે તો એ જો કોઇ સાધુ પોતાના કરતાં આગળ વધેલા છે એવું જિજ્ઞાસુને લાગે અને તેમાં કોઇ મોટો દોષ ન હોય તો તેની પાસેથી શિષ્ય ભાવે જ્ઞાન લેવામાં હરકત નથી, વળી ગુરુને ભગવાન માનવાથી તેના હૃદયમાંથી ભગવાન બોલીને શિષ્યને કૃતાર્થ કરશે. સારા ગુરુઓ શિષ્યને શિષ્યરૂપે જોતા નથી પણ બ્રહ્મરૂપે જુએ છે. વેદાંતના સંપ્રદાયમાં એવો રીવાજ છે કે ગુરુ શિષ્યને આત્મ સાક્ષાત્કાર કરાવીને પછી શિષ્યને નમસ્કાર કરીને છોડી મુકે છે. ગુરૂ શિષ્યને છેવટે કહે છે કે આટલા દિવસ સુધી મારી દૃષ્ટિમાં ગુરુ-શિષ્યનો ભાવ નહોતો, પણ તારી દૃષ્ટિમાં હતો. હવે તારી દૃષ્ટિ પણ શુદ્ધ થઇ ગઇ માટે ગુરુ શિષ્યનો ભાવ બન્ને વચ્ચે રહ્યો નહિ માટે હવે તને ઠીક પડે ત્યાં સમ-દૃષ્ટિ રાખીને વિચર.

છતાં શિષ્યો ગુરુના ઉપકારનો બદલો ભૂલતા નથી, જે કામ કરોડો જન્મમાં રખડતાં થયું નહિ તે કામ ગુરુ કરી આપે તો શિષ્ય ગુરુને શું આપી શકે ? જયારે યાજ્ઞવલ્કયે જનકને ઉપદેશ આપ્યો અને આત્માનો અનુભવ આપ્યો ત્યારે જનકે વિચાર કર્યો કે મારે ગુરુને બદલામાં શું આપવું ? ગુરુએ જે આપ્યું તેના જેવી બીજી કોઇ ઉત્તમ વસ્તુ નથી અને તે તેને પ્રાપ્ત છે. છેવટે જનકે ગુરુને કહ્યું કે "આપે મને જે અભયપદ આપ્યું તેનાથી હું કૃતાર્થ થયો છું. મારી પાસે આપને આપવાને માટે કંઇ નથી. આ રાજય વગેરે તો આપનું જ છે પણ તેટલાથી આપનો બદલો આપી શકાતો નથી. તેથી પ્રભુ પાસે મારી તો એટલી જ માગણી છે કે " આપનું અભયપદ બની રહે એટલે આપની નીષ્ઠા બની રહે." ગુરુનું ખરું કામ શીષ્યને અદ્વૈત તત્ત્વનો સાક્ષાત્કાર કરાવી આપવાનું છે. તે તત્ત્વ દરેકની પાસે છે છતાં અનેક જન્મની ભૂલોને લઇને માણસની વૃત્તી તે સ્વરૂપે રહેવાને બદલે બહાર ચાલી જાય છે. ગુરુ શીષ્યને બોધ આપી તે ભૂલ કેમ સુધારવી તે સમજાવે છે. જેણે ભુલ કાઢી હોય, જેણે દ્વૈતભાવ દૂર કર્યો હોય તેજ બીજાની ભૂલ કાઢી શકે છે, તેથી આત્મસાક્ષાત્કારના માર્ગમાં ગુરુની બહુ જરૂર છે.

વળી ગુરુ પ્રત્યે ઇશ્વર જેવો ભાવ રાખવો જોઇએ. ગુરુને ઇશ્વર જેવા માનવા જોઇએ. તેથી દરેક વર્ષે અષાડી પૂનમે દરેક શીષ્યે ગુરુની પૂજા (ઇશ્વરની પૂજાની માફક) કરવી જોઇએ એવી શાસ્ત્રમાં આજ્ઞા છે. તે વખતે કેટલાક શીષ્યો ગુરુની સ્તુતિના શ્લોકો પ્રેમના ઉમળકાથી બોલે છે.

ગીતામાં ચોથા અધ્યાયમાં ઘણા પ્રકારના યજ્ઞ સમજાવેલા છે એ બધા સમજાવીને છેવટે (૪–૨૩) કહેલ છે કે " બધાં યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે. બધાં કર્મ જ્ઞાનમાં સમાપ્ત થાય છે." એવું જ્ઞાન મેળવવા માટે શીષ્યે ગુરુને શરણ જવું, તેની સેવા કરવી અને તેને એવા પ્રશ્ન પુછવા કે આ સંસાર શા માટે થયો છે ? હું કયાંથી આવ્યો ? મરણ પછી માણસ કયાં જાય છે. ભગવાન કેવા છે અને કયાં છે ? માયાનું સ્વરૂપ કેવું છે ? જે સાચા ગુરું હશે તેજ એવા અઘરા પ્રશ્નોના જવાબ બરાબર આપી શકશે. એ જ્ઞાનથી ફરીથી સંસારમાં મોહ થતો નથી અને બધા પ્રાણી પોતાના આત્મામાં અથવા ભગવાનમાં રહેલાં લાગશે એવું જ્ઞાન જે આપે તે જ્ઞાની પુરૂષ સમજવા અને એ ગુરુ કરવાને લાયક છે. પાપીમાં પાપી માણસ હોય તે પણ એવા જ્ઞાનથી સંસાર સાગરને તરી જાય છે. જ્ઞાન જેવી બીજી કોઇ પવિત્ર વસ્તુ નથી.

એવા જ્ઞાન માટે શિષ્યમાં પણ અધીકાર જોઇએ. જે શ્રધ્ધાવાળા હોય, ઇંદ્રીયોનો જીતનારો અને ભગવત પારાયણ હોય તેને જ્ઞાન મળે છે.

જે માણસોને સગુણ ભગવાનનાં દર્શન જોઇએ તેમને માટે જપ અને મૂર્તિનું ધ્યાન એ મુખ્ય સાધન છે. તેના પરીણામે ચિત્તશુદ્ધી થતાં ભગવાન દર્શન આપે છે અને ભકતને પૂછે છે કે તારે શું જોઇએ છે ? મને શા માટે બોલાવ્યો ?

સગુણ ભગવાન ભકતની ઇચ્છા પૂરી કરી પછી અદ્દશ્ય થઇ જાય છે. વળી સગુણ ભગવાનનાં દર્શન માત્રથી બધો પુરૂષાર્થ સીદ્ધ થતો નથી. અર્જુનની પાસે સગુણ ભગવાન રથ ઉપર પાસે હતા છતાં તેના મનમાં અનેક જાતના ખોટા સંકલ્પ ઉત્પન્ન થતા હતા.

અર્જુને ગીતાની શરૂઆતમાં જ ભગવાનને કહ્યું કે મારામાં દીનતા આવી જવાથી મને શુ કરવું તે ખબર પડતી નથી. હું તમારો શીષ્ય છું માટે વાસ્તવીક કરવાનું હોય તે નિશ્ચય કરીને મને કહે. આ શ્લોક દરેક જિજ્ઞાસુ રાત્રે સુતી વખતે બોલીને પછી નિદ્રા લે અથવા ધ્યાન કરતાં પહેલા બોલે તો ભગવાન તેના ગુરુ થાય છે અને તેનામાં સારૂં જ્ઞાન ઉત્પન્ન થાય છે.

ગીતામાં બીજા અધ્યાયનો એ સાતમો શ્લોક છે.

ગુરુની જરૂર બધે ઠેકાણે જણાવવામાં આવેલ છે. વ્યવહારમાં કોઇ નાના કામ માટે પણ જે માણસ તે કામ જાણતો હોય તેને પૂછવું પડે છે અને થોડીવાર તેને ગુરુ કરવા પડે છે તો આત્મ સાક્ષાત્કારના અજાણ્યા માર્ગે જેને જવું છે તેને ગુરુની મદદની જરૂર કેમ ન રહે ?

શ્રી કૃષ્ણ ભગવાન પણ નાની ઉંમર ઉજ્જૈનમાં સાન્દીપની નામના ગુરુને ત્યાં અભ્યાસ કરવા ગયા હતા. ત્યાં નિયમ પાળીને, ઇન્દ્રીયોનો નીગ્રહ કરીને રહેતા હતા. અને ગુરુને ઈષ્ટદેવ જાણીને તેની સેવા કરતા હતા. તેમની નીષ્કપટ સેવાથી પ્રસન્ન થઇને ગુરુએ તેમને ઉપનીષદ્ સહીત સંપૂર્ણ વેદ શીખવાડયા. તે ઉપરાંત ધનુર્વેદ, ધર્મશાસ્ત્ર, ન્યાયમાર્ગ અને રાજનીતિનું શિક્ષણ પણ આપ્યું હતું. તેમની બુદ્ધિ એવી હતી કે ગુરુ એકવાર સમજાવે કે તરત યાદ રહી જતું હતું (શ્રીમદ ભાગવત ૧૦-૪૫-૩૫) તેમની સાથે અભ્યાસ કરવામાં તેમના મોટાભાઈ બલભદ્રજી હતા તથા તેમના મિત્ર સુદામાજી હતા. સુદામાજીને જયારે ધનની જરૂર પડી ત્યારે શ્રી કૃષ્ણે તેમને પૂછયું, હે બ્રહ્મન્, આપણે એવો અભ્યાસ ચાલતો હતો કે **द्विजो विज्ञाय विज्ञेयं तमसः पारमश्नुते ।** જે જાણવા યોગ્ય વસ્તુ જાણ્યા પછી માણસ અજ્ઞાનથી પાર થઇ જાય છે.

ગુરુકુળમાં વાસ કરવાથી જીવ સત્કર્મ કેમ કરવાં તે શીખે છે. ભગવાન સુદામાજીને કહે છે કે સર્વ પ્રાણીના અંતરાત્મા રૂપ હું ગુરુ સેવાથી જેવો પ્રસન્ન થાઉ છું તેવો યજ્ઞ, બ્રહ્મચર્ય, તપ અને ઉપશમ વગેરે બીજા સાધનથી પ્રસન્ન

શકતો નથી, અને બધી ઇચ્છા પૂરી કરવાના સાધનરૂપ પોતાના શરીરને વિશુદ્ધ ભાવથી ગુરુની સેવામાં લગાવીને સારા શિષ્યો ગુરુની સેવા કરે છે. (શ્રીમદ ભાગવત ૧૦-૮૦-૪૧)

ગુરુ જે જ્ઞાન પ્રેમથી શિષ્યને આપે છે તે જ્ઞાનમાં એવું જોર રહેલું હોય છે કે જે માત્ર પુસ્તક વાંચવાથી મળતું નથી.

વેદાન્તને શ્રુતિ કહે છે. તે યોગ્ય ગુરુ પાસેથી સાંભળીને ગ્રહણ કરવા જેવી વસ્તુ છે.

સમાચાર દર્શન

સમાજ જોગ વિનંતી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ તેમજ યુવક મંડળ ગુજરાત ઘનસુરા જોગ

ઉપરોક્ત સમાજ તેમજ યુવક મંડળના તમામ સભાસદ ભાઇઓને નમ્ર વિનંતિ કરવામાં આવે છે કે આપણા સમાજનું ફકત એકનું એક મુખપત્ર 'જાગૃતિ' છેલ્લાં પચ્ચીસ વર્ષથી સમાજને સેવા આપી રહેલ છે અને ભવિષ્યમાં સેવા આપતું રહેશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી પણ હાલના સંજોગોને ધ્યાનમાં લઇ જાગૃતિ માસિકને વધુ લોકપ્રિય બનાવવા તથા સમાજના સમાચારો સમાજની દરેક વ્યક્તિને ઘેર ઘેર પહોંચતા કરવા માટે જાગૃતિ માસિકને આર્થિક રીતે પગભર બનાવવા હાલમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાંતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ઘનસુરા તરફથી વાર્ષિક તેમજ આજીવન સભ્ય બનાવવાની કાર્યવાહી ચાલી રહી છે તો આપના વિસ્તારમાંથી જાગૃતી માસીકના વાર્ષિક તેમજ આજીવન સભ્ય બનાવી વાર્ષિક લવાજમ રૂા. ૧૨ અને આજીવન સભ્ય ફી રૂા. ૨૦૧ ઉઘરાવીને શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળની ઓફીસે મોકલી આપી સમાજના કાર્યમાં મંડળને સહકાર આપી આપ સમાજ પ્રત્યેની ફરજ બજાવશો એવી આશા સહ વિરમું છું.

લિ. આપનો વિશ્વાસુ
મંત્રી
અરજણભાઇ વી. પટેલ

શ્રી ઉમિયાય નમઃ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા

વિશ્રાંતિગૃહ અને ભોજનાલયનો ઉદ્ઘાટન સમારંભ

ગત તા. ૩–૬–૮૨ના રોજ સવારના ૯ વાગે રૂા. ૪૦ લાખના ખર્ચે અદ્યતન સગવડો વાળુ વિશ્રાંતીગૃહ અને ભોજનાલયનું સમાજના આગેવાન શ્રી મોતીકાકા મારફતીયાના વરદ હસ્તે દીપ જલાવી ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

પ્રસંગનો શુભ આરંભ માતાજીના પુજારીની પ્રાર્થના અને આશીર્વાદથી કરવામાં આવ્યો.

સંસ્થાનના ઉપ–પ્રમુખ શ્રી કેશવલાલ વીઠ્ઠલદાસ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું ત્યારબાદ પ્રમુખશ્રી વાલજીભાઇ અને અતિથિવીશેષ તરીકે પધારેલા મહેમાનોનું સંસ્થાનની કારોબારીના સભ્યોએ સ્વાગત કર્યું હતું. મંત્રીશ્રી મણીભાઇ પટેલ (ઘંટી) એ સંસ્થાનનો અહેવાલ રજુ કરી ભાવિ યોજનાઓનો ખ્યાલ આપ્યો હતો અને મણીભાઇ પટેલ (મમ્મી) એ શ્રી ઉમીયા માતાજીનો ભવ્ય ઇતિહાસ પોતાની લાક્ષણિક શૈલીમાં રજુ કર્યો હતો.

આ પ્રસંગે સમાજમાં કન્યા કેળવણીનો વ્યાપ વધારવા માટે કન્યા છાત્રાલયો ઊભાં કરવામાં જે જે કડવા પાટીદાર ભાઇઓએ તેમની વિશિષ્ટ સેવાઓ પ્રદાન કરેલી છે તેઓ સૌનું જાહેર સન્માન કરી દરેકને તામ્રપત્ર અને શાલ અર્પણ કરી હતી.

શેઠશ્રી કેશવલાલ વિઠલદાસ પટેલના હસ્તે સંસ્થાન વતી સન્માનિત થયેલ વ્યક્તિઓનાં નામ નીચે મુજબ છે.

નામ	વતન/કન્યા છાત્રાલય
(૧) પટેલ ખીમજીભાઈ નાગજીભાઇ માસ્તર જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન	કચ્છ–નખત્રાણા
(૨) ત્રિભોવનદાસ મોહનલાલ ગુરૂ	ઊંઝા
(૩) ગણેશભાઇ જીવાભાઈ પટેલ	સુરેન્દ્રનગર
(૪) શીવાભાઈ પ્રભુદાસ પટેલ	વિસનગર
(૫) ગોપાલભાઈ નરસીહભાઈ પટેલ	જૂનાગઢ
(૬) હીરજીભાઇ કરશનભાઇ પટેલ	ધનસુરા
(૭) અરજણભાઈ ભીમજીભાઈ પટેલ	મોડાસા
(૮) માણેકલાલભાઇ પટેલ	પાદરા

ઉપરોક્ત સૌ આગેવાન ભાઇઓનુ કન્યા કેળવણી ક્ષેત્રે સક્રીય રસ દાખવવા બદલ બહુમાન કરવાંમાં આવ્યું હતું.

દુઃખદ અવસાન

પટેલ રવજીભાઇ પ્રેમજીભાઈ પોળુ

કચ્છ નાગલપુર નિવાસી રવજીભાઈ પટેલનું ખંડવા (મ. પ્ર) મુકામે ૨૫ વર્ષની ભર યુવાન વયે દુઃખદ અવસાન નીપજ્યું છે.

સદ્‌ગતશ્રી ખંડવા યુવક મંડળના ઉત્સાહી અને ખંતીલા કાર્યકર હતા. તેઓ તેમની પાછળ વિધવા પત્ની, માતા પિતા અને ભાઇ ભાંડુઓના વિશાળ પરિવારને વિલાપ કરતાં મુકી ગયા છે.

ખંડવા સમાજના ભાઇઓએ સદ્‌ગતશ્રીના પરીવારજનોને સાંત્વન આપી બનતો સહકાર આપેલ છે.

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતી તેમજ પરીવાર જનોને કારમો ઘા સહન કરવાની શકતિ આપે એજ અભ્યર્થના.

મૂળ વતન કચ્છ ઉખેડા હાલ સુર્ય વિજય સો મીલના માલિક તેમજ અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજના ખજાનચી શ્રી મનજીભાઇ વાલજીભાઇ પટેલના મોટા ભાઇ શ્રી કાનજીભાઇ વાલજીભાઇ પટેલનું ગત તા. ૭–૬–૮૨ ના રોજ ૬૮ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાથી દુ:ખદ અવસાન થયું છે.

સદ્‌ગતશ્રી સ્વભાવે માયાળુ, મિલનસાર તેમજ ધર્મિકવૃત્તિના હતા.


પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિઅર્પે તેમજ પરિવારજનોને તેમના અવસાનથી પડેલી ખોટ સહન કરવાની શકિત અર્પે એજ અભ્યર્થના.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ખંડવા

ઉપરોકત સમાજની ચાલુ વર્ષની કારોબારીમાં ચૂંટાઇ આવેલ પદાધિકારીઓ આ પ્રમાણે છે.

(૧)	દેવજીભાઇ પટેલ	C/O પટેલ એન્ડ કું.	પ્રમુખ
(૨)	કાન્તિભાઇ પટેલ	C/O એસ. એલ. પટેલ એન્ડ બ્રધર્સ	ઉપ–પ્રમુખ
(૩)	કરમસીભાઇ પટેલ	C/O શ્રી રામ ટીમ્બર માર્ટ	,,
(૪)	બાબુભાઇ પટેલ	C/O રમણભાઇ વાલજીભાઇ પટેલ	મંત્રી
(૫)	બાબુભાઇ પટેલ	C/O શંકર સો મીલ	સહમંત્રી
(૬)	દયારામ પટેલ	C/O ગીતા ટ્રાન્સપોર્ટ	ખજાનચી

ચૂંટાઇ આવેલા કા. સભ્યોને અભિનંદન



સમય અને
મહેનત
બચાવો *

પોકાર

નું

ઇલેકટ્રીક પાવરથી
ચાલતું

છાસ.

બનાવવા
માટેનું

વલોણા
યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

—: વિક્રતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઈન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેકટ્રીકલ્સ મોડાસા

ઉત્પાદક : મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન

લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩


"GARUD"

Phone : P. P. 351024

ગ રુ ડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬




આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ

સો મશીનના મદ્રાસ ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.


સો મીલ માલીકો માટે ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહે છે. અને બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.



સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાભટ રોડ, બાયડ

મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપા પાસે, મોડાસા

મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ, હિંમતનગર

મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઇડર

પ્રકાશક :
શ્રી અંબાલાલ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા,- જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

Book – Post

To.

* *

* *

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમિયાય નમઃ ॥





કાન્તિલાલ કે. પટેલ
બી. એ

વર્ષ : ૨૪
અંક–૮
ઓગસ્ટ–૧૯૮૨

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧) પરદેશમાં રૂ. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલાં તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

અભિનંદન

સા કાં. ડી. સે કો. ઓ. બેંક લી. હિંમતનગરમાં સર્વિસ કરતા પટેલ કુંવરજીભાઇ પ્રેમજીભાઇના સુપુત્ર શ્રી. ઈશ્વરભાઇ ચાલુ સાલે-માર્ચ. ૧૯૮૨માં લેવાયેલ **ન્યુ. એસ. એસ. સી. ના પરીક્ષાગાં ૭૭% માર્કસ મેળવી** હિંમત હાઇસ્કૂલમાં બીજા નંબરે ઉતીર્ણ થયા છે

✱ બગવતી સો મીલ વડોદરાવાળા **પટેલ સામજીભાઇ માવજીભાઇ ના સુપુત્ર પુરસોત્તમદાસ એમ. એસ.** યુનિ. વડોદરામાં **બી ઇ. સીવીલ એન્જીનીય--રીંગના છેલ્લા વર્ષમાં ૭૬%**માર્કસ મેળવી ડીસ્ટીંકશન સાથે ઉત્તીર્ણ થયા છે.

—અભિનંદન.

॥ શ્રી યોગેશ્વરો વિજયતેતરામ્ ॥

* તંત્રી સ્થાનેથી *

નિયમિત ગીતા સ્વાધ્યાયના અભિષેકથી જેના હૃદય ભીનાશવાળા થયા છે એવા સ્વાધ્યાયી માનવો સમાજના દુઃસાધ્ય રોગથી વ્યથિત થયા, વેદનાને વાચા આપવા તત્પર બન્યા. ગીતાને કર્તવ્યની તમન્નાના હાથોથી પકડી હોવાથી તેઓએ અનુભવ્યું જીવન માત્ર કમાવવા, પૈસા ભેગા કરવા, સંસાર માંડવા, જીવન વ્યવહાર ચલાવવા જ નથી મળ્યું; તેથી કંઇક વિશેષ કરવા માટે જીવનની અમૂલ્ય દેન છે. પણ આ લાગણીને, વિચારને કૃતિમાં ફેરવવો કેમ ? સમુદ્રના ખારા જળમાં એકાદ મીઠા પાણીનો ઘડો રેડયો તોય શું, ન રેડયો તોય શું ? શું ફરક પડવાનો છે ? ત્યાં તો વૃક્ષ નજરે પડયુ ;

પાણી પાએ મુળ; ડાળી ખીલે ફુલ !

અંતર ભીનું થશે તો શાખા નવપલ્લવિત બનશે. અંદર બદલ થશે, વિચાર-સમજ ફરશે તો બહારમાં આપોઆપ બહાર આવશે.

દેખાતા સર્વ અનિષ્ટોનું મૂળ, અધઃપતન, જડવાદ અને ભોગ પ્રધાન ભ્રાંત જીવન દર્શનના પછવાડે એક જ અનર્થકારી કીડો હાલતો દેખાયો.

'કૃતજ્ઞતા વિસાર'. માનવ જીવનમાં કૃતજ્ઞતા-ભાવનાના અભાવે વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આધ્યાત્મિક, તથા આર્થિક, ભૌતિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઘણા મોટા અનર્થ-અંધકાર (chaos) ઊભા થયા છે. આજે માતા-પિતા, વડીલો, સમાજ, સંસ્કૃતિના જ્યોતિર્ધરો, મહાપુરુષો, ગુરુજનો, લોકનેતા, સ્વદેશ, રાષ્ટ્રના માનબિંદુઓ, માનવ-માનવ વચ્ચે અને ઇશ્વર પ્રત્યે સાર્વત્રિક કૃતજ્ઞતા-ભાવ સુકાયેલો જણાય છે કૃતજ્ઞતા-ભાવ વગર જીવન રેતીના રણ સમું બળયું બળયું અનુભવાય છે. ગમે તેટલું પાણી સ્વાધ્યાયની વાદળીઓ તે રણ પર વરસાવે છતાં રણના પેટાળમાં તે પાણી કયાં ચૂસાઇ-સુકાઇ જાય તે ખબર પડતી નથી. પરંતુ જયારે કૃતજ્ઞતા-ભાવવાળાં જીવનમાં સ્વાધ્યાયની વાદળી એકવાર પણ વરસે તો કાંપવાળી જમીનની જેમ આપોઆપ અંકુરો ફુટી નીકળશે. આથી જ કૃતજ્ઞતા-ભાવ એ માનવ હૃદયનું પ્રથમ આવશ્યક લક્ષણ છે એમ શાસ્ત્રકારોએ વર્ણવ્યું છે. કૃતજ્ઞતાને વિસારે પાડનાર માનવ સમો કોઇ જ પાપી નથી. તેને માટે કોઇ પ્રાયશ્ચિત્ત પણ નથી. **कृतघ्ने नास्ति निष्कृतिः ।** માનવજીવન માટેની અનેક પરિભાષાઓમાં પ્રથમ અને મહત્વની પરિભાષા છે, માનવતા એટલે કૃતજ્ઞતા. મનુષ્ય કૃતજ્ઞતા-ભાવવાળું પ્રાણી છે.

જે સંસ્કૃતિના વિકાસ શિખર પર આજે માનવ ઊભો છે, તે પગ નીચેની માટીને પિછાણવા માનવ ઉત્સુક બન્યો. સમાજ, સંસ્કૃતિના ઉત્થાન-વિકાસ માટે જીવન અર્પનારા મહાનુભાવો, ઋષિમુનિઓની જીવનગાથા ગાઇને 'સ્વ' અને 'સમાજ' નાં હૃદયોને સ્પર્શવા પ્રયત્ન કર્યો. પોતે અને પોતાનાંને કુંભકર્ણની લાંબી નિદ્રામાંથી ઉઠાડવા તત્પર થયો. કોઇપણ પ્રકારના અન્ય સ્વાર્થની છાંટ વગર, માન કે કીર્તિની

લાલસા વગર, સ્વાધ્યાયી ભાઈઓનો સમુહ ઈશ્વરભક્તિની દ્રષ્ટિ રાખી સ્વસ્થાન છોડી અન્ય સ્થળોએ ચાલી નીકળ્યો શ્રી યોગેશ્વર ભગવાનના સૈન્યમાં ભરતી થવા! પ્રભુકાર્ય કરવા ! સમાજના પ્રવર્તમાન અનિષ્ટો સામે લડવા ! સમાજનો વિચાર પ્રવાહ બદલાવવા !

પ્રભુકાર્ય અજ્ઞાત, અતકર્ય અને અચિંત્ય છે પ્રભુકાર્ય કરવુ એટલે માનવને માનવ બનાવવો. આ માનવ સમાજથી અળગો નથી, આથી પ્રભુકાર્ય કરવું એટલે માનવ અર્થાત્ સમાજનું કામ કરવું એવો અર્થ ઘટાવાય. કેટલાક પ્રભુકાર્યને સામાજીક કાર્ય માને પણ ખરા. પરંતુ હકીકતમાં પ્રભુકાર્ય અને સમાજસેવા એ ભિન્ન વાતો છે. પ્રભુકાર્યની એક્ક ભક્તિ છે. ઘરમાં ઈશ્વરની સેવા-પુજા, ધ્યાન ધરી, મંદિરમાં પ્રભુદર્શન-મિલન માટે જઈએ ત્યારે એમ જરૂર વિચારીએ કે: આ જ પરમ ચૈતન્ય વિશ્વમાનવોના ખોળિયામાં, સૃષ્ટિના અણુ અણુમાં વ્યાપી રહ્યું છે. સર્વ માનવો નારાયણ સ્વરૂપ છે. આમ વિચારતો સ્વાધ્યાયી ભાઈઓનો એક સમુહ તે પરમ નારાયણનો પ્રેમ સંપાદન કરવા, તેના આ વિભિન્ન સ્વરૂપોની પાસે જવા તૈયાર થયો. સંસાર વ્યવહારથી થોડો વખત દૂર થવા ઉત્સુક બન્યો.

શ્રી યોગેશ્વર યુવક મંડળ – કાશીપુરાકંપા

(હિંમતનગર)

શ્રી યોગેશ્વર યુવક મંડળની સાધારણ સભા શ્રી વાલજીભાઈ એસ પટેલ (મહાવીર વિજય સો મીલ ગેદીયા)ના પ્રમુખ સ્થાને તા ૩-૬-૮૨ના રોજ મળી હતી તેમાં નવા વર્ષ માટે નીચે જણાવેલ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

પ્રમુખ — કરસનભાઈ એલ પટેલ
મંત્રી — ચંદુભાઈ એમ. પટેલ
ઉપપ્રમુખ — હરીભાઇ એમ. રામાણી
સહમંત્રી — ઈશ્વરભાઈ ડી. પટેલ
ખજાનચી — લાલજીભાઈ પી. પટેલ
સહ. ખજાનચી — બાબુભાઈ ડી. પટેલ

સમિતિઓ :-

વાસણ વ્યવસ્થા :—
(૧) વીઠ્ઠલભાઇ એલ. પટેલ
(૨) અંબાલાલ એમ. પટેલ

માઇક અને વસુલાત :—
(૧) અરવિંદ કે. પટેલ
(૨) કસ્તુર બી પટેલ

ઉપર મુજબ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી...

મંત્રી — **ચંદુભાઈ એમ. પટેલ**

વિના સહકાર નહી ઉધ્ધાર *

દિનેશ કે. પટેલ
બાવસારટીંબા

એક દિવસ એક માણસ જંગલમાંથી પસાર થઇ રહ્યો હતો ત્યારે તેણે રસ્તા પર એક પાટીયું લગાવેલું જોયું. પાટીયામાં લખેલું હતું 'સ્વર્ગ–નર્ક તરફ જવાનો રસ્તો' આ વાંચીને પેલા માણસને તે જોવાની ઇચ્છા થઇ. તેણે તે રસ્તે પ્રયાણ કર્યું તે માણસ થોડો ક આગળ ગયો ત્યારે તેણે 'નર્ક' એમ લખેલું વાંચ્યુ તે નર્કના દરવાજામાં પ્રવેશ્યો અને અંદરનું દ્રશ્ય નિહાળવા લાગ્યો. નર્કમાં સુંદર મજાના બાગ–બગીચાઓ તેમજ ફળ–ફુલો હતાં. સુંદર મકાનો હતાં. રંગબેરંગી પુષ્પોની સુમધુર સુગંધ વાતાવરણને સુગંધી બનાવી રહી હતી પેલો માણસ આ બધું જોઇને વિચારવા લાગ્યો કે આ નર્ક છે કે સ્વર્ગ ! પરંતુ એટલામાં બપોરે બધ નર્કવાસીઓ માટે જમવાનો ઘંટ વગ્યો બધા એક મોટા ખંડમાં જમવા બેસી ગયા પછી તેમના દરેકના હાથે મોટામોટા ચમચાઓ બાંધી દેવામાં આવ્યા થાળીઓમાં જાતજાતનાં પકવાન હોવા છતાં તેઓ જમી શકતા ન હતા કારણેક ચમચાઓ લાંબા હતા તેથી ખાવાનું મુખ પાસે ન જતાં ખભા પાસે જતું હતું. તેઓ બધા ભૂખ્યા જ રહી ગયા. આ જોઇને પેલા માણસને થયું ખરેખર આ નર્ક જ છે. પછી પેલો માણસ સ્વર્ગમાં ગયો ત્યાં પણ નર્કના જેવું જ વાતાવરણ હતું અને દરેક સ્વર્ગવાસીઓને પણ જમતી વખતે હાથમાં ચમચા બાંધવામાં આવતા હતા. પરંતુ અહીંયા ફરક એટલો હતો કે દરેક જણ સામસામે બેસીને એકબીજાને જમાડતાં હતા. અને આ રીતે તેઓ શાંતિથી જમતા હતા. આ જોઇને પેલો માણસ ખુશ થઇ ગયો અને બોલી ઉઠ્યો 'વિના સહકાર નહીં ઉધ્ધાર'

આ.પણે ઉપરના દ્રષ્ટાંત દ્વારા જોઈ શકીએ છીએ કે સહકારનું મહત્વ કેટલું બધુ છે ! નર્ક તેમજ સ્વર્ગમાં બંનેમાં સરખું હોવા છતાં સહકારને લીધે સ્વર્ગવત્સીઓ શાંતિથ જમી શકતા હતા જયારે નર્કવાસીઓ ભૂખે મરતા હતા.

આજે સહકારનું મહત્વ ખુબ જ છે વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે, રાજય–રાજય વચ્ચે તેમજ દેશ–દેશ વચ્ચેનો સહકાર વિશ્વમાં શાંતિ સ્થાપે છે. આજે આપણે જોઇ શકીએ છીએ કે દુનિયાના ઘણા દેશોએ સહકાર દ્વારા જ પ્રગતિ સાધી છે. ભારતમાં પણ સહકારી ક્ષેત્રનો ઘણો જ વિકાસ થયો છે.

અરે ! નાની નાની કીડીઓ પણ સહકાર વડે ઝેરી સાપને વશ કરી શકે

છે. તો પછી કાળામાથાનો માનવી શું ન કરી શકે ? ગમે તેવાં કઠીન કાર્યો સહકાર વડે સહેલાઈથી પાર પાડી શકાય છે

આપણા સમાજમાં સહકાર સારો છે. સહકાર વડે જ આપણે આજે આટલી પ્રગતિ સાધી શકયા છીએ. તેમ છતાં હજુ પણ વધારે સહકારની જરૂર છે. કેટલીક સામાજિક સમસ્યાઓ આપણે સહકાર વડે જ ઉકેલી શકીએ તેમ છે

સહકાર દરેક ક્ષેત્રમાં સરખો મહત્વનો છે આપણા દેશમાં સહકારી મંડળીઓ, સંઘો, બેંકો, સોસાયટીઓ, ડેરીઓ વગેરે સંસ્થાઓ સહકારના ધોરણે જ ચાલે છે.

તેથી તો કહેવત છે ને કે ' ઝાઝા હાથ રળિયામણા ', ઝાઝી કીડીઓ સાપને તાણે ', "સહકાર વિના નહિ ઉદ્ધાર"

—જયહિંદ

સૌથી વધુ ચઢિયાતુ કોણ ?

પટેલ મધુબહેન નારણભાઇ
એસ. એસ. સી.
સેવાલિયા બજાર

(૧)	પુત્રથી પણ વહાલું કોણ ?	—	સ્વાર્થ..
(૨)	જગતમાં વધારે સુખી કોણ ?	—	સંતોષી
(૩)	સાકરથી વધારે ગળ્યું શું ?	—	પ્રીત
(૪)	અમૃતથી મીઠું શુ ?	—	ગરજ
(૫)	સાગરથી વિશાળ શુ ?	—	સત્ય
(૬)	દાનેશ્વરીથી ઉચ્ચ કોણ ?	—	મેઘ
(૭)	તરણાથી તુચ્છ કોણ ?	—	કંજૂસ

ગઝલ : જુદાઈ

પટેલ નટવરલાલ ડી.
પટેલ જયંતિલાલ પી.
હરીપુરાકંપા (અણીયોર)

વિદાય ની વેદન ન સમજી શકયા અમે,
આંખથી અશ્રુ ન વહેવડાવી શકયા અમે,
વેદનામાં હતા એટલા બધા ચકચુર અમે,
અલવિદા પણ સાંભળી શકયા ન અમે,
ખેચાઇ જતા પાલવને જોઇ રહ્યા અમે,
પાલવને અલવિદા પણ ન કહી શકયા અમે
તારું રુદન અમારી ધડકન માની બેઠા અમે
ખૂદ અમે રડતા હતા પણ ન સાંભળી શકયા અમે

તને જતી જોઇને અહીં રહી શકતા નથી અમે
તારી તસ્વીર જોઇ મન મનાવી શકતા નથી અમે
તું જવાની જ છે. રોકી શકનાર નથી અમે
તું જાય છે. મહાલયમાં ને મંદિરમાં અમે
ખુદ "વિનોદ" રડી પડયા તો શું કરીએ અમે,
વિનોદ ને છોડીને ચાલી નીકળ્યા અમે,

બની શકે તો જીવનમાં થોડુક પણ અમલમાં મુકજો

(૧) જે વસ્તુ સ્થાઇ ન હોય તે સુખ આપી શકતી નથી
(૨) જે તમે બીજાને આપો છો તે તમારુ બને છે, અને જે તમે રાખો છો તે બીજાનું બને છે.
(૩) વૃત્તિ પલટાય એટલે પ્રવૃત્તિ પલટાવાની જ
(૪) ન બોલાયેલા શબ્દના તમે સ્વામી છો બોલાયેલા શબ્દના તમે ગુલામ છો
(૫) સેવાના ક્ષેત્રમાં વપરાયેલા ધનનુ વાવેતર થાય છે.
(૬) દીવાસળી પોતાનુ મોઢું બાળીને બીજાને બાળી શકે છે તેમ બીજાનુ બુરૂ વિચારનારનું પહેલું બુરુ થાય છે.
(૭) ઇન્દ્રીયોનો અસંયમ આપત્તિનો માર્ગ છે.
(૮) માનવીની કિંમત તેના કુળ પર નહિ પરંતુ તેના ગુણ પર છે
(૯) પાણી અને વાણી હમેશાં ગાળીને વાપરો.
(૧૦) સારા દેખાવાના પ્રયત્ન કરવા કરતાં સારા બનવા પ્રયત્ન કરો.
(૧૧) એક હાથના સો કુવા ખોદીએ તો પાણી મળતું નથી પરંતુ સો હાથનો એક કુવો ખોદીએ તો જોઇએ તેટલું પાણી મળે છે.

વસંતકુમાર કાન્તિલાલ કાશીપુરાકંપા, હિંમતનગર

હાસ્ય ઝરણાં

ભાસ્કર ડી. પટેલ
F. Y. B. Sc
હિંમતનગર

(૧) એક નાના છોકરાને તેના પિંતાએ પડોશમાં છાપું લેવા મોકલ્યો છાપું આપતાં ડોસાએ પ્રેમથી પુછ્યું.
"તારા પપ્પાએ બીજું કંઈ કહ્યું હતું બેટા ?"
હા. પપ્પા કહેતા હતા કે એ વાંદરો છાપું ન આપે તો બચુકાકા પાસેથી લેતો આવજે.

(૨) એક સજ્જન સાથે વાત કરતાં એક મહેમાને કહ્યું મારૂં માનવું છે કે પીવા અને રાંધવાના કામ માટે વપરાતું પાણી ઓછામાં ઓછું એક કલાક ઉકળવું જોઇએ
ત્યારે તો તમે ડોકટર લાગો છો સજ્જને કહ્યું.
પેલાએ ફોડ પાડતાં કહયું ના, હુ કોલસાનો વેપારી છું.

(૩) એક ધુતારા માણસે ભોળા લોકોને છેતરી સ્વર્ગની ટિકિટો વેચીને ઘણું જ ધન એકઠું કર્યું એક રાત્રે કોઇ ડાકુએ છરો બતાવી એ ધન પડાવી લીધું.
ધુતારો બોલ્યો નીચ શૈતાન તું જરૂર નર્કમાં જઇશ. તારો નર્કમાં પણ વાસ નહિ થાય.
મે પહેલેથીજ આપની પાસેથી સ્વર્ગની ટિકિટ ખરીદી લીધી છે.
એ ડાકુએ જવાબ આપ્યો.

(૪) એક ગ્રાહકે ભંડારમાંથી સિગારેટ ખરીદીને સળગાવી અને પીવા માંડયો આ જોઇને ભંડારના વ્યવસ્થાપકે તેને રોકતાં કહ્યું.
માફ કરજો સાહેબ અહી ધુમ્રપાન કરવાની મનાઇ છે.
પણ આ સિગરેટ તો મેં અહીંથીજ ખરીદી છે. ઘરાકે દલીલ રજુ કરી ભંડારના વ્યવસ્થાપકે જડબાતોડ જવાબ આપતાં કહ્યું તેથી શું થઇ ગયુ ? અમે તો અમારા ભંડારમાં જુલાબની ટીકડીઓ પણ વહેંચીએ છીએ.

(૫) એક ભિખારી ફુટપાથ પર બોર્ડ લગાવીને બેઠો હતો " મૂગાને મદદ કરો."

તે જોઇને એક સરદારજીને દયા આવી ખિસ્સામાંથી પૈસા કાઢતાં પૂછ્યુ ભઈ તું કબસે મૂંગા હૈ ? જન્મથીજ છું સાહેબ !
અરેરે... કહી સરદારજી હાથમાં પૈસા મુકી ચાલતા થયા.

(૬) એક સરદારજીએ બંને પગમાં બે જુદા જુદા રંગના મોજાં પહેર્યા હતાં. આ જોઇને એક એ.ળખીતાએ પુછ્યું. સરદારજી આ શું ? એક મોજુ લાલ રંગનું અને એક લીલા રંગનું એમ કેમ ?

જવાબમાં સરદારજી બોલ્યા : દુકાનદારે મને છેતરી લીધો હરામખોર દુકાનદારે આવી એક નહી પણ બે જોડી મોંજાંની આપી છે. આવીજ એક બીજી જોડ ઘેર પડી છે.

(૭) માસ્તર : જે બેવકુફ હોય તે ઉભો થઇ જાય.
(થોડીવાર પછી એક છોકરો ઊભો થાય છે)
માસ્તર : શું તું બેવકુફ છે ?
વિદ્યાર્થી : ના સાહેબ ! મને એ સારું ન લાગ્યું કે તમે એકલાજ ઊભા રહો. હું તમને સાથ આપવા ઊભો થયો છું.

(૮) એક વાર બે ગપ્પીદાસ ભેગા થયા ને ગામગપાટા ચાલુ કર્યા.
પહેલો : મારા બાપા પાસે તો એટલો મોટો ખાટલો હતો કે આખું ગામ એના પર સુઇ રહેતું.
બીજો : અને મારા બાપા તો એટલા મોટા હતા કે આખા ગામના ખાટલા ભેગા કરીને એના પર સુઇ રહેતા.
પહેલો : તો પછી ગામવાળા કયાં સૂતા ?
બીજો : તારા બાપાના ખાટલા પર.

(૯) એક સ્ત્રી પોતાની એક સખીને મળવા એને ઘેર ગઇ હતી, ત્યાં એનો બાબો રમી રહ્યો હતો.

પેલી સ્ત્રીએ બાબાને જોઇને કહ્યું વાહ ! આ બાબાને બિલકુલ તારીજ આંખો મળી છે.
તેની સખી પુલકિત થઇ બોલી અને નાક એના બાપ જેવું મળ્યું છે !
મોટો બાબો બાજુમાં ઊભો હતો એ તરતજ બોલ્યો.
અને એને ખમીસ મારું મળ્યું છે.

જરા હસો

★ બગડેલો રેડિયો એક સાથે બે સ્ટેશન પકડતાં હોય છે ત્યારે વડોદરા રેડિયો પરથી દુધીની વાનગી કેમ બનાવવી તે વિશે વાર્તાલાપ એક બહેન આપી રહયાં છે. ત્યારે બીજી તરફ અમદાવાદ સ્ટેશન ઉપર એક પહેલવાન કસરતનાં પ્રયોગો રજુ કરે છે ત્યારે શું સંભળાય છે તે નક્કી નહી.

પહેલવાન – વહેલી સવારે તમારા હાથ લાંબા કરો.
બહેન – તરત જ ચપ્પુથી છાલ ઉતારી નાખો.
પહેલવાન – પછી પગ ધીમેથી લાંબા કરો.
બહેન – અને તેના દશ ટુકડા કરો
પહેલવાન – આંગળીઓ હાથ પગની પકડીને.
બહેન – તેનો વેલણથી છુંદો કરી નાંખો.
પહેલવાન – પછી આંખો ધીમે ધીમે ખોલીને
બહેન – પછી લવીંગ અને મરી ભભરાવી દો.
પહેલવાન – આખા શરીરે તેલ ચોળી નાખો
બહેન – ધીમા તાપે ચુલા ઉપર બરાબર શેકવા દો.
પહેલવાન – નાકથી ધીમે ધીમે શ્વાસ લેતાં લેતાં
બહેન – લાલ મરચાં અને મીઠું ભરી દો.
પહેલવાન – શરીરને એકદમ વાળી નાખો
બહેન – તરત જ મોટાં તપેલાંમાં વઘારી નાખો.
પહેલવાન – આ રીતે તમે કરશો તો તમારૂ શરીર
બહેન – સુંદર સ્વાદિષ્ટ ખાવા લાયક વાનગી બની જશે.

× × × × ×

દહેજમાં

કાકા – એ ભીખારી પહેલાં તું તો ભદ્રના મંદિરે ભીખ માગતો હતો અને હવે ગીતામંદિરે કેમ માગે છે?
ભીખારી – વાત એમ છે કે શેઠ એ ભીખ માગવાની જગ્યા મેં તો મારા જમાઈને દહેજમાં આપી દીધી છે.

* શેષ શૈયાપર ઉંઘની ગોળી *

સવાર પડે છે અને આપણે બારણે સાઇકલ પર ડેગડો મૂકીને ઘંટડી વગાડતો દૂધવાળો આવી પહોંચે છે. દુનિયામાં ભેળસેળની શરૂઆત દુધમાં પાણી રેડવાથી થઇ હશે આ ભેળસેળ કેટલી નિરૂપદ્રવી જણાય છે. ઉમેરવાનું પાણી જો શુધ્ધ હોય તો આરોગ્યને કોઇ નુકશાન પણ નથી થતું. ડોકટરો આમેય ઓછા ફેટનું દુધ લેવાની ભલામણ કરતા હોય છે. દુધવાળા પાસે એક કસબ હોય છે. દરેક માપે એ થોડુક દુધ બચાવે છે ટુંકા મહેતાણામાં ટીપે ટીપે થતો દુધનો પ્રછન્ન બચાવ પ્રયાગ આગળ ગુપ્ત રીતે ભળી જતી સરસ્વતીની માફક નરી આંખે દેખાતો નથી હોતો. આમ દિવસની શરૂઆતથી ભટકાતી અપ્રમાણિકતાનું ચેઇન રીએકશન આખો દિવસ ચાલ્યા કરે છે.

ગેસનો બાટલો ખાલી થાય ત્યારે આખા ઘરમાં વાયુનો પ્રકોપ ફરી વળે છે. એ અંગે ફોન કરો ત્યારે સામેથી કહેવામાં આવે છે. કે તમે લઇ જાવ તો આજે મળે એમ છે. અને નહીં તો સાત આઠ દિવસ નીકળી જશે. ઘરે ઘેરે તમે આવી અહિંસક દાદાગીરીથી ટેવાઈ જાવ છો ગેસના બોટલાનો જે ભાવ હોય છે. તેમાં તો હોમ ડીલીવરીનો ચાર્જ ગણીજ લેવામાં આવે છે નિયત રકમની આવક કરતાં અવળી કમાણીનો પ્રછન્ન વધારો જબરો આકર્ષક લાગે છે. પગાર કરતાં બેનસ વધારે વહાલુ લાગે છે. બેનસ કરતાંય ડાબા હાથની કમાણી વળી વધારે વહાલી લાગે છે. એ બાબતમાં ડાબો હાથ જે કરે તેની જમણા હાથને ખબર પડતી નથી. બાઇબલનો ઉપદેશ અહીં અમલમાં મુકાય છે. આમ જમણા હાથને ખબર ન પડે એવી ડાબેરી પ્રવૃત્તિઓ જીવનમાં ચાલતી રહે છે.

એસ ટી. માં તમે મુસાફરી કરતા હો ત્યારે કંડકટર ટિકીટ આપીને પૈસા લે છે. પણ બાકીના પૈસા પછી આપવાનું રાખે છે કેટલાક પેસેન્જરો એ વાત બસના એકધારા અવાજમાં ભુલી જાય છે અને સાંજને છેડે કંડકટરને આવા પાંચ જણ તો મળી રહે છે. થિયેટર પર હાઉસ ફુલનું પાટિયું લગાવવામાં જાણી જોઇને ઉતાવળ કરવામાં આવે છે ટિકિટની પડાપડી થાય ત્યારે ત્રણ રૂપિયાવાળી ટિકિટ દસ રૂપિયે જાય છે ક્યારેક હાઉસફુલ એ હાઉસ ઓફ ફુલ્સ બની રહે છે રેલ્વેમાં મુસાફરી કરતી વખતે એક બોસ મારી સાથે વાતે ચઢી ગયેલો એણે પોતાના ધંધાનું રહસ્ય મારી આગળ ખુલ્લુ કર્યું દર પાંચ છ કપમાં થોડી થોડી ઓછી

ચા રેડીને એક કપ ચા વધારાનો બનાવી લેવાની કળાઓમાં એ પાવરધો હતો વાત અહીં અટકતી નથી પેસેન્જરો લાંબી મુસાફરીમાં ભોજન નાસ્તો લે અને બપોરે ચા પીએ બીજે દિવસે સવારે પૈસા પુછે ત્યારે નિરાંતે હોય તેમાં બે રુપિયા ઉમેરીને સાત રૂપિયા પાંત્રીસ પૈસા કહી દેવાના કોને ફુરસદ છે ગણતરી કરવાની? પૂરા પૈસા તો આપે અને વળી ટીપ આપે તે નફામાં સ્ટેશન પર ગાડી આવી ગઈ હોય અને ટિકીટબારી પર લાંબી લાઇન હોય ત્યારે પણ પેલો કારકૂન જરા જેટલી ઉતાવળ નથી કરતો ઘણા લોકોની અધીરાઈનો રોકડો લાભ બારીની અંદર બેઠેલા માણસને થાય છે. આ વાત જે રીતે જાણવા મળી તેની કહાણી પણ કહી દઉં એક વાર ફસ્ટ કલાસના ડબ્બામાં ત્રણ ચાર રેલ્વે કર્મચારીઓ ચઢયા અને વાતે વળગ્યા હું બેઠો બેઠો છાપુ વાંચતો હતો થોડીવારે વાતે વળાંક લીધો. કયા સ્ટેશનની બારી પર પેસેન્જરોની ઉતાવળનો રોકડો લાભ વધારે મળે તેની ચર્ચા ચાલી મને એ વાતમાં રસ પડયો અને મેં પણ છાપું વાચવાનો ઢોંગ ચાલુ જ રાખ્યો.

અનાજ દળવાની ઘંટીએ ગાંધી- કરિયાણાની દુકાને શાકભાજી વાળીના ટોપલા પર સોનીને ત્યાં પસ્તીવાળાને ત્યાં અને ખારી શીંગ વેચનારની લારીના ત્રાજવા પર છેતરપીંડી તોળાતી રહે છે કોઇ પાનવાળો સોપારીની જગ્યાએ ખજુરીના ઠળિયાના ટુકડા પાનમાં પધરાવતો રહે છે લાલ મરચામાં કે ધાણાજીરૂમાં લાકડાનો વહેર અને હળદરમા પીળી માટી પણ નાખે છે. મીઠમાં ભેળસેળ અંગે ખાસ સાંભળવા મળતુ નથી કારણ મીઠા કરતાં જે ચીજ સસ્તી હોય તે જ ભેળવી શકાય ને? મદ્રાસમાં ચોખામાં નાની નાની પથ્થરની કરચો ભેળવવામાં આવે છે અને કહે છે કે એ બનાવવા માટે એક ખાસ કારખાનુ ચાલે છે ગુટકલ સ્ટેશને ભાણું આવ્યું પ્રત્યેક કોળિયે કાંકરી આવે એટલે અકળાયો પાસે એક મદ્રાસી સજ્જન પણ જમી રહ્યા હતા મેં એમને ભાતમાં કાંકરી આવે છે એવી વાત કરી એમને તરતજ જવાબ આપ્યો. " તમે ચાવીને ખાવ છો તેથી કાંકરી આવે છે. ચાવવાનું ઓછું કરો તો ખબર પણ નહી પડે."

દેશમાં અનેક નવાં નવાં મંદિરો બંધાતા જ રહે છે આપણાં સઘળાં પાપો રોકટોક વગર ચાલ્યા કરે તે માટે ભગવાનને મંદરમાં પૂરી રાખવાનું જરૂરી છે એ શેપરીયા પર ઉંઘની ગોળી લીધા વગર ઉંઘતો રહે છે ત્યાં સુધી નિરાંત છે.

કૌટુમ્બીક સંબંધોમાં સાત્વીકતા અને મધુરતા

પટેલ કિરણકુમાર આર. (હરિપુરાકંપો – હડીયોલ)

ગૃહસ્થી એક જાતનું પ્રજાતંત્ર હોય છે તેમાં યોગ્યતા અને અનુભવના આધારે પદની વહેંચણી થયેલ હોય છે. આ બધાનો ઉદ્દેશ સારી શાસન-વ્યવસ્થા જાળવી રાખવાનો છે. જ્યાં સુધી કર્તવ્ય-ભાવનાથી અને ધગશથી પ્રયોગો થાય છે. ત્યાં સુધી તંત્રમાં કોઇ ગરબડ થતી નથી ગૃહસ્થીમાં તમામ કર્તવ્યોનો આધાર આધ્યાત્મીક સબંધો ઉપર રહેલો છે. જો આ સબધોમાં શુધ્ધતા અને સાત્વિકતા જળવાઇ રહે તો ગૃહસ્થીમાં એક સુખદ વાતાવરણ પ્રવર્તતું હોય છે.

જો આ સબધોમાં કડવાશ આવી ગઇ તો ગૃહસ્થી નરક બની જાય છે. પરિવારનો આનંદ ઊડીને લડાઇનો અખાડો બને છે તમામ સમૃધ્ધિ ધૂળમાં મળી જાય છે. ઉન્નતિ અટકી જાય છે લોકો નિર્ધનતાનું છીનહીન જીવન વિતાવવા વિવશ થઇ જાય છે. પરિવારમાં કડવાશનું મુખ્ય કારણ પોતપોતાના સ્વાર્થનો ભ્રષ્ટ્રાચાર અને કર્તવ્યની આધ્યાત્મીક ભાવનાનો અભાવ છે.

પિતા પોતાના પુત્રને માટે જીંદગીમાં શુ નથી કરતા ? તેમને પાળી-પોષીને મોટા કરે છે. ભણાવે ગણાવે છે અને ધધામાં લગાડે છે પિતા કરતાં પુત્ર વધુ કમાય છે તેને પણ સતાન થવાં આોની ઇચ્છા વધી બેટાએ બાપાના બધા ઉપકારો પર પાણી ફેરવી દીધું અને ગમે તે બહાનું કાઢી જુદો થઇ ગયો અભાગી ઇન્સાન તું કેટલો નીચ છે ? તારા પિતાએ આટલું બધું કર્યું અને તે તેની વૃધ્ધાવસ્થામાં સહયોગી ન થઇ શકયો. આ કૃતઘ્નતાથી સંસારમાં બીજુ પાપ કયું હોઇ શકે ?

આ યુગમાં પિતા અને પુત્ર વચ્ચેના સંબધોમાં કડવશનું મુખ્ય કારણ સકુચિત દ્રષ્ટકોણ અને સ્વાર્થવૃત્તિનું પરિણામ છે. મનુષ્યનો સૌથી વધુ શુભ ચિંતક, મીત્ર હિતેચ્છું માર્ગદર્શક પિતા હોય છે તે જાણે છે કે પુત્રને કયા રસ્તે લગાડવો કારણ કે તે પુત્રના ખામીઓ જાણે છે અને આ વિશેષતાનો લાભ નથી. લેતાં અંતે દુઃખી થવું પડે છે. પિતા પરિવારનો અધિષ્ઠાત અને સંરક્ષક હોય છે. પરિવારમાં પિતાને સન્માન મળે છે તો તેના જૂનાં અનુભવ યોગ્ય સંચલન અને માર્ગદર્શન તથા ભાવિ યોજનાને નિયંત્રિત કરવાનો લાભ પણ પરિવારને મળે છે. પોતાના પ્રેમ વાત્સલ્ય કરુણા ઉદારતા અને સંગઠનાત્મક બુધ્ધીથી બધા પર છાયા રાખે છે પીતાને સન્માન કરવું જોઇએ તેનું પરમાત્માથી ઓછું મૂલ્ય આંકી ન શકાય.

પીતા અને પુત્રાના સબંધ બહુજ કોમળ મધુર અને સાત્વીક હોય છે આ આધ્યાત્મીક સબંધનું હૃદયથી પાલન કરનાર વ્યકતી દેવ ગણાય છે તેનું માન

અને પ્રતીષ્ઠા હોવી જોઇએ.

તેવીજ રીતે પરિવારમાં માતાનું સ્થાન પીતા જેવું જ હોય છે પીતા કર્મ છે તો માતા ભાવના છે કર્મ અને ભાવનાના સીશ્રણથી જીવનમાં પૂર્ણતા આવે છે જે ઘરમાં માતા-પીતાને સરખુ સન્માન મળે છે તે ઘરમાં પુર્ણતા હોય છે. વ્યકિતનુ ભાવનાત્મક શિક્ષણ માતા આપે છે માતાનુ હૃદય દયા અને પવિત્રતાથી ભરપુર હોય છે તેને બાળો તો દયાની સુગંધ આવે અને પીસો તો દયા રસ જ નીકળે છે. આવી દયા અને મમતાની મુર્તિ માતાને જેણે પૂજ્ય ભાવે ન જોયુ અને આદરભાવના વ્યકત ન કરી તે માણસ નર પિશાચ જ છે. તેવી જ રીતે ભાભીને પણ માતા તુલ્ય ગણવી જોઇએ

આપણે રામ-ભરત જેવો ભ્રાતૃ-પ્રેમ કેળવવો જોઈએતેથી સાહસ અને પુરૂષાર્થ વધશે.

આમ ઘરનુ વાતાવરણ હસમુખ અને શીલસંયુકત બને જેથી પરિવાર હર્યો-ભર્યો રહે જે પરિવારમાં સાત્વિકતા અને મધુરતા હશે ત્યાં જ પરમાત્માની સાચી પૂજા થતી હશે [“યુગ શકિત ગાયત્રી” માંથી ટૂંકાવીને]

●

“ભય” *

ડૉ. ચંદુલાલ એમ. પટેલ
ડી એચ. એમ. એસ.
તખતગઢ

આપણા વિદ્વાન શાસ્ત્રકારો કહે છે કે મનુષ્ય જયારથી જન્મે છે ત્યારથી તે મૃત્યુ સુધી, ભયમાં જીવે છે અને ભયમાં જ મરે છે આ સંસારમાં હરેક મનુષ્ય અનેક વિધ પ્રકારના ભયનો સતત અનુભવ કરતા હોય છે. આ ભયનો અનુભવ તેના જીવનને કોરી નાખી નિરુત્સાહી બનાવે છે. વિવિધ પ્રકારના બાહ્ય અને આંતરિક ભયના કારણે મનુષ્ય સંસારમાં બહિર્મુખી પ્રગતિ સાધી શકતો નથી. ભયના કારણે જ તે પોતાનાથી જે વધુ શકિતશાળી હોય તેનું શરણું શોધે છે. અને તેના વડે સતત દબાયેલો કે કચડાયેલો રહે છે. પરીણામે તેનું વ્યકિતત્વ પણ કચડાયેલું રહે છે. અંતે તે લઘુતાગ્રંથિથી પીડિત બને છે. તેના પોતાનામાં રહેલી અલૌકિક શકિતઓ હોવા છતાં સંસારમાં સોળે કળાએ ખીલી શકતો નથી. અંતે તે નિર્બળતાનો અને નિષ્ફળતાનો અનુભવ કરે છે. આપણે સૌ જાણીએ છીએ કે ભયની કાયરતામાંથી અર્જુન જેવો વીર ક્ષત્રિય પણ બાકાત રહી શકયો નથી. અર્જુન જેવાં શૂરવીર બાણાવળી પણ કુરુક્ષેત્રની યુધ્ધભૂમિ પર ભગવાન શ્રી કૃષ્ણની રૂબરૂમાં પોતાના સગાંસબંધીઓના સર્વનાશનો ભય તેને ઘેરી વળે છે. પોતાના

કુટુંબીજનોના ભયંકર સંહારનું દ્રશ્ય તેની આંખ સામે ખડું થઇ જાય છે. અર્જુનની નસોમાં વીરતા ભર્યું ક્ષત્રિયલોહી વહેતું હોવા છતા અને જગતનો શ્રેષ્ઠ બાણાવળી હોવા છતાં તેનાં અંગો શિથિલ થઇ જાય છે ભગવાનને તેમના ચરણોમાં પડી યુદ્ધ કરવાની સાંત્વના પાડે છે, સ્વજનોના મૃત્યુ અને સર્વનાશના ભયથી ઘેરાયેલા અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણ ઉપદેશ આપે છે. અર્જુનને આપેલા ઉપદેશને મહાભારતનું શ્રેષ્ઠ પ્રકરણ શ્રીમદ્ ભગવત્ગીતા છે આપણે જાણીએ છીએ કે ભગવાન શ્રીકૃષ્ણનાં વચનો સાંભળીને અર્જુનના મનની નબળાઇઓ દૂર થાય છે. અને તે યુદ્ધ કરવા તત્પર થાય છે.

ભગવત પુરાણમાં ભગવાન વિષ્ણુના નૃસિંહ અવતારના વર્ણનમાં ભકત પ્રહલાદનું આખ્યાન છે. પ્રહલાદ રાક્ષસનો પુત્ર હોવા છતાં બાળપણથી જ ભગવાનનો અનન્ય ભકત છે તેના પિતા હિરણ્ય કશ્યપને પોતાનો પુત્ર ભગવાનની ભકિત કરે છે તે વાત ગમતી નથી આ કારણથી તેના પુત્રને અનેક પ્રલોભનો આપીને લલચાવે છે આમ છતાં ભકત પ્રહલાદ ભગવાનની ભકિતમાંથી ચલિત થતો નથી. હિરણ્યકશ્યપ તેનો નાશ કરવાના અનેક વિધ ઉપાયો કરે છે. પરંતુ તેમાં તે સફળ થતો નથી. એટલે આખરે ધગધગતા અગ્નિનો થાંભલો તૈયાર કરાવે છે. અને જો ભગવાન આ અગ્નિના થાંભલામાં પણ નિવાસ કરતા હોયતો પ્રહલાદને તે અગ્નિથી તપેલો લાલચોળ થાંભલો ભેટવા આજ્ઞા કરે છે. શરૂઆતમાં પ્રહલાદ જેવો ભકત પણ મૃત્યુના ભયથી ડરી જાય છે. પણ અગ્નિના થાંભલા પર સડસડાટ ચડતી કીડીઓનું તે દર્શન કરે છે, અને તે હિંમત કરીને થાંભલાને ભેટે છે.

ઉપરનાં બંન્ને દ્રષ્ટાંતોથી જાણી શકાશે કે આ સંસારમાં મનુષ્યને સૌથી વધુ ડરાવનારો અને કોરીખાનારો ભય હોયતો તે મૃત્યુનો છે આપણા હિન્દુ શાસ્ત્રકારો કહે છે કે " જેણે મૃત્યુને જીત્યું તેણે જગત જીત્યુ ". મૃત્યુ પામનાર મનુષ્ય સંસારમાં સદેહેમોક્ષનો અનુભવ કરે છે. કોઇ વીરલાજ મૃત્યુંજય બની શકે છે. અને સંસારમાં અમૃતનું આચમન કરી શકે છે.

આપણો સામાન્ય માનવીનો પ્રશ્ન એ છે કે આ સંસારમાં આપણે કેવી રીતે નિર્ભય બની શકેએ ? સંસારમાં નિર્ભય બનવા આપણને આપણા જીવનમાંથી "મારાપણું" કાઢી નાખીએ તો સર્વ પ્રકારનો ભય આપમેળે દુર થઇ જાય. ધન, સગાં વહાલાઓ, શરીર વિગેરે બાબતોની ઇશ્વરની અનુપમ ભેટ ગણી નિરાભિમાની જીવન જીવીએ. અહીં મારું કશુંય નથી, આ બધું ઇશ્વરનુ છે તો આપણા ઘણાં દુખો અને ભયનું આપમેળે જ શમન થઇ જાય છે. અને જો જીવનમાંથી " ભય ત્યજી શકશો તો કોઇની તાકાત નથી કે તમારા જીવનને કોઇ વિકાસનું અટકાવી શકે, માટે ભયનો ત્યાગ કરી જીવન જીવજો તથા જીવનને આગળ વિકસાવજો.

(સમાપ્ત)

સમાચાર દર્શન

શ્રી રણુજીતપુરા હાઈસ્કૂલનું ગૌરવ

શંકરલાલ એમ. શર્મા
આચાર્ય

શ્રી રણુજીતપુરા હાઈસ્કુલ, રણજીતપુરાની માર્ચ ૧૯૮૨માં લેવાયેલી એસ. એસ. સી પરિક્ષાનું પરિણામ ૬૩.૩ ટકા આવેલ છે. શાળાના એસ એસ. સી ના કુલ ૭૭ વિદ્યાર્થીઓ પૈકી ૪૯ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે શ્રી અજીતસિંહ બ પુસિંહ ઠાકોર હાય-મેથ્સ અંગ્રેજીના વિષયો સાથે ૭૦.૭ ટકા માર્કસ મેળવી શાળામાં પ્રથમ નંબરે તથા વિરપુર કેન્દ્રમાં અગ્રસ્થાને રહે છે

ચાલુ વર્ષે રણજીતપુરા હાઈસ્કુલને ધો ૧૧ હાયરસેકન્ડરી સામાન્ય પ્રવાહની મંજૂરી મળેલ છે આ વિસ્તારમાં ઉત્તરોત્તર વિકાસ પામતી અને શ્રેષ્ઠ ખ્યાતિ ધરાવતી આ સંસ્થામાં હાયર સેકન્ડરીને વર્ગ શરૂ થતાં સર્વત્ર આનંદની લાગણી ફેલાયેલ છે. રણુજીતપુરા કેળવણી મંડળે હાયરસેકન્ડરીના આ પડકારને સહર્ષ વધાવી લઈ મકાન બાંધકામની વધારાની પ્રવૃત્તિ યુદ્ધના ધોરણે આરંભેલ છે. કેળવણી મંડળના પ્રમુખશ્રી મોહનભાઈ હરિભાઈ પટેલ તથા અન્ય કાર્યકરો હાયરસેકન્ડરીની વ્યવસ્થાકિય પ્રવૃત્તિમાં ખુબજ સક્રિય રીતે ઓતપોત બનેલ છે.

*


"જાગૃતિ" કાર્યાલયને લગ્ન ભેટ

રૂ. ૨૫-૦૦ શ્રી હરિભાઈ પટેલ-રૂડાણી
c/o આઝાદ ટીમ્બર માર્ટ
રાજનાંદગાંવ મ. પ્ર તરફથી તેમની

ચિ. સુપુત્રી સુજાતાનાં શુભ લગ્ન તા. ૧૯-૫ ૮૨ ના રોજ બેંગ્લોર નિવાસી પટેલ કરશનભાઈ પ્રેમજીભાઈ ના સુપુત્ર ચિ. યશવંતકુમાર સાથે યોજવામાં આવ્યાં હતાં.

પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપતિને "જાગૃતિ" પરિવાર ના અભિનંદન સાથે આશીર્વાદ.


અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ.
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
શો રૂમનું સ્થળ : —
સ્ટેપલ એમ્પોરિયમ
કલીકોડામ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા
૭૬ નપુરમોરા તા. જિ. ગાંધી.



સમય અને મહેનત બચાવો *

પોકાર

નું

ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો

—: વિક્રતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેક્ટ્રીકલ્સ મોડાસા

● ઉત્પાદક : મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩

જાહેર ખબર

શ્રી ગણેશાય નમઃ

પ્રવાસ પહેલો ભાદરવા વદ એકમ

ઉપડશે... યાત્રા પ્રવાસ તા. ૪-૯-૮૨ના રોજ ...પ્રવાસ દિવસ ૧૨

ભારતના તીર્થરૂપ ચાર સરોવરમાંથી બે સરોવર ૧ બિંદુ સરોવર ૨ નારાયણ સરોવર સાથે

કચ્છ દ્વારકા સૌરાષ્ટ્ર યાત્રા પ્રવાસ

ઉપરાંત અનેક ધાર્મિક તેમજ ઐતિહાસિક શહેરો તેમજ સંત-ઓલિયાની ભૂમિ દર્શન સ્થળો :— આ પ્રવાસ સંવત ૨૦૩૮ના ભાદરવા વદ એકમને શનિવાર તા ૪-૯-૮૨ના રોજ મોડાસાથી શામળાજી ખેડબ્રહ્મા મોટા અંબાજી, સિદ્ધપુર, બિન્દુ સરોવર ઉંઝા ઉમિયાજી, નારણ સરોવર, કોટેશ્વર મહાદેવ, નખત્રાણા, આશાપુરી માતાનો મઠ, દેશલપુર, વાઢાઇ, ઓધવરામજીની જગા, ભૂજ અંજાર, જેસલ તોરલની સમાધિ ગાંધીધામ. મુંડીઆ સ્વામિની જગા, કંડલા, મોરબી, નવાર ણુજા, જામનગર, દ્વારકા બેટદ્વારકા, હરસિદ્ધ માતા, મુળદ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરનાર તળેટી, વીરપુર ગોંડલ, ચોટીલા, ચામુંડા માતાજી, સાયલા લાલજી મહારાજની જગા, સુરેન્દ્રનગર, દૂધરેજ, લીંબડી થઇ અરણેજ બુટભવાની માતાજીની જગા ડાકોર મોડાસા પ્રવાસ પૂરો

વાહન :— આ પ્રવાસ લકઝરી બસ ડીલકસમાં રાખેલ છે, રાત્રિ મુકામ ધર્મશાળામાં થશે જ્યાં દરેક યાત્રિકે પોતાનો સરસામાન જાતે લાવી પાછો સવારે બસમાં પોતાની જવાબદારીથી મૂકવાનો રહેશે. ભારે દાગીના હશે તો જ નોકર મદદ કરશે.

સાધન :— દરેક યાત્રિકે પોતાની સાથે થાળી, વાડકી, લોટો, પ્યાલો, કપ-રકાબી સુવા માટે બેડીંગ અને કપડાં ભરવાની નાની સુટકેસ ઉપરાંત બેટરી કપડાં સુકવવા દોરી વિગેરે સાથે લાવવું અને કોઇને અડચણ ના રહે તેવી રીતે પોતાની જગામાં ગોઠવીને મુકવું.

ભોજન — આ પ્રવાસમાં દરરોજ એક વખત ભોજન, એક વખત નાસ્તો અને એક વખત ચા મળશે. ચા ના પીનારને કોફી મળશે. પ્રવાસ દરમિયાન બે વખત મિષ્ટાન્ન મળશે. મિષ્ટાન્નના દિવસે નાસ્તો મળશે નહિ

સુચના :— આ પ્રવાસમાં બસ ભાડું, ભોજન ચા નાસ્તો સાથે એક આખી ટીકીટના રૂા. ૬૬૧-૦૦ રૂપયા છસો એકસઠ છે. પ્રવાસમાં નાવ, ડોલી, કુલી, યાત્રા ટેક્ષ, પંચાયત ટેક્ષ યાત્રિકના શીર છે. પ્રવાસમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી એક ટીકીટ દીઠ રૂા. ૧૬૧-૦૦ એકસો એકસઠ ભરી નીચે લખેલા સરનામે પોતાનું નામ નોંધાવી જવું.

—પ્રવાસ દિવસ ૧૨

એક આખી ટીકીટના રૂા. ૬૬૧-૦૦ * એક અડધી ટીકીટના રૂા. ૫૫૧-૦૦

પૈસા ભરવા, નામ નોંધાવવા તેમજ વધુ માહિતી મેળવવા માટેનું સ્થળ.

ભક્તરાજ શ્રી મગન ભગત ગાંધીવાડા. **મુ. પો. મોડાસા, જિ.** સાબરકાંઠા

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ઃ જાહેર ખબર ઃ

પ્રવાસ બીજો... અધિક માસ પ્રથમ આસો વદ બીજ

ઉપડશે... યાત્રા પ્રવાસ તા. ૪-૧૦-૮૨ ના રોજ ...પ્રવાસ દિવસ ૧૬

卐 તીર્થોના રાજા પુષ્કરરાજ સહીત 卐

રાજસ્થાન ઉત્તર-ભારત સાથે બદ્રીનારાયણ

યાત્રા પ્રવાસ

– ઉપરાંત અનેક ધાર્મિક તેમજ ઐતિહાસિક સ્થળોના દર્શનનો લાભ –

સ્થળો : આ પ્રવાસ સંવત ૨૦૩૮ ના પરમ પવિત્ર પુરસોત્તમ અધિક માસ પ્રથમ આસો માસમાં વદ બીજને સોમવાર તા. ૪-૧૦-૮૨ ના રોજ મોડાસાથી શામળાજી કેસરીયાજી, ઉદેપુર, એકલીંગજી મહાદેવ, શ્રીનાથજી, અજમેર, પુષ્કરરાજ, આગ્રા, મથુરા, ગોકુલ વૃન્દાવન દીલ્હી, ન્યું દીલ્હી, હરદ્વાર, રૂષિકેશ, લક્ષ્મણઝુલા, સ્વર્ગાશ્રમ બદ્રીનારાયણ, રૂષિકેશ થઇ જયપુર, જોધપુર, મોટા અંબાજી, ખેડબ્રહ્મા મોડાસા પ્રવાસ પુરો.

વાહન : આ પ્રવાસ લકઝરી બસ ડીલકસમાં રાખેલ છે. રાત્રે મુકામ ધર્મશાળામાં થશે. જય દરેક યાત્રિકે પોતાનો સરસામાન જાતે લાવી પાછો સવારે બસમાં પોતાની જવાબદારીથી મુકવાનો રહેશે. સરસામાન લાવવા લઇ જવામાં ભારે દાગીના હશે ત્યાં નોકર મદદ કરશે.

સાધન : દરેક યાત્રિકે પોતાની સાથે થાળી, વાડકાં, લોટો, પ્યાલો, કપ-રકાબી, સુવા માટે બેડીંગ અને કપડાં ભરવાની નાની સુટકેસ ઉપરાંત બેટરી, કપડાં, કપડાં સુકવવા દોરી ઉપરાત જરૂરી ગરમ કપડાં સાથે લેવાં કારણકે બદ્રીનારાયણમાં ઠંડી પડે છે.

ભોજન : આ પ્રવાસમાં દરરોજ એક વખત ભોજન એક વખત નાસ્તો અને એક વખત ચા મળશે, ચા ના પીનારને કોફી મળશે પ્રવાસ દરમિયાન બે વખત મિષ્ટાન મળશે. મિષ્ટાનના દિવસે અને બદ્રીનારાણ જતાં આવતાં નાસ્તો મળશે નહિ

ભાડું આ પ્રવાસમાં બસ ભાડુ, ભોજન, ચા, નાસ્તો સહીત એક આખી ટીકીટના રૂા ૯૬૧-૦૦ અંકે રૂપિયા નવસો એકસઠ રાખેલ છે. અડધી ટીકટના ૮૬૧-૦૦ આઠસોએકસઠ રૂપીયા છે. પ્રવાસમાં નાવ ડોલી, ડંકો, કુલી, યાત્રા ટેક્સ, પચાયત અથવા સરકારી ટેક્સ યાત્રિકના શીર છે.

સુચના :- પ્રવાસમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી આવનાર ભાવિકે નીચે લખેલા સ્થળે એક ટીકીટ દીઠ રૂા ૧૬૧-૦૦ એકસો એકસઠ ભરી નામ નોંધાવી જવું.

એક આખી ટીકીટના રૂા. ૯૬૧-૦૦ * એક અડધી ટીકીટના રૂા. ૮૬૧-૦૦

– પૈસા ભરવા, નામ નોંધાવવા તેમજ વધુ માહિતી મેળવવા માટેનું સ્થળ –

ભક્તરાજ શ્રી મગન ભગત, ગાંધીવાડ, મુ. પો. મોડાસા, જી. સાબરકાંઠા.


ઓછા ખર્ચે
વધુ ઉત્પાદન
વર્ધક
વર્ધકનો સમયસરનો છંટકાવ કળી,
ફૂલ અને ફળનો બેસાર વધારે છે.
અને અકાળે ખરતાં અટકાવી
તેમનો વિકાસ સારો કરે છે.
કપાસ, મગફળી, ઘઉં, ડાંગર,
આંબા, જામફળ, ચીકુ, મરચી,
રીંગણ વગેરેનું વધુ ઉત્પાદન
લેવા માટે સંવર્ધક પ્રવાહી સ્પ્રે.
VARDHAK
વર્ધક વર્ધક
Paushak
પૌષક લિમિટેડ
એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૩.
સ્ટોકીસ્ટ :—
મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ. હિંમતનગર.
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે. ઈડર.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

પ્રા. ન.

Book – Post

To.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમિયાય નમઃ





વર્ષ : ૨૪
અંક ૮–૯
સપ્ટેમ્બર–૧૯૮૨

કાન્તિલાલ કે. પટેલ
બી. એ.

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧) પરદેશમાં રૂ. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્ર તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ -પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. C.
તલોદ

શ્રી અરજણભાઈ વી. પટેલ, એદલપુરાકંપ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

ગ્રાહક ભાઇ - બહેનો જોગ

સમાજના મુખપત્ર જાગૃતિના વાર્ષિક ગ્રાહક તરીકેની આપની બાકી નીકળતી લવાજમની રકમ તાકીદે મોકલી આપવા વિનંતી.

તેમજ

રૂપિયા ૨૦૧/– બસોને એક એકજ વખત ભરી આજીવન સભ્ય બની સહકાર આપવા વિનંતી

જાહેરાત આપનાર દરેક ભાઈઓ – જાહેરાતની બાકી નીકળતી રકમ "જાગૃતિ કાર્યાલય" ના નામે ચેક દ્વારા સત્વરે મોકલી આપશોજી.

તંત્રી સ્થાનેથી........

ક્રિયમાણ કર્મ

માણસ સવારે જાગે અને ઊઠે ત્યારથી રાત્રે સૂઇ જાય ત્યાં સુધી જે જે કર્મ કરે તે ક્રિયમાણ કર્મ કહેવાય. સવારથી સાંજ સુધી, સોમવારથી રવિવાર સુધી, પહેલી તારીખથી છેલ્લી તારીખ સુધી,-એકમથી આસો વદી અમાસ સુધી, જન્મે ત્યારથી મરે ત્યાં સુધી માણસ જે જે કર્મ કરે તે તમામ ક્રિયમાણ કર્મ કહેવાય, આવા જે જે ક્રિયમાણ કર્મ કરે તે અવશ્ય ફળ આપે પછી જ શાંત થાય. ફળ આપ્યા સિવાય શાંત થાય નહિ. ક્રિયમાણ કર્મને ફળ આપ્યે જ છુટકો. ફળ ભોગવ્યે જ છુટકો, દા. ત તમને તરસ લાગી તમે પાણી પીધુ. પાણી પીવાનું કર્મ કર્યું, તરસ મટી ગઇ, કર્મ ફળ આપીને શાંત થઈ ગયું તમે ખાધુ, ખાવાનું કર્મ કર્યું, ભૂખ મટી ગઇ, કર્મ ફળ આપીને શાંત થઇ ગયું. તમે નાહ્યા ન્હાવાનું કર્મ કર્યું, શરીર શુદ્ધ થઇ ગયું, કર્મનું ફળ મળી ગયું, કર્મ ફળ આપીને શાંત થઇ ગયું. તમે કોઇને ગાળ દીધી, તેણે તમને લાફો માર્યો, કર્મનું ફળ મળી ગયું. કર્મ ફળ આપીને શાંત થઇ ગયું આવી રીતે તમામ ક્રિયમાણ કર્મને ફળ આપે જ અને તે ફળ ભોગવાવીને જ શાંત થાય.

સંચિત કર્મ

પરંતુ કેટલાંક ક્રિયમાણ કર્મ એવાં હોય છે કે તે કર્મ કરવાની સાથે તાત્કાલિક ફળ આપતાં નથી. તેનું ફળ મળતાં વાર લાગે છે. તે કર્મના ફળને પાકતાં વાર લાગે છે ત્યાં સુધી તે કાચાં રહે છે અને તે કર્મ ફળ આપે નહી ત્યાં સુધી સિલકમાં જમા રહે, સંચિત થાય તેને સંચિત કર્મ કહેવાય. દા. ત. તમે આજે પરીક્ષાનું પેપર લખ્યું, મહિના પછી તેનું પરિણામ બહાર પડે. તમે સવારે રેચ

લીધો, ચાર કલાક પછી બપોરે તમને રેચ લાગે. તમે આજે કોઈને ગાળ દીધી દશ દિવસ પછી લાગ જોઈને તમને લાફો મારી જાય. તમે તમારી જુવાનીમાં તમારા મા બાપને દુઃખી કર્યાં તમને તમારો દીકરો તમારી વૃદ્ધાવસ્થામાં દુઃખી કરે તમે આ જન્મમાં સંગીત વિદ્યાની ઉપાસના માટે મહેનત કરી આવતા જન્મમાં નાનપણથી જ તમે સારુ સંગીત ગાઈ શકો. એમ કેટલાક ક્રિયમાણ કર્મો તાત્કાલિક ફળ નથી આપતાં પરંતુ કાળે કરીને પાકે ત્યારે ફળ આપે. ત્યાં સુધી તે સંચિતકર્મમાં જમા પડયા રહે, બાજરી નેવું દિવસે પાકે, ઘઉં ૧૨૦ દિવસે પાકે, આંબો પાંચ વર્ષે ફળ આપે જે જાતનાં ક્રિયમાણ કર્મના બીજ તે પ્રકારે તેને ફળતાં ઓછી વત્તી વાર લાગે. આવા અનેક સંચિત કર્મો જીવની પાછળ પડયા છે દા. ત. આજે આખા દિવસમાં ધારો કે તમે ૧૦૦૦ ક્રિયમાણ કર્મ કર્યા. તેમાંથી ૯૦૦ ક્રિયમાણ કર્મો તો એવાં હોય છે કે જે તાત્કાલિક ફળ આપીને તુરત જ શાંત થઈ જાય છે પરંતુ ૧૦૦ કર્મ એવાં હોય છે કે જેને ફળતાં વાર લાગે તે સંચિત કર્મમાં જમા થાય. એવી રીતે આજે ૧૦૦ કર્મ સંચિત થયાં, આવતી કાલે બીજા ૧૨૫ કર્મ સંચિત જમા થાય, પરમ દિવસે તેમાંથી ૭૫ કર્મ ફળે વપરાય અને શાંત થાય. અને ચોથે દિવસે વળી બીજા ૮૦ કર્મ સંચિતમાં જમા થાય. એ પ્રમાણે ભરઢોળ કરતાં કરતાં અઠવાડિયાના અંતે ધારો કે ૩૦૦ સંચિત કર્મ થાય અને મહિનાની આખરે ૧૧૦૦ કર્મ સંચિત થાય અને વર્ષની આખરે ૧૪૦૦૦ કર્મ સંચિતમાં જમા થાય અને જીવનના અંતે ધારો કે આઠ લાખ કર્મ સંચિત થાય, બીજા જન્મમાં પાછાં બીજાં સાત લાખ કર્મ સંચિત થાય. તે પ્રમાણે અનાદિકાળથી અનેક જન્મોના અસંખ્ય સંચિત કર્મોના ઢગલા અસંખ્ય કરોડો હિમાલય પર્વત ભરાય તેટલાં સંચિત કર્મોના ઢગલા જીવની પાછળ જમા થયેલા પડેલા છે આ તમામ સંચિત કર્મો આ જન્મે અગર તો હવે પછીના અનંત કાળ સુધીના અનેક જન્મોમાં ગમે ત્યારે પાકે અને ગમે તે કર્મોને ભોગવો ત્યાર પછી જ તે શાંત થાય ત્યાં સુધી તે શાંત થાય નહિ. જીવ તો સાવધાનીથી ગંભીરતાપૂર્વક આની કલ્પના કરે તો ધ્રુજી ઊઠે. પરંતુ અવિદ્યાથી ઘેરાયેલો જીવ આની કદાપી કલ્પના કરતો જ નથી.

જમાદાર કટાક્ષ કથા

સંપાદક : પ્રવિણકુમાર પી.
રમોસકંપા

જમાદારની અચાનક નજર પડી. જાણીતો દાણચોર ટેક્ષી વાળાને બોલાવતો હતો. જમાદાર એકદમ મૂઠી વાળીને આગુપાછૂ જોયા વિનાજ એને દોટ મુકી જમાદારને ઉત્સાહ આવી ગયો. મોટૂં ઇનામ અને ઉચો હોદો એમને હાથવેંતમાં લાગ્યા દાણચોરની પાછળ તેમણે તમામ તાકાતથી દોટ મુકી. દાણચોરને થયું કે હવે જમાદાર પકડી પાડશે એણે સિગારેટનું એક પાકીટ કાઢીને ફેંકયું જમાદાર પાકીટ જોવા રોકાઇ ગયા ઇમ્પોર્ટેડ સિગારેટ કેટલી બધી હતી. બીજા જમાદારો સાથે મહેફીલ કરવાની મઝા આવી જાય એ જરા વિચારમાં પડયા દાણચોર દેડયે જતો હતો.

જમાદાર સીગારેટ પીવાની પડતી મેલીને મન મક્કમ કરીને ફરી દાણચોરની પાછળ પડયા બન્ને વચ્ચે રેસ ચાલી જમાદાર દોડવામાં ચેમ્પીયન હતા. દાણચોર નજીકમાં જ હતો એવામાંજ દાણચોરે એક ખોખું ફેકયુ ખોખું જોતાજ જમાદારની આંખો પહોંળી જ થઇ ગઇ ખોખું જોયું તો અંદર ઇમ્પોર્ટેડ લીપસ્ટીક અને અત્તર પાવડર વગેરે હતાં જમાદારે વિચાર્યું કે બીબી બહુત ખુસ હો જાયેગી બીબી મેડમ બન જાયેગી.

પણ ફરી પાછી તેની નજર પેલા ઇનામ અને પોલીસ કોન્સ્ટેબલ નો હોદ્દો દેખાવા માંડયો એટલે જમાદાર ફરી પાછો દાણચોર પછળ પડયો. હવે તો દાણચોર થાકયો હતો એટલે એને એક ઇમ્પોર્ટેડ દારૂની બાટલી રસ્તામાં મુકી એની નજર બાટલી ઉપર પડી તેની આંખો ચકળવકળ થવા લાગી દારૂ પીવાથી સ્ફૂર્તિ આવી જાય ને પછી તો દાણચોર હાથ વેંતમાં

જમાદાર બાટલી ખોલીને પીવાજ માંડયા. ને બાટલી પુરી કર્યા પછી જમાદાર દાણચોર ગયો હતો તેની અવળી દિશામાં લથડતા પગે દોડતા હતા.

વિદાય કાવ્ય ❋

સુરેશકુમાર આર. પટેલ
(સોનરડા)

એ તારલા તૂટયા હોસ્ટેલની વિદાય લીધી જયાં.
અશ્રુથી ભીંજાયેલી હોસ્ટેલે વિદાય આપી ત્યાં.
તૂફાન જિંદગીનાં ઊઠયાં, હા – ના ની તુંજ સાક્ષી.
મંઝિલ દેખાડી; જીવનનીને જીવવાની રાહ બક્ષી.

રખડયા, ભણ્યા, ભટકયા હિં આખો સાંજે તારી ગોદે સમ્યા'
કર્યાં સારાં નરસાં, ને કૈં ભાંગફોડ છતાં તને ગમ્યા.
દ્રષ્ટિ દોડે, જોઇ કોઇ જ્ઞાનપિપાસુ, હરખાયને થાય ઘેલી.
સંગમરમર જેવી, સંસ્કારને બાહુમાં લઇ ઉભેલી.
હોરટેલ છે એક વાડી, કરે 'ધનશ્યામ' તેની રખેવાડી
મંદમંદ સ્મિત ફરકાવી, કહે હાથ હલાવી, બાય બાય !

ગૃહ લક્ષ્મી

પ્રવિણકુમાર પી. પટેલ
રમોસકંપા

**પુત્રવધુને આપણા સમાજમાં 'લક્ષ્મી' ગણવામાં આવે છે.
તો પછી એને દુઃખી શા માટે કરવામાં આવે છે.**

ધરમાં પુત્રવધું આવે અને પગલે પગલે સુખી સંસારની અનેક શકયતાઓ આરંભાય છે. પ્રસન્યતાઓ આરંભાય છે. પ્રસન્ન દાંમ્પત્યને પરિણામે સુખ શાન્તી અને સમૃધ્ધિ વધે એ બધુ લક્ષમાં લઇ પુત્રવધુને લક્ષ્મી ગણવામાં આવી છે.

ધણા બધા શબ્દો આપણા હોઠેથી સરે પણ હૃદયના રંગે એ રંગાયેલા હોતા નથી. પરિણામે આ શબ્દો સાથે સબંધિત વ્યકિતની આન-શાન કે ગૌરવ સાચવવાનો પ્રશ્ન ઉભો થાય, ત્યારે આપણે વામણા પુરવાર થઇએ છીએ ધરમાં સાસુનુ એક ચકી શાસન ચાલતું હોય છે. પુત્રવધુના આગમન સાથે એ શાસનમાં સબળ-પ્રબળ હરીફ ઉભો થવાનો ભય સાસુના મનમાં જન્મે છે. પરિણામે પુત્ર વધુને પુત્રી વત ગણવાને બદલે શકા ઉપેક્ષા અપમાન અને પરાયાપણાની દ્રષ્ટિથી જોવામાં આવે છે પુત્રવધુ પુત્રને વશ કરીને પોતાની પાસેથી સંપૂર્ણ પણે પડાવી લેશે તેવા ડર પણ સાસુના મનને સતાવતો હોય છે. વળી ધણી વાર પુરૂપ પણ પત્નીને જીવન સંગીની ગણવાને બદલે 'શાસિતા' આજ્ઞાંકિતા, અને અચિનસ્તા ગણી બેસે છે. એટલે પતિ-પત્ની વચ્ચે હૃદય ૭ ઐકય પરિણમતું નથી. દહેજ નહિ લાવનાર પુત્રવધુ કે પત્ની 'લક્ષ્મી' ગણવાને બદલે અ "લક્ષ્મી" ગણાઇ જાય છે. આમ અનેક કારણો પુત્રવધુના દુઃખો માટે જવાબદાર છે. આન શબ્દો મહત્વના નથી, શબ્દો પાછળ રહેલી ભાવના સમજીએ ભાવ સાકાર થાય તે અગત્યનુ છે પુત્રવધુને ધરની "લક્ષ્મી" ગણવી હોય તો લક્ષ્મી જેટલોજ આદર આવકાર અને પ્રતિષ્ઠા તેને પ્રદાન કરવી જોઇએ.

આણમોલ મોતી ❋

નટવરલાલ કે. પટેલ
S Y B. Com.
રૂપાલકંપા

એક માણસે પરમહંસને પૂછ્યું કે ' સંસારમાં રહીને ભગવાનની ભક્તિ થઇ શકે ? ' પરમહંસ દેવે જરા હસીને જવાબ દીધો કે ' અમારા દેશમાં ચોખાના પૌંઆ બનાવી વેચનારી બાઇ એક હાથે ખાંડણિયામાં હાથ નાંખી ચોખા સરખા કરતી જાય છે ને બીજે હાથે બાળકને ખોળામાં લઇ ધવરાવે છે. ને વચમાં જો કોઇ ઘરાક આવે છે તો તેની સાથે તેણે લીધેલા માલનો હિસાબ પતાવતી જાય છે કે તમારી પાસે આટલા પૈસા આગળના બાકી છે. અને આજના આટલા પૈસા થયા વગેરે આ પ્રમાણે આટલાં બધાં કામ એકી સાથે કરતી જાય છે છતાં એનુ મન તો ખાંડણિયામાં પડતા સાંબેલા ઉપર જ હોય છે. કેમ કે તેને પુરી ખબર છે કે. સાંબેલુ હાથ ઉપર પડશે તો આખી જિંદગી સુધી હાથ નકામો થઇ જશે. આ બાઇની જેમ તમે પણ સંચારમાં રહીને કામ કરો પણ મન તો ભગવાનમાં રાખો. તેને છોડશો તો બધો અનર્થ થઇ જશે.

એક ખેડુતે આખો દિવસ શેરડીના વાઢને પાણી પાવાને માટે કોસ હાંકયા રાખ્યો. સાંજે જઇને જોયું તો એક ટીપું પાણી પણ વાઢમાં પહોંચ્યુ ન હતું. જરાક આવે કેટલાક ખાડા હતા તેમાં થઇને બધું પાણી બીજે ચાલ્યું ગયું હતુ તેવી જ રીતે વિષયવાસના માનઅકરામ વગેરે તરફ મન રાખીને જે માણસ સાધના કરે, તે આખી જિંદગી ભગવાનની ભકિત કરે તો પણ આખરે ભગવાનનાં દર્શન પામે નહી કેમ કે વાસનારૂપી બાકાંમાંથી તેની બધી સાધના બહાર નીકળી જાય છે.

ફણસને ભાંગતાં પહેલાં લોકો પોતાને હાથે સારી રીતે તેલ ચોપડી દે છે. જેથી કરીને ફણસમાંથી નીકળતો ચીકણો રસ હાથને ચોંટતો નથી. તેવી રીતે આ સંસારરૂપી ફણસનો ઉપયોગ જ્ઞાનરૂપી તેલ લગાડયા પછી કરવામાં આવે તો કામની કાંચનરૂપી ચીકણો રસ આપણા મનને ચોંટતો નથી.

આપણે સાપને પકડવા જઈએ તો સાપ આપણને તરતજ કરડે, પણ મદારી એકને બદલે સાત સાપ પકડીને પોતાના ગળામાં વીંટી મજાના ખેલ કરી બતાવે છે. તેવી રીતે વિવેક વૈરાગ્યરૂપી મંત્રવિદ્યા શીખ્યા પછી જો કોઇ સંસારમાં રહેતો તેને સંસારની માયા-મમતા બાંધી શકતી નથી.

★ ***FAITH IN GOD*** ★

॥ જયયોગેશ્વર ॥

અસ્થિર અને સ્થિર *

તુલસીદાસ એ. પટેલ
મોડાસા

છોકરાં	બદલાય	છે	પણ	માબાપ	બદલતાં	નથી
બળદ	બદલાય	છે	પણ	ખેતર	બદલાતુ	નથી
પુસ્તકો	બદલાય	છે	પણ	લેખક	બદલાતા	નથી
શાકભાજી	બદલાય	છે	પણ	મરચાં	બદલાતા	નથી
પ્રવાહ	બદલાય	છે	પણ	નદી	બદલાતી	નથી
અકકલ	બદલાય	છે	પણ	માથું	બદલાતું	નથી
અનાજ	બદલાય	છે	પણ	ગુણ	બદલાતો	નથી
ફુગ્ગા	બદલાય	છે	પણ	હવા	બદલાતી	નથી
કપડાં	બદલાય	છે	પણ	શરીર	બદલાતુ	નથી
રાજકર્તા	બદલાય	છે	પણ	રાજ્ય	બદલાતું	નથી
પિકચર	બદલાય	છે	પણ	થિયેટર	બદલાતું	નથી
હજામ	બદલાય	છે	પણ	દાઢી	બદલાતી	નથી
ઘડિયાળ	બદલાય	છે	પણ	સમય	બદલાતો	નથી
વિચાર	બદલાય	છે	પણ	નિર્માણ	બદલાતુ	નથી.

' છાપાના છબરડા ' *

પ્રવિણ આર. પટેલ
રાજપુરકંપા

— પોલીસ ઇન્સપેકટરને શાપ (થાય) આવીને નાસી ગયેલો ચોર
— કાયર (ટાયર)ની હેરફેર પર નિયંત્રણ મુકાશે.
— કાપડની દુકાનમાંથી થયેલી કાકા (તાકા) ની ચોરી.
— આ એટલે માગણી (લાગણી) નું મૂર્તિમંત સ્વરૂપ.
— માંદા (કાંદા) ની નિકાસ કરવા વિચારતી સરકાર.
— સુખી થવું હોયતો મામા (માયા)નો ત્યાગ કરો.
— વિદેશી છાણાં (નાણાં)ની મદદથી દેશ કયાં સુધી ટકી શકશે.
— એક પટાવાળાની છોકરી (નોકરી) માટે વીસ સ્નાતક યુવાનોએ નોંધાવેલ ઉમેદવારી.
— વડીલો સમક્ષ હંમેશાં મસ્તક નચાવતા (નમાવતા) રહો
— આજકાલ જણતર (ભણતર)ની કક્ષા નીચી જતી જાય છે.
— હવે હાઇગ્રેડ ગેર (ખેર) મળશે.

પરીક્ષા પદ્ધતિ

પટેલ અર્ચના વી.
ધનસુરા.

જે વસ્તુની જરૂર પડે તે પોતાની મેળે જ માણસ લે છે. છોકરાને જે જિજ્ઞાસા થઇ તે તેને ભણવા દેવો છોકરાને વ્યાકરણ ભણાવવાની જરૂર નથી તે જરૂર પડયે શીખી લેશે આ આવ્યા એમ કોઇ પણ નાનું બાળક કહેશે નહ તે આ આવી એમ જ કહેશે નાના છોકરાને એ કયાંથી ખબર પડી જરૂર પડે એટલે જિજ્ઞાસા થાય અને આપ મેળે બાળક શીખી લે આજે જિજ્ઞાસા જ નથી ગુરૂકુળમાં છોકરા ઓને જિજ્ઞાસા નિર્માણ થતી અને જિજ્ઞાસાથી બધા જ્ઞાન મેળવવા પ્રેરાતા ન જોઇતું બહારનું જ્ઞાન લેવામાં આવે તે ફકત ગોખણ પટ્ટીમાં જ રહે ન જોઇતું અન્ન ખાઇએ તો અપચો થાય જ open your Books એ શિક્ષણ નથી open you Minds એ શિક્ષણ છે અ જે તો પરીક્ષા માટે જ બધા ભણે છે શેકસપીયરના બધા નાટકો વાંચેલા હોય અને બધા યાદ હોય તો પણ તે વ્યકિત હોશિયાર નથી પરંતુ અંગ્રેજી મુખ્ય વિષય લઇ B A. માં શેકસપિયરનાં બે નાટકો વાચી ને પરીક્ષા પાસ કરી એટલે સુશિક્ષિત જરૂર નથી તે શિક્ષણ આજે લાદવામાં આવે છે તેને લીધે જિજ્ઞાસા મરી જાય છે. એટલા માટે તો તેઓએ ૫૦ % ભુલ માન્ય રાખીને ૩૦% ગુણાંકથી ઉતિર્ણ થવાનું ધોરણ રાખ્યું છે. જો બધું જ ભણતર જરૂરી હોય તો સો ટકા યાદ રાખવું જરૂરી છે.

વિદ્યા જીવન અને જ્ઞાનને માટે હોવી જોઇએ પરીક્ષા માટે નહીં અંગ્રેજોને કારકુનો તૈયાર કરવા હતા તેથી તેવું શિક્ષણ તેમણે રાખ્યું પરંતુ આજે ભારત સ્વતંત્ર થયા પછી પણ તે જ શિક્ષણ ચાલુ રહ્યું છે ભાષાની પરીક્ષાનું પ્રશ્નપત્ર ન હોવું જોઇએ કારણ કે માણસ ભાષા કેવી બોલે છે. તેજ તેની ભાષાનું કારણ છે.

પરીક્ષા આવે એટલે સુપરવાઇઝર આવ્યા એનો અર્થ એ થયો કે વિદ્યાર્થી ઉપર વિશ્વાસ નથી. આજે બધા વિદ્યાર્થીઓને માટે સુપરવાઇઝર હોય છે તેથી જીવનની પરીક્ષામાં બધા છોકરા નાપાસ થાય ટુંકમાં હું મારુ જ લખીશ. બીજાના વા જોઇને લખીશ નહિ. એ વૃત્તિ ભણાવી જ નથી. તેથી જીવનવિકાસની દ્રષ્ટિથી વિદ્યાર્થીઓ નાપાસ થયેલા જ દેખાય છે.

અત્યુ નક શિક્ષણ સેવાપરાયણ નથી પરંતુ અર્થ પરાયણ છે. ભણાવવાળા શું મળશે ? તે દ્રષ્ટિથી ભણાવે છે અને ભણવાવાળે વધુ પૈસા કેમ મળશે ? તે દ્રષ્ટિથી ભણે છે. જે વાતોની જીવનમાં જરૂરિયાત નથી. માંગણી નથી તેવી વાતો મગજમાં ભરીએ તે કાંઇ જ્ઞાન નથી શિક્ષણ શિક્ષા નહિ પણ આનંદ લાગવું જોઇએ આજનું

શિક્ષણ સજારૂપ લાગે છે અને તેથી જ લોકોને રજા જોઇએ છે આજે શાળા કોલેજોમાં વર્ષમાં ૩/૪ મહિના રજા હોય છે પરંતુ તપોવનમાં મહિનામાં એકમને દિવસે અનાધ્યાય પાળવામાં આવતો તે દિવસે શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો નહિ. આજે જન્માષ્ટમી, રામનવમી, ગણેશચતુર્થી જેવા દિવસોની રજા અપાય છે. વાસ્તવમાં તે દિવસોએ તે તે મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચી તેમણે શું શું કર્યું હતું અને કેવું જીવન જીવ્યા તે જાણવુ જોઇએ. પરંતુ આજે રજા લઈએ છીએ. પણ તેમના જીવન વિશે કંઈ જાણતા નથી અને જાણવાનો પ્રયત્ન પણ કરતા નથી. પરંતુ આપણને શિક્ષણનો થાક લાગે છે. તેથી આજે આપણે આ દિવસોની રજા માગીએ છીએ, તેથી તહેવારની છૂટ્ટીને દિવસે થાકના લીધે આપણે ભગવાનને પણ છુટ્ટી આપીએ છીએ.

★

સ્વાધ્યાયાન્મા પ્રમદઃ

આજે આખા જગતમાં માનવ ભૌતિક સુખો તરફ જ દોટ મૂકી રહયો છે. માનવ બુદ્ધિથી થયેલ શોધખોળના પરિણામે દેશ પરદેશ વચ્ચેનુ અંતર ઘટયું છે. પરંતુ માનવ માનવ વચ્ચેનું અંતર વધતું રહ્યું છે.

કુટુંબ જીવનમાં ભાવ ઘટી રહયો છે અને સમાજ જીવનમાં પ્રેમ અને એકતા ઓછાં થવા લાગ્યાં છે ત્યારે **પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી** સ્વાધ્યાયના માધ્યમ મારફતે અસ્મિતા અને ભાવ પ્રગટાવીને માનવ ઐક્ય નિર્માણ કરવાનો ભગીરથ પ્રયત્ન કરી રહેલ છે.

આજે જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે અંતર વધતું જાય છે, ગરીબ અને તવંગર વચ્ચે ખાઇ વધતી રહી છે ભણેલ અને અભણ એકબીજાંથી દૂર થતા રહયા છે. અને સાંપ્રદાયિક, સંકુચતતા, એકજ સમાજનાં ઘટકોને સાથે બેસતાં અટકાવી રહેલ છે ત્યારે પરમપૂજ્ય શાસ્ત્રીજીની પ્રેરણાથી સામાજીક સંગતિકરણ અને મૈત્રિકરણ માટે ભારતભરમાં ૬૦ પાટીદાર સ્વાધ્યાય મિલનોનું આયોજન કરવામા આવેલ છે જે પૈકી પાંચ મિલન કચ્છમાં થઇ ગયેલ છે.

ગત તા ૨૪-૮-૮૨ થી ૪-૯-૮૨ સુધી સુધી સાબરકાંઠા, ખેડા, મહેસાણા અને બનાસકાંઠા જીલ્લામાં ૧૧ મિલનો યોજાઇ ગયાં છે અનુક્રમે દેસઇપુરાકંપા, કપડવંજ, નડિયાદ, ધનસુરા, મોડાસા, ઇડર, વડાલી, ખેડબ્રહ્મા, મોતીસરી મહેસાણા તેમજ અમીરગઢ (પાલનપુર)માં યોજાયેલ મિલનોમાં આપણા સમાજના ૧૩૦૦૦ ઉપરાંત ભાઇ-બહેનોએ અતિ ઉત્સાહથી લાભ લીધો છે.

સંકોચરહિત થઇને પ્રત્યેક ભાઇ-બહેન આવી શકે એ માટે મિલન અગાઉ પ્રત્યેક વિસ્તારમાં ભકિત ફેરી કરેલ, જેમાં આપણા સમાજના અગ્રણીઓ, શ્રી ખીમજીભાઇ નાગજીભાઇ (મારતર), પ્રેમજીભાઈ પુંજાભાઇ વિથોણવાળા, લાલજીભાઈ માંજીભાઇ પૂનાવાળા, વિશ્રામભાઇ હંસરાજભાઇ મુંબઇ, મનજીભાઇ વાલજીભાઈ મુંબઇવાળા તેમજ કચ્છ, પુના, અમદાવાદ, ડાકોર, અને પાલનપુરના ભાઇઓ તેમજ સ્થાનિક વિસ્તારના ભાઇઓ મળીને સો ઉપરાંત ભાઇઓએ ભાગ લીધેલ અને મિલન વિસ્તારમાં ગામડે ગામડે તેમજ નાના નાના અને છુટા છવાયા કંપાઓમાં રૂબરૂ જઇને જ્ઞાતિ બંધુઓને આત્મિયતા પૂર્વક મળેલ.

માનવ માનવને નિકટ લાવે તે ધર્મ
માનવને વિચારોનો વ્યાપક બનાવે તે ધર્મ.

માનવથી માનવને અને માનવ અને ઇશને જોડે તે ધર્મ, એવી સમજદારી સ્વાધ્યાય મિલનો દ્વારા ઉભી થતાં, અને આપણે ઋષિઓનાં સંતાન છીએ. આપણી નસોમાં એકજ લોહી વહે છે તો સાંપ્રદાકિક સંકુચિતતા શા માટે ? ગમે ત્યાં હોઇએ અને ગમે તેને માનતા હોઇએ તો પણ માનવ ધર્મની પાયાની વાત કૃતજ્ઞતા. ત્રિકાળ સંધ્યા દ્વારા વ્યકત કરીને સાચા માનવ બની શકાય છે. તે વિચાર મળતાં પ્રત્યેક મિલનમાં ભાવ, પ્રેમ અને એકતાનાં દર્શન સાકાર થયાં હતાં અને આપણા સમાજમાં ઘર ઘરમાં દરેક જણમાં ત્રિકાળ-સંધ્યનો સંદેશ પહોંચાડવાનો સંકલ્પ કરીને સૌ ભાવભીના થઇને છુટા પડયા હતા.



સમાચાર

જ્ઞાતિ ગૌરવ

આર. ડી પટેલ
વિદ્યાર્થી મંડળ, મોડાસા.

આથી સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે ચાલુ વર્ષે ૧૯૮૨-૮૩માં મોડાસા કોમર્સ કેલેજમાં મહમંત્રી (G S) તરીકે શ્રી રમણલાલ દેવજીભાઇ હરિપુરાકંપા (અણીયોર) જ ખુબ બહુમતીથી ચુંટાઇ આવેલ છે જે આપણી જ્ઞાતિ માટે ગૌરવ લેવા જેવું છે. ચુંટાઇ આવ્યા બદલ તેઓને અભિનંદન.

ઉપરાંત મોડાસા કેલેજમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓ પણ વર્ગ પ્રતિનિધિ તરીકે ચૂંટાઇ આવેલ છે

દિનેશકુમાર એમ પટેલ	S Y B COM.	(મહાપુરકંપા)
વિનોદકુમાર જે પટેલ	F Y B. COM.	(")
જગદીશકુમાર એસ. પટેલ	"	(વડાગામ)
રમેશકુમાર જી પટેલ	"	ડુંગરપુર (અમીરગઢ)

ચુંટાઇ આવેલ વિદ્યાર્થીઓને અભિનંદન

આર્ટસ કોલેજ મોડાસામાં કુમારી ચંપાબહેન પી. T Y B. A. રામાગીરકંપા ચાલુ વર્ષે બહેનોની પ્રતિનિધિ (L R.) તરીકે ભવ્ય બહુમતથી ચુંટાઇ આવેલ તેઓને ખુબ અભિનંદન.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, મોડાસા

આથી મોડાસા કોલેજ પરિવારમાં અભ્યાસ કરતા સર્વે ભાઇ-બહેનોની એક સામાન્ય સભા યોજવામાં આવી હતી તેમાં સર્વાનુમતે નીચે જણાવેલ સભ્યોની કારોબારી મંડળમાં વરણી કરવામાં આવેલ છે.

પ્રમુખ :	શ્રી મહેન્દ્રકુમાર પી પટેલ	T. Y. B COM	(મોતીસરી)
ઉપ-પ્રમુખ :	શ્રી ચંદુલાલ જે. પટેલ	T. Y. B A	(લક્ષ્મણપુરા)
મંત્રી :	શ્રી કાન્તિલાલ એમ પટેલ	T. Y B. COM	(દેલ છાપુરા)
સહમંત્રી :	શ્રી સુરેશકુમાર કે. પટેલ	F Y B. COM	(રવિપુરા)
પ્રવાસ મંત્રી :	શ્રી કિર્તિકુમાર જે પટેલ	S Y. B A	(બાવસરકંપા)
સહ પ્રવાસ મંત્રી :	શ્રી વિનોદકુમાર એ. પટેલ	T. Y. B. A	(તાહલીયાકંપા)
આંતરીક ઓડીટર :	શ્રી રણછોડદાસ ડી. પટેલ	T Y B COM.	(પુરૂષોત્તમપુરા)
સહ ઓડીટર :	શ્રી રસિકલાલ એમ પટેલ	"	(તખતગઢ)
ખજાનચી :	શ્રી પ્રવિણભાઈ એલ પટેલ	S. Y. B COM	(કરશનપુરા)
સહ ખજાનચી :	શ્રી ગંગારામ એસ. પટેલ	T Y. B COM	ટીંબાતળાવકંપા

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ, નવીદિલ્હી

'૧૫ મી ઓગસ્ટ'

અત્રેશ્રી પટેલ ટીમ્બર માર્ટમાં શ્રી પટેલ તરૂણ મિત્રમંડળ તરફથી ૫ દરમી ઓગષ્ટના સ્વાતંત્ર્યદિનનું પર્વ શાનદાર રીતે ઉજવેલ હતું સમાજના અગ્રેસર શ્રી કરશનભાઈ કાનજીભાઈના હસ્તે ધ્વજવંદન રાખવામાં આવેલ હતો અને આ સમારંભનું પ્રમુખ સ્થાન સમાજના પ્રમુખશ્રી વિસરામભાઈ હસરાજને આપવામાં આવેલ હતું. ધ્વજવંદન થયા બાદ મંડળ તરફથી એક વાદ વિવાદ પ્રતિયોગિતા રાખવામાં આવેલ હતી જેનો વિષય હતો "ઘૂંઘટ ની ઉપયોગીતા હોવી જોઈએ કે નહિ" ટીપણી આપો. જેમાં પક્ષ અને વિપક્ષવાર વિષયો રાખવામાં આવેલ. જેમાં વિપક્ષમાં પ્રથમ ઈનામ રમીલાબેન રવજીભાઈ પટેલને મળેલ જયારે પક્ષમાં પ્રથમ ઇનામ ગંગારામભાઇ હીરાલાલને મળેલ હતું. આ પ્રતિયોગિતાના નિર્ણાયક ભાઇશ્રી નાનજીભાઇ હીરાલાલ તથા ચીમનભાઇ તથા રતનશીભાઇ હસરાજ હતા. કાર્યક્રમ ખુશનુમા વાતાવરણમાં થયેલ. અલ્પાહાર લીધા બાદ સભાનું વિસર્જન કરવામાં આવેલ

મંત્રી, પટેલ તરૂણ મિત્ર મંડળ ન્યુ. દિલ્હી
ભગવાનદાસ રવજીભાઇ પટેલ

* રણજીતપુરા હાઈસ્કૂલનું ગૌરવ *

રણજીતપુરા હાઇસ્કૂલના પટાંગણમાં તા. ૧૬-૮-૮૨ ના રોજ બાલાસિનોર તાલુકા શરદરસોત્સવ ઉજવાઇ ગયો. તેમાં રણજીતપુરા હાઇસ્કૂલની ભાઇઓ અને બહેનોની ખોખો ટીમે પ્રથમ સ્થાન મેળવી ખોખો માટેનો તાલુકાનો ભાઈઓ માટેનો શીલ્ડ સતત સાતમા વર્ષે તથા બહેનો માટેનો ખોખોનો તાલુકા શીલ્ડ બીજીવાર મેળવ્યા ભાગ્યશાળી બને છે. આ રીતે શાળાનુ ગૌરવ વધાર્યું છે. રણજીતપુરામાં યોજાયેલ તાલુકા રસોત્સવમાં રણજીતપુરા ગામ તથા આજુબાજુના ગામોની જનતાએ તાલુકા રસોત્સવ જોવા માટે ઘણા મોટા પ્રમાણમાં હાજરી આપી હતી તથા બાળકોની રમતો જોઇ ખુબ જ પ્રભાવિત થયા હતા ખેલાડીઓ, શિક્ષકો તથા આચાર્યશ્રીઓએ શાળામાં કરેલ વ્યવસ્થાથી ખૂબ જ સંતોષ વ્યક્ત કર્યો હતો.

"જન્માષ્ટમી મહોત્સવ"

અત્રે શ્રી પટેલ ટીમ્બર માર્ટમાં સમાજ તરફથી જન્માષ્ટમી મહોત્સવનો એક સુંદર કાર્યક્રમ રાખવામાં આવેલ જેની અંદર ગરબા અને દાંડીયારાસનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો જેમાં તરૂણ મિત્રમંડળના ભાઇઓના સહયોગથી વિદ્યાર્થી ભાઈઓએ એક સુંદર કામગીરી બજાવી હતી જેમાં આકર્ષક ઝાંકીઓ અને મટકાં ફોડ પ્રોગ્રામ તથા અલ્પાહાર માટે સ્ટોલ રાખવામાં આવેલ હતા અને આ પ્રોગ્રામ મધ્યરાત્રિ સુધી ચાલ્યો હતો કૃષ્ણ ભગવાનના જન્મ વખતે સુંદર દ્રશ્ય ઉપસ્થિત થયેલ હતું અને ખુશીના વાતાવરણમાં કાર્યક્રમ પૂરો થએલ હતો.

મંત્રી શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ; ન્યુ દિલ્હી.

□

* ઈનામ વિતરણ *

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત, ધનસુરાએ તા ૫-૯-૮૨ ના દિને ઇનામ વિતરણ સમારંભ શ્રી વેલાણી એન્ડ માવાણી કન્યાછાત્રાલયના પ્રાર્થના હોલમાં યોજ્યો હતો. ઉપરોકત સમાજ સંચાલિત શ્રી આર. એસ. ધોળુ વિદ્યાર્થી ભવન તેમજ શ્રી માવાણી એન્ડ વેલાણી કન્યાછાત્રાલયમાં ૮૦-૮૧ અને ૮૧-૮૨ વર્ષ દરમિયાન ધો-૫ થી ૧૨ માં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ આવનાર છાત્ર, છાત્રાને ઇનામ વિતરણ વિધિ સમાજના પ્રમુખ શ્રી દેવસીભાઈ મેઘજીભાઇ વેલાણીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો આ સમયે સમાજના પ્રમુખશ્રી, માજી પ્રમુખશ્રીઓ, કારોબારીસભ્યો, સલાહકારશ્રીઓ ઉપસ્થિત રહી છાત્ર તેમજ છાત્રાઓને છાત્રાલયનાં બાળકોને પ્રોત્સાહન આપી પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપ્યો હતો.

સમાજના પ્રમુખશ્રી દેવસીભાઇ મેઘજીભાઇ વેલાણી સમાજના મંત્રીશ્રી, બહેચરભાઇ મુળજીભાઇ પટેલ યુવક મંડળના મંત્રીશ્રી અરજણભાઇ વિશ્રામભાઇ પટેલ કારોબારી સભ્યશ્રી ભાઈલાલભાઈ હરીભાઈ પટેલ, હરીભાઈ પટેલ માજી ધારાસભ્યશ્રી નારણભાઈ રાવજીભાઈ પટેલ.

જાગૃતિના તંત્રીશ્રી કાન્તિલાલ કે. પટેલ ધનસુરા હાઇસ્કૂલના દ્વિતીય આચાર્ય અને શ્રી આર. એસ. ધોળુ વિ. ભવનના ગૃહપતિ શ્રી વાડીભાઈ પટેલ.

તેમજ અન્ય સમાજ પ્રેમી વ્યકિતઓએ છાત્રાલયનાં બાળકોને શિક્ષણ સિદ્ધિ બદલ અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઉપરાંત સમાજની પ્રગતિ છાત્રાલયોની ઉન્નતિ છાત્રાલયોનાં બાળકોના ઉજ્વળ ભાવિ માટે સુંદર માર્ગદર્શન યુક્ત વિચારો રજૂ કરી પ્રેરણાદાયક વાતાવરણ ખડું કર્યું હતું. પોતાના પ્રવચનમાં દરેક વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોના શિક્ષણમા મેળવેલી સિદ્ધિ માટે ખુબ પ્રશંસા કરી હતી. અને હજુ તેથી પણ વધુ ટકાવારી મેળવી ગુજરાત રાજ્યમાં મોખરાનું સ્થાન મેળવવા અનુરોધ કર્યો હતો.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખશ્રી દેવસીભાઈ મેઘજીભાઈ વેલાણીએ અપાયેલ કુલ ૨૧ ઈનામનું તમામ ખર્ચ ઉપાડી લીધું હતું.

છાત્રાલયની સુંદર કામગીરી કરવાની કદરદાની રૂપે વિદ્યાર્થીભવનના ગૃહપતિ શ્રી વાડીભાઈ પટેલ તેમજ કન્યા છાત્રાલયનાં ગૃહમાતા શ્રી રમિલાબહેન પટેલને અને હોસ્ટેલના હિસાબનીશ શ્રી સોમાલાલ ઉપાધ્યાયને ભેટો પ્રમુખશ્રીના હસ્તે આપવામાં આવી હતી.

આ કાર્યક્રમના પ્રારંભમાં ગૃહમાતા શ્રી રમિલાબહેન પટેલ તેમજ છાત્રાલયની બાલિકાઓ કુ ગીતાબહેન માવજીભાઇ પટેલ કુ. કંચનબેન તુલસીદાસ પટેલે મધુર કંઠમાં સુંદર રીતે પ્રાર્થના તેમજ સ્વાગત ગીતથી રજુઆત કરી હતી. પ્રમુખશ્રીએ આશિર્વચનો આપ્યાં હતાં અને છાત્રાલયની પ્રગતિ માટે તમામ ભોગ આપવાની તૈયારી બતાવી હતી પ્રમુખશ્રીએ આશિર્વચનો આપ્યાં હતાં અને છાત્રાલયોની પ્રગતિ માટે તમામ ભોગ આપવાની તૈયારી બતાવી હતી.

સમાજના કાર્યદક્ષ મંત્રીશ્રીએ આભારવિધિ કરી હતી. વિદ્યાર્થીઓને મળેલાં ઇનામો બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવા આભાર વક્તવ્ય વિદ્યાર્થીભવન વતી શ્રી પ્રફુલ્લ-કુમાર વસંતભાઈ પટેલે (રામપુરકંપા) રજુ કર્યું હતું.

કન્યાછાત્રાલયની બાલિકાઓ વતી આભાર માનતું સુંદર વક્તવ્ય કુ મંજુલા-બહેન મુળજીભાઇ પટેલ (ટીંબાતળાવ) રજુ કર્યું હતું.

સમારંભનુ સુંદર સંચાલન વિદ્યાર્થીભવનના ગૃહપતિશ્રી વાડીભાઈ પટેલ. દ્વારા થયું હતું.

નોંધપાત્ર અભિનંદન અને ગૌરવરૂપ બાબતો :—

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત ધનસુરા સંચાલિત
શ્રી આર. એસ. ધોળુ વિદ્યાર્થી ભવન
અને

શ્રી વેલાણી અને માવાણી કન્યા છાત્રાલયનું ગત માર્ચ ૮૨નું એસ. એસ. સી. નું પરિણામ ૧૦૦% આવેલ છે. તેમાં મોટા ભાગના પ્રથમ વર્ગમાં અને બાકીના દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થય છે.

શ્રી આર. એસ ધોળુ વિદ્યાર્થી ભવનના છાત્રો, જેમને વધુ ગુણ મેળવી પ્રથમ નંબર મેળવવા બદલ ઇનામો એનાયત થયાં તેમની યાદી :—

ધો. ૧૨	(૧)	પટેલ બીપીનચંદ્ર મણિલાલ	તખતગઢ	૮૦-૮૧
ધો. ૧૦	(૨)	,, ચંન્દ્રકાન્ત અરજણભાઇ	ગઢકંપા	,,
ધો. ૧૨	(૧)	પટેલ સુરેશકુમાર રામજીભાઇ	સોનારડા	૮૧-૮૨
,, ૧૧	(૨)	,, ચન્દ્રકાન્ત અરજણભાઇ	ગઢકંપા	,,
,, ૧૦	(૩)	,, કમલેશકુમાર વિઠ્ઠલદાસ	,,	,,
,, ૯	(૪)	,, રમણલાલ મનજીભાઇ	વાંસેડા	,,
,, ૮	(૫)	,, અવિનાશ તુલસીદાસ	વિષ્ણુપુરા	,,
,, ૭	(૬)	,, જીતેન્દ્રકુમાર દેવરામભાઇ	નવાનગર	,,
,, ૬	(૭)	,, લલીતકુમાર ડાહ્યાભાઇ	,,	,,
,, ૫	(૮	,, જીતેન્દ્રકુમાર ખેતાભાઇ	દોલપુરકંપા	,,

શ્રી માવાણી એન્ડ વેલાણી કન્યા છાત્રાલયની છાત્રાઓ, જેમને વધુ ગુણ મેળવી પ્રથમ નંબર મેળવવા બદલ ઇનામો એનાયત થયાં તેની યાદી.

ધો. ૧૦	(૧)	પટેલ વિમળાબેન મણીભાઈ	દૂધેલાં લાટ	૮૦-૮૧
,, ૧૨	(૨)	,, સવિતાબેન માધાભાઇ	ગઢકંપા	,,
,, ૧૨	(૩)	,, ચંદ્રિકાબેન ખીમજીભાઇ	બહામકંપા	૮૧-૮૨
,, ૧૧	(૪	,, મંજુલાબેન મુળજીભાઇ	ટીબાકંપા	,,
,, ૧૦	(૫)	,, ધનલક્ષ્મીબેન કરસનભાઇ	ભુટાલકંપા	,,
,, ૯	(૬)	,, મીનાબેન પ્રેમજીભાઇ	ધટકોપરા	,,
,, ૮	(૭)	,, મધુબેન મગનભાઈ	અમીનપુરા	,,
,, ૭	(૮)	,, જ્યોતિબેન ખેતાભાઈ	દોલપુરકંપા	,,
,, ૬	(૯)	,, બિંદુબેન કાનજીભાઇ	ઇશ્વરપુરા	,,
,, ૫	(૧૦)	,, દક્ષાબેન ચંદુભાઇ	દોલપુરકંપા	,,

અભિનંદન



પટેલ પ્રમોદકુમાર કાન્તિલાલ માવજીભાઇ
શીવપુરાકંપા, તા. જી ગાંધીનગર

ચાલુ સાલે લેવાયેલ ટી વાય બી. એ. ની પરીક્ષામાં ઇતિહાસ મુખ્ય વિષય લઇને એલ ડી. આર્ટસ કોલેજમાં ૭૦% ગુણ મેળવી પ્રથમ નંબરે આવેલ છે.

—અભિનંદન.

સ્વાધ્યાયાન્મા પ્રમદઃ

અનુસંધાન પેજ ૯ નું ચાલુ

હવે પછી નીચે મુજબના વિસ્તારમાં મીલનો યોજવામાં આવશે.

- સાઉથ : કોલ્હાપુર, હુબલી, બેંગલોર, દાવણગીરી, ત્રીચીનાપલ્લી, કોચીન મદ્રાસ
- મધ્ય-પૂર્વ ભારત : ઇંદોર, સાગર, જબલપુર, નાગપુર રાયપુર, સંબલપુર, કલકત્તા, કટક. રાંચી, આસનસોલ.
- ગુજરાત : સુરત, બિલીમોરા, ભરૂચ, આણંદ, બરોડા, કલોલ, ધોળકા.
- આંધ્ર : હૈદ્રાબાદ, સીકંદરાબાદ, વિજયવાડા. વિશાખાપટ્ટનમ, ખમામ, વારાંગલ, કામારેડી,
- ઉત્તર : દિલ્હી, જયપુર,
- મહારાષ્ટ્ર પૂના જલગાંવ, ચાલીસગાંવ, (ધુલીયા) નાશીક, ઔરંગાબાદ (જાલના) (સાંગલી) ઇચલકરંજી, અમરાવતી, મુંબઇ.

ઉપરોક્ત વિભાગોની તારીખો નક્કી થતાં જે તે વિભાગને સમયસર જાણ કરવામાં આવશે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સ્ટુડન્ટ યુથ કલબ
કપડવંજ

કપડવંજ શાળા કોલેજમાં અભ્યાસ કરતા કચ્છ કડવા પાટીદાર ભાઈ–બહેનોની એક મીટીંગ તા ૨૬–૮–૮૨ ને ગુરુવાર ના રોજ પ્રવિણચંદ્ર મણીલાલ પંચાલ બી. ઇ. મિકે. ના પ્રમુખસ્થાને એસ. વી. એસ. હોસ્ટેલની ઓફિસમાં મળી હતી.

તેમાં કપડવંજમાં અભ્યાસ કરતા કચ્છ કડવા પાટીદાર ભાઇ–બહેનોની "શ્રી કચ્છ કડવા પાટીદાર યુથ કલબ" ની રચના કરવામાં આવી હતી જેમાં કારોબારી સમિતિના નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવી હતી.

કારોબારી સમિતિ

પ્રમુખ :	નથુભાઈ કરમશીભાઈ પોકાર T, Y. B Com.	કઠલાલ
ઉપપ્રમુખ :	મિનાક્ષીબહેન ધનજીભાઇ પટેલ F Y B. Com	સુખપુરા
	ઈશ્વરભાઈ નાનજીભાઇ પટેલ S Y. B Com	દેસાઇપુરા
મંત્રી :	નવનીતભાઇ રવજીભાઇ પટેલ S. Y. B Com.	દુધાથલલાટ
સહમંત્રી :	કાન્તીભાઈ પ્રેમજીભાઇ વાઘડીયા S Y. B Com.	કપડવંજ
ખજાનચી :	તુલસીભાઇ પુંજાભાઇ પટેલ F Y B Com.	બામણીયા
	મહેન્દ્રકુમાર નારણભાઇ પટેલ 12 Com.	રામપુરા
પ્રવાસ મંત્રી :	ધનશ્યામભાઇ મોહનભાઇ પટેલ T. Y B. Com	દુધાથલલાટ
	વસંતભાઈ પ્રેમજીભાઈ પટેલ 12 Com.	શાંતિપુરા
અહેવાલ મંત્રી :	જયંતિલાલ પ્રેમજીભાઇ પોકાર F. Y, B. A.	હાથીપુરાકંપા
સાંસ્કૃતિક મંત્રી :	દિનેશભાઇ હરીભાઈ પટેલ S. Y. B. Sc.	કપડવંજ

સલાહકાર સમિતિ

શ્રી કેશુભાઈ એમ. પટેલ એડવોકેટ	કપડવંજ
શ્રી કેશુભાઇ રાજારામ પટેલ	કપડવંજ
શ્રી વિઠ્ઠલભાઇ દેવજીભાઇ પટેલ	નવાસુવાડા
શ્રી જયંતિભાઈ દેવજીભાઈ પટેલ	નિરમાલી

અતિથિવિશેષ તરીકે કેશુભાઇ રાજારામ પટેલ, વિઠ્ઠલભાઇ દેવજીભાઈ પટેલ તથા જેઠાભાઈ વીરજીભાઇ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

જાહેર ખબર

પ્રવાસ બીજો... અધિક માસ પ્રથમ આસો વદ બીજ
ઉપડશે.... યાત્રા પ્રવાસ તા ૪-૧૦-૮૨ ના રોજ ...પ્રવાસ દિવસ ૧૬
卐 તીર્થના રાજા પુસ્કરરાજ સહીત 卐

રાજસ્થાન ઉત્તર-ભારત સાથે બદ્રીનારાયણ યાત્રા પ્રવાસ

– ઉપરાંત અનેક ધાર્મિક તેમજ ઐતિહાસિક સ્થળોના દર્શનનો લાભ –

સ્થળો : આ પ્રવાસ સંવત ૨૦૩૮ ના પરમ પવિત્ર પુરસોત્તમ અધિક માસ પ્રથમ આસો માસમાં વદ બીજને સોમવાર તા. ૪-૧૦-૮૨ ના રોજ મોડાસાથી શામળાજી કેસરીયાજી, ઉદેપુર, એકલીંગજી મહાદેવ, શ્રીનાથજી, અજમેર, પુષ્કરરાજ, આગ્રા, મથુરા, ગોકુલ, વૃન્દાવન, દીલ્હી, ન્યું દીલ્હી, હરદ્વાર, ઋષિકેશ, લક્ષ્મણઝુલા, સ્વર્ગાશ્રમ બદ્રીનારાયણ, ઋષિકેશ થઇ જયપુર, જોધપુર, મોટા અંબાજી, ખેડબ્રહ્મા મોડાસા પ્રવાસ પુરો.

વાહન : આ પ્રવાસ લકઝરી બસ ડીલક્સમાં રાખેલ છે. રાત્રે મુકામ ધર્મશાળામાં થશે જયાં દરેક યાત્રિકે પોતાનો સરસામાન જાતે સાચવી પાછો સવારે બસમાં પોતાની જવાબદારીયે મુકવાનો રહેશે. સરસામાન લાવવા લઇ જવામાં ભારે દાગીના હશે ત્યાં નોકર મદદ કરશે.

સાધન : દરેક યાત્રિકે પોતાની સાથે થાળી, વાડકો, લોટો, પ્યાલો, કપ-રકાબી, સુવા માટે બેડીંગ અને કપડાં ભરવાની નાની સુટકેસ ઉપરાંત બેટરી, કપડાં, કપડાં સુકવવા દોરી ઉપરાંત જરૂરી ગરમ કપડાં સાથે લેવાં કારણકે બદ્રીનારાયણમાં ઠંડી પડે છે.

ભોજન : આ પ્રવાસમાં દરરોજ એક વખત ભોજન, એક વખત નાસ્તો અને એક વખત ચા મળશે, ચા ના પીનારને કોફી મળશે. પ્રવાસ દરમિયાન બે વખત મિષ્ટાન મળશે. મિષ્ટાનના દિવસે અને બદ્રીનારાયણ જતાં આવતાં નાસ્તો મળશે નહિ.

ભાડું : આ પ્રવાસમાં બસ ભાડુ, ભોજન, ચા, નાસ્તો સહીત એક આખી ટીકીટના રૂા. ૯૬૧-૦૦ અંકે રૂપિયા નવસો એકસઠ રાખેલ છે. અડધી ટીકીટના ૮૬૧-૦૦ આઠસોએકસઠ રૂપીયા છે. પ્રવાસમાં નાવ, ડોલી, ડંકી, કુલી, યાત્રા ટેક્સ, પ ચાયત અથવા સરકારી ટેક્સ યાત્રિકના શીર છે.

સુચના :- પ્રવાસમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી આવનાર ભાવિકે નીચે લખેલા સ્થળે એક ટીકીટ દીઠ રૂા. ૧૬૧-૦૦ એકસોએકસઠ ભરી નામ નોંધાવી જવું.

એક આખી ટીકીટના રૂા. ૯૬૧-૦૦ * એક અડધી ટીકીટના રૂા. ૮૬૧-૦૦

– પૈસા ભરવા, નામ નોંધાવવા તેમજ વધુ માહિતી મેળવવા માટેનું સ્થળ –

ભક્તરાજ શ્રી મગન ભગત, ગાંધીવાડા, **મુ. પો. મોડાસા**, જી. સાબરકાંઠા

ધનસુરા છાત્રાલયોને મળેલ અનાજની યાદી

અ.નં.			નામ	ગામ	ઘઉં	મકાઇ	બાજરી
૧	શ્રી	પટેલ	મોહનભાઇ વસરાંમભાઇ	મેતીવેણી	—	૨૫	—
૨	,,	,,	બાબુભાઇ વસરાંમભાઇ	,,	—	૨૫	—
૩	,,	,,	નારણભાઇ શીવજીભાઈ	,,	—	૨૦	—
૪	,,	,,	મણીભાઇ કરમસીભાઇ	,,	—	૨૦	—
૫	,,	,,	નાનજીભાઇ ખેતાભાઇ	,,	—	૩૦	—
૬	,,	,,	ગોવિંદભાઇ લધ્ધાભાઇ	,,	—	૨૫	—
૭	,,	,,	રતીલાલ નાનજીભાઈ	,,	—	૪૦	—
૮	,,	,,	નારણભાઇ પચાણભાઈ	,,	—	૨૦	—
૯	,,	,,	અરજણભાઇ કરસનભાઇ	,,	—	૨૦	—
	,,	,,	રતીલાલ ધનજીભાઇ	,,	—	૨૦	—
૧૧	,,	,,	શાન્તીલાલ વસરામભાઇ	,,	—	૫૦	—
૧૨	,,	,,	મણીલાલ પચાણભાઇ	,,	—	૨૫	
૧૩	,,	,,	કરસનભાઈ પ્રેમજીભાઇ	,,	—	૨૫	—
૧૪	,,	,,	અમૃતલાલ સવગણભાઇ	,,	—	૨૦	—
૧૫	,,	,,	પ્રેમજીભાઇ શીવજીભાઇ	,,	—	૨૦	—
૧૬	,,	,,	કાન્તીલાલ નાંનજીભાઇ	,,	—	૧૦	—
૧૭	,,	,,	ઇશ્વરભાઇ સવગણભાઇ	,,	—	૧૦	—
૧૮	,,	,,	દેવજીભાઇ નારણભાઈ	શેરડીકંપા	૪૦	—	—
૧૯	,,	,,	લાલજીભાઈ ખેતસંભાઈ	,,	૪૦	—	—
૨૦	,,	,,	દેવજીભાઇ મુળજીભાઈ	,,	૪૦	—	—
૨૧	,,	,,	જેઠાભાઇ ખેતશીભાઇ	,,	૨૦	—	—
૨૨	,,	,,	વસરાંમભાઈ નારણભાઈ	,,	૪૦	—	—
૨૩	,,	,,	ચંદુભાઈ નારણભાઈ	,,	૫૦	—	—
૨૪	,,	,,	કાનજીભાઇ માવજીભાઇ	,,	૨૦	૨૦	—
૨૫	,,	,,	જીવરાજભાઈ હીરજીભાઇ	ચવાહનાટ	૨૦૦	૧૦૦	—
૨૬	,,	,,	કરમસીભાઈ નાથુભાઇ	,,	—	—	—
૨૭	,,	,,	કાંન્તીભાઇ રામજીભાઇ	,,	—	—	—
			વિગેરે કંપા સમર્થ				

અ.નં.			નામ	ગામ	ધઉ	મકાઇ	બાજરી
૨૮	શ્રી	પટેલ	કેશરાભાઇ નારણભાઇ	ગઢકંપો	૫૦૦	–	–
૨૯	,,	,,	ભાણજીભાઈ વાલજીભાઇ	,,	૨૨૦	–	–
૩૦	,,	,,	હંસરાજભાઈ હીરજીભાઈ	,,	૨૨૦	–	–
૩૧	,,	,,	મનજીભાઈ પ્રેમજીભાઇ	,,	૧૦૦	–	–
૩૨	,,	,,	મગનભાઇ પ્રેમજીભાઇ	,,	૧૦૦	–	–
૩૩	,,	,,	નારણભાઈ કેસરાભાઈ	,,	૧૦૦	–	–
૩૪	,,	,,	અરજણભાઇ દેવસીભાઇ	,,	૧૦૦	–	–
૩૫	,,	,,	માધાભાઇ વાલજીભાઇ	,,	૧૦૦	–	–
૩૬	,,	,,	ઇશ્વરભાઇ લદ્ધાભાઇ	,,	૧૦૦	–	–
૩૭	,,	,,	છગનભાઇ મનજીભાઇ	,,	–	૧૦૦	–
૩૮	,,	,,	કરમશીભાઈ વાલજીભાઇ	,,	૧૦૦	–	–
૩૯	,,	,,	હરજીભાઈ વાલજીભાઇ	,,	૧૦૦	–	–
૪૦	,,	,,	ગંગદાસ વાલજીભાઇ	,,	૧૦૦	–	–
૪૧	,,	,,	ગોવીંદભાઇ જેઠાભાઇ	,,	૬૦	–	–
૪૨	,,	,,	રમેશભાઇ દેવજીભાઇ	,,	૫૦	–	–
૪૩	,,	,,	પચાણભાઇ મુળજીભાઇ	,,	૫૦	–	–
૪૪	,,	,,	સાંમજીભાઇ હંસરાજભાઇ	,,	૫૦	–	–
૪૫	,,	,,	કાનજીભાઇ પરબતભાઇ	,,	૫૦	–	–
૪૬	,,	,,	દેવજીભાઇ ભાણજીભાઇ	,,	–	૫૦	–
૪૭	,,	,,	કરસનભાઇ ભાણજીભાઇ	,,	૫૦	–	–
૪૮	,,	,,	જેઠાભાઇ મનજીભાઇ	,,	૬૦	–	–
૪૯	,,	,,	જેઠાભાઇ રાજાભાઇ	,,	૨૦	–	–
૫૦	,,	,,	છગનભાઇ રાજાભાઇ	,,	૨૦	–	–
૫૧	,,	,,	મેઘજીભાઇ રામજીભાઇ	,,	૨૦	–	–
૫૨	,,	,,	હીરજીભાઇ રાંમજીભાઈ	,,	૨૦	–	–
૫૩	,,	,,	મનજીભાઇ રતનાભાઈ	,,	૨૦	–	–
૫૪	,,	,,	ચંદુભાઇ દેવસીભાઇ	,,	૪૦	–	–
૫૫	,,	,,	ગોપાલભાઇ લાલજીભાઇ	,,	૨૦	–	–
૫૬	,,	,,	ગોવીંદભાઇ સાંમજીભાઇ	,,	–	૫૦	–
૫૭	,,	,,	પ્રેમજીભાઇ સાંમજીભાઇ	,,	–	૫૦	–

અ.નં.			નામ	ગામ	ઘઉં	મકાઇ	બાજરી
૫૮	શ્રી	પટેલ	માવજીભાઇ જેઠાભાઇ	ગઢકપા	—	૨૦	—
૫૯	,,	,,	ખીમજીભાઈ ખેતાભાઇ	મગનપુરા	—	૨૦	—
૬૦	,,	,,	મગનભાઇ રામજીભાઇ	,,	—	૨૦	—
૬૧	,,	,,	રાંમજીભાઇ રવજીભાઈ	,,	૨૦	—	—
૬૨	,,	,,	તુલસીભાઇ મેઘજીભાઇ	,,	૧૦	—	—
૬૩	,,	,,	કરમસીભાઇ સવજીભાઇ	,,	૨૦	—	—
૬૪	,,	,,	ચીમનભાઇ વસરામભાઇ	,,	—	૨૦	—
૬૫	,,	,,	રેવાભાઇ રાંમજીભાઇ	,,	૨૦	—	—
૬૬	,,	,,	સવજીભાઇ હીરજીભાઈ	,,	—	૨૦	—
૬૭	,,	,,	અરજણભાઇ મેઘજીભાઇ	,,	—	૧૦	—
૬૮	,,	,,	લાલજીભાઇ સાંમજીભાઇ	,,	૨૦	—	—
૬૯	,,	,,	જયન્તીભાઇ હંસરાજભાઇ	,,	૧૦	—	—
૭૦	,,	,,	નારણભાઇ હંસરાજભાઈ	,,	૧૦	—	—
૭૧	,,	,,	છગનભાઇ નાંનજીભાઇ	,,	૨૦	—	—
૭૨	,,	,,	રણછોડભાઇ કરમસીભાઇ	,,	૧૦	—	—
૭૩	,,	,,	શાન્તીભાઈ મેઘજીભાઇ	,,	—	૨૦	—
૭૪	,,	,,	રૂડાભાઇ માવજીભાઇ	,,	૨૦	—	—
૭૫	,,	,,	જેઠાભાઇ ખીમજીભાઇ	,,	—	૨૦	—
૭૬	,,	,,	પ્રેમજીભાઇ હીરજીભાઇ	,,	૨૦	—	—
૭૭	,,	,,	રતીલાલ દેવસીભાઇ	ઉમેદપુરા	—	૩૦	—
૭૮	,,	,,	હીરજીભાઇ ખેતાભાઇ	,,	૨૦	—	—
૭૯	,,	,,	ખેચરભાઇ દેવસીભાઇ	,,	૧૫	—	—
૮૦	,,	,,	ચંદુભાઇ કરશનભાઇ	,,	—	૨૦	—
૮૧	,,	,,	શાન્તીલાલ દેવસીભાઇ	,,	—	૪૫	—
૮૨	,,	,,	જેઠાભાઇ વેલજીભાઇ	,,	—	૦૫	—
૮૩	,,	,,	કરમશીભાઈ વેલજીભાઇ	,,	—	૨૦	—
૮૪	,,	,,	નથ્થુભાઇ નાંનજીભાઇ	,,	—	૨૦	—
૮૫	,,	,,	ડાહ્યાભાઇ ખેતાભાઇ	,,	૨૦	—	—
૮૬	,,	,,	નારણભાઇ શીવદાસ	,,	૨૦	—	—

અ.નં.			નામ	ગામ	ઘઉં	મકાઇ	બાજરી
૮૭	શ્રી	પટેલ	વાલજીભાઇ નાનજીભાઇ	ઉમેદપુરાકંપા	–	૨૦	–
૮૮	,,	,,	ઈશ્વરભાઇ અખેઇભાઇ	,,	–	૧૦	–
૮૯	,,	,,	લાલજીભાઇ સવજીભાઇ	,,	–	૧૦	–
૯૦	,,	,,	વસરામભાઇ ખેતભાઇ	,,	–	૧૦	–
૯૧	કું	પટેલ	મુળજીભાઇ કરસનભાઇ	,,	–	–	૫
૯૨	,,	,,	કરસનભાઇ ભીમજીભાઇ	,,	–	–	૫
૯૩	,,	,,	હંસરાજભાઇ વેલજીભાઇ	અહમકંપા	૫૧	૧૦૧	–
૯૪	,,	,,	શાંન્તીલાલ વેલજીભાઇ	,,	૫૧	–	–
૯૫	,,	,,	સવજીભાઇ નાંનજીભાઇ	,,	૪૧	–	–
૯૬	,,	,,	ધનજીભાઇ રાંમજીભાઇ	,,	૫૧	–	–
૯૭	,,	,,	રાજાભાઇ પચાણુભાઇ	,,	૬૦	–	–
૯૮	,,	,,	સત્રગણુભાઇ લાલજીભાઇ	,,	૫૧	–	–
૯૯	,,	,,	જેઠાભાઇ માવજીભાઇ	,,	૨૫	–	–
૧૦૦	,,	,,	જશાભાઇ ખેતાભાઇ	,,	૨૫	–	–
૧૦૧	,,	,,	કેસરાભાઇ પચાણભાઇ	,,	૧૦૧	–	–
૧૦૨	,,	,,	દેવસીભાઇ ડહ્યાભાઇ	,,	૫૧	–	–
૧૦૩	,,	,,	નથ્થુભાઇ માવજીભાઇ	,,	૫૧	–	–
૧૦૪	,,	,,	ગંગારામ કરસનભાઇ	,,	–	૪૦	–
૧૦૫	,,	,,	કરસનભાઇ નાંનજીભાઇ	,,	૧૦૧	–	–
૧૦૬	,,	,,	ગંગારામ નાનજીભાઇ	,,	૨૦	–	–
૧૦૭	,,	,,	વિઠ્ઠલભાઈ કરસનભાઇ	બીલેશ્વર	૧૦૧	–	–
૧૦૮	,,	,,	મગનભાઇ કરસનભાઇ	,,	૧૦૧	–	–
૧૦૯	,,	,,	મણીલાલ નાંનજીભાઇ	રાંમપુરકંપા	૧૦૦	–	–
૧૧૦	,,	,,	શાન્તીલાલ નાંનજીભાઇ	,,	૩૦	–	–
૧૧૧	,,	,,	ધીરજલાલ શીવજીભાઇ	,,	૩૦	–	–
૧૧૨	,,	,,	રતીલાલ લાલજીભાઇ	,,	૪૦	–	–
૧૧૩	,,	,,	ભોગીલાલ લાલજીભાઇ	,,	૩૦	–	–
૧૧૪	,,	,,	ગંગારામભાઇ લાલજીભાઇ	,,	૩૦	–	–

અ.નં.			નામ	ગામ	ઘઉ	મકાઇ	બાજરી
૧૧૫	શ્રી	પટેલ	જેઠાલાલ ખીમજીભાઇ	,,	૫૦	–	–
૧૧૬	,,	,,	વેલજીભાઇ ગંગારામ	,,	૫૦	–	–
૧૧૭	,,	,,	કાંનજીભાઇ રાંમજીભાઇ	,,	૫૦	–	–
૧૧૮	,,	,,	વાલજીભાઇ માવજીભાઇ	,,	૦૫	–	–
૧૧૯	,,	,,	મહેન્દ્રકુમાર દાંનાભાઇ	ઓધનગર	૨૦	–	–
૧૨૦	,,	,,	શાન્તીલાલ ભાઇલાલભાઇ	,,	૫૦	–	–
૧૨૧	,,	,,	પોપટલાલ મંગળભાઇ	,,	૩૦	–	–
૧૨૨	,,	,,	પરસોત્તમ મેઘજીભાઇ	,,	૩૦	–	–
૧૨૩	,,	,,	પચાણભાઇ ગોપાલભાઇ	,,	૩૧	–	–
૧૨૪	,,	,,	મણીલાલ ગોપાલભાઇ	,,	૩૧	–	–
૧૨૫	,,	,,	રમેશભાઇ પ્રેમજીભાઈ શકિત ફાર્મ	દહેગામ	–	૧૦૦	–
૧૨૬	,,	,,	નરસિહભાઇ ગોવીદભાઈ કોલેજ કંપો	,,	–	૧૦૦	–
૧૨૭	,,	,,	પુજાભાઇ રામજીભાઈ પંચવટી ફાર્મ	,,	–	૧૦૦	–
૧૨૮	,,	,,	ગંગારામ વિજય ફાર્મ	,,	–	૧૦૦	–
૧૨૯	શ્રી	પટેલ	મણીભાઈ પરબતભાઇ	મગોડી લાટ	૧૦૦	–	–
૧૩૦	,,	,,	ધનજીભાઇ વાલજીભાઇ	,,	૧૦૦	–	–
૧૩૧	,,	,,	પ્રેમજીભાઈ વાલજીભાઈ	,,	૧૦૦	–	–
૧૩૨	,,	,,	હંસરાજભાઇ વાલજીભાઇ	,,	૨૦૦	–	–
૧૩૩	,,	,,	હીરજીભાઇ મનજીભાઈ	,,	–	૫૦	–
૧૩૪	,,	,,	હરીભાઇ મનજીભાઇ	,,	–	–	૫૦
૧૩૫	,,	,,	માવજીભાઇ મનજીભાઇ	,,	–	–	૪૦
૧૩૬	,,	,,	દેવજીભાઇ સાંમજીભાઇ	,,	૫૦	–	–
૧૩૭	,,	,,	લાલજીભાઈ મનજીભાઈ	,,	૨૦	–	–
૧૩૮	,,	,,	મગનભાઇ કરસનભાઈ	,,	૨૦	–	–
૧૩૯	,,	,,	રેવનદાસ સોમાભાલ	,,	–	–	૫૦
૧૪૦	,,	,,	કાંન્તીલાલ વાલજીભાઈ	,,	૨૫	–	–
૧૪૧	,,	,,	રાંમજીભાઈ કરસનભાઇ	,,	૧૦૦	–	–
૧૪૨	,,	,,	માવજીભાઇ હંસરાજભાઇ	શીવપુરાકંપો	–	–	૩૦૦
૧૪૩	,,	,,	મુળજીભાઇ હંસરાજભાઇ	,,	–	–	૩૦૦
૧૪૪	,,	,,	અરજણભાઇ હંસરાજભાઇ	,,	–	–	૩૦૦

અ.નં			નામ	ગામ	ઘઉં	મકાઈ	બાજરી
૧૪૫	શ્રી		પટેલ સવજીભાઇ મેઘજીભાઇ	શીવપુરાકંપા	–	–	૫૦
૧૪૬	,,	,,	માંડણભાઇ મેઘજીભાઈ	,,	–	૧૦૦	–
૧૪૭	,,	,	કાંનજીભાઇ મેઘજીભાઇ	,,	૫૦	–	–
૧૪૮	..	,	માંડણભાઇ પેથાભાઇ	,,	૧૦૦	–	–
૧૪૯	,.	,,	દેવસીભાઇ સવજીભાઈ ભાવાણી	,,	૧૦૦	–	–
૧૫૦	,,	,,	ગેપાળભાઈ નાનજીભાઇ	,,	૫૦	–	–
૧૫૧	,,	.,	કમળાબેન મેઘજીભાઇ	,,	૨૦૦	–	–
૧૫૨	,,	,,	અરજણભાઇ પુંજાભાઇ	દદેગામ	૩૦૦	–	–
૧૫૩	,,	,,	ખેતાભાઈ વિસરામભાઈ	,,	૧૦૦	–	–
૧૫૪	,,	,	વિસગામભાઈ કે. પટેલ	,,	૧૦૦	–	–
૧૫૫	,,	,,	નારણભાઇ રાંમજીભાઇ	યોગેશ્વર ફાર્મ	૨૦૦	–	–
૧૫૬	,,	,,	રવિલાલ માવજીભાઇ	,,	૮૦	–	–
૧૫૭	,,	.,	ડાહ્યાભાઈ માવજીભાઇ	મહાકાળી ફાર્મ	૧૦૦	–	–
૧૫૯	,,	,,	વસરામભાઇ મુળજીભાઇ	રામેશ્વર ફાર્મ	૫૦	–	–
૧૬૦	,,	,,	અંબાલાલ લધ્ધભાઇ	જલારામ નગર ફાર્મ	૧૦૦	–	–
૧૬૧	,,	,,	સવગણભાઇ મેઘજીભાઇ	શીવનગર	૧૦૦	–	–
૧૬૨	,,	,,	મગનભાઈ શીવજીભાઈ	જલારામ ફાર્મ	૪૦	–	–
૧૬૩	,.	,,	શવગણભાઇ શીવજીભાઇ	,,	૧૦	–	–
૧૬૪	,,	,,	પરસોત્તમ રતનશીભાઈ	,	૧૦	–	–
૧૬૫	,,	,,	શીવદાસ રતનશીભાઈ	માવણી ફાર્મ	૧૦૦	–	–
૧૬૬	,,	,,	લાલજીભાઇ	લવાડ ફાર્મ	૭૦	–	–
૧૬૭	,,	,,	નારણભાઇ જેઠાભાઇ	સાંપાફાર્મ	૧૨૫	–	–
૧૬૮	,,	,,	વાલજીભાઈ હંસરાજભાઈ	સર્વોદય ફાર્મ	૧૦૦	–	–
૧૬૯	,,	,,	લખુભાઇ હંશરાજભાઇ	ચાંપલપુર	૨૦૦	–	–
૧૭૦	,,	,,	નારણભાઇ	લવાડ ફાર્મ	૫૦૦	–	–
૧૭૧	,,	,,	લવજીભાઈ	સાંપા ફાર્મ	૨૦૦	–	–
૧૭૨	,,	,,	ગોવિંદભાઈ	,,			
૧૭૩	,,	,,	હીમતભાઇ એચ.	બબલપુરા	૨૭૦	–	–
૧૭૪		,,					

અ.નં.	નામ	ગામ	ઘઉં	મકાઈ	બાજરી
૧૭૫	શ્રી જાતીયા મઠ કંપા સમસ્ત	જાલીયામઠ	૧૨૦	–	–
૧૭૬	શ્રી પટેલ દેવસીભાઈ કાનજીભાઈ	લક્ષ્મણપુરા કંપા	૬૦	–	–
૧૭૭	,, ,, કરસનભાઈ હંસરાજભાઈ	,,	૪૦	–	–
૧૭૮	,, ,, સવગણભાઈ ખીમજીભાઈ	,,	૧૦	–	–
૧૭૯	,, ,, વાલજીભાઈ ખીમજીભાઈ	,,	૪૦	–	–
૧૮૦	,, ,, કાનજીભાઈ ગોપાલભાઈ	,,	૨૦	–	–
૧૮૧	,, ,, અરજણભાઈ કાનજીભાઈ	,,	૫	–	–
૧૮૨	,, ,, ગોપાલભાઈ કાનજીભાઈ	,,	૨૦	–	–
૧૮૩	,, ,, પ્રેમજીભાઈ હંસરાજભાઈ	,,	૨૦	–	–
૧૮૪	,, ,, ગોવિંદભાઈ કાનજીભાઈ	,,	૨૫	–	–
૧૮૫	,, ,, પ્રેમજીભાઈ મનજીભાઈ	,,	૨૦	–	–
	,, ,, જેઠાભાઈ મનજીભાઈ	,,	૨૦	–	–
૧૮૭	,, ,, માવજીભાઈ પ્રેમજીભાઈ	વજેપુરા કંપા	૫૦	–	–
૧૮૮	,, ,, અરજણભાઈ વેલજીભાઈ	અણીયોર કંપા	૫૦	–	–
૧૮૯	,, ,, મણીભાઈ મેઘજીભાઈ	,,	૨૦	–	–
૧૯૦	,, ,, સવજીભાઈ મેઘજીભાઈ	,,	૪૦	–	–
૧૯૧	,, ,, છગનભાઈ વેલજીભાઈ	,,	૨૦	–	–
૧૯૨	,, ,, પરબતભાઈ હરજીભાઈ	,,	૨૦	–	–
૧૯૩	,, ,, રામજીભાઈ હરજીભાઈ	,,	૪૦	–	–
૧૯૪	,, ,, નાનજીભાઈ માવજીભાઈ	,,	૮૦	–	–
૧૯૫	,, ,, એતાભાઈ ખીમજીભાઈ	,,	૨૦	–	–
૧૯૬	,, ,, અરજણભાઈ લાલજીભાઈ	,,	૨૦	–	–
૧૯૭	,, ,, ભાણજીભાઈ વાલજીભાઈ	,,	૨૦	–	–
૧૯૮	,, ,, કરસનભાઈ પુંજાભાઈ	,,	૨૦	–	–
૧૯૯	,, ,, લખમણભાઈ માધવજીભાઈ	,,	૪૦	–	–
૨૦૦	,, ,, કરસનભાઈ માધવજીભાઈ	,,	૪૦	–	–
૨૦૧	,, ,, નાગજીભાઈ મુળજીભાઈ	,,	૨૦	–	–
૨૦૨	,, ,, દેવશીભાઈ પ્રેમજીભાઈ	,,	૨૦	–	–
૨૦૩	,, ,, જીવરાજ રતનસીભાઈ	,,	૪૦	–	–
૨૦૪	,, ,, ડાહ્યાભાઈ રતનસીભાઈ	,,	૨૦	–	–
૨૦૫	,, ,, મગનભાઈ પચાણભાઈ	,,	૫૦	–	–
૨૦૬	,, ,, હરીભાઈ પચાણભાઈ	,,	૫૦	–	–

માનવ

માનવ મટી દાનવ બનતો જાય છે ?

આપણે રોજબરોજ અખબારના પાને સત્તા, સંપત્તિ અને સ્વાર્થના સંબંધોમાં ગળાડૂબ ડૂબેલો માનવ ઇર્ષાની આગમાં નજીવાં કારણો સર પણ માનવ દેહનું કાસળ કાઢતાં અચકાતો નથી એવા સમાચારો ચમકતા જોઈએ છીએ માનવ અને માનવ વચ્ચેના કટુતા ભર્યા સંબંધોથી આગળ વધીને આજે કલિકાળમાં પિતા પુત્ર, ભાઇ-ભાઇ, પતિ-પત્ની, સાસુ-વહુ, નણંદ ભોજાઇ જેવા નિકટવર્તી સંબંધોમાં પણ માણસે ભાવને તો બાજુએ રાખી દીધેલ જ છે ત્યારે ભાન ભૂલીને અધઃપતનની ખાઈમાં ઊંડો ઉતરીને નિકટનાં સંબંધીજનોમાં પણ એક બીજાનું ખૂન કરતાં અચકાતો નથી. એવું જયારે વાંચીએ કે સાંભળીએ છીએ ત્યારે હૃદયમાં ઊંડા આઘાતની લાગણી (સાત્વિક દિલના માણસો) અનુભવતા હશે એમાં બે મત નથી.

આપણા સમાજજીવનમાં પણ ગુજરાતની ઉત્તર સરહદનાં ગામડાંમાં રહેતા એક યુવાન ભાઇએ પોતાની પત્નીનું યેન કેન પ્રકારેણ અસ્તિત્વ મિટાવી દઇ લોકનજરે નિર્દોષ દેખાવ કરી આજે જીવન વ્યતિત કરે છે. પણ માનવ-માવનથી ગમે તેટલું છૂપાવી શકશે પરંતુ હજારો હાથવાળી, અનંત જીવો પર નજર રાખનારી અદ્રશ્ય શક્તિની દ્રષ્ટિએ અધઃપતિત જીવ તરીકેની ગણનામાંથી કોઇ કાળે છટકી શકે તેમ નથી.

સાંભળેલુ જો સાચું હોય તો પણ કુદરત એ ભાઇને માફ કરે પણ કર્મના સિદ્ધાંત મુજબ માણસે ફળ ભોગવ્યે જ છુટકો છે.

☎ નં.
પી. પી. ૩૪૮ ✱ રહે. હાલીસા ૪૭


વિજય • • ટાયર્સ

ટ્રક, ટ્રેકટર, મોટર સાયકલ, સ્કુટર
તેમજ બેલગાડાંના
ટાયર ટયુબના વહેપારી.

: મળો યા લખો :

જવાહર માર્કેટ, અમદાવાદ રોડ,
દહેગામ-૩૮૨૩૦૫


અમદાવાદમાં કાપડ ના
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા,
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકોડોમ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧



સમય અને
મહેનત
બચાવો ✱

પોકાર

નું
ઇલેક્ટ્રીક પાવરથી
ચાલતું

છાસ

બનાવવા
માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડલોમાં વસાવી ઘરની શાન વધારો.


—: વિક્રેતાઓ :-

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઈન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેક્ટ્રીકલ્સ મોડાસા

ઉત્પાદક : મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩


સૉ મીલ માલીકો માટે
ભારતનું સર્વપ્રથમ
UMIYA
ઝડપી અને સફાઈદાર વહેરણ કામ
આપના કિંમતી સમયનો બચાવ
પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઈપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્ક્સ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ અમદાવાદ
નેશનલ હાઈવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ફે. નં. ૮૨૬૫૫૬
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



" શાર્પેક્ષ " બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે એ માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત " શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન " વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વકર્સ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ.
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:

શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે. ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વકર્સ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વકર્સ ગીતામંદિર, અમદાવાદ-૨૨ નો એન્જીનીયરીંગ. વિભાગ


જંતુઓનો વિનાશ
પાકનો વિકાસ..

કીલેક્સ કાર્બારીલ

(બહોળી કાર્યશીલતા+વધુ સલામતી)

* પાકને નુકસાન કર્યા વિના લાંબા સમય સુધી અસરકારક
* ૧૦૦ કરતાં પણ વધુ જાતની જીવાતથી પાકનું રક્ષણ કરે છતાં મનુષ્યો અને પ્રાણીઓ માટે પ્રમાણમાં સલામત.





કપાસ, ડાંગર, શેરડી, શાકભાજી, ફળફળાદી વિગેરે પાકમાં આવતી જીંડવાંની ઈયળો, મશી (મોલો), ફળમાંખી, તડતડિયાં, ફુદકિયાં વિગેરે જીવાતના અસરકારક અંકુશ માટે

Paushak **પૌષક લિમિટેડ**
એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૩.

સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ. હિંમતનગર.
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

Book – Post

To,

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ.
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ
બી. એ.

દિપોત્સવી અંક

વર્ષ : ૨૪ ● નવેમ્બર–૧૯૮૨

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય. સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc
તલોદ.

શ્રી અરજણભાઈ વી. પટેલ. એદલપુરાકંપા



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

કૃષિ અને વ્યાપાર ક્ષેત્રે સફળતા મેળવીને સતત પ્રગતિ કરી રહેલ આપણા સમાજના સાહસ અને પુરુષાર્થની પ્રશંસા કરવાનું ઉચિત જ છે. સમાજમાં નવ ચેતનાનો સંચાર થઇ રહ્યો છે. આપણે સૌ તેનો આસ્વાદ માણી રહ્યા છીએ.

વધુને વધુ દ્રવ્યો પાર્જન કર્યા પછી વૃત્તિઓ ચંચળ બનવા લાગી અને સદ્દભાવ પૂર્ણ વ્યવહારમાં ઓટ આવતી ગઇ. આપણને મળેલ સ્વતંત્રતાના અંચળા નીચે સ્વચ્છંદીપણાને ખાતર અને પાણી મળ્યાં વડીલો પ્રત્યેના માન અને આદરના માપદંડ બદલાયા. પશ્ચિમી સંસ્કૃતિ આપણને અભડાવી ગઇ આહારમાં પરિવર્તન આવ્યું – અને તેની અસર આચાર અને વિચાર ઉપર પડી ભૌતિક સુખના સથવારે અધ્યાત્મિક સુખથી વંચિત થવા લાગ્યા છીએ.

સમાજે રચેલી બંધારણીય ઇમારત તૂટવા લાગી છે. સામાજિક પ્રસંગોમાં દેખાદેખીથી થતા ખર્ચ અને લેવડ દેવડના પ્રસંગોએ આચરવામાં આવતું મનસ્વી વલણ સામાજિક ઐક્ય ઉપર કુહાડો મારવા સમાન છે. સમાજના દરેક વર્ગોને લક્ષમાં લઇને આપણા વડીલોએ ઘડેલા બંધારણ ઉપર દ્રષ્ટિપાત કરીને આપણાં વ્યવહારમાં એક સૂત્રતા આણીએ.

નૂતન વર્ષાભિનંદન

તંત્રીસ્થાનેથી

ભાવિ પેઢીનો માર્ગ મોકળો થશે ?

નવો સૈકો શરૂ થવાની ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે આ સૈકાની મુસીબતો વધારે મોટી જણાય છે. એનો ઉપાય શું વિજ્ઞાન અને ટેકનોલોજી કરશે ? એકવીસમી સદી પાર કરવા કેવો માનવી જોઈશે ?

આપણે આદર્શ માનવીની કલ્પના કરવી કામની નથી. એ શક્ય જ નથી આદર્શ માનવી કયારેય થતો નથી. ને થવાનો નથી. પૂર્ણત્વ આદર્શ જ રહે, વ્યવહારૂ ન બને તે જ ઠીક છે. આવી કોઈ ટોચ છે જ નહિ. પ્રગતિની જરૂર ન રહે ત્યાં મૃત્યું જ હોવાનું, પૂર્ણત્વ દેવોને જ શોભે માનવીને નહિ.

આપણે જેવા છીએ તેથી સારા થવાનો યત્ન જરૂર કર્યો છે. અને એવો ક્રમ સારો છે. એમાં પૂરેપૂરી સફળતા કયારેય મળતી નથી. અને મળવાની નથી. આપણું ધાર્યું જ બને છે. એમ ઇતિહાસ શીખવતો નથી ઘણીવાર એવું અવનવું બને છે. કે એનો તાગ વર્ષો સુધી મળતો નથી. આપણા સંકલ્પો અને સિદ્ધીઓ વચ્ચે અંતર રહે ત્યારે નિરાશો ફેલાવાની. આદર્શો બદલાયા છે ને બદલાતા રહે તેજ ઠીક છે. પાછલાં મૂલ્યોને અકબંધ આગળ ખેંચી જવાતાં નથી પશ્ચિમમાં જેવી પ્રગતિ થઇ છે તેવી જ પ્રગતિ બીજા દેશોમાં થવી જોઈએ એવું ન કહી શકાય. એવા યત્નો જરૂર થવા જોઇએ પણ એ સફળ જ થાય એવું ન મનાય.

દુનિયામાં જે મુશ્કેલીઓ ઊભી થઇ છે તેનો ઉકેલ વિજ્ઞાન અને ટેકનોલોજી- માં નથી. એનાથી તો સ્થાનિક સર્જનશક્તિ રૂંધાય છે. નકલવાદ વધે છે બૌદ્ધિક ગુલામી જકડે છે. આર્થિક સમૃધ્ધિ વધે છે પણ તેનાથી પ્રદુષણ ફેલાય છે, નદીઓમાં ઝેર રેડાય છે હિસાખોરી વધે છે. આ સુખ એવાં વહાલાં છે કે માણસ સ્વાર્થી બને છે, પોતાનું જ સુખ અને સલામતી જુએ છે.

ત્યારે આવતી પેઢી કેવી રીતે તૈયાર કરીશું ? આ દુનિયાના છેડે સાઠ કરોડ ગરીબ અને ભુખ્યા લોકો હોવાના એથી પણ વધારે, આ ગડી જ એવા વાળેલા છે કે ઉકેલાશે જ નહિ પિતા એના પુત્રને કેળવે છે અને સંસારનું નયન કરવા તૈયાર કરે છે. તેમ આ પેઢીએ એટલું તો સાચવવુ જોઇએ કે નવી પેઢીને હિંમત રહે, સામનો કરવા જેટલું શિક્ષણ મળે વ્યક્તિ કરતાં હવે નવા સમાજ રચવાની જરૂર વધી છે. આજે સમર્થ અને રાંક સૌની સામે ઉગ્ર પ્રશ્નો ધસી આવ્યા છે એનો તૂટક સામનો નહિ ચાલે અને અલિપ્ત પણ નહિ રહી શકાય. ભાતભાતનાં જોખમો વધ્યાં છે એને પહોંચી વળવા આપણે નવી ઢબની રચનાઓ લાવવી જોઇશે.

આપણે નિરાશ નથી થવુ. એટલું તો માનવું જોઇશે કે નવા વિચારના વાયરા વાતા રહયા છે. મૂલ્યોની નવી સમજ માટે આગ્રહ થતો રહે છે વિશ્વ વ્યવસ્થાના ફેરફાર માટે નવાં સુચનો થવાં જોઇએ. લોકોમાં નવું કરવાનો સાધવા- નો ઉત્સાહ જળવાવો જોઇએ.

આ જાગૃતિને વધાવીને ઊંચી ભાવનાઓ કેળવી તેમની પ્રતિષ્ઠા કરવી જોઇએ ક્યાં સુધી આપણે સડી ગયેલી સંસ્કૃતિનાં ખોખાંને વળગી રહીશું આ વિશ્વ રૂડુ છે. અને એથી વધુ રળિયામણુ કરવાની શક્તિ આપણામાં રહેલી છે એને પ્રગટ થવા દઇએ અને ભાવિ પેઢી માટેનો માર્ગ મોકળો કરવાની નૂતન વર્ષે પ્રતિજ્ઞા લેવા કટિબધ્ધ થઇએ.

—અસ્તુ

卐 ——— 卐

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, ગુજરાત, ધનસુરા.

સ્વ પ. પૂ. ઓધવરામજી મહારાજના પૂણ્યતિથીના ઉજવણી

ઉપરોક્ત સમાજના ઉપક્રમે આગામી તા. ૨૬-૧-૧૯૮૩ના રોજ પ. પૂ. ગુરુશ્રી ઓધવરામજી મહારાજની પૂણ્યતિથી ઉજવવાનુ નક્કી કરવામા આવ્યું છે. સદર પ્રસંગે પુ. શ્રી વાલદાસજી મહારાજ ઉપસ્થિત રહેશે.

"ભોગ અને બલિદાન"

મા એ ભગવાનનું સ્વરૂપ છે.

પ્રેમનાં ઘણાં ઘણાં લક્ષણો હોય છે એમાં ઉર્મિ છે. લાગણી છે. વ્યવહાર છે. સહાનુભુતિ છે. એનાં તો દર્શન સૌ કોઇ કરાવી શકે પરંતુ જે બલિદાન આપવાની વૃત્તિ છે. ભોગ આપવાની વૃત્તિ છે. એ મુળ વાતનું દર્શન કોણ કરાવી શકે ? આ વાતનું દર્શન કેવળ માતાજ કરાવી શકે તેથીજી માતાને ભગવાનના સ્વરૂપમાં જોઇ શકાય,

દરેક સ્ત્રી પાસે એક વસ્તુતો હોયજ જે કિંમતિ છે. એ છે. એનું "મંગળ સુત્ર" એની કિંમત કેવળ પૈસામાં નહીં પણ ભાવનામાં પુણ્યમાં, ભક્તિમાં પ્રેમમા કરી શકાય. તેમાંય વળી વિધવા સ્ત્રીને માટે એનું કેટલું બધું મુલ્ય હોય છે. ! એમાં કેટલાં સ્મરણો હોય છે. કેટલો ભુતકાળ હોય છે ! છતાં એ પોતાના દીકરા માટે એ વિધવા મા પોતાનો અતિ પુજ્ય ભાવ જેના માટે છે તે પોતાનું મંગળસુત્ર વેચી દે છે. અને દીકરાને મદદરૂપ થાય છે. એનું નામ પ્રેમ એનું નામ બલિદાન અને એનું નામ ભાવ જેમાં ભોગ આપવાની તત્પરતા હોય એજ આવું કામ કરી શકે એનાં ઉદાહરણો બીજે જોવા નહીં મળે ઘરમાંજ મળશે. એના માટે દ્રષ્ટિ હોવી જોઇએ મા એ મા જ છે.

વકીલ અને સમાજ :– વકીલ એટલે જેની વાણી ખીલા જેવી મજબુત હોય સચોટ હોય વકીલની વ્યવસ્થા સમાજ માટે એક અનિવાર્ય વ્યવસ્થા થઇ છે. એની બુધ્ધિનો ઉપયોગ સત્ય માટે નહીં પણ સામા પક્ષને છળકપટ કરીને હેમ હરાવવો એજ છે.

આમ છતાં વકીલ શબ્દ માત્ર વકીલાત સુધી મર્યાદિત નથી એ ઠેઠ ન્યાય તંત્ર સુધી પહોંચે છે. લોકશાહી માં વહીવટ તંત્ર કરતાં પણ ન્યાય તંત્રની મહત્તા વધુ છે.

ભારતના વકીલોનો ઇતિહાસ સુવર્ણ અક્ષરે લખાય છે ભારતની સ્વતંત્રતા યુદ્ધમાંથી વકીલને બાદ કરી નાખવામાં આવે તો બધાં એકડા વગર નાં મીંડાં થઇ જાય. ગાંધીજી પોતે વકીલ હતા. તેમની સાથેના મોટા ભાગ ના વકીલોજ હતા. વકીલ વફાદરી જેટલી તેના અસીલ સાથે છે. એટલી વફાદારી સમાજ સાથે ઇશ સાથે પણ છે. ગાંધીજી તો કહેતા કે જે ગુનેગાર હશે

એને બચાવવા માટે વકીલ નહિં થાઉં જેના પક્ષમાં ન્યાય હોય એનો વકીલ થવાનો.

એક વકીલે એવો કેસ હાથમાં લીધો કે જેમા એ છુટાછેડા માટે ત્રણ વખત હારી ગયો હતો એ ત્રણે વખત હારેલા માણસને એમણે છુટાછેડા અપાવ્યા. સાંજે કન્યાની મા એની પાસે આવી અને કહ્યું કે તમે તમારી બુદ્ધિથી છુટાછેડા અપાવ્યા પણ હવે એ છોકરી એનું જીવન કેવી રીતે કાઢશે ? માના મોઢામાંથી નીકળી ગયું કે ભગવાન બીજા જન્મમાં તમને આવી બુદ્ધિ ન આપે તમને જડ બુદ્ધિ આપે બસ એટલું જ.

વકીલ પર આની ઘેરી અસર થઇ રાત્રે ઊંઘ ન આવી. સવારે ઊઠયા ત્યારે વકીલાતનો ધંધો છોડી દેવાનો નિર્ણય કર્યો ખાદી ધારણ કરી અને પછાત આદીવાસીનાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું.

એટલે વકીલના ધંધામાં પણ સમાજ તરફ નિષ્ઠા અને વફાદારી હોય છે વકીલ પણ સમાજનુ જ એક અંગ છે.

(સંકલન) શામજીભાઇ એસ. પટેલ
વડોદરા.

જીવનમાં જરા ડોકીયું કરીએ

★ બીજા માણસનું કંઇક સારૂં સાંભળે ત્યારે હમેશાં જે શંકાશીલ રહે પરંતુ કંઇક ખરાબ સાંભળવા મળે ત્યારે તેને માની લેવા તત્પર રહે એવા માણસથી ચેતતા રહેજો.

★ તમારાં દુઃખો તમારી પોતાની જ સ્વાર્થવૃતિનું પરિણામ છે એવુ જયારે તમે સ્વીકારશો ત્યારે તમે સ્વર્ગના દ્વારની નજીક હશો.

★ જે પોતાનાં જ વખાણ કરે છે તેનામાં ગુણોની એ છપ હોય છે.

★ સુખનું વર્ણન કરવું એ તેને ઓછું કરવા બરાબર છે.

★ કષ્ટ ઉઠાવવાની તાકાત એજ ખરું ડહાપણ.

★ પ્રસન્નતા જેવું સૌંદર્ય પ્રધાન એકેય નથી.

★ સત્યની ઇમારતને માત્ર એકજ બારણું હોય છે અને તે અનુભવ

પ્રભાત વંદના

સંકલન : પટેલ ભગતકુમાર એમ.
પટેલ નરસિંહદાસ એચ.
તખતગઢ

પવનમંદ સુગંધ શીતલ હેમમંદીર શોભિતમ્,
નિકટગંગા બહત નિર્મલ શ્રી બદ્રીનાથ વિશ્વ ભરમ
શ્રી બદ્રીનાથ વિશ્વ ભરમ

આનાથી વધારે સુંદર પ્રભાતની કલ્પના કરી શકાય નહીં પવનમંદ.... સુગંધ, શીતલ...શોભિતું સોના મંદીર તે કયું ? પ્રભાતી સુરજનાં સોનેરી કિરણોને લઇને પિત્ત વર્ણું બની ગયેલુ કમનીય કૈલાસ શિખર ને બાજુમાં જ પતિત પાવની ગંગામૈયાની ધારાઓ વહે છે. વિશ્વંભર બદ્રીનાથ પ્રભુની આ પ્રાતઃ પ્રાર્થનાનો ઉપાડ જ આપણને એક ક્ષણમાં ભાવ વિભોર કરીને સીધા જ પરમ્ શાંતિના ખોળે લઇ જાય છે.

ડોકટરોને મોટે ભાગે અકાવ્યાત્મક અને અરશિક ગણવામાં આવ્યા છે, આવા એક ડોકટર પણ પ્રભાતી તાજગીના સંમોહનમાં તણાઇને કેવી કાવ્યમય શૈલીમાં સરકી પડે છે તે જુઓ એમના કથનના આરંભમાં અને અંતમાં જે મોટો તફાવત છે એ પણ નોંધજો,

" ઊંઘ જરૂર પુરતી અને સ્વાસ્થ્ય કાજે જ રાખજો એમાં આળસનો ઉમેરો ના કરતા, તમારો સમય ન ખાઇ જાય એ ખાસ જોજો. માત્ર પરોઢ સુધી જ એનો અધિકાર છે, પછીના જાગૃતિના સામ્રાજ્ય ઉપરએ હુમલો ના કરી જાય એ ખાસ જો જો પૂર્વના અંતઃપુર માંથી બહાર આવતા પહેલા સૂર્ય કેવી કેવી પૂર્વભુમિકાઓ રચે છે તે જોવાની જીજ્ઞાસાને ઠીક તો જાગતા રહેજો જ "

સૂર્ય કેવી કેવી ભૂમિકાઓ રચે છે એ રોજ તડકો ચડે જ જાગવાના સંકલ્પ સાથે સુઇ જનારને શી રીતે દેખાય ? આ માટે થોડો શ્રમ લેવો પડે, જાગવું પડે !

વિશ્વ નાટયકાર અને કવિ શેકસપીયરના જીવન અને જગત વિશેના વિધાન ભેગાં કરીએ તો એક જ્ઞાનકોષ તૈયાર થાય. આ મહાપ્રાજ્ઞ પ્રભાત વિશે પણ ઘણુ લખી ગયો છે,

" પ્રભાતની શરણાઈ જેવો કુકડો પોતાના પ્રલંબ સ્વરે દિવસના ભગવાન ને જગાડે છે. જૂઓ તો ખરા દૂરનાં

વાદળી વસ્ત્રોના છેડે કેવી રંગીન-કિન-રીના વેલબુટ્ટા ઉપસી આવ્યા ! રાત્રિની તારક દિપીકાઓ ઓલવાઈ ગઈને તેજ ભર્યો દિવસ હળવેકથી ધુમ્મસ છાયાં શિખરો ઉપર આવી ઉભો છે."

પ્રાચીન ભારતના ઋષિમુનીઓનો વિચાર કરીએ ત્યારે તેમની પ્રભાતે સંધ્યા કરતી તેજ મૂર્તિઓ આપણી સમક્ષ નજર સામે ખડી થાય છે મંત્રોના ઉદ્ઘોષ કરતા તેજ ઋચાઓથી આકાશ અને ધરતીને ઉજ્જવળ કરી દેતા એ મહાન ઋષિઓની પ્રભાત વંદનાઓ આખી માનવ જાત માટે કેવા કેવાં કલ્યાણકારી સ્પંદનો રેલાવતી હશે !

પ્રભાત એટલે પ્રકાશનું નવું પ્રાગટ્ય. એક નવા સૂર્યનું આગમન. પ્રભાત એટલે જે કાંઈ ચેતનામય છે એ બધાનું મૃત્યુમાંથી પુનરુત્થાન. આભ અને ધરતી જેવાં ઠાવકીય કાર્યોને ફરી-ફરી જોવાને આપણને મળેલાં તક, પણ લોકોને આવા કશાનોય ખ્યાલ નથી આવતો. છેક આદિમકાળથી પ્રભાતના પ્રાગટ્યનો ચમત્કાર રોજરોજ થયા જ કરે છે. રોજ આ ચેતનભર્યાં નવ-જીવનનો પ્રારંભ થાય છે.

પ્રભાત નાં અસંખ્ય વર્ણનો છે. વહેલા જાગવા માટેની અનેક સલાહો છે.

'પ્રભાતની પહેલી પળો તમારા દિવસનું સુકાન છે. જાગતાંની સાથે તમારી પ્રાર્થનાઓ પરમ ને ચરણે હજજો'

હે પ્રભુ આજનો દિવસ પ્રેમ, આશિષ, આનંદ શ્રદ્ધા, મધુરતા, પ્રફુલ્લતા, વિકાસ અને પૂર્ણ સમર્પણનો દિવસ બની રહો.

—'જાગૃતિ નાં ઝરણાં' માંથી

★

પા — પાવિત્ર્યનો પૂજક
ટી — ટીકાથી ન ડરનાર
દા — દાતૃત્વની ભાવના વાળો દાનશૂર
ર — રમતાં રમતાં જીવન જીવનાર

સાચો પાટીદાર

卐

સાચો પાટીદાર ભાઇ તોજ તુ પાટીદાર
ઘર ઘરમાં પ્રગટાવે ચેતન લઇને સંત વિચાર
ભાઇ તોજ તું પાટીદાર

ઋષિઓનાં સંતાન આપણે એક ન્યાતનાં બાળ
એક લોહી વહેતું નસેનસમાં શીદને રાખે ખાર
ભાઈ તોજ તુ પાટીદાર

વિચાર કેરો વ્યાપક થઇને સમજ ધર્મનો સાર
સંકુચિતતા સંપ્રદાયની છોડી ગૌરવ ધાર
ભાઇ તોજ તું પાટીદાર

પાવિત્ર્ય પુજક થઇ તારાં તનમનધન(ને) ઉજાળ
પાટીમાં લઇ કૃષ્ણને ગીતા જનગણમનમાં વાળ
ભાઇ તોજ તું પાટીદાર

ટીકાકારથી નવ ગભરાતાં અસ્મિતા દેખાડ
ટીંટોડી સમ મક્કમ થઈને ભીરુતાને ભગાડ
ભાઈ તોજ તું પાટીદાર

દાતૃત્વ દીસે રગરગમાં જગમાં હવે પ્રસાર
દાનશૂર થઇ રઘુરાજા સમ સંસ્કૃતિને સુધાર
ભાઈ તોજ તું પાટીદાર

રમત જીવન છે સમજી સ્નેહે સુખદુઃખને સ્વીકાર
મળી સંગમાં વધારી મૈત્રી પ્રભુનો પામે પ્યાર
ભાઈ તોજ તું પાટીદાર

લઈ પ્રેરણા મહાપુરૂષથી બદલાવે આચાર
ત્રિકાળ સંધ્યા કેરો આપે જણજણને જો વિચાર
ભાઈ તોજ તું પાટીદાર

અહીં રામનું રાજ્ય નહિ, યમનું રાજ્ય છે

ડાહ્યાભાઇ કે. પટેલ
બાવસર ટીંબાકંપા, હિંમતનગર

મૃત્યુથી બચવા વિજ્ઞાનના આધાર વિપરીત જપ, તપ, યજ્ઞ, કર્મકાંડ વગેરેનો પણ આધાર લે છે. છતાં પણ મૃત્યુ તો આવે જ છે. યમની ફાંસી દરેકના ગળામાં પડેલી જ છે સર્વેને ખબર છે કે એક દિવસ 'જવાનું' છે. કોઇ પણ મનુષ્યના ચહેરા પર પૂર્ણ અને સદા–સ્થાઇ હર્ષ હોતો નથી. કારણ કે, કોઇ માને અથવા ન માને સર્વે પર મૃત્યુનો છાયો તો પડયો જ છે. અહીં નાના મોટામાં તફાવત નથી બાપની હયાતિમાં નાના બાળકને કાળ ખાઇ જાય છે. અકાળે મૃત્યુ આવી જાય છે. વિધિના લેખમાં કોઇ પણ મનુષ્ય હસ્તક્ષેપ કરી શકતો નથી. કોઇ મનુષ્યના સંસારમાં કેટલુંય પણ માન હોય તેને એક દિવસ કાળના મોઢામાં જવું જ પડે છે. અહીં તો કોઇનું પણ રાજ્ય નથી. યમનું રાજ્ય છે. અહીં રામનું રાજ્ય નથી. બલ્કે 'રામ બોલો ભાઇ રામ' આ ધ્વનિ સંભળાયા જ કરે છે, સૌ કાળના પંજામાં પડયા છે. એટલે આ લોકને મૃત્યુલોક પણ કહે છે. કારણ કે અહીંના સર્વે જીવોને એક યા બીજા દિવસે મરવાનું જ છે. અહીં તો 'જન્મ–મરણ' ના દુઃખના ચકકરમાંથી કોઇ બચી શકતું નથી. ચિત્તની ચિંતા સર્વેને છે. આમ સમજદાર વ્યકિતનો વિચાર ચાલે છે કે યમની ફાંસીથી કેવી રીતે છૂટાય.

એમાં પણ મારો પ્રભુ છે....!

શારદાબહેન એચ. પટેલ
એદલપુરા કંપા

સંસારની બધી વહુઓ સાસુમાં સગી માનાં દર્શન કરે ને બધી સાસુઓ વહુને સગી પુત્રીની જેમ પ્રેમ આપે તો સંસારનાં કુટુંબોની ઘણી સમસ્યાઓ ઉકલી જાય

ઘરના પાત્રોમાં ઇશ્વરભાવ ન જાગે તો મંદિરની મૂર્તિમાં ભગવાન કયાંથી દેખાય ?

જગત સમજાય પછી જ જગદીશની યાત્રા શરૂ થાય એટલે પહેલાં તો તમારી આસપાસનાં પાત્રોને સમજો. એમનામાં પણ ઇશ્વર બેઠો છે સાસુને જો વહુમાં ભગવાન ન દેખાય તો કેવળ મંદિરની મૂર્તિમાં ભગવાનનાં દર્શન કરવાનો કશો અર્થ નથી. ધર્મની શરૂઆત ઘરથી જ થાય છે.

એશિયાનું મોટું કતલખાનું

પટેલ વસંતકુમાર કાન્તિલાલ, ટી. વાય. બી કોમ
કાશીપુરા, (હિંમતનગર)

દેવનારના કતલખાના અમે તા. ૧૧ જાન્યુઆરી ૧૯૮૨ થી સૌમ્ય આંદોલન કરી રહેલા સર્વોદય કાર્યકરો તથા પશુ-પ્રેમીઓ રોજ ધરપકડ વહોરી રહ્યા છે. આમ તો એશિયાનું મોટું કતલખાનું નિરૂપયોગી ઢોરની કતલ કરે છે પરંતુ નિરૂપયોગી ઢોરોની સાથે સાથે રોજ અનેક રીતે ઉપયોગી તંદુરસ્ત ઢોરો પણ ચાલ્યાં જતાં હોવાનો ભય સેવાઇ રહયો છે. કારણ કે અહીથી નિકાસ કરાતા માંસની આરબ દેશમાં મોટી માંગ છે. એક અંદાજ મુજબ ૧૯૭૮-૭૯ માં ૯૯ લાખ ટન તથા ૧૯૭૯-૮૦ માં ૨૭૨ લાખ ટન માંસની નિકાસ કરવામાં આવી હતી જેમાં તે પછીના વર્ષે બેશક વધારો થયો જ હશે તેમાં શંકાને કારણ નથી.

આ કતલખાનું રોજનાં ૩૦૦ થી ૪૦૦ બળદો ૫૦ થી ૬૦ ભેંસો તથા ૮૦૦૦ થી ૮૫૦૦ બકરાં કાપવાની ક્ષમતા ધરાવે છે શાંતિ સેનાના કાર્યકરો ઉપયોગી ઢોરોને કતલખાનામાં જતાં રોકતા હોઇ તેમને રાત્રે પકડીને સવારે છોડી દેવામાં આવે છે જે દરમ્યાન ગૌવંશસહિતનાં હજારો તંદુરસ્ત ઢોર અંદર ધકેલાઈ જાય છે.

મૃત્યુથી કોણ બચાવી શકે ?

પ્રફુલચંદ્રકુમાર કે. પટેલ
(ઉમાવસર ટીંબા)

મૃત્યુ થી તેજ છોડાવી શકે છે. જે મૃત્યુથી પણ બળવાન મૃત્યુંજય હોય કાળ થી તે બચાવી શકે છે જે કાળનો પણ કાળ હોય. કર્મોની સજા અને બંધનથી મુકત તે કરાવી શકે છે. જે કર્મોની ગહન ગાતને જાણતા હોય અને પોતે તેના બંધન થી સદા મુકત હોય મનુષ્યમાંથી દેવતા તેજ બનાવી શકે છે. જે દેવોના પણ દેવ હોય.

આમ આ એક વાતની ગાંઠ વાળવી જોઇએ કે સંસારમાં એક બીજાનો સાથ સહકાર કોઇ મનુષ્યો કરી શકતાં નથી મુકિત અને જીવન મુકિતનો દાતા તો એક પરમ પિતા પરમાત્મા જ છે. આ કારણે એક પરમપિતા પરમાત્માને જ મૃત્યુંજય અથવા અમરનાથ પણ કહેવામાં આવે છે. અન્ય કોઇ ને પણ આ પદવી મળતી નથી ભકત લોકો પરમપિતા પરમાત્માને કહે છે હે પ્રાણ દાતા' હે સુખદાતા, હે શરણદાતા, અમારી રક્ષા કરો!'' સુખ દેવાવાળા પિતા' પણ ફકત પરમાત્માને જ કહેવામાં આવે છે. આમ કાલ કંટક દૂર કરવા વાળા પિતા ફકત પરમાત્મા છે.

* નવા વર્ષના નવા દુહા

એન. કે પટેલ
(રૂપાલકંપા)

\+ ઉજળા પહેરી લુંગડાં દન ધરમની વાતું કરે
એ તો હોટલમાં ખાય મુર્ગી મટન તેને દાન ધરમ કરે શું વળે
\+ ખેતી તો સુકાય છે કરે છે લહેર પ્રધાનિયા
લાઇટ તો મળતી નથી શું થાશે આ દેશનું.
\+ ઘરનો મુકી રોટલો આચડ કૂચડ ખાય
દરદ ઘણેરા થાય કાઢે હડાંયુ શીશી લઇ
\+ રાંડી રાંડનો દીકરો વર્તે થઈને ડાંડ
ઘરનું પુરુંય ચાય માંડ જુઓ છે રિવાજ આ કળીયુગ તણો
\+ દીકરા આંદોલન કરે દુકાન લૂટાય બાપની
જેવું કરે એવું ભરે એ તો છે નિયમ કુદરતનો
\+ લઈ ઉછીના રૂપિયા સિનેમાની નકલું કરે
ઈ ફેશન નહી ફિતુર શું થાશે આ દેશનું
\+ ઇ ભણે એમાં શું માલ બાપ કરમીના દીકરા
એકાંતરા હડતાળ પડાવે પોતાની જ સ્કૂલમાં
\+ બાપ બેટાને બેટીયુ, હેતેથી ડીસ્કો ડાન્સ જ કરે
જોઇ લોકો લાજી મરે શું થાશે આ દેશનું
\+ ડેશી તો આઠ વરસની વળી બ્યુટી પાર્લરમાં જ જાય
એ ડોશીના ઉરમાંય ભાઇ મોહ કયો તે માનવો
\+ હે મીડી મેક્સી ને નેરો પેન્ટ પહેરી ફરતી કોલેજ તણી આ નારીઓ
તેને કેમ માનવી દેવી નારાયણી કે પછી માનવી નારી આ કળીયુગની
\+ મેકસી પહેરી માનુની ટેકસી લઇને જાય
પછી ના થાવાનું થાય જો જો કરજો જરા વિચાર
\+ આવડે નહિ કંઇ એકડો ગણિત કે ભાષા તણો
પછી ડગ્રીઓનો થોકડો ભાઇ રાખે શુ વળે
\+ નકટા બૂચા સૌ મળી દોસ્તની જાનમાં જ જાય
ખોટ તો વરને પડે ખાલી ખુંદેને ખાય
\+ કહી હેપી ન્યુ ઈયર નવતણા આ વરસથી
'નટુ' કહે ચેતજો નવાં નૂતન વરસથી
\+ 'નવા વરસના નવા દુહા' વાંચી કરજો વિચાર,
ચેતાય તો ચેતી જજો શરૂ થતા આ નવા વર્ષથી

જીવનનું પ્રતિક દિપોત્સવી

ગૃહમાતા : રમીલાબહેન આર. પટેલ
કન્યા છાત્રાલય, ધનસુરા.

દિવાળી એ માનવ જીવનનું એક પ્રતિક છે, જેમાં માનવે પોતાના દિલમાં દિવો કરી દિવાળી ઉજવવી જોઇએ. દિવાળીના દિવસે આપણું હિન્દુઓનું ગુજરાતી વર્ષ પુરું થાય છે. અને બીજા દિવસે એટલે કે કારતક સુદ ૧ ના દિવસે નવું વર્ષ શરૂ થાય છે, તે દિવસે લોકો સવારે વહેલાં ઊઠી સ્નાનાદિક ક્રિયાઓથી પરવારીને લક્ષ્મી પૂજન કરી આનંદથી એક બીજાને મળે છે' નવી નવી મીઠાઇઓ બનાવે છે, ખાય છે અને સંબંધી ઓને પણ પ્રેમથી પોતાને ઘેર બોલાવીને મીઠાઇઓ ખવડાવેછે અને આખો દિવસ આનંદમાં વિતાવે છે.

પણ આ દિવસને આપણે આધ્યાત્મિક દ્દષ્ટિકોણથી જોઇએ તો કંઇક જુદો જ અર્થ નીકળશે.

નવા વર્ષે આપણે જે મીઠાઈઓ ખાઈએ અને સબંધીઓને ખવડાવીએ છીએ એટલે એમ સમજવું કે આ મીઠાઇમાં જેટલી મીઠાશ છે તેટલી જ મીઠાશ અમારા સંબંધો વચ્ચે સદાને માટે ટકી રહે કોઇ દિવસ કડવાશનું ઝેર ના ફેલાય.

નવા વર્ષના શુભ પ્રભાતમાં લક્ષ્મી પૂજનનો દીપ પ્રગટાવી શુભ ભાવનાથી માગણી કરવી કે હે મા ? હું તારો પુત્ર છું હું સદાને માટે તારા ખોળામાં જ રમતો રહું તને કયારેય ભૂલી ન જાઉં બસ તારીજ ભક્તિમાં મસ્ત બનું અત્યાર સુધી હું તને ભૂલીને ગમે તેવા ભોગ વિલાસમાં રમ્યો હોઉં ગમે તેવુ દુષ્કૃત્ય કર્યું હોય પણ હવેથી નવા વર્ષથી મને એવી પ્રેરણા આપ કે આ નવું વર્ષ મારે માટે 'નવ જીવન' બની રહે અને મારું જીવન હું આધ્યાત્મિક માર્ગે વાળું.

માને એવી પ્રાર્થના કરીને નવા વર્ષની શરૂઆત કરવી.

નવુ વર્ષ એટલે નવજીવન. નવજીવનની પ્રક્રિયાનો મૂળ પ્રેરક છે ઇશ્વર, એનું માધ્યમ હોઇ શકે છે માણસ, એ માધ્યમ જેટલું તત્પર એટલું નવ જીવન ઝડપથી મળી જાય.

એક માણસ નવું જીવન પામ્યો છે એની નિશાની શું? એ જાતે જ એને વિશે કહેવા માંડે એટલા ઉપરથી કાંઇ સ્વીકારી ના લેવાય. હું આખા

જગતમાં જાહેર કરી દઉં પણ ખરો કે મને દિવ્ય જીવન મળી ગયું છે. પણ એ વખતે ઇશ્વર હસતો હોય. તો એ નવજીવનનાં લક્ષણો ક્યાં ?

એનું જ જીવન આધ્યાત્મિક બની જાય જેના સાવ સામાન્ય વ્યવહારમાં પણ અધ્યાત્મનો પુટ મળેલો હોય એ પૈસાની પાછળ પાગલ ન બને લોભ ન કરે, લાલચને વશ નહી થાય કોઇને છેતરવાની એની ઇચ્છા નહીં હોય મોટી મોટી વાતો કરવામાંથી એ મુક્ત રહેશે. વાણી વ્યવહાર અને વિચાર વચ્ચે સંપૂર્ણ એકરૂપ હશે. આ બધું સહજ બનવાનુ જ એના માટે કોઇ ખાસ પ્રયાસ કરવો પડતો નથી હોતો

નવ જન્મની જરૂર સહુને હોય છે. વિશ્વામિત્ર મહાનઋષિ બન્યા એ પહેલાં એમને તપ કરવુ પડયું હતુ. એમના સાથીદાર વશિષ્ઠે પણ વર્ષો સુધી સાધના કરી હતી. સ્વયં નર-નારાયણ યુગો સુધી તપમાં જ લીન રહ્યા હતા. બુધ્ધ અને મહાવીર, ઇશુ અને અષોને એવા તો અનેક મહાન આત્માઓ નવ જન્મ પામતાં પહેલાં બરાબર તપ્યા હતા

આમાં આપણો ભાગવો અભિપ્રાય ન ચાલે કેટલાક માણસો પોતાની જાતને આ જન્મ સિદ્ધ તરીકે ઓળખાવે છે. આના કરતાં મોટો ભ્રમ બીજો હોઇ શકે નહીં સિદ્ધ ને પોતાની એ રીતની ઓળખ આપવાની કોઇ જરૂર હોતી નથી.

યોગભ્રષ્ટ આત્માઓને પણ પોતાની સાધના પુનર્જીવિત કરવી પડે છે.

આમાં કોઇ અપવાદ હોઇ શકતા નથી આગળના યુગોની વાત જવાદો હમણાં ગયા સૈકા અને દાયકાઓમાં જે મહાન વિભૂતિઓ આપણે ત્યાં અને અન્યત્ર પ્રગટી ગઇ એમની સાધનાનો વિચાર કરો.—જેવા કે રામકૃષ્ણ પરમહંસ સ્વામી વિવેકાનંદ અને રામતીર્થની સાધનાઓ વિશે કોણ નથી જાણતુ ? પૂર્ણ જીવન પરિવર્તન પહેલાં એમનાં જીવન અદ્દભુત નહોતાં પણ એમને એવી જબરી સાધના કરી કે એમની સમગ્ર પ્રતિભામાં આ મુલ પરિવર્તન આવી ગયું.

શ્રી અરવિંદ નાના હતા ત્યારે એમનામાં કશી આધ્યાત્મિક પ્રતિભાનાં દર્શન નહોતાં થતાં એમને જેલમાં અચાનક જ ભગવાનનાં દર્શન થયાં ને એમનું આખું જીવન બદલાઇ ગયું.

રમણ મહર્ષિ જેવા પરાકોટિના પુરુષ આ ધરતી ઉપર ઓછા થયા હશે આરંભમાં એમને બહુ ઓછી સાધના કરવી પડી હતી. કુવાને કાંઠે એમને આત્માનો સાક્ષાત્કાર થયોને એ નવા જીવનના સ્વામી બની ગયા

આવા અનેક સંતોએ આ જ ભૂમિ પર કેટલી પ્રખર સાધના કરી, અનેક સંકટોનો સામનો કરીને આત્મ સાક્ષા–

કાર કરીને પોતાનાં નામ અમર કરી ગયા છે આપણે પણ દિવ્ય જીવવા જીવવા માટે આપણી પ્રકૃતિને પલટી નાખીને તેને દિવ્ય બનાવી દેવી પડશે માત્ર શરીરના જ નહીં, મનના અણુંને પણ બદલી નાખવા પડશે.

નવજન્મ એ આધ્યાત્મિક પ્રક્રિયા છે એનો શરીરની સાથે જો કોઇ સબંધ હોય તો એટલો જ કે જે મન પરિશુદ્ધ થવાનું છે, જે આત્મા પોતાના સિંહાસને બેસવાનો છે એમને પોતાની સાધના કરવા માટે શરીર એક ભુમિકા પૂરી પાડે છે.

જ્યાં સુધી આ જીવન પરિવર્તનકારી અનુભવ ના મળે ત્યાં સુધી માણસ અજ્ઞાનના અંધકારમાં ગોથાં ખાયા કરે છે. એ અજ્ઞાન એને અનેક પ્રકારના દુ:ખ અપાવ્યા કરે છે ને એ રીતે, આનંદ સાગર બનવા માટે સર્જાયેલી જીંદગી દુ:ખનું ખાબોચિયું બની જાય છે.

આમાં માત્ર પોતાનો પુરૂષાર્થ કામમાં નહીં આવે માત્ર પ્રભુની કૃપાથી પણ નહીં ચાલે. બહુ ઓછા લોકો આ મુદ્દો સમજે છે. કેટલાક લોકો બધું જ પ્રભુના ઉપર છોડીને બેસી રહે છે. તો કેટલાક જાતે જ આતમ ઘડવૈયા બની જાય છે. આત્માથી આત્માનો ઉદ્ધાર કરવો જોઇએ. એજ સાચું છે.

કેટલાક લોકો ફરિયાદ કરતા હોય છે કે પોતાની પતિત અવસ્થામાં કોઇ સુધારો થવાનો સંભવ નથી. આ માન્યતા બરાબર નથી જ. જ્યાં સુધી શ્વાસની આવન જાવન ચાલુ છે ત્યા સુધી ચિન્તા કરવાની જરૂર નથી ચૈતન્યના સાગર કિનારે આવેલા નાના ખાબોચિયાએ પોતાની જાતે રચેલી પાળ તોડી નાખવાની છે. પછી એ સ્વયં સાગરરૂપ બની જશે. અમરવેલ નામની વનસ્પતિનો સાવ સુકાઇ ગયેલો ટુકડો પણ જો લીલા ઝાડ ઉપર નાખવામા આવે તો એ તરત અંકુરત થઇ જાય છે. આત્માનું પણ એવું જ છે.

આ નવ જન્મની પ્રક્રિયાની બે બાજુઓ છે. માનવીય અને દિવ્ય. આપણા સહારા વગર માત્ર ઇશ્વર કાંઇ નહી કરી શકે. એટલે કે બીજું કાંઇ નહીં તો વચ્ચે જે અવરોધ આપણે મુકી રાખ્યા છે. એમને હઠાવવાનુ કામ આપણે જ કરવું પડશે કોઇ બડભાગી જીવ ઉપર પ્રભુનો પ્રવાહ એવો જોસબંધ આવે છે કે એમાં બધા વિરોધો તણાઇ જાય છે. તમામ દુરિતો, અજ્ઞાનો અને કુટિલતાઓથી એ પર થઇ જાય છે. એ સ્વંય પ્રકાશનો પારાવાર બની રહે છે. જે આવું નિર્મળ જીવન પામે એમને ધન્ય છે. એનું જીવન પરમ પ્રેમનો સાગર બની જાય છે.

એનુ હૃદય દેવતાનું સિંહાસન બની જાય છે. એને ઉઘાડવાની કળા

જો કોઇને આવડે ને એની અંદર ડોકિયું કરી શકાય તો એમ જરૂર લાગે કે નંદનવન આજ છે. આનંદના ફુવારા, સાચા સુખનાં હીરા–મોતી મધુરતાનાં મહાલયો ચારે તરફ જોવા મળે. એટલી વિશાળતા એટલા વૈભવો, એટલી ઉદા–રતા આવા હૃદય સાથે આ વિચિત્ર વિશ્વમાં જીવનનો આનંદ કેટલો બધો હોય !

નવ જીવનની ચેતના એના સમગ્ર જીવન તંત્રમાંથી ઉભરાયા કરે. વારં–વાર આ ચેતના શબ્દનો ઉલ્લેખ કરૂં છું તે અકારણ નથી નવ-જીવનનો ખેલ એ ચેતના ના વિલસનનો ખેલ છે. આપણે જડતા સિવાય કંઇ જોયું નથી જડ જગતે મનને જડ બનાવ્યું ને એ મને આખા જીવનનો કબજો લઇને બધે જ જડતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે.

પણ કંઇ ચિન્તા નહીં હવે આ નવા વર્ષથી ભુતકાળને ભુલીને એટલે કે જડતારૂપી અંધકારને છોડીને ચૈતન્ય રૂપી દીપ પ્રગટાવી 'નવું જીવન' જીવ–વાનુ શરૂ કરી દો.

આ આખી પ્રક્રિયા એકદમ પ્રશાન્ત હોય છે. એના ધુમ ધડાકા હોતા નથી કોઇ અતિશય જાગૃત માણસ હોય તો એને વળી થોડો ખ્યાલ આવે છે. ઘન–ઘોર રાત અને પરોઢ વચ્ચે તફાવત તો હોય જ જેણે પ્રભાતને પ્રગટાવવા માટે અંધારાં ઉલેચવાની મથામણ કરી હોય એને તો સુરજની પહેલી ટશર ફુટતાં પહેલાં ખબર પડી જાય કે હવે પ્રભાત પ્રગટી રહ્યું છે એ વખતનુ એનુ નૃત્ય અને ગીત પણ શાંતિને બરાબર ઘુંટે એવાં હોય જગતને એની જાણ થાય કે ના થાય, આ દિવ્ય અમૃતનો આ સ્વાદ એ પળે પળે લેશે અને જીવનનો જય જયકાર ગજાવશે.

નવ જીવન પામનારા માણસોનાં લક્ષણો વિશ્વભરનાં ધર્મશાસ્ત્રોમાં વર્ણ–વાયેલાં છે. એ લક્ષણો એનામાં અચુક જોવા મળે ભક્ત, યોગી, સિદ્ધ, સ્થિત–પ્રજ્ઞ અનેક શબ્દો એના માટે વાપરવામાં આવેલા છે.

'પ્યારા આત્મન્' જૂના જીવનમાં અનેક વર્ષો તમે ગાળી નાખ્યાં છે. હવે આ નવા વર્ષથી જરા નવા જીવન માટે તત્પર થાઓ, આ જન્મે જ સિદ્ધ બની રહેવાનો આગ્રહ ના રાખશો પણ અંધારાં જેટલા ઓછા થાય એટલું વધારે સારૂં ને ? આવો ચેતનાના પ્રકાશને જીવનમાં પ્રગટવા દો. નવ જીવનના સ્વામી બનો. આ નવું વર્ષ આપનું ખરેખર નવજીવનમય બને એજ આરાધના.

નવુ વર્ષ આપને માટે ફળદાયી, સુખદાયી નિવડે એજ અભ્યર્થના.

—શરદ

'મોટાઈનું દર્શન'

સંકલન :
મંજુલાબેન મૂળજીભાઇ પટેલ

આજે આપણે જોશું તો ઘણા માણસો મોટાઇ બતાવતા હોય છે. અને મોટાઈ બતાવતા માણસોને એમ જ લાગે છે કે મારી જ વસ્તુ સારી અને કિંમતી છે. અને બીજાના વસ્તુ ખરાબ છે. આજે આવા વિચારો માણસોમાં ઘર કરી ગયા છે. પરંતુ જયારે તેને પોતાની મોટાઇનાં દર્શન થાય છે. ત્યારે તે ઉદાસ બની જાય છે. અને દુ:ખની લાગણી અનુભવે છે આનો એક દાખલો નીચે પ્રમાણે છે.

એક ગામડાની પટલાણી સો રૂપિયાનું શેલુ લાવી અને તે પહેરીને પોતાના ગામમાં ફરતી હતી ત્યારે બધી સ્ત્રીઓ તેના સેલા તરફ જોતી ત્યારે પટલાણીને એમ લાગતું કે મારું સેલું કેટલું કિંમતિ છે ? આખા ગામમાં પટલાણીને માન સન્માન પણ મળતાં પરંતુ એક વખત તે પટલાણી મુંબઈ શહેરમાં પોતાના ભત્રીજાના લગ્ન પ્રસંગે નેશનલ સ્પોર્ટસ કલબમાં સત્કાર સમારંભ યોજાયો હતો. તેમાં ગામડાની પટલાણી પણ ગઇ. ત્યાં જયારે તેણે જોયું કે, મુંબઇની શેઠાણીઓએ તો હજાર હજાર રૂપિયાની સાડીઓ પહેરી છે ત્યારે તેને પોતાનું સેલું તદ્દન ફિક્કું લાગ્યું, ચીંથરા જેવું લાગ્યું, આવી રીતે જીવ પણ સાધના કરતાં કરતાં કરુણા, ત્યાગ, નિરહંકારતા જેવા ગુણો મેળવે અને પોતાને મહાન કરુણામય સમજવા લાગે. પરંતુ, સવિકલ્પ સમાધિમાં જયારે તે ભગવાન પાસે જાય ત્યારે તેને પોતાની ક્ષુદ્રતા સાલવા લાગે. આ ક્ષુદ્રતા રહેતો ભગવાન સાથે તેનું મિલન ન થાય. પોતે નાનો અને ભગવાન મોટા એવી સમજણ રહે ત્યાં સુધી તેને મિલનનો આનંદ ન મળે. ભક્તની આક્ષુદ્રતાની સમજણ ભગવાન કાઢી નાખે છે. ત્યાર પછી તે નિર્વિકલ્પ સમાધિમાં આવે છે.

એટલા માટે જ માણસે મોટાઇનું દર્શન ન કરતાં સાદાઇથી રહેવું જોઇએ.

મમતાની મૂર્તિ

સ્વરચિત:- રમેશ જે. પટેલ
'શાહી'

★

માતા તું છે એક મમતાની મૂર્તિ
માનીએ રે સૌ અમે જગનાં નરનારી

આધિ વ્યાધિ ને ઉપાધિ સમાં
છે ત્રિવિધ તાપની તું મુકતદાત્રિ

રાત દિવસ એકજ લગની છે તને
ખવડાવી પીવડાવી રાખે બાળ સૌ રાજી

હોઠો પર રહેતું નામ સદાય પ્રભુનું
એમ કહી ન ભુલાય નામ સદાય તારું

અર્પે તુ બુધ્ધ પ્રકાશ ને સરળ માર્ગ
સો શિક્ષકની ગરજ સારતી તું એક જ માત

શાંતિ કાજે લઇએ આશરો અમે તારી ગોદમાં
સાચવીએ ચરણ રજ તારી છે એ અમૂલ્ય ખજાનો

ભલે અમે શોધીએ સ્વર્ગ આ જગમાં રે
કોઇ દિ કદી મલે નહિ એ તો છે તુજ ચરણોમાં

હીરા મોતી માણેક છે તુચ્છ મુજ દ્રષ્ટિએ
તું તો છે સૌંદર્ય પ્રેરણા ને મમતાની મૂર્તિ

નાનું કોણ

સંકલન :-
શારદાબેન કરમશીભાઇ પટેલ

આપણે નાના થવું છે કે મોટા થવું છે ? જો નાના થઇશું તો બાનું કુણું હૃદય મળશે અને જો મોટા થઇશુ તો માત્ર લુખ્ખાશ મળશે ત્યારે નાના કઇ રીતે થવાય ? જે કોઈ ઇચ્છા વાસના છોડે તે નાનો. આપણ ને ખબર છે કે આપણું સુખ શામાં છે ? એનું ભાન ન હોવા છતાં આપણે આપણું ડહાપણ ડહોળીએ છીએ અને જે સુખ નથી તેને સુખ માની એની પાછળ ઝાંઝવાના જળની માફક દોટ મુકીએ છીએ. એથી આપણે સુખ મેળવવાને બદલે દુઃખ પામીએ છીએ જેણે ઇચ્છા અને વાસના ભગવાનને સોંપી અને ભગવાનને પોતાના સુખદુઃખનો નિર્ણાયક બનાવ્યો તે નાનો. જે નાના થશે તેને બાનો વહાલ સોયો ખોળો મળશે, આવા બાળકની જગદંબા આસક્તિ રાખે.

બા સોનાનાં સિંહાસન પર બેઠા છે તેમા કૌતુક કરવા જેવું નથી નિસ્પૃહ તામાંથી તેજસ્વિતા આવે છે પણ અહીં નિસ્પૃહ નથી. છતાં તેજસ્વી છે આમાં જ વિશેષતા છે અને તેજ શંકરાચાર્ય ને કહેવાનુ છે.

કેટલાક ભાવોને શબ્દ લગાડયા પછી કરમાઇ જાય, કેટલાંક ફુલો હાથ લગાડયા પછી કરમાઇ જાય આ ભાવ શબ્દથી અવર્ણનીય છે. ભકત અને ભગવાનના કેટલાક સબંધો એવા છે જેનું વર્ણન કરવું અશક્ય છે.

સમાજનું એક રૂપ તો જુઓ !

ગરીબમાં ગરીબ સુદામાની કન્યા અને શ્રી કૃષ્ણ જેવાં ચક્રવર્તીની કન્યા એક માંડવે પરણે એ પણ સમાજનું એક રૂપ તો જુઓ ! શું એ કાંઇ રૂપ છે કે તમારે ત્યાં તો લાઇટોના ઝગમગાટ થયા હોય અને બીજાને ત્યાં તો કોડિયું બાળવાનું ય ન હોય અને છતાંય તમે છાતી ફુલાવી ફર્યા કરતા હોય—આ તો આપણી મૂર્ખતાનું પ્રદર્શન છે.

— પૂ. સ્વામી સચ્ચિદાનંદજી

સમાચાર દર્શન

તલોદ વિદ્યાર્થી મંડળની સામાન્ય સભા

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળની ૧૯૮૨-૮૩ના વર્ષની પ્રથમ સામાન્ય સભા તા. ૧૮-૯-૮૨ને શનિવારે 'અલંકાર ટાઇપ ક્લાસ' મુકામે મળેલ.

જેમાં સારી એવી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તેમાં સર્વાનુમતે નીચે મુજબની ૧૯૮૨-૮૩ની કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવી.

(૧) પ્રમુખ :— શ્રી હેમંતકુમાર મહેન્દ્રભાઇ પટેલ (ઓધવનગર)
(૨) ઉપ પ્રમુખ :— શ્રી નરેન્દ્રકુમાર રતિભાઇ પટેલ (તલોદ)
(૩) મંત્રી :— શ્રી ઇશ્વરલાલ કેશવલાલ પટેલ (તલોદ)
(૪) સહમંત્રી :— શ્રી છગનલાલ સોમજીભાઇ પટેલ (રામસીકંપા)
(૫) ખજાનચી :— શ્રી પ્રવિણચંદ્ર દેવજીભાઇ પટેલ (ગઢકંપા)

ઉપરોક્ત મીટીંગમાં કારોબારી સમિતિ તથા સલાહકાર સમિતિની રચના પણ કરવામાં આવેલ છે.

આ સભાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા ઠરાવો પસાર કરી મંજુર કરવાનો હતો.

આ પ્રસંગે 'અલંકાર ટાઇપ ક્લાસ' ના પ્રિન્સિપાલશ્રી ગંગારામ એ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સંગઠીત બની રહેવાની હાકલ કરી હતી. તેમજ તેમણે પ્રવર્તમાન મુશ્કેલીઓનો સામનો પુરેપુરા સહયોગથી કરવાની ખાત્રી આપી હતી.

પ્રથમ જનરલ મીટીંગનો અહેવાલ.

૧૯૮૨-૮૩

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ વલ્લભ વિદ્યાનગર-આણંદ

ચાલુ વર્ષની પ્રથમ જનરલ મીટીંગ તા. ૫-૯-૮૨ રવીવારના રોજ બી. જે. વી. એમ (કોમર્સ કોલેજ) માં યોજવામાં આવી હતી. શ્રી બાબુભાઇ એચ. પટેલ B. Sc (MICRO ના પ્રમુખ સ્થાને મળેલી આ મીટીંગમાં કુલ ૮૦ (એંસી) વિદ્યાર્થી મિત્રોએ આનંદ ઉલ્લાસથી ભાગ લીધો હતો.

મીટીંગનો પ્રારંભ બપોરના ૩-૧૫કલાકે ઉપસ્થિત રહેલા મહેમાનો તથા વિદ્યાર્થીમિત્રોના સ્વાગત થી કરવામાં આવેલ સ્વાગતવિધિ માજી પ્રમુખ વતીથી બાબુભાઈ એલ પટેલે કરી હતી સ્વાગતવિધિ પછી સૌ વિદ્યાર્થીમિત્રોએ પરસ્પર ઓળખવિધિ કરી હતી.

ત્યારબાદ ગત વર્ષના પ્રમુખશ્રી પ્રવિણભાઇ એમ. પટેલે મિટીંગને પોતાની આગવી શૈલીથી સંબોધી હતી તેઓના સંબોધનના મુખ્ય પ્રશ્નોમાં વિદ્યાર્થી છાત્રાલય, પિકનીક, મેગેઝીન તથા વિદ્યાર્થીઓના યુનિયન પ્રત્યેના રસ બાબતના પ્રશ્નોની છણાવટ કરી હતી તેઓએ વિદ્યાર્થી મિત્રોને સાથ અને સહકારથી યુનયનની પ્રવૃતિ દિન પ્રતિદિન આગળ ધપાવવા માટે અનુરોધ કર્યો હતો.

ત્યાર બાદ ચાલુ વર્ષના કારોબારીના સભ્યોની નિમણુક કરી હતી પછી નવા ચુટાયેલા પ્રમુખ શ્રી બાબુભાઇ એલ. પટેલે સભાને સંબોધી હતી તેઓ એ ગત વર્ષના પ્રમુખ શ્રી એ આપેલ પ્રશ્નો તથા સલાહને અનુસરવા માટે વચન આપ્યું હતું અને મંડળની પ્રવૃત્તિ વિકાસ પામે તે માટે સર્વે વિદ્યાર્થી મિત્રોને ખંતથી સાથ અને સહકાર આપવા માટે અનુરોધ કર્યો હતો.

ત્યાર પછી મીટીંગના પ્રમુખ શ્રી બાબુભાઇ એચ. પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અને કોઇ પણ મુશ્કેલીમાં વિના સંકોચે સંપર્ક સાધવા વિદ્યાર્થીમિત્રોને અનુરોધ કર્યો હતો તેઓના સંબોધનમાં વિદ્યાર્થીછાત્રાલયનો પ્રશ્ન મુખ્ય હતો.

પછી વિદ્યાર્થીમિત્રો તરફથી કેટલાક મિત્રોએ પોતાના વિચારો રજુ કરતાં વકતૃત્વ સ્પર્ધા ઉપર વધુ ભાર મૂકયો હતો. શ્રી રમણભાઇ કે. પટેલે (FINaL D. H. M. S.) વિદ્યાર્થી છાત્રાલયના પ્રશ્નો અંગે કપડવંજ, મોડાસા તથા ખેડબ્રહ્મા વિસ્તરના આગેવાનો સાથે ચર્ચા કરી હતી. અને જે તે આગેવાનો એ તેમાં બનતો સહકાર આપવા જણાવ્યુ હતું.

પ્રમુખ શ્રી બાબુભાઈ એલ પટેલે છાત્રાલયના પ્રશ્ન અંગે આણંદના સ્થાનિક વડીલો સાથેના સંપર્ક પર વિશેષ ભાર મુકવાનો અનુરોધ કર્યો હતો અને તે માટે આણંદ વિસ્તારના વડીલો તથા મંડળના કારોબારી સમિતિના સભ્યોની મીટીંગ બોલાવવી એમ નકકી કરવામાં આવ્યું.

શ્રી રમણભાઇ સી. પટેલ દ્વારા થયેલ આભાર વિધિ બાદ અલ્પાહાર ને ન્યાય આપી વિદ્યાર્થી મિત્રો અને વડીલશ્રીઓ અનેરા આનંદથી વિખેરાયા હતા.

૧૯૮૨–૮૩ના કારોબારીના સભ્યોની યાદી.

બોર્ડ ઓફ ડીરેકટર	અભ્યાસ	રહેઠાણ
પટેલ રમણભાઇ વી.	B E. (FIe.)	મોતીવેણીકંપા
ડૉ. બાબુભાઇ એન. પટેલ	M. Sc. (Ph. D.)	ડોભાડાકંપા
પટેલ લવજીભાઈ આર.	M Sc. (Agri)	લાલજીપુરા
પટેલ બાબુભાઇ એચ	B Sc. (Micro	બોરડીટીંબા
પટેલ જેઠાભાઈ એસ.	Dip.Sc. (Agri)	લહેરીપુરા
ડૉ. બાબુભાઇ કે. પટેલ	B.V.Sc.	દામાવાસ

પ્રમુખ	– બાબુભાઇ એલ, પટેલ	B Sc. (D.T.)	તલોદ
ઉપપ્રમુખ	– પ્રહલાદભાઇ વી પટેલ	T.Y.B.Com.	લહેરીપુરા
સેક્રેટરી	– રમણભાઇ સી. પટેલ	T.Y. B.Sc.	માધવકંપા
ઉપસેક્રેટરી	– સતીષચંદ્ર ટી. પટેલ	F.Y.B.Sc.	વિષ્ણુપુરાકંપા
ખજાનચી	– બાબુભાઇ જે. પટેલ	S.Y.B Com.	દેલવાડાકંપા
ઉપ-ખજાનચી	– હીતેન્દ્રકુમાર એમ પટેલ	T.Y.B.Com.	વિષ્ણુપુરા
પ્રવાસમંત્રી	– સુરેશકુમાર એમ. પટેલ	T.Y.B Sc.	માધવકંપા
ઉપપ્રવાસમંત્રી	– રમણભાઈ કે પટેલ	S Y.B.Sc	ધરમેડાકંપા
ડીબેટીંગ-સેક્રેટરી	– ડાહ્યાભાઇ એન. પટેલ	T.Y (D.C E.	બોરડીટીંબા
ઉપ- " "	– નરસિંહભાઈ એચ. પટેલ	S.Y.B A.	તખતગઢ
ઓડીટર	– ચંદ્રકાન્ત એન પટેલ	S Y (D.C.E.)	વિષ્ણુપૂરા
સહ. ઓડીટર	– પ્રવીણકુમાર એમ પટેલ	S.Y.B.Com.	વ્રજપુરાકંપા
એલ. આર.	– નિર્મળાબેન ડી. પટેલ	F.Y.B Com.	દુધાથલલાટ

આપનો વીશ્વાસુ,

સેક્રેટરી
પટેલ રમણભાઈ સી., T.Y.B.Sc.
માધવકંપા

પ્રમુખ
પટેલ બાબુભાઈ એલ, B Sc. (D.T.)
તલોદ

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, વલ્લભવિદ્યાનગર

શ્રી કચ્છ કડવા પાટીદાર નવયુવક મંડળ

ખંડવા (મ પ્ર.)

શ્રી ક. ક. પાટીદાર નવયુવક મંડલ ખંડવા સંવત ૨૦૩૮–૩૯ હોદ્દેદારો તેમજ કારોબારી સમિતિની વરણી માટે તા. ૩૦–૭–૮૨ના „ શ્રી રામ ટીમ્બર ની ઓફીસ " મધ્યે માનદ્ પ્રમુખ " શ્રી કરમશીભાઈ રતનશીભાઇના અધ્યક્ષપદે મળેલી મિટીંગમાં નીચે મુજબના હોદ્દેદાર ભાઈઓ તેમજ કારોબારી મંડળના સભ્યોની વરણી અત્યંત ઉત્સાહપૂર્વક વાતાવરણમાં સર્વાનુમતે કરવામા આવેલ છે.

પ્રમુખ :– શ્રી ભગવાનદાસ કાનજીભાઈ
ઉપપ્રમુખ :– શ્રી દયારામ કરસનભાઇ પટેલ
„ શ્રી ઇશ્વરલાલ પટેલ
મંત્રી :– શ્રી ગોવિંદભાઈ ભાણજીભાઇ પટેલ
સહમંત્રી :– શ્રી પુરસોત્તમ માવજીભાઇ પટેલ
ખજાનચી :– શ્રી પ્રવિણચંદ્ર દેવજીભાઇ પટેલ
વાંચનાલય/સંચાલન :– શ્રી પ્રેમકુમાર ભાણજીભાઇ પટેલ

કારોબારી મંડળ ના સભ્યો

(૧) શ્રી ભાનુકુમાર આર. પટેલ
(૨) શ્રી બાબુલાલ જી. પટેલ
(૩) શ્રી ભોગીલાલ ડી પટેલ
(૪) શ્રી મોહનકુમાર કે. પટેલ
(૫) શ્રી પુરસોત્તમદાસ એમ. પટેલ
(૬) શ્રી સામજીભાઇ કે. પટેલ
(૭) શ્રી જયંતીલાલ એ. પટેલ
(૮) શ્રી ચીમનલાલ કે. પટેલ
(૯) શ્રી શીવજીભાઇ કે. - પટેલ
(૧૦) શ્રી કરમસીભાઈ એમ. પટેલ
(૧૧) શ્રી શંકરલાલ એન. પટેલ
(૧૨) શ્રી ગંગારામ એ. પટેલ

ત્યાર બાદ નવા નિમાયેલા પ્રમુખ શ્રી ભગવાનદાસ કાનજીએ આ વર્ષે પણ મંડળની પ્રગતિ માટે સારાં કાર્યો હાથ ધરી સમાજની સેવા કરવાની શ્રધ્ધા વ્યક્ત કરી હતી.

લિ.
શ્રી કચ્છ કડવા પાટીદાર
નવયુવક મંડળ વતી.
ગોવિંદ ભાણજી પટેલ
મંત્રી

"તખતગઢ ગ્રામ પંચાયત બીનહરિફ"

સાબરકાંઠા જીલ્લાના તખતગઢ ઉર્ફે હડમતીયાકંપામાં તખતગઢ ગ્રામપંચાયતની ચુંટણી આવતાં ગ્રામજનોએ મિટીંગ યેજી સર્વાનુમતે બીજીવાર સરપંચ તરીકે શ્રી ખીમજીભાઇ હિરજીભાઇ પટેલ ની તમામ વોર્ડના સભ્યોની સર્વાનુમતે બીનહરફ વરણી કરવામાં આવી છે. સદર ગ્રામ પંચાયત બીનહરિફ જાહેર થતાં સરકારશ્રી તરફથી મળવા પાત્ર ઇનામ લેવા માટે યશભાગી થયેલ છે.

આ ગામમાં આજદિન સુધીના ઇતિહાસમાં ગામની કોઇપણ સંસ્થામાં ચુંટણીને સ્થાન નથી. આમ હોદેદારોની સર્વાનુમતે વરણીએ આ ગામની એકતાની છાપ ઉપસાવી છે.

ગણપત વી. પટેલ
એડવોકેટ તખતગઢ

ચિર વિદાય

સાબરકાંઠા જીલ્લાના તખતગઢ ઉર્ફે હડમતીયાકંપાના પટેલ રામજીભાઈ લાલજીભાઇ માકાણીનું ૮૧ વર્ષની વયે ભાદરવા વદ-૧૧ ને સોમવાર તા. ૧૩ ૯-૮૨ ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રી દેવજીભાઇ રામજીભાઇ પટેલ તરફથી જાગૃતિ કાર્યાલયને રૂા ૧૧ – ની સપ્રેમ ભેટ આપવામાં આવી છે સદ્ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે અજ અભ્યર્થના.

ઈનામ વિતરણ સમારંભ

અમદાવાદમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની સામાન્ય સભા તા. ૧૨-૯-૮૨ રવીવારના રોજ ગીતામંદિર પાસે સમાજવાડી હોલમાં મળી હતી શરૂઆતમાં સમાજના માનદમંત્રી શ્રી લાલજીભાઇ મેઘજીભાઈ પટેલે સંવત ૨૦૩૭ ની સાલના હિસાબો રજુ કર્યા હતા ત્યારબાદ ચાલુ સાલે પરીક્ષાઓમાં પાસ થયેલ ભાઇ-બહેનોને સમાજ તરફથી નકકી થયા મુજબ ઈનામો આપવામાં આવેલ હતાં.

— ધોરણ ૮ માંથી કોલેજ સુધી ભણનાર ભાઇ-બહેનોને

પહેલું ઇનામ : ૭૦ ટકા અને તેનાથી વધારે ટકા માર્કસ લાવનાર ભાઇ-બહેનોને સ્ટીલની મોટી ટ્રે નંગ એક સ્ટીલના ૭ ગ્લાસ નંગ ત્રણ પેન તથા બોલપેન સેટ એક ઇનામ મેળવનાર ભાઇ —૧

બીજુ ઇનામ : ૬૦ ૬૯ ટકા લાવનાર ભાઇ-બહેનોને સ્ટીલની મીડીયમ ટ્રે નંગ સ્ટીલના ગ્લાસ નંગ બે પેન અને બોલપેન સેટ એક ઇનામ મેળવનાર ભાઈ-બહેનો ૧૭

ત્રીજુ ઈનામ : ૫૦ થી ૫૯ ટકા લાવનાર ભાઈ-બહેનોને સ્ટીલની નાની ટ્રે નંગ એક સ્ટીલનો ગ્લાસ નંગ એક પેન અને બોલ પેન સેટ એક ઇનામ મેળવનાર ભાઇ બહેનો —૨૬

ધો. ૧ થી ૭ સુધી ભણતાં ભાઇ-બહેનોને

પહેલું ઇનામ : ૭૦ ટકા અને તેનાથી વધારે ટકા માર્કસ મેળવનાર ભાઈ-બહેનોને સ્ટીલનો મોટી સાઈઝનો ગોળ ડબો એક પેન અને બોલપેન સેટ એક ઇનામ મેળવનાર ભાઇ-બહેનો —૨૭

બીજુ ઈનામ : ૬૦ થી ૬૯ ટકા માર્કસ મેળવનાર ભાઇ-બહેનોને સ્ટીલનો મીડીયમ સાઇઝનો ગોળ ડબો એક પેન અને બોલપેન સેટ એક ઇનામ મેળવનાર ભાઈ-બહેનો. —૩૪

ત્રીજુ ઈનામ : ૫૦ થી ૫૯ ટકા માર્કસ મેળવનાર ભાઇ-બહેનોને સ્ટીલનો નાની સાઇઝનો ગોળ ડબો એક પેન અને બોલપેન સેટ એક ઇનામ મેળવનાર ભાઈ-બહેનો. —૨૭

ઉપર મુજબ કુલ ૧૩૦ ભાઇ બહેનોને સમાજ તરફથી ઇનામો આપવામાં આવેલ હતાં.

આ ઇનામ વિતરણ સમારંભના તમામ ફોટાઓ શ્રી જેઠાભાઇ પુંજાભાઇ પટેલ સમાજના પ્રમુખ શ્રી તરફથી પડાવી અને ઇનામો લેનાર ભાઇ બહેનોને આપવાવાં આવેલ હતા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી

"ઇનામ વિતરણ સમારોહમાં પ્રથમ આવેલ બાળકો ની યાદી"

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી તરફથી તા. ૨–૧૦–૮૨ ના રોજ એક ઇનામ વિતરણ સમારોહ યોજવામાં આવેલ હતો સમારોહ નુ પ્રમુખ સ્થાન પ્રમુખ શ્રી વિશરામભાઈ હંસરાજને આપવામાં આવેલ હતું. અને બાળકોને ઇનામનુ વિતરણ, સમાજના સક્રીય કાર્ય કરી શ્રી વેલજીભાઈ દેવશીભાઈના હાથે કરવામાં આવેલ હતું. સભાનું સંચાલન સમાજના મંત્રીશ્રી "કવિ" પટેલ તરફથી કરવામાં આવેલ હતું આ સમારોહમાં કક્ષાવાર પ્રથમ ઇનામ મેળવનાર ભાઇ બહેનોનાં નામો નીચે જણાવ્યા પ્રમાણે છે.

(૧) અમૃતકુમાર વિશરામ પટેલ	(B. Com. પ્રથમ વરસ)
(૨) નરસિંહકુમાર કરસન (કવિ) પટેલ	(કક્ષા ૧૨)
(૩) ઝવેરબહેન કરસન (કવિ) પટેલ	(કક્ષા ૧૧)
(૪) દિનેશકુમાર હરદાસ પટેલ	(કક્ષા ૧૦)
(૫) લતાબહેન ધન્નારામ પટેલ	(કક્ષા ૯)
(૬) રૂક્ષમણીબહેન દયારામ પટેલ	(કક્ષા ૮)
(૭) પાર્વતીબહેન કનૈયાલાલ પટેલ	(કક્ષા ૭)
(૮) દક્ષાબહેન મંગારામ પટેલ	(કક્ષા ૬)
(૯) પરસોત્તમ સીવદાસ પટેલ	(કક્ષા ૫)
(૧૦) દિનેશકુમાર કરસન (કવિ) પટેલ	(કક્ષા ૪)
(૧૧) તરૂણાંબહેન ધન્નારામ પટેલ	(કક્ષા ૩)
(૧૨) ગૌરીબહેન હરદાસ પટેલ	(કક્ષા ૨)
(૧૩) મનોજકુમાર રતનશી પટેલ	(કક્ષા ૧)

મંત્રી :— કવિ પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, દિલ્હી

* કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી *

"નવરાત્રી મહોત્સવ"

દર વર્ષની જેમ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી તરફથી નવરાત્રીનો કાર્યક્રમ શ્રી હિરાલાલ પટેલ એન્ડ કું કિર્તિનગરમાં ઊજવવામાં આવેલ હતો આ નવરાત્રી મહોત્સવમાં સમાજના દરેક ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો દરરોજ માતાજીની આરતી અને ગરબાનો કાર્યક્રમ રાખેલ હતો આ કાર્યક્રમ તા. ૧૭-૧૦-૮૨ થી, તાં. ૨૬-૧૦-૮૨ સુધી ચાલુ હતો નવરાત્રીના કાર્યક્રમ દરમ્યાન શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના સહયોગથી શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ તથા નવચેતન મિત્ર મંડળ તરફ થી બે નાટકોનું આયોજન કરવામાં આવેલ હતું આ નાટકો નવરાત્રી દરમ્યાન સમાજ સમક્ષ ભજવી બતાવવામાં આવેલ હતા. પ્રથમ નાટક "ઇશ્વરે ઘર બદલ્યુ" બીજુ નાટક "દેશની આઝાદી" યાને "સત્યનો-વિજય" નામનાં નાટકો ભજવી બતાવવામાં આવેલ હતાં.

દશેરાના દિવસે સમાજ તરફથી સમુહ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો આ નવરાત્રી કાર્યક્રમ સમાજ તરફથી ઉજવવામાં આવેલ અને શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ તથા નવચેતન મિત્ર મંડળના સહયોગથી આ નવરાત્રી મહોત્સવ સુંદર અને સારી રીતે ઉજવવામાં આવેલ હતો અંતમાં દશેરાના દિવસે સમુહ ભોજન બાદ આ કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવેલ.

લી.

મંત્રી ક. વિ. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, દિલ્હી

કચ્છ કડવા પાટીદાર સ્ટુડન્ટ યુથ કલબ

કપડવંજ

□★□

તા. ૨૦-૧૦-૮૨ના રોજ ઉપરોક્ત સંસ્થાની જનરલ મીટીંગ મળી હતી તેમાં નક્કી કર્યા મુજબ સંસ્થાના ઉપક્રમે કપડવંજ મુકામે આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓની વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન તા. ૧૨-૧૨-૮૨ને રવિવારના રોજ કરવું, તેમાં આપણી જ્ઞાતીની કોઈપણ ટીમ ભાગ લઈ શકશે. વિજેતા તેમજ રનર્સઅપ ટીમને શીલ્ડ આપવામાં આવશે ભાગ લેવા ઇચ્છતી દરેક ટીમે મોડામાં મોડા ટીમની એન્ટ્રી ફી રુ. ૧૧ નીચેના સરનામે તા. ૫-૧૨-૮૨ સુધીમાં મોકલી આપવા વિનંતી છે. બહાર ગામની ટીમો માટે સભ્ય દીઠ જે રૂપિયા ૩-૦૦ ભરશે તે દરેક ટીમના સભ્યો માટે સંસ્થા જમવાની વ્યવસ્થા કરશે. આ માટે મોડામાં મોડા તા ૫-૧૨-૮૨ સુધી એન્ટ્રી ફી સાથે આવનાર સભ્યોની તથા સભ્ય દીઠ રૂા. ૩ એમ. ઓ. થી કે બીજી કોઇ રીતે નીચેના સરનામે મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

ટીમના સભ્યોનાં નામ તથા ફી મોકલવાનું સરનામુ
કચ્છ કડવા પાટીદાર સ્ટુડન્ટ યુથ કલબ
C/o. કેશવલાલ એમ. પટેલ (એડવોકેટ)
પાણીની ટાંકી સામે, પટેલવાડી
કપડવંજ-૩૮૭ ૬૨૦
જી. ખેડા

અહેવાલ મંત્રી
જયંતીલાલ પ્રેમજીભાઇ
હાથીપુરા

卐 કચ્છ કડવા પાટીદાર સ્વાધ્યાય પરિવારનાં મિલનો 卐


આજકાલ આપણે જોઇએ છીએ તેમ કુટુંબ જીવનમાં ત્યાગ કરતાં ભોગ, ધર્મ કરતાં ધન, સ્નેહ કરતાં સ્વાર્થ, ફરજ કરતાં હક્ક, વ્હાલ કરતાં વેર, ઈતબાર કરતાં ઈર્ષા, વધુ પ્રવર્તમાન જણાય છે. ત્યાગ અને તપ, સ્નેહ અને સહકારના પાયા પર ઉભી રહેલી કુટુંબ જીવનની ઇમારત આજે ખખડી ગઈ છે, ભાગ માટે લાકડીઓ ઉડે છે, સ્વાર્થ માટે કોર્ટ જવાય છે.

કુટુંબ છોડી માનવને સંસ્કાર અને શિક્ષણ બંને આપવા સમર્થ વિદ્યાલયો, મહાવિદ્યાલયો, વિદ્યાપીઠો તરફ નજર વાળીશું તો ત્યાંય જાણે નિષ્કામી સહીને માનવ વિદ્યાની દુકાન માંડીને બેઠેલો જણાશે. વિદ્યામંદિરો, છોડી ધર્મમંદિરો તરફ વળીએ તો ત્યાંય વેપારનો ઓળો દેખાય છે.

યંત્રયુગમાં માનવ, યંત્ર જેવો જડ, ભાવશૂન્ય, ઉત્પાદન તરફ દ્રષ્ટિવાળો, સ્વાર્થ પરાયણ અને તક સાધુ બન્યો છે. સંપત્તિ અને ઉપભોગ સિવાયની બીજી વાતમાં એને રસ નથી. બુધ્ધિમાન માનવીના લોકોપયોગી કામોના નિર્ણયો ઉપર પણ સ્વાર્થની પીંછી ફરેલી દેખાય છે, નીતિ ધર્મ, સંસ્કૃતિ, ધરાપ્રેમ સર્વે ઓસરવા માંડયાં છે ભૌતિક સમૃદ્ધિમાં જ રાષ્ટ્રની ઉન્નતિ માનતો આ માનવ રાષ્ટ્રપ્રેમ વિહોણો, દેશ બાંધવો પ્રતિ મમતા વિહોણો, રાષ્ટ્રીય ગૌરવને ઉવેખતો નજરે પડે છે. માનવ–માનવ પાસે જાય છે. જરૂર પણ શા માટે ! વોટ લેવા, નોટ લેવા કે લોટ લેવા આમ આજનો માનવ ક્યાં તો નેતા છે, ક્યાં તો ધનિક છે. ક્યાં તો લાચાર ભિખારી છે.

આવા સંજોગોમાં તત્વજ્ઞાન વિદ્યાપીઠ, થાણાના તત્વચિંતક પ. પુ. પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી (પૂ દાદા)ની પ્રેરણાથી બુદ્ધિ–ભક્તની પ્રક્રીયા દ્વારા સમાજ જીવનને સ્વસ્થ બનાવવા વિચાર વહેણ બદલાવવા ભાવ સીંચવા માર્ગે આગળ વધવા સ્વાધ્યાય પરિવારનાં ભાઇ બહેનો હજારોની સંખ્યામાં ભક્તિના દ્રષ્ટિ કોણથી કોઈ કુ કોઈ માનવ માનવને મળવા જતાં થયેલાં છે ત્યારે આપણા શ્રી પાટીદાર ભાઈ–બહેનો પણ મિલન દ્વારા પ્રભુ પ્રેમને હૃદયમાં રાખી કાળના પડકારની ઝીલીએ અને કાળના પેટમાં તેને દફનાવી દઇએ. વિચાર વહેણ બદલ દ્વારા સમાજનું નવનિર્માણ કરીએ. અત્યાર સુધીમાં આપણા સમાજમાં યોજનાર ૬૦ મિલનોમાંથી પાંચ, કચ્છમાં, અગિયાર ગુજરાતમાં તેમજ, નાગપુર, રાજનાંદગાંવ, જબલપુર, કલકત્તા, આસનસોલ, બાલાઘાટ, વિશાખાપટ્ટમ, જગદલપુર, રાયપુર એમ નવ મિલનો વિવિધ પ્રાંતોમાં મળી પચ્ચીસ મિલનો પુરાં થયાં છે બાકીનાં ૩૫ મિલનોનું નવા વરસમાં આયોજન કરી યોજવાનું નક્કી થયેલ છે.

સમાજની પુનર્રચના અને પુનર્ઘટના કરવા માટે પ્રભુકાર્યના સૈનિક થઇ જીવન સહીદ કરીએ તો આપણો સેનાપતિ યોગેશ્વર શ્રીકૃષ્ણ છે તેની સ્વધર્મ પ્રેરક ગીતા હાથમાં લઇ, હૈયામાં રાખી નરવીર અર્જુનની જેમ "કરિષ્યે વચન તવ" । કહેવાની યોગેશ્વર [illegible] [illegible] આપે એજ [illegible].



સમય અને
મહેનત
બચાવો *

પોકાર

નું
ઇલેકટ્રીક પાવરથી
ચાલતું

છાસ

બનાવવા
માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

—: વિક્રતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઈન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેકટ્રીકલ્સ મોડાસા

ઉત્પાદક : મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન

લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ-૩૮૦ ૦૨૩



અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
રીલીફ રોડ, અમદાવાદ-૧

"GARUD" Phone : P. P. 351024

ગરુડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬





આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેબર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ

સો મશીનના મદ્રાસ ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.


સૉ મીલ માલીકો માટે
ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઑટોમેટીક
બેન્ડસૉ બ્લેડ
શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહે છે. અને બેન્ડસૉ બ્લેડ ચાલે છે
● ઝડપી અને ચોકસાઈદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઈપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
UE
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્ક્સ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઈવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સૉ એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.



સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ
મે. કિશાન ટ્રેડર્સ., એસ ટી ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ. હિંમતનગર.
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર.

JAGRUTI NOVEMBER-'82 Reg. No. GHMR/5

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

Book - Post

To,

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ.)

વર્ષ : ૨૪ ડીસેમ્બર–૧૯૮૨

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧) પરદેશમાં રૂ. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc
તલોદ.

શ્રી અરજણભાઈ વી. પટેલ, એદલપુરાકંપા



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

●

જન્મ :	**સ્વર્ગવાસ :**
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચૌદશ

÷ અનુક્રમણિકા ÷

★

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા

સ્વ. ગુરુ મહારાજ શ્રી ઓધવરામજીની પૂણ્યતિથી આગામી તા. ૨૬-૧-૮૩ના રોજ ઉપરોકત સમાજના પ્રાંગણમાં ભવ્ય રીતે ઉજવવામાં આવશે.

સદર પ્રસંગે શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ; સપ્ત સરોવર, હરિદ્વારનું સંચાલન કરનાર સ્વ. શ્રી ઓધવરામજી મહારાજના શિષ્ય પ. પૂ. શ્રી વાલદાસજી મહારાજ આશીર્વાદ આપવા ઉપસ્થિત રહેશે.

તંત્રી સ્થાનેથી

શિક્ષણ નિષ્પ્રાણ બની રહ્યું છે ....

પ્રાચીન ભારતમાં શિક્ષણકાર્ય રાજકર્તાઓથી સ્વતંત્ર રીતે થતું શિક્ષણ કાર્યને રાજ્ય આશ્રય તથા મદદ આપતું પણ શિક્ષણ વ્યવસ્થામાં રાજ્ય કોઈપણ હસ્તક્ષેપ કરતું નહિ. શિક્ષણ કાર્ય ઉપર જનતાનો અંકુશ હતો આ અંકુશમાં જ પ્રજાનું શિક્ષણ રહેલું છે.

આના સંદર્ભમાં જ ગાંધીજીએ કહ્યું હતું કે " શિક્ષણની ધુરા પ્રજા પાસે હશે તોજ લોકો પોતાના બાળકોના શિક્ષણ વિષે આસ્થાવાન બનશે. તે વિશે જવાબદાર થશે " આ સંદર્ભમાં તેમણે સર્વ રીતે સ્વતંત્ર એવી ગુજરાત વિદ્યાપીઠનું નિર્માણ કર્યું.

પૂ. વિનોબાજીએ પણ કહ્યું છે કે "દેશમાં ન્યાયતંત્રની માફક શિક્ષણને પણ સ્વતંત્ર બનાવવું જોઇએ. શિક્ષણ ઉપર સરકારી અસર અને અંકુશનો શક્ય એટલી વહેલી તકે અંત આવવો જોઈએ. આ

કરવામાં નહિ આવે તો તે લોકશાહી માટે ખુબ ગંભીર બનશે"

દી પછી આબાદી વધી સાથે સાથે ઘણા બધા પ્રશ્નો ઉદભવ્યા. કેળવણી લક્ષી પ્રશ્નો પરત્વે સમાજ અને સરકાર નિષ્ક્રિય રહ્યાં અને શિક્ષણક્ષેત્રે અધોગતિ સધાઈ સમાજના ઉત્થાન માટે સમાજ ની એકતા માટે શિક્ષણજ એક માત્ર શસ્ત્ર છે જેની ધાર બુઠી થઈ ગઈ છે

શિક્ષણ પધ્ધતિમાં થતા ફેરફારો આપણી ઉગતી પેઢી ઉપર બોજ સમાન છે અંગ્રેજી દ્વારા શિક્ષણ અથવા તો માતૃભાષામાં શિક્ષણ આવા મુદ્દાઓ ઉપર શિક્ષણ શાસ્ત્રીઓ સમાજમાં લાઠીચાર્જ ચલાવતા રહયા છે શિક્ષણ કેવી રીતે પીરસવું એ પ્રશ્ન ઉપર ચર્ચા કરતાં કરતાં આપણે કેટલીયે પેઢીઓને શિક્ષણ પીરસ્યા વગરજ ઊભી કરી દીધી છે.

પરિણામે વિદ્યાર્થીઓમાં અશિસ્ત અને અજંપાનું વાતાવરણ જોવા મળે છે. હડતાલ અને ભાંગફોડની પ્રવૃતિઓ વધી છે શિક્ષણ માટે વિદ્યાર્થીઆલમમાં અરૂચિ પ્રાતત થાય છે. પરીક્ષાનો કોઇ ઝાઝો અર્થ રહે તો નથી તેનાથી કોઈ અર્થ પણ સરતો નથી વિદ્યાર્થીઓ નહિ ઘરના કે ઘાટના થઈ ગયા છે

આવી વિષમ પરિસ્થિતિમાં આપણે આપણી આવતી કાલની પેઢી માટે ચિંતિત થઇએ તો ? ઋષિઓએ ચિંધેલા માર્ગે શિક્ષણ મેળવવાનો અને પીરસવાનો સમય પાકી ગયો છે. આ દિશામાં ભરાયેલું એકાદ પગલું પણ આખા સમાજ માટે દીવાદાંડી સમાન બનશે. શિક્ષણના પુનઃરુત્થાનમાં પાયાનો પત્થર બનીને સમાજને સાચી દિશામાં દોરી જવાનો સહિયારા પ્રયત્નમાં લાગ જવાનો સમય પાકી ગયો છે.

— અસ્તુ

અમારો અજંટા ઈલોરા પ્રવાસ

તા. ૨૦-૧૧-૮૨ થી ૨૯-૧૧-૮૨

★

ધનસુરા કન્યા છાત્રાલય

જેની આંખોમાં જ જિજ્ઞાસા છે એ તો રણમાં પણ સૌંદર્ય નીરખી શકે છે પણ જયાંનું સૌંદય જ નીરખની પણ આંખોને ઊડીને વળગે એવું હોય એવી ભૂમિનો પ્રવાસ કરવાનું સદ્ભાગ્ય ભગવાને અમને આપ્યું.

વડીલોના આશીર્વાદ અને ઉમીયા માતાના જયજયકાર વચ્ચે શનિવારે ૧-૦૦ વાગે સવારે પ્રવાસનો આરંભ થયો. પ્રવાસનું પ્રથમ સ્થળ કાકડ પાર બંધ અને સ્થાનેશ્વર મહાદેવ તાપીના મથાળે આવેલાં સ્થળો અને બોટોનિકલ ગાર્ડન ખૂબજ રમણીય છે. ત્યાંથી ઊકાઇ, ઊકાઇનો બંધ તાપી ઉપર ૬, કિ મી નું સરોવર ધરાવે છે. પાણીની ઊંડાઇ ૨૬૩ ફુટ વીજળી ક્ષમતા મેગાવોટ ૩૦૦ ઉકાઇનાં સરોવરમાં બોટીંગ કરવાની ખુબજ મજા આવી ત્યાંથી લાંબો પ્રવાસ બેડી પ્યારા સોનગઢ થઇ ધૂળિયા આપણી જ્ઞાતિના ભાઇઓ અંબિકા સો મિલ વિ. ખૂબજ ભાવથી ઉતારો આપ્યો સવારે નહાવા ધોવાની ચા નાસ્તાની સગવડ પણ આપી ત્યાંથી ચાસીસગાંવ થઇ વેરલ આવ્યા અને બાર જયોતંલીગ માંનુ એક એવા ધૃષ્ણેશ્વર મહાદેવનાં ભાવથી દર્શન કર્યાં અને નજદિકમાં આવેલી ઈલોરાની કૈલાસ તથા બૌધ્ધ ગુફાઓનાં કલાત્મક દર્શન કર્યા ૨૦૦૦ વર્ષ પૂરાણી ઉપરથી નીચે તરફ કોતરેલી ચાર ચાર માળની ગુફાઓ જોઇને તત્કાલીન શિલ્પકારોને વદન કરવાનું મન થાય. ત્યાંથી દોલતબાદ થઇને ઔરંગાબાદમાં વિષ્ણુ સો મિલ અને પટેલ સો મિલના વડીલોનાં મહેમાન બન્યાં રંગોળી પૂરી અમારુ સ્વાગત કર્યું

બીજે દિવસે ત્યાંનાં ભાઇ-બહેનો સાથે અજંટાની ગુફાઓ જોઇ ત્યાંનાં ચિત્રો રંગો અને શિલ્પ જોઇને માથુજ કામ ન કરે સાંજે પવનચક્કી અને તાજમહાલ ઇમીટેશન જોયાં. રાત્રે સૌ સાથે રાસદાંડીયા રમવાની ખુબ મજા આવી.

ઔરંગાબાદથી સવારે નીકળી શીરડીના સાંઇબાબાનાં ભાવથી દર્શન કર્યાં આરતીમાં ભાગ લીધો અને સાંઇપ્રસાદ જઇ નાસિક જવા ઉપડયા નાસિકમાં પણ મુકતધામ, ભકિતધામ અક્ષર ધામનાં દર્શન કર્યા. ત્ર્યંબકેશ્વરનાં ખૂબજ શ્રધ્ધા-ભાવથી દર્શન કર્યા. નાસિકના વડીલોએ ખુબજ પ્રેમથી જમાડી અમને પૂના જવા માટે વિદાય આપી

પૂના શહેરમાં આ રસબાગ આગાખાન મહેલ કસ્તુરબાસ્મૃતિ અ.બંદીનું જ્ઞાનેશ્વર મંદિર વિ. જોયાં જલારામ પ્રસાદ લીધો અહીંની બહેનોએ ખુબ ભાવથી અમને સહકાર આપ્યો અને બધીજ માહિતી આપી.

ખુબ ઠંડીને કારણે અમે મહાબળેશ્વર રદ કર્યું અને પુનાથી ચિંચવડ–પીમ્પ્રી થઈ મુંબઇ જવા રવાના થયાં.

પૂનામાં નીલકમલ અને પિમ્પરીમાં 'ચોરી મેરા કામ' વીડીઓ પર જોયાં, મુંબઇ જતાં રસ્તામાં લોનાવલા અને ખંડાલા અને મજાનાં સ્થળો જોયાં. ભયંકર ચઢાવ ઢોળાવ અને આંટીઘુંટી વાળા રસ્તાઓ, ઠંડુ હવામાન અને સોળે કળાએ ખીલેલી કુદરત કાયમી અસર મૂકતાં ગયાં બપોરે મહામોહમયી નગરી મુંબઇમાં

રાણીબાગ, નહેરૂપાર્ક, ગેટવે ઓફ ઇન્ડીયા, જહાંગીર અર્ટ ગેલેરી, જુહુ-બીચ એકવેરીયમ, ઇસ્કોન મંદિર, એરોડ્રામ વિ. સ્થળોની મુલાકાત લીધી. એશિયાડની નૌકાસ્પર્ધા પણ એજ દિવસે ત્યાં જ હતી. મોટાભાગની ખરીદી મુબઇમાં પતાવી બીજે દિવસે સુરત તરફ રવાના.

સુરતમાં રિવોલ્વીંગ હોટલ ટેક્ષ્પ્લાઝા તથા અંબિકા માતાનાં દર્શન કર્યા. વડોદરામાં કમાટિ બાગ અને સિલસિલા પિકચર જોયું. ભગવતી સો મિલના સામજીબાપાએ ખુબ પ્રેમથી સ્વાગત કરી અમોને અને ટાઇમ જમાડયાં અને દરેક બેનને એક એક રૂપિયો હાથમાં આપ્યો. એનો પ્રત્યેની આટલી ભાવના હૃદયને ભીનું બનાવે છે.

ડાકોરના રણછોડરાયનાં દર્શન કરી ૨૯મીની સોમવારે સાંજે ધનસુરા પાછા આવ્યા સમગ્ર પ્રવાસ સુખમય અને આનંદદાયક રહ્યો. બધાયની તબિયત તંદુરસ્ત રહી.

પૂ. મનજીબાપા અને વાડીભાઇએ પ્રવાસને સજીવન બનાવી દીધો અને વાતાવરણને હસતુ રાખવાનો પ્રયત્ન કર્યો. અમારા નસીબે ડ્રાઇવર કંડકટર પણ સારા હતા. નરેન્દ્રભાઈ અને ડૉ હરિલાલના પ્રયત્નોને બિરદાવવાજ રહ્યા. સમગ્ર સમય દરમિયાન પ્રવાસના ટાયટલ ગીતની જેમ તેઓ ધબકતા જ રહ્યા.

પ્રવાસ જીંદગીભર હૃદયમાં અંકાયેલો રહેશે 'સહનો ભગ્તુ' ની ભાવના સાથે બધીજ બહેનોએ સાથે મજા માણી છે તે કેમ ભુલાય ? ભગવાન ફરીથી આવા પ્રવાસોમાં જવા માટનું સદ્ભાગ્ય સાંપડે અને ફરીથી એ દ્વાદશ જયોતિર્લિંગોનાં દર્શન કરીએ એજ પ્રાર્થના.

—અસ્તુ

—ઉર્મિલા ડી પટેલ

—સુશીલા સી પટેલ

* પ્રેરણા *

નટવરલાલ કે. પટેલ
S.Y Bcom
રૂપાલકંપા

વર્ષાઋતુમાં પવિત્ર એવા શ્રાવણ માસમાં ઘણા મનુષ્યો દેવોની અર્ચના પુજા કરતા હોય છે. કારણ કે માનવી એમ માને છે કે શ્રાવણ માસ કે એ પવિત્ર શ્રાવણ માસ એ પવિત્ર મહીનો ગણવામાં આવે છે અને તે મહીના માં જેટલી ભગવાનની પ્રાર્થના કરીએ તેટલું ફળ વધુ મળે એવી માન્યતા લોકો માં છે હકીકત સાચી હશે પરંતુ આપણે ફકત શ્રાવણ માસ સુધીમાં નહિ પરંતુ આપણા જીવનનો અંત આવે ત્યાં સુધી આપણે સદાને માટે ભગવાનના સાનિધ્યમાં રહેવું જોઇએ.

રામાયણ મહાભારત અને ગીતા જેવા પવિત્ર ગ્રંથોમાંથી આપણને પ્રેરણાત્મક બોધ પાઠ મળી રહે છે પરંતુ માનવી તે સત્ય ને સમજવા કોશિષ નથી કરતો તે આળસુ જીવન જીવે છે. પરીણામે તેનામાં વધુને વધુ વિકૃતિઓ પેદા થય છે.

કોઇને પૂછીએ કે "લોઢાનો રંગ કેવો" તો જવાબ આપશે. કે "કાળો" પણ જે ખેડુત હશે તે જવાબ આપશે તે લોઢાનો રંગતો ચાંદી જેવો શ્વેત હોય છે. જે કાળો રંગ છે તે તો લોઢાની વિકૃતિ છે મૂળ લોઢા ઉપર લાગેલા કાટને લઇને તે કાળુ દેખાવ છે. પરંતુ લોઢું જ્યારે ઘસાય છે ત્યારે ચાંદી જેવું ચમકે છે. ઘસાયેલું લોઢું માત્ર ચાંદી જેવુ ચમકતું નથી, પણ રેશમ જેવું સુવાળું પણ હોય છે પરંતુ જે ઘસાતુ નથી તે લોખંડ કાળું અને ખરબચડું હોય છે

માનવ જીવનનું પણ આવું છે. માણસ મહેનત અને પરિશ્રમ કરે તો પરસેવો પાડેલા ધન વડે તેનું જીવન ઉજળુ બને છે. પરંતુ આળસ અને પ્રમાદ કરે અને વગર મહેનતે પૈસા કમાવાની ઇચ્છા રાખે તો કાટ ચડેલા લોખંડ જેવું જીવન પણ કળુ દેખાય વધુમાં જે લોખંડ ઘસાતું નથી, તેના ઉપર કાટની પોપડી બનીને ઉખડી જાય છે અને જીર્ણ બને છે. તે રીતે પ્રમાદી અને આળસૂ જીવન શારીરિક અને માનસિક રોગોથી ગ્રસ્ત બની જીર્ણ બની નાશ પામે છે

આપણે લોખંડની જેમ ઘસાઇને ઉજ્જવળ બનીએ તેટલું પૂરતું નથી. મહાપુરૂષોને આપણે યાદ કરીએ છીએ કારણ કે તેઓ બીજાને માટે ઘસાઇ ગયા પોતાના સ્વાર્થ માટે નહી બીજાને માટે ઘસાઇએ તેને "યજ્ઞ" કહેવાય આવા "યજ્ઞ"ના ફળથી જ સમાજ ટકે અને સંસ્કૃતિ ઉભી થય બીજાને માટે ઘસાઇને જીવનને ઉજ્જવળ બનાવવાની પ્રેરણા આપણને લોઢા પાસેથી મળે છે. જો આપણી યતકિંચત સ્વીકારવાની તૈયારી હોય તો !

આ રીતે આપણને દરેક વસ્તુમાંથી પ્રેરણા તે. મળી જ રહે છે પરંતુ આપણે સમજી શકવા મટે અસમર્થ છીએ આપણે સત્ય સમજવા માટે પ્રયત્નો કરવા જોઇએ તો જ આપણે રામ અને કૃષ્ણ જેવા અવતારી પુરૂષો જેવું જીવન જીવી શકીએ

જય યોગેશ્વર

"ઘુંઘટ ઊઘાડા થઇ ગયા"

કવિ પટેલ (ન્યુ દિલ્હી)

મા-બાપના કીધેલ સગપણ, ના મજુંર સર્વે થઈ ગયા.
છુટા છેડાની મ્હોંકાણમાં, ઘર ઊઘાડા રહી ગયા
સવાર નું શીરામણ ને, સાંજના વાળુ વહી ગયા,
મહેમાનનું મન મનાવવા, ઘર ઘરમાં ચા-પાણી થઈ ગયા.
માતાના દુધના ગુણો, સર્વત્ર ભૂલાઇ ગયા,
બાળકોના મન મનાવવા, પાવડર ના દુધ થઈ ગયા.
"ઘરનું ઢાંકણ નાર," કહેવાના શબ્દો રહી ગયા,
લવ મેરેજની મ્હોંકાણમાં, ઘુંઘટ ઊઘાડા થઇ ગયા
મા-બાપ પ્રભુની સેવા કરવામાં, લજ્જા સૌ અનુભવી રહ્યા,
નટ-નટીઓના દર્શન થતાં, પાવન સર્વે થઇ ગયા.
M. A. B. A. ની ડીગ્રીઓ, મેળવતા સૌ થઈ ગયા,
પહેલી ના પાડા બોલતાં, વિદ્યાર્થી સૌ શરમાઇ ગયા.
માનો યા ન માનો પણ, કવિ કહેવાનું હતું તે કહી ગયો,
દીકરો પરણાવી "લાડી" લાવતાં, મા બાપથી ન્યારો થઈ ગયો.

રત્નકંકણ

★ કુદરતનો વાંક કાઢવો ઘણો સહેલો છે. કેમ કે કુદરત સામો જવાબ કયાંથી આપી શકવાની છે ?

★ દયા પૂછે છે, " તું કોણ છે ? કેમ બોલતી નથી ? આંસુવાળી આંખે જવાબ મળે છે. મારી કૃતજ્ઞતા.

★ ભક્તિ ખાલી હાથે હસતાં હસતા આવે છે. તેને જોઇ અતિભક્તિ પૂછે છે ? બતાવ જોઉં તને શું મળ્યું ? ભક્તિએ કહ્યું જે પ્રાપ્ત થાય છે તે તો મનમાં પ્રાપ્ત થાય છે બતાવી શી રીતે શકું ?

જવાબમાં અતિભક્તિ બોલી, હું મને તો બધું હાથોહાથ મળે છે.

★ રથયાત્રા નીકળી છે. લાખો માનવીઓ શરીરને લંબાવીને પ્રણામ કરી રહયા છે. આથી રસ્તો મનમાં વિચાર કરે છે કે માનવીઓ મારી પૂજા કરી રહયા છે. રથ વિચારે છે. કે આ માનવસમુદાય મને જ નમસ્કાર કરી રહયો છે તો વળી રથમાં મુકાયેલી મૂર્તિ વિચારે છે કે આ બધી માનવ દોડધામ તો મારા માટે જ છે.

આ બધુ જોઇને ઉપર બેઠેલો પ્રભુ ખડખડાટ હસી રહયો છે.

★ મહાભારતના ગ્રંથમાં એક કીડો ભરાઇ ગયો પુસ્તકની બન્ને બાજુ તેણે કોરી ખાધી પોથી ઉઘાડી જોતાં પંડિતે માથું પટકયું અરે કીડા તે આ કર્યું શું ? તારા દાંત તીક્ષ્ણ બને અને તારૂં પેટ ભરાય તેવો ખોરાક ધૂળમાં કયાં કીંમતી છે ?

★ કીડાએ શાંતિથી જવાબ આપ્યો. અરે ? એમાં થઇ શું ગયું ! આટલા રોષે શા માટે ભરાઓ છો ? તમારી પોથીમાં હતું જ શું ? માત્ર કાળા ડાઘ સિવાય હું જેને નથી સમજી શકતો તેને હું રાખ સમજું છું અને મૂળથી જ તેને કોતરીને તેનો નાશ કરી નાખું છું.

★ જે ખરેખર આપવા જેવું હોય છે તે જ આપણાથી આપી દેવાતું નથી.

★ આગ જલતી હોય ત્યારે જ પતંગિયાં મરવા જાય છે.

★ નવું જન્મતું દરેક બાળક સુચવે છે કે પ્રભુ માનવ જાતથી હજુ નિરાશ થયો નથી.

★ પારકી વ્યકિત ભાઈની રીતે વ્યવહાર જાળવે પણ સગો ભાઇ જ કેવળ ભાઇની રીતે વ્યવહાર રાખે નહિં

★ મરણ પછી માણસને બાળવા માટે ત્રણ હાથ જમીન જોઇએ એટલું મળશે તો પુરંતુ છે.

અવનવું *

સંકલન :—
પટેલ નરસંહભાઇ મુળજીભાઇ
તખતગઢ

અમેરિકામાં રેનો અને લાસ-વેગાસમાં બંને ઠેકાણે છૂટાછેડા સહેલાઇથી મળે છે. ત્યાં છૂટાછેડા મેળવનારાઓની લાઈન લાગે છે. લાગવેગાસના ધર્મગુરુ પાસે એ મંત્રો છે હેપી ડિવોર્સ અને હેપી વેડીંગ'

મેલબોર્નમાં ૧૮ મહિનાની બાળકી ૧ ફૂટ લાંબા ઝેરી સાપને બચકાં ભરીને મારી નાખ્યો. આ મા-બાપ દશ્ય જોઇને ગભરાઇ ગયા છતાં બાળકી બચી ગઇ.

સ્વીડનમાં દર વરસે કુલ રાષ્ટ્રીય સંપતિનો ૪૮ ટકા જેટલો હિસ્સો ત્યાંની પ્રજા સરકારને કરવેરા મારફતે ભરે છે તેમજ પેન્શન ફંડમાં ભરે છે.

૩૦ લાખ શબ્દો અને ૨,૨૦૦૦૦ ચરણો ધરાવતું મહાભારતએ દુનિયામાં સૌથી લાંબુ કાવ્ય છે. જે વલ્લભ વ્યાસ રચિત છે.

કેન્યાના મુસ્લિમ આફ્રિકન મુરતિયા માટે એક કુંવારી કન્યા મેળવવી હોયતો ૩૦,૦૦૦ થી ૭૦,૦૦૦ સુધી રૂપિયા ચુકવવા પડે છે. આ પ્રથાને કારણે ઘણા ગરીબ પુરૂષો જીંદગીભર કુંવારાં રહે છે.

રસિયામાં દર વીસ માણસે એક ફોન છે મોટા ભાગના ફોન શહેરમાં છે. અમેરિકામાં ૯૫ કુટુંબોમાં ફોન છે ત્યાં દર ત્રણ માણસે એક ફોન છે? મોસ્કો શહેરમાં દશ લાખ ટેલિફોન છે. ત્યાં ટેલફોન ડીરેક્ટરીઓ છપાઇ તેની સંખ્યા પચાસ હજારની હતી.

ભારત પાસેથી અમેરિકા અઢી હજાર ટનથી વધુ વજનના દેડકાંના પગ ખરીદે છે. હડિયામણ મળે છે. સાડા-ત્રણ કરોડ રૂપિયા.

ઈ. સ. ૧૯૪૮માં પહેલીવાર લંડનમાં અપંગોની રાષ્ટ્રિય રમતોનું આયોજન થયું તેમાં મોટા ભાગના ખેલાડીઓ સૈનિકો હતા. ત્યાર પછી દર વર્ષે જુદે જુદે સ્થળે અપંગોની રમતગમત યોજાતી રહી.

અફઘાનિસ્તાનનું જુનું નામ "દૌલત-ઇ-શાહ અફઘાનિસ્તાન" છે. અફઘાનિસ્તાનના રાજકીય સીમાડા પણ રસપ્રદ છે. તેની એકે પહાડી પટી કાશ્મીરની ઉત્તરે થોડા માઇલમાં સિકિયાંગ ચીનને અડે છે. પૂર્વે અને દક્ષિણે પાકિસ્તાન છે, અને પશ્ચિમે ઇરાન છે. અને ઉત્તરે સોવિયેટ સંઘ છે આમ બધી બાજુથી બળવાન દેશોથી ઘેરાયેલો દેશ અફઘાનિસ્તાન છે.

—જયહિન્દ

સુક્ષ્મ દર્શનીય-

અર્ચના પટેલ ધનસુરા

☐ ફ્‌જીઅન દ્રિપ સમૂહના કેટલાક ટાપુઓ બિલાડીના ટોપ જેવા આકારના હોવાથી ત્યાં જઇ શકાતું નથી

☐ ઓસ્ટ્રેલિયાના સાયકલીસ્ટ હ્યુબર્ટ ઓપરમેને ચોવીસ કલાકમાં ૮૬૦ માઇલને ૩૬૭ વારની સાયકલ ઉપર મુસાફરી કરી હતી. આ મુસાફરી કલાકના ૩૬ માઇલની સરેરાશે કરી હતી.

☐ વિશ્વનો ચોથા નંબરનો સૌથી મોટો હીરો દરિયાએ નુર જેને ૧૮૦ પાસાઓ છે• તે હાલ મોસ્કોના સંગ્રહ સ્થાનમાં સૈકાઓથી સંગ્રહી રાખવામાં આવેલો છે.

☐ અમેરિકાનો પ્રત્યેક પુખ્ત વયનો દશમો નાગરિક બેકાર છે.

☐ ઇટાલીના એમેલીઆ ગામની ૨૮૦૦ ફૂટ લાંબી દીવાલના ચણતરમાં સીમેન્ટ કે બીજો કોઇ પદાર્થ વપરાયો નથી છતાં ૩૪૦૦ વર્ષથી એ દીવાલ અડીખમ રીતે ઉભી છે.

☐ જે કાગળ પર હર ઇમ્પીઅલ મેજેસ્ટ્રી શબ્દો ન લખાયા હોય તેવા કાગળો ફેંકવાની કેથેરાઇન ધી ગ્રેટ સાફ ના પાડતી હતી

☐ હવાઇ ટાપુ પરના ફ્રીગેટ પક્ષીની પાંખોનીકુલ લંબાઈ સાત ફુટ જેટલી હોય છે.

☐ મુરીસ સુલતાન અલ હકીમ બીજાની પ્રશસ્તીમાં ફક્ત એક જ ગીત લખવા માટે જેને સેવીલનો મુખ્ય ન્યાયાધીશ બનાવવામાં આવેલો આ આરબ કવિ અને ઇતિહાસકાર અા ઝુમેંદીએ કોર્ટના બધા ફેસલાઓ કાવ્યમાં જ આપ્યા હતાં.

☐ આફ્રિકાની કેટલીક માછલીઓ ખોરાકની શોધમાં પાણીમાંથી બહાર નીકળીને જમીન ઉપર ફરવા નીકળી પડે છે.

☐ પશ્ચિમ વર્જીનીઆના એક મંત્રીએ પોતાના ખભા ઉપર ચાલીસ રતલના વજનના પુસ્તકો ઊંચકીને રીચવુડ સુધીની ચાલીસ માઇલની મુસાફરી એક જ દિવસમાં પુરી કરી હતી

☐ સીવીલ વોર દરમિયાન શિકાગોના એક વહેપારીએ સૂચન કરેલુ કે લડાઇના મેદાનમાં ડેરા તાણીને પડેલા સૈનિકોના પારસલો એમને પોસ્ટ ખાતા દ્વારા પહોંચાડવા જોઇએ ને ત્યારથી પોસ્ટ પાર્સલ સેવાની શરૂઆત થયેલી છે.

☐ પેસિફીક મહાસાગરમાં આવેલા કુક ટાપુઓની રાણી માકેઆ છ ફુટ ચાર ઇંચ ઊંચી હતી.

☐ કેલીફોર્નિઆના રીવર સાઇડના વનની જેમ્સ પી ગ્લાસ નામના માણસે પ્રદર્શનમાં ચલાવવા માટે એક દશ ફુટ ઉંચી ટ્રાયસીકલ બનાવી હતી.

એશિયાડ રમતોત્સવમાં ભારતે સાધેલી પ્રગતિ

મુકેશ પટેલ વડોદરા

નવમા એશિયાઇ રમતો ત્સવમાં ભારતે ગોલ્ફ અને ઘોડદોડ માં સર્વોચ્ચ સ્થાન મેળવ્યું છે. જ્યારે એથલેટિક્સમાં ૫૭ માંથી ૨૧ ચંદ્રકો મેળવીને જાપાન અને ચીન આગળ રહયાં હતાં.

જો કે વારતવમાં ભારતને એથલેટિકસ ગોલ્ફ અને ઘોડદોડમાં જ કુલ ૧૩ માંથી નવ સુવર્ણચદ્રકો હતા.

આ રમતોત્સવમાં ભારતના ૫૭ ચંદ્રકો મેળવ્યા હતા, આ અગાઉ ૧૯૫૧ માં ભારતે ૫૨ ચંદ્રકો મેળવ્યાં હતાં

બીજા નંબરે બોકસીંગમાં ભારતે સૌથી વધુ છ ચંદ્રકો, સુવર્ણ અને રજત સહિત મેળવ્યા હતા. ઘે ડદોડમાં અને બેડમીંગ્ટનમાં ભારતે બધાજ કાંસ્ય ચંદ્રક મેળવ્યા હતા.

હોકીમાં ભારતીય મહીલાઓએ સર્વોચ્ચસ્થાને રહી સુવર્ણચદ્રક મેળવ્યો હતો. જ્યારે પુરુષ ટીમનો પાકિસ્તાન સામે પરાજય થતાં રજતચંદ્રક મળ્યો હતો.

ભારતે મેળવેલ ચંદ્રકો

	સુવર્ણ	રજત	કાંસ્ય	કુલ
એથલેટિક્સ	૪	૯	૮	૨૧
બોકસિંગ	૧	૨	૩	૬
ઘોડદોડ	૩	૧	૧	૫
બેડમિંગ્ટન	—	—	૫	૫
કુસ્તી	૧	૧	૨	૪
હોડી સ્પર્ધા	૧	૧	૧	૩
ગોલ્ફ	૨	૧	—	૩
શુટીંગ	—	૨	૧	૩
વેઇટલીફ્ટીંગ	—	—	૨	૨
મહિલા હોકી	૧	—	—	૧
હોકી–પુરુષો	—	૧	—	૧
ટેનિસ	—	૧	—	૧
વોટરપોલો	—	—	૧	૧
હલે સાંવાળી હોડી સ્પર્ધા	–	—	૧	૧
કુલ....	૧૩	૧૯	૨૫	૫૭

અમૃત વચન

[illegible] એ. પટેલ તખતગઢ

સંઘ સ્થાપક પ. પૂ ડૉ. હેડગેવારજી એ ભારતીય ઇતિહાસનો અભ્યાસ કરીને એવું તારવ્યું કે જ્યાં સુધી સંત મહાત્માના પ્રયાસોથી લોકોમાં ભવ્યતા, ઉજ્જવળતા નિર્માણ થતી રહી સમાજ રાજ્યાશ્રિત રહેવાને બદલે સંસ્કારી લોકો પર આધારિત રહયો. ત્યાં સુધી રાષ્ટ્ર પણ ભવ્ય અને દિવ્ય રહ્યું પણ કાળક્રમે લોકોમાં ક્ષુદ્રતા અને સ્વાર્થ આવવાથી કરોડોની જનસંખ્યા અને અમૂલ્ય શૌર્ય હોવા છતાં આપણો દેશ મુઠીભર આક્રમકો સામે ઝૂકી ગયો.

આપણું શૌર્ય આક્રમકોની સેવામાં સમર્પિત થઇ ગયું. આ પરિસ્થિતિ બદલવાનો નિશ્ચય કરીને ડૉ. સાહેબે '૫૬ વર્ષ' પહેલાં સંઘ કાર્યનો પાયો નાખ્યો. ✱ ભારત માતાકી જય

નવચેતન યુવક મંડળ—શેરાપુરા

ઉપરોકત મંડળના ૨૬ સભ્યોની હાજરીમાં તા. ૧૫-૧૧-૮૨ના સાંજે શેરપુરા સમાજ મંદિરમાં ૮-૩૦ કલાકે મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવી હતી. તેમાં ગયા વર્ષના હિસાબ અને આવતા વર્ષનાં કરવાનાં કાર્યોની ચર્ચા ઉપરાંત ૧૯૮૨ એપ્રિલમાં લેવાયેલ પરીક્ષાઓમાં વધુ માર્કસ સાથે ઉત્તીર્ણ થનાર પ્રથમ ત્રણ ગામના વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવેલ. અને નીચે પ્રમાણે નવા વર્ષના હોદ્દેદારોની નિમણુક સર્વસંમતિએ કરેલ.

પ્રમુખ :—	શ્રી અંબાલાલ લવાભાઇ પટેલ
ઉપપ્રમુખ :—	શ્રી જીવરાજભાઈ દેવસીભાઇ પટેલ
"	શ્રી શાંતિલાલ વાલજીભાઇ પટેલ
મંત્રી :—	શ્રી પરસોત્તમભાઇ ખેતાભાઇ પટેલ
સહમંત્રી :—	શ્રી ડાહ્યાભાઇ શામજીભાઇ પટેલ
સલાહકાર :—	શ્રી વાલજીભાઇ મનજીભાઇ પટેલ
"	શ્રી જયંતિલાલ દેવસીભાઇ પટેલ
લાયબ્રેરીયન :—	શ્રી ચિમનલાલ શામજીભાઇ પટેલ

તથા નવ સભ્યોની કારોબારી તરીકે નિમણૂંક કરેલ હતી.

મંત્રી
પટેલ પરસોત્તમદાસ ખેતાભાઇ

'અભિનંદન કણિકાઓ'

પટેલ ડાહ્યાલાલ એન.
S.Y.D.E. (CIVIL)
બોરાયાટીંબાકંપા.

નવા વર્ષે સૌ પોતાના સગા સ્નેહીઓને, મિત્રોને અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવે છે. આ શુભેચ્છાઓ નૂતનવર્ષાભિનંદન કાર્ડ દ્વારા પાઠવવાનો પણ આપણે ત્યાં રિવાજ છે. જો આપણું મિત્ર–વર્તુળ મોટું હોય તો આપણને ઢગલાબંધ અભિનંદન કાર્ડ મળતા હોય છે. આ કાર્ડનો ઉપયોગ જુદીજુદી રીતે થઇ શકે છે દર વર્ષે મળતા અભિનંદન કાર્ડનાં લખાણોનો સંગ્રહ કરવાથી એક સરસ મજાની 'અભિનંદન કણિકાઓં' બનાવી શકાય છે. તમો પણ આ કાર્ડનો યોગ્ય ઉપયોગ કરી શકો છો. મેં બનાવેલ અભિનંદન કણિકાઓમાંની એક કણિકા સાહિત્યનો શ્રેષ્ઠ નમુનો પૂરો પાડે છે. જે નીચે મુજબ છે.

દિલ અત્તરદાનીનાં
ભીના ભીના ખુશબોદાર શબ્દોથી
'સાલમુબારક'
ભાવનાઓની ભીનાશે,
લાગણીઓના વાવેતરે,
રૂહાની મહોબ્બતે,
તરબતર બની રહે જિંદગી

માત્ર અભિનંદન કાર્ડ જ નહીં પરંતુ વર્તમાન પત્રો મેગેઝીનોમાંથી જુદા જુદા લખાણોનો સંગ્રહ કરી તમો 'વિજ્ઞાન પત્રિકા' 'હાસ્ય ઝરણું' 'સુવિચારપોથી' વગેરે બનાવી શકો છો. આપણે એ ન ભૂલવું જોઇએ કે આવી નાની બાબતો પરથીજ સાહિત્ય કલા પ્રત્યે અભિરુચિ કેળવાય છે અને વિચારશીલ બની સર્જક બની શકાય છે.

અંતે, વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને મારા મિત્રોને મેં પાઠવેલ અભિનંદન કણીકા

હું નૂતનવર્ષાભિનંદન આપું તોય શું !
શીયાળામાં ચોમાસુ
નીચે લોકોનાં હૃદય દ્રવતાં તોય શું !
મદદ નહીં પણ પ્રેમથી
પ્લેનથી દ્રશ્ય જોવાં એ નેતાના હાથમાં

અર્થાત જીવનદોર ઇશ્વરના હાથમાં જ છે, હું તો કાર્ડ દ્વારા માત્ર સમાજની રૂઢી જ નિભાવી રહયો છું.

—અરવુ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા

સ્નેહમિલન સમારોહ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાનો ભવ્ય "સ્નેહમિલન" તથા "સરસ્વતિ સમારોહ" સવંત ૨૦૩૯ ના બેસતા વર્ષના પ્રથમ શુભ દિને તા. ૧૬-૧૧-૮૨ ને મંગળવાર, સાંજના ૪-૦૦ થી ૭-૦૦ વાગ્યા દરમ્યાન યોજાયેલ પાટીદાર સમાજવાડીના પ્રાંગણમાં લગભગ પાંચસો જ્ઞાતિ-ભાઈબહેનોના વિશાળ જન સમુદાયનું હાર્દિક અભિવાદન મંડળના માનદ મંત્રીશ્રી રતનશીભાઇ લધારામ પટેલે કરેલ અને આજનો સમારંભ પ્રારંભ કરેલ.

આજના સમારંભમાં 'સમારોહ પ્રમુખ' તરીકેનું સ્થાન વડીલ ભાઇ શ્રી ખીમજીભાઇ લખમશી પટેલે, પ્રમુખ સ્થાન શ્રી મણીલાલ અરજણ પટેલે તેમજ 'અતિથિ વિશેષ'નું સ્થાન કલકત્તા સમાજના પ્રમુખ શ્રી વિશ્રામભાઇ હંસરાજ પટેલે અને શ્રી અખેરાજ પ્રેમજીભાઈ પટેલે શોભાવેલ.

સમારોહ પ્રમુખશ્રીના વરદ હસ્તે જ્ઞાતિના ઉચ્ચ કક્ષાએ ઉતિર્ણ થયેલ ૯ વિદ્યાર્થીભાઇઓ તથા ૧ વિદ્યાર્થીની બહેનને મંડળ તરફથી 'સન્માન પત્રક' અને ઇનામો આપવામાં આવેલ.

આજના સમારોહનું મુખ્ય આકર્ષણ હતું મંડળ દ્વારા યોજાયેલ "લકી લોટરી ડ્રો" સમાજના ભાગ્યવંતા ભાઇઓએ કુલે ૫૫ (પંચાવન) આકર્ષક ઇનામો મેળવેલ. જેમાંનું પ્રથમ ઇનામ (ટેલીવીઝન અથવા રૂા. ૨૫૦૦/- રોકડા) મેળવનાર હતા. સમારોહ પ્રમુખ પોતે, જેમણે પોતાના ઈનામની રકમ મંડળને સહર્ષ ભેટ આપેલ. આ એલાનને તાળીઓના ગડગડાટ વચ્ચે વધાવી લેવામાં આવેલ.

સમારોહ દરમ્યાન મંડળના અનેક કાર્યકતાઓએ પોતાનાં મંતવ્યો રજૂ કરેલ. ઉપસ્થિત સૌ ભાઈબહેનોને અલ્પાહાર તેમજ ઠંડા પીણાનું વિતરણ કરવામાં આવેલ. અંતે અતિ હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે આજનો સમારંભ પૂર્ણ થયેલ જાહેર કરાયેલ.

લિ.

નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તા
રતનશી લધારામ પટેલ
માનદમંત્રી B Com. (Hons)

શ્રી કોટડા પાટીદાર યુવક મંડળ

કોટડા (જ.) માં ઉજવાયેલ નવા વર્ષનું પર્વ શ્રી કોટડા પાટીદાર યુવક મંડળ તરફથી દર વર્ષની માફક ચાલુ સાલે નવા વર્ષ નિમિત્તે તા. ૧૬ ૧૧-૮૨ના રોજ બપોર ૨-૩૦ વાગે બસ સ્ટેન્ડ પર રમત નો ભવ્ય પ્રોગ્રામ યોજવામાં આવેલ જેમાં નીચે પ્રમાણે હરીફાઈ ઓ રાખવામાં આવેલ હતી

૧. સ્લો સાયકલ રેસ ૨. ફાસ્ટ સાયકલ રેસ ૩. યુવાન દોડ. ૪. કીશોર દોડ. ૫. બહેનોની દોડ

દરેક હરીફાઈઓમાં પ્રથમ ત્રણ વિજેતાઓને ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું સફળ સંચાલન યુવક મંડળના ભાઈઓ એ કર્યું હતું જેમ રાત્રી ના ૯-૦૦ વાગે મંડળનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યુ હતું જુની કારોબારી ને બહુમતીથી બરખાસ્ત કરી નવી કારોબારીની રચના કરવામાં આવી હતી

નવી કારોબારી નીચે મુજબ છે.

પ્રમુખ શ્રી અરવીંદ કરસન લીંબાણી
ઉપપ્રમુખ શ્રી રવીલાલ મેઘજી બાથાણી
મંત્રી ,, કાન્તીલાલ વાલજી રામાણી
સહમંત્રી ,, ઝવેરીલાલ લખમસી બાથાણી
ખજાનચી ,, કરસનભાઈ વીશ્રામ લીંબાણી
સહખજા. ,, ધનસુખભાઈ દેવસી વેલાણી
સભ્યો ૧ પ્રેમજી કાનજી ભગત
૨ લાલજી રવજી બાથાણી
૩ કાન્તીલાલ ભાણુજી પોકાર
૪ અરજણ લધા નાથાણી
૫ રામજી મનજી મુખી
૬ લાલજી અરજણ ડોસાણી
૭ રસીકલાલ અરજણભાઇ
૮ માવજી દેવજી નાકરાણી
૯ દેવસી નારાયણ મુખી
૧૦ કાન્તીલાલ હંસરાજ નાથાણી
સલાહકાર :- ૧ અબજી કાનજી મુખી.
૨ ભીમજી સીવગણ ભગત

૩ રામજી કરશન ભગત

અંતે અલ્પા હાર બાદ પ્રમુખ શ્રી નાં પરવાનગીથી સ્નેહમિલન કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

મંત્રી શ્રી
શ્રી કોટડા પાટીદાર યુવક મંડળ
કાન્તીલાલ વાલજી રામાણી

* શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ *


વિશાખાપટ્ટનમ

વિશાખાપટનમ તા. ૧૯-૧૧-૮૨ અહીં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની એક સામાન્ય જનરલ સભા નરસીંહમા સો મીલ માં મળેલ જેમાં વિશાખાપટનમ વિસ્તાર ના અનકાપલ પાયકરાપેટા નો સમાવેશ કરતાં કુલ ૧૦૫ સભ્યો એ સભ્ય પદ મેળવેલ જેમાં નવા વર્ષના નીચે મુજબ ના હોદેદારો તેમજ ૧૩ કારોબારી સમિતિના સભ્યો ની વરણી કરવામાં આવેલ.

૧. પ્રમુખ — જીવરાજ સીવગણ ભગત (શ્રી નરસીંહમા સો મીલ એન્ડ ટી ડેપો)
૨. ઉ. પ્રમુખ — મણીલાલ લધારામ સોમજીઆણી (પટેલ પ્લ યવુડ એન્ડ હ ર્ડવેર સેન્ટર)
૩. મંત્રી :— માવજી ગંગદાસ સેંઘાણી (શ્રી દુર્ગા ટીમ્બર ડેપો)
૪ સહમંત્રી:— તુલસીદાસ નારાયણ લીંબાણી (શ્રી કૃષ્ણા એન્ડ કું)
૫ ખજાનચી:— ગોપાલ દેવજી લીંબાણી (શ્રી દુર્ગા એન્ડ કું)
૬ સહ „ :— અમૃતલાલ લધારામ મેઘાણી (શ્રી પટેલ એન્ડ કું)
૭. ઓડીટર :— સોમજી વીરજી લીંબાણી (શ્રી ક્રિષ્ણા એન્ડ કું)
૮ સહ „ :— વેલજી પ્રેમજી સેંઘાણી (રામક્રિષ્ણા એન્ડ કું)
૯. સલાહકાર:— ડાહ્યા વીરજી સાંખલા (શ્રી લક્ષ્મી ટીંબર ડેપો (અનકાપલ્લી)
૧૦. સલાહકાર:— ધનજી શામજી દિવાણી (શ્રી પી. દાસ એન્ડ કું વિશાખાપટનમ)

ઉપર મુજબ હોદેદારો એ પદ ગ્રહણ કરી કાર્યભાર સંભાળેલ અને સામાજીક કાર્યો, સમુહ લગ્ન, કન્યા કેળવણી તથા સ્કોલર શીપ ઉપર ચર્ચા કરેલ અને આવતા કપરા સમયમાં સાથે મળી સમાજીક કાર્યો કરવ અપીલ કરેલ અને છેલે રાષ્ટ્રગીત ગાઇ સભા બરખાસ્ત કરવામાં આવેલ,

લિ મંત્રી.
માવજી ગંગદાસ પટેલ
શ્રી ક. ક. પાટીદાર સમાજ (વિશાખાપટનમ)





શ્રી ગુજરાતી સમાજ બલાંગીર; ઓરિસ્સા

ગત તા. ૨૫-૧૦ ૮૨ના રોજ અમારા બલાંગીર ગુજરાતી સમાજનું ઇલેકસન થયેલ હતું અને ૨૯-૧૦-૮૨ના રોજ કાર્યવાહક મીટીંગ થયેલ હતી. તેમાં નીચે મુજબ સભ્ય ચુંટાયેલ છે.

પ્રેસીડેન્ટ	મહેન્દ્રકુમાર પઢારીયા
વાઈસ પ્રેસીડેન્ટ	કાનજીભાઇ પટેલ
જનરલ સેક્રેટરી	વેલજીભાઇ ભીન્ડે
જોઇન્ટ ,,	ઘનશ્યામ જેઠાલાલ
કાર્યવાહક કમીટીના સભ્યો	મગનલાલ પટેલ
	ગજેન્દ્રકુમાર ભમ્મર
	ચુનીલાલ અમરસી પઢારીયા
	અરવિંદકુમાર પઢારીયા
	અશોકકુમાર ભીન્ડોરા
	ખીમજીભાઇ પટેલ
	જયંતિલાલ ચુનીલાલ પઢારીયા

★

— શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, દિલ્હી —

નૂતનવર્ષ સ્નેહમિલન સમારંભ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હીનો નવા વરસના એક સ્નેહમિલનનો કાર્યક્રમશ્રી હિરાલાલ પટેલ એન્ડ કું માં તા ૧૬-૧૧-૮૨ને મંગળવારનો રાખવામાં આવ્યો હતો. આ સ્નેહમિલનમાં સમાજના દરેક ભાઇ-બહેનોએ નવા વરસમા ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. અને દરેક ભાઇ-બહેનોએ નવા વરસના અભિનંદન પાઠવ્યા હતા. અને ખુબજ ખુશનુમા વાતાવરણમાં આ કાર્યક્રમ ઉજવવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું પ્રમુખ સ્થાન સમાજના પ્રમુખશ્રી વિસરામભાઈ હંસરાજને આપવામાં આવેલ હતુ અને કાર્યક્રમનું સંચાલન સમાજના મંત્રીશ્રી 'કવિ' પટેલ તરફથી કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમની વ્યવસ્થા શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ તથા નવચેતન મિત્ર મંડળના ભાઈઓ તરફથી કરવામાં આવી હતી. અલ્પાહાર લીધા બાદ કાર્યક્રમનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

મંત્રી :— કવિ પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, દિલ્હી

અહેવાલ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાની સંવત ૨૦૩૯ (નવા વર્ષ) ની પ્રથમ વાર્ષિક સામાન્ય સભા "પાટીદાર સમાજવાડી" મધ્યે તા. ૫-૧૨-૮૨ ને રવિવારના રોજ બપોરના ૨-૩૦ વાગે મંડળના માનદ્ પ્રમુખ શ્રી મણીલાલ અરજણ પટેલના પ્રમુખ પદે યોજાયેલ આ સભાનું સંચાલન માનદ્મંત્રીશ્રી રતનશી લધારામ પટેલે હાથ ધરતાં અન્ય વિસ્તૃત કાર્યવાહીઓ સહિત ૨૦૩૯ ના વર્ષ માટેના હોદેદારો તેમજ નવી કાર્યવાહક સમિતિની સ્વૈચ્છિક વરણી કરવામાં આવેલ.

—: સંવત ૨૦૩૯ ની કાર્યવાહક સમિતિ :—

૧	પ્રમુખ	શ્રી પટેલ	મણીલાલ અરજણ
૨	ઉપ. પ્રમુખ	,, ,,	તુલશીદાસ કેશરા
૩	મંત્રી	,, ,,	રતનસી લધારામ B Com. (Hons)
૪	સહમંત્રી	,, ,,	નાનાલાલ વાલજી
૫	કોષાધ્યક્ષ	,, ,,	નારણભાઈ ખેતા
૬	સહ-કોષા	,, ,,	કરમશી માવજી B. Com.
૭	સભ્ય	,, ,,	મોહનલાલ હંસરાજ B. Com.
૮	,,	,, ,,	ડાહ્યાલાલ દેવશીભાઈ
૯	,,	,, ,,	જયંતિલાલ કરશન
૧૦	,,	,, ,,	અમૃતલાલ વેલજી
૧૧	,,	,, ,,	જગદીશકુમાર રતનશી
૧૨		,, ,,	શંકરલાલ હરિભાઇ
૧૩		,, ,,	અમૃતલાલ અબજીભાઇ
૧૪		,, ,,	જીતેન્દ્રકુમાર વિશ્રામભાઈ
૧૫		,, ,,	શાન્તીલાલ વાલજી
૧૬		,, ,,	રમણલાલ લખમશી
૧૭		,, ,,	વાલજીભાઇ પ્રેમજી
૧૮		,, ,,	કેશવલાલ ભાણજી
૧૯		,, ,,	ગૌતમભાઈ સોમજી
૨૦		,, ,,	મણીલાલ રામજી
૨૧		,, ,,	નરેશકુમાર બાબુલાલ
૨૨		,, ,,	શાન્તીલાલ હંસરાજ
૨૩		,, ,,	જયંતિલાલ રામજીભાઇ

ચૂંટણી નિરીક્ષકો :— ૧ શ્રી રવજીભાઇ રામજી પટેલ
૨ ,, વાલજીભાઇ કરશન પટેલ

"GARUD" Phone : P. P. 351024

ગરુડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સૉ મશીનરી નાવવાનું શરૂ કરેલ છે જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પચૂરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ

સૉ મશીનના મદ્રાસ ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું આપની વધારે માહિતની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.


સો મીલ માલીકો માટે
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ
મશીન
આપના કિંમતી સમયનો બચાવ
પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઈપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૩૫. ફોન: ૮૨૧૩૦૩


Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્ક્સ
ગંગા સિમેન્ટ પાઈપ ફેકટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧ ૮૨૬૫૫૨ ૮૨૬૪૪૭ ૩૭૪૪૭૧
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

તમારા પાક ને બચાવવો એ તમારા હાથનીજ વાતછે



ઝડપી અને અસરકારક રીતે જીવાતને અંકુશમાં લાવી લાંબા સમય રક્ષણ આપનાર આ જંતુનાશક વાપરી ગાભમારાની ઇયળ, મશી, ચુસિયાં, પાનકથીરી, કુદકિયાં ફળમાખી, થ્રીપ્સ વિગેરેથી ડાંગર, મગફળી, તમાકુ, કપાસ શેરડી, શાકભાજી તથા ચા, કોફી જેવા પાકનું રક્ષણ કરો.

Poushak પૌષક લિમિટેડ એલેમ્બિક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૩

1—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કા. સ્ટેશનરોડ, હિંમતનગર.
મે અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર,

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.
પીન. ૩૮૩૩૧૦

Book – Post

To.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.